# આબૂ

## ( પહેલો ભાગ )

લેખકઃ—

શાન્તમૂર્ત્તિ મુનિરાજ શ્રીજયન્તવિજયજી.

પ્રકાશકઃ—

ફૂલચંદજી વેદ.

સે૦ શ્રીયશોવિજય જૈન ગ્રંથમાળા,

ભાવનગર.


વીર સં. ૨૪૫૫ ધર્મ સં. ૭ વિ. સં. ૧૯૮૫

મૂલ્ય ૧-૦-૦

જગત્પૂજ્ય સ્વર્ગસ્થ ગુરૂદેવ શ્રીવિજયધર્મ સૂરીશ્વરજી મહારાજને અર્ઘ્ય.

धर्मो विज्ञवरेण्यसेवितपदो
धर्मं भजे भावतः,
धर्मेणावधुतः कुबोधनिचयो
धर्माय मे स्यान्नतिः ।
धर्माच्चिन्तितकार्यपूर्त्तिरखिला
धर्मस्य तेजो महत्,
धर्मे शासनरागधैर्यसुगुणाः
श्रीधर्म ! धर्मं दिश ॥ १ ॥

વડોદરા—ધી લુહાણામિત્ર સ્ટીમ પ્રિં. પ્રેસમાં અંબાલાલ વિ. ઠક્કરે
પ્રકાશક માટે છાપ્યું. તા. ૨૫-૭-૧૯૨૯



શાસ્ત્રવિશારદ — જૈનાચાર્ય.
શ્રી વિજયધર્મ સૂરિ મહારાજ.

# કિંચિદ્ વક્તવ્ય.

આજથી લગભગ ત્રણ વર્ષ ઉપર શ્રી **શત્રુંજય** ગિરિરાજના કેસ માટે ઇતિહાસતત્ત્વમહોદધિ જૈનાચાર્ય શ્રીમાન્ **વિજયેન્દ્રસૂરીશ્વરજી** મહારાજ તથા ન્યાયવિશારદ ન્યાયતીર્થ ઉપાધ્યાયજી **શ્રીમાન્ મંગલવિજયજી** મહારાજનું ઉપરાઉપરી બે વખત **આબૂ** પધારવું થયું, તે વખતે **આબૂ** ઉપર લગભગ દોઢ મહીના જેટલી સ્થિરતા કરવાનો અમોને અનાયાસ પ્રસંગ પ્રાપ્ત થયો. તે દરમ્યાન જણાયું કે-દેલવાડાનાં જૈનમંદિરોની મુલાકાત લેવા જૈનો ઉપરાંત હિંદુ, મુસલમાન, પારસી અને યુરોપીયનો આદિ પ્રાયઃ તમામ જાતિ અને ધર્મના મુસાફરો આવે છે. તેઓ મંદિરોની કોરણી જોઇને ખુશી થાય છે, પણ તેઓને મંદિરોના ઇતિહાસ સંબંધી તેમજ મંદિરોની કોરણીમાં શાની શાની રચનાઓ છે, તે વિગેરે સંબંધી ખાસ આપનાર કોઇપણ ગાર્ડ અથવા ગાઇડ નથી તે ખામી દૂર કરવાની આવશ્યકતા સર્વ કોઇને જણાઇ. જો કે પહેલાંથી એ નિશ્ચય નહિં હતો કે અમારે **આબૂ** ઉપર આટલો સમય રહેવાનું થશે. છતાં પણ પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી તથા શ્રીમાન્ ઉપાધ્યાયજી મહારાજની પ્રેરણા અને સંપૂર્ણ સહાનુભૂતિથી દેલવાડાનાં જૈન મંદિરોનું વર્ણન લખવાનું કામ હાથમાં લીધું, અને નોટો કરવા માંડી. લગભગ દોઢ મહીના સુધી આખા દિવસમાં જેટલો સમય મળતો લગભગ તે બધો સમય બારીકાઇથી કોતરણી વિગેરે જોવામાં, નહિં છપાએલા નવા લેખો શોધવામાં અને તે બધાં કામોની યાદી કરી લેવામાં ગાળ્યો. જેટલું જાણવામાં આવ્યું તે સંબંધી બધી યાદી કરી લીધી. છપાએલા અને નહિં છપાએલા તમામ લેખો પણ

ઉતારી લેવાનો વિચાર કર્યો હતો. કારણ કે 'પ્રાચીન જૈન લેખ સંગ્રહ' ભાગ બીજામાં **આબૂ** અને **અચલગઢ**ના લેખો છપાયા છે તે ઘણા થોડા અને બહુ અશુદ્ધ છપાયા છે. પરંતુ એટલામાં ઇતિહાસતત્ત્વવેત્તા મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજ **આબૂ** ઉપર પધારતાં જણાયું કે-તેમણે અહિંના બધા શિલાલેખોનો સંગ્રહ કર્યો છે. તેથી શિલાલેખો સંબંધી મેં મહેનત કરવાનું મુલતવી રાખ્યું, તો પણ ખાસ ખાસ આશરે ૭૦-૭૫ લેખો તો મેં જરૂર લખી લીધા. જેમાંના ૫-૧૦ લેખો તો બિલકુલ નવા જ છે કે જે ચૂનામાં દબાયલા હતા તેથી આ જમાનામાં અત્યાર પહેલાં કોઇએ પણ વાંચેલા નહિં હતા.

**આબૂ**થી આવી પૂજ્ય આચાર્ય મહારાજશ્રી સાથે **બ્યાવર**માં ચોમાસું કર્યું. આ ચોમાસામાં **આબૂ**નું પુસ્તક લખી કાઢવાનો વિચાર રાખેલો, પણ શારીરિક સંપત્તિ સારી નહિં રહેવાને લીધે તેમ બની ન શકયું. ત્યારબાદ **શિવપુરી**માં બે વર્ષ સુધી શ્રીવીરતત્ત્વપ્રકાશકમંડલના વિદ્યાર્થીઓ વિગેરેને ભણાવવા આદિ કાર્યોમાં લગભગ બધો સમય આપવો પડયો, તેથી ઉપર્યુક્ત કામ થઇ ન શકયું. પરિણામે ત્રણ વર્ષ જેટલું અંતર પડવાથી તે કામમાં હું કાંઇક નિરૂત્સાહી થઇ ગયો. પરંતુ મુનિરાજ **વિશાલવિજયજી**, મુનિરાજ **હિમાંશુવિજયજી** તથા પરમવિદુષી જર્મન શ્રાવિકા **સુભદ્રાદેવી** વિગેરેની સતત પ્રેરણાથી બીજાં કાર્યોમાંથી થોડો થોડો સમય બચાવી લઇને લગભગ છ મહીનાથી થોડું થોડું લખવું શરૂ કર્યું, અને જેમ જેમ લખાતું ગયું તેમ તેમ વ્યાખ્યાતૃચૂડામણિ શાસનદીપક શ્રીમાન્ **વિદ્યાવિજયજી** મહારાજની કૃપાથી ધર્મધ્વજમાં આપવું શરૂ કર્યું, તથા તેમનીજ યોજના અને સંપૂર્ણ સહાનુભૂતિથી સાથે સાથે પુસ્તકના રૂપમાં પણ છપાતું ગયું. દરમ્યાન કેટલાએક સજ્જનો તરફથી સૂચનાઓ મળતી રહી. કોઇએ આ પુસ્તકમાં મંદિરોની સુંદર કોરણીના ફોટા આપવાની, કોઇએ

વિમલમંત્રી, વસ્તુપાલ, તેજપાલ આદિના ફોટા આપવાની, કોઇએ મંદિરોના પ્લાન અને બહારના ભાગોના પણ ફોટા આપવાની, કોઇએ દેલવાડા અને આખા આબૂ પહાડનો નકશો આપવાની, કોઇએ ગુજરાતી, હિંદી અને ઇંગ્લીશ એમ ત્રણ ભાષામાં આ બુકને છપાવવાની અને કોઇએ આબૂ સંબંધી રાસ, સ્તોત્ર, કલ્પ, સ્તુતિ, સ્તવનાદિ છપાયલાં કે નહિ છપાયલાં હોય તે બધાંને એક જુદા પરિશિષ્ટમાં આપવાની વિગેરે સૂચનાઓ કરી. પરંતુ તે બધાં કાર્યોને પહોંચી વળવામાં સમય અને ઘણા દ્રવ્યવ્યની જરૂર છે. તેથી સંયોગાનુસાર યથાસાધ્ય તેનો અમલ કરવાનું બીજા ભાગ ઉપર રાખ્યું છે. માત્ર નમુના દાખલ દેલવાડાના મંદિરોની સુંદર નકશીનો એક ફોટો આમાં આપવામાં આવ્યો છે.

હજુ આ મૂળ લેખ ઉપર નોટોનું કામ બાકી છે, અને તે ઐતિહાસિક હોંવાથી તેમાં થોડો સમય લાગવાની સંભાવના છે, વળી તે સર્વ સાધારણને વિશેષ ઉપયોગી નહિં હોવાથી તેને બીજા ભાગમાં આપવાનો વિચાર રાખી આ મૂળ લેખ, આબૂની યાત્રા કરનારાઓને અત્યારથીજ ઉપયોગમાં આવવા લાગે એ હેતુથી પહેલા ભાગ તરીકે જલદી પ્રકાશિત કરાવવાનો પ્રયત્ન કર્યો છે. આનો બીજો ભાગ હવે પછી પ્રસિદ્ધ થશે, તેમાં આ મૂળ લેખ ઉપરની ઐતિહાસિક નોટો, સુંદર નકશી અને સુંદર ભાવોના ફોટા, યથાસાધ્ય મંદિરોના પ્લાન, ઐતિહાસિક મનુષ્યોના ફોટા, આબૂનો નકશો, ખાસ ખાસ શિલાલેખો, પ્રશસ્તિઓ અને પરિશિષ્ટો વિગેરે આપવાનો પ્રયત્ન કરવામાં આવશે. આ બધાં કાર્યોને પહોંચી વળવામાં થોડો સમય લાગવાની સંભાવના છે. તેથી આ બીજો ભાગ પ્રસિદ્ધ થતાં સુધી વાચકો ધૈર્ય રાખશે એવી આશા રાખવી અસ્થાને તો નહિંજ ગણાય.

આ પહેલા ભાગની અંદર, વિમલવસહિ અને લૂણવસહિની

અત્યુત્તમ કોતરણીમાં શ્રી તીર્થંકરાદિ મહાપુરૂષોના જીવનવૃત્તાન્તોના પ્રસંગો કોતરેલા છે, તેનું વર્ણન 'ભાવોની રચના' એ હેડીંગ નીચે આપેલું છે. અને તે જીવનવૃત્તાન્તોના પ્રસંગો સારી રીતે સમજાય તે માટે તેની નીચે તે તે મહાપુરૂષોનાં ચરિત્રો સંબંધી ટુંકી નોટો આપેલી છે. તેમજ જૈન પારિભાષિક શબ્દોનો પણ ઠેકાણે ઠેકાણે અર્થ સ્પષ્ટ કરવા પ્રયત્ન કરેલો છે.

આ પુસ્તક જૈન, હિંદુ, પારસી, મુસલમાન આદિ સર્વ સાધારણ વર્ગના ઉદ્દેશથી લખાયલું હોવાથી ઘણે ઠેકાણે જૈન અને હિંદુઓમાં જે બહુ પ્રસિદ્ધ વાતો છે, તેનો પણ સ્પષ્ટીકરણ માટે નોટોમાં ખુલાસો આપવો પડયો છે,

આ બુક લખવા માટે આબૂ ઉપર જ્યારે યાદી કરવા માંડી, તે વખતે આમાં હું આબૂ ઉપર આવેલા બધાં હિંદુ તીર્થો અને દર્શનીય સ્થાનોનું પણ વર્ણન આપીશ એવો મને ખ્યાલ નહિં હતો, અને એજ કારણથી જૈનમંદિરો સિવાય બીજાં સ્થાનોનું મેં બહુ બારીકાઇથી નિરીક્ષણ કર્યું નહોતું. હું આશા રાખું છું કે તે અને એવી બીજી પણ રહી ગએલી ખામીઓ બીજી આવૃત્તિમાં દૂર થઇ જશે.

જગત્પૂજ્ય પરમગુરૂ **શ્રીવિજયધર્મસૂરીશ્વરજી** મહારાજની અસીમ કૃપાથીજ **આબૂ**વર્ણનના મૂળ લેખનો આ પ્રથમ ભાગ વાચકોના હાથમાં મુકવા હું ભાગ્યશાલી થયો છું, અને તેઓશ્રીની સંપૂર્ણ કૃપાદૃષ્ટિવડેજ બીજો ભાગ પણ શીઘ્રતાથી સજ્જનો સમક્ષ રજુ કરવા ભાગ્યશાલી થઇશ, એવી આશા રાખતો મારા આ વક્તવ્યને અહિંજ સમાપ્ત કરૂં છું. ૐ **શાન્તિઃ**

| | |
|---|---|
| શ્રીવિજયધર્મસૂરિ સમાધિમંદિર,<br>શિવપુરી. જ્યેષ્ઠ શુદિ ૧૫.<br>વીર સં. ૨૪૫૫ ધર્મ સં. ૭ | શ્રીવિજયધર્મસૂરિલઘુતમશિષ્ય<br>**જયન્તવિજય.** |

॥ जगत्पूज्य–श्रीमद्विजयधर्मसूरिगुरुभ्यो नमः ॥

# આબૂ

नत्वा तं श्रीजिनेन्द्राद्यं निष्क्रोधहतकर्मकम् ।
धर्मसूरिगुरुं मुख्यं स्मृत्वा जैनीं तथा गिरम् ॥१॥

वर्णनमर्बुदाद्रेर्हि जगन्नेत्रहिमद्युतेः ।
किञ्चिल्लिखामि नामूलं लोकोपकारहेतवे ॥२॥

હિંદુસ્તાનમાં જ નહિં બલ્કે યૂરોપ અમેરિકા આદિ દેશોમાં પણ આબૂ પોતાની અત્યંત રમણીયતા અને દેલવાડાનાં

સુંદર શિલ્પકળાવાળાં જૈન મંદિરોને લીધે સુપ્રસિદ્ધ હોવાથી તેનું વર્ણન લખવું તે પિષ્ટપેષણ કરવા જેવું છે, અને તેથીજ વધારે ન લખતાં ટુંકમાં માત્ર એટલુંજ કહેવાનું કે આબૂ પહાડ–દેલવાડા અને અચલગઢનાં **જૈનમંદિરો, અર્બુદાદેવી ( અધરદેવી ), શ્રીમાતા ( કન્યાકુમારી ), રસીઆ વાલમ, ગુરૂશિખર, વશિષ્ઠાશ્રમ, ગૌમુખીગંગા, ગૌતમાશ્રમ, અચલેશ્વર મહાદેવ, માધવાશ્રમ, નલગુફા, પાંડવગુફા, મંદાકિની ( ગંગા નદી ), ગોપીચંદજીની ગુફા, ભર્તૃહરિની ગુફા, રઘુનાથજીનું મંદિર, ચંપાગુફા, રામઝરૂખો, રામકુંડ, હસ્તિગુફા, કોટેશ્વર ( કનખલેશ્વર ) મહાદેવ, વાસ્થાનજી, ક્રોડીધજ, હૃષીકેશ, નખી તલાવ** વિગેરે વિગેરે તીર્થો (જેનું વર્ણન આગળ આપવામાં આવશે.) ને લીધે પ્રાચીનકાળથી જેમ જૈન, શૈવ, શાક્ત, વૈષ્ણવો વિગેરેને માટે પવિત્ર અને તીર્થભૂત છે, એવીજ રીતે પોતાની રમણીયતા અને આરોગ્યતાનાં સાધનોને લીધે યુરોપીયનો અને રાજા–મહારાજાઓને પણ સંપૂર્ણ આનંદદાયક છે. ભોગીઓને માટે ભોગનું સ્થાન છે તેમજ યોગીઓ માટે યોગ સાધવાનું સ્થાન છે. જડી, બુટી, ઔષધિઓનો ભંડાર છે; એવીજ રીતે ઝાડી, જંગલ, અને કુદરતી નદી, નાળાં, ઝરણાં વિગેરેથી અતિ સુશોભિત છે. પગલે પગલે આંબા, કરમદા આદિ અનેક પ્રકારનાં ફલોનાં ઝાડો તેમજ ચંપો, મોગરો આદિ ફુલોનાં ઝાડો લોકોના મનને રંજિત કરી

રહ્યાં છે. તેમજ ઠેકાણે ઠેકાણે વાવ, કુવા, તલાવ, સરોવર, કુંડ, ગુફાઓ વિગેરે દશ્યો આનંદ આપી રહ્યાં છે.[1]

ઉપર્યુક્ત તીર્થો અને બાહ્ય શોભાને લઇને **આબૂ** પહાડ સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ અને પવિત્ર તીર્થભૂત ગણાય તો તેમાં આશ્ચર્ય જેવું શું છે ? **આબૂ** એ પ્રાચીન અને પવિત્ર સ્થાન છે. અહિં પહેલાં અનેક ઋષિ-મહર્ષિઓ આત્મકલ્યાણ માટે–આત્મશક્તિઓના વિકાસને માટે અનેક પ્રકારની તપસ્યા અને ધ્યાન કરતા હતા. આજકાલ પણ અહિં ઘણા સાધુ–સંતો જોવામાં આવે છે, પરંતુ તેમાંનો ઘણો ભાગ તો બાહ્યાડંબરી, ઉદરપૂર્ત્તિ અને યશઃકીર્ત્તિનો લાલચુ જણાય છે. અમે અમારી નજરે જોયું છે કે–અમો ગુફાઓ જોવા ગયા ત્યારે બે ચાર ગુફાઓની અંદર જેઓને યોગી, ધ્યાની અને ત્યાગીનો ડોળ કરીને બેઠેલા જોયા હતા. તેઓને બીજે સમયે **આબૂ**કેંપની બજારના પાનવાળાની દુકાને બેસીને ગપ્પા હાંકતા, પાન ચાવતા, અને જ્યાં ત્યાં રખડતા જોવામાં આવ્યા હતા. અત્યારે આત્મકલ્યાણ કરવા સાથે પરોપકાર કરવાની ભાવનાવાળા સાચા સાધુ–મહાત્માઓ તો બહુજ અલ્પ દેખાય છે. આબૂ ઉપર તેરમા સૈકામાં **બાર ગામ** વસતાં હતાં. આજ-કાલ પણ આશરે દશ બાર ગામો વસે છે.[2] દન્તકથા છે કે **આબૂ** ઉપર ચડવા ઉતરવાને માટે રસીયા વાલમે બાર પાજ ( રસ્તા ) બાંધી હતી.[3] હિંદુસ્તાનની અંદર દક્ષિણમાં મહા-બલેશ્વરથી લઇને ઉત્તરમાં હિમાલયની વચ્ચે જેના ઉપર ગામો

વસેલાં હોય એવો કોઈ પણ પહાડ હોય તો તે આ **આબૂ**પર્વત જ છે.[૪] **આબૂ**ની ઊપરની લંબાઇ અત્યારે બાર માઇલ અને પહોળાઇ બેથી ત્રણ માઇલની છે. સપાટીથી **આબૂ**કેંપના બજાર પાસેની. ઉંચાઈ ૪૦૦૦ ફુટની અને **ગુરૂશિખર**ની ઉંચાઈ ૫૬૫૦ ફુટની છે; અર્થાત્ આબૂ ઉપર સૌથી ઉંચામાં ઉંચું સ્થાન **ગુરૂશિખર** છે. **આબૂ** ઉપર ચડનાર યુરોપીયનોમાં **કર્નલ ટૉડ** સાહેબ સૌથી પહેલા છે.[૫]

અહિં પહેલાં **વશિષ્ઠ ઋષિ** તપસ્યા કરતા હતા. તેમના અગ્નિકુંડમાંથી **પરમાર, પડિહાર, સોલંકી** અને **ચૌહાન** એ નામના ચાર પુરૂષો ઉત્પન્ન થયા, તેઓના વંશજોની એજ નામની ચાર શાખાઓ થઈ એમ રાજપુતો માને છે.[૬]

**આબૂ** ઉપર સંવત્ ૧૦૮૮ માં **વિમળશાહે જૈનમંદિર** બંધાવ્યું. તે વખતે જો કે બીજાં કોઇ પણ **જૈનમંદિરો** અહિં વિદ્યમાન નહોતાં, પરંતુ પ્રાચીન અનેક ગ્રંથોથી જણાય છે કે–શ્રીમહાવીર સ્વામીથી ૩૩મી પાટે થએલા શ્રી**વિમલચંદ્ર**-સૂરિના શિષ્ય, **વડગચ્છ** ( વૃદ્ધગચ્છ ) ના સ્થાપક શ્રીઉદ્-દ્યોતનસૂરિ અહિં સંવત્ ૯૯૪ માં યાત્રા કરવા માટે પધાર્યા હતા. અને તે વખતે અહિં મંદિરો હોવાનું પણ જણાય છે. સંભવ છે કે તે પછીના ૯૪ વર્ષના અંતરમાં તે **જૈનમંદિરો**નો નાશ થઇ ગયો હોય.[૭] આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે– **વિમળશાહે** અહિં **જૈનમંદિર** બંધાવ્યું તે પહેલાં પણ **આબૂ** **જૈન** તીર્થ હતું.[૮]

શાસ્ત્રોમાં **આબૂ**નું નામ **અર્બુદ**ગિરિ આવે છે અને બીજું **નં**દિવર્ધન નામ પણ આવે છે.[૯]

**આબૂ**ની ઉત્પત્તિ માટે હિંદુધર્મશાસ્ત્રોમાં લખેલું છે અને તે વાત હિંદુઓમાં બહુ પ્રસિદ્ધ પણ છે કે—**આબૂ** ઉપર પહેલાં ઋષિઓ તપ કરતા હતા, તેમાંના **વ**શિષ્ઠ ઋષિની કામધેનુ ગાય, ઉત્તંકઋષિએ ખોદેલા અગાધ ખાડામાં પડી ગઇ. ગાયને તે ખાડામાંથી નીકળવું મુશ્કેલ થઇ પડયું. પણ પોતે કામધેનુ હોવાથી પોતાના દુધથી તેણે આખો ખાડો ભર્યો અને પછી પોતે તરીને બહાર નીકળી ગઇ. પરંતુ ફરીને આવું કષ્ટ ન થાય એટલા માટે **વ**શિષ્ઠ ઋષિએ તે દુઃખ મટાડવા માટે હિમાલયને પ્રાર્થના કરી; તેથી હિમાલયે પોતાના **નં**દિવર્ધન નામના પુત્રને ઋષિઓનું દુઃખ મટાડવાની આજ્ઞા કરી. **વ**શિષ્ઠજી **નં**દિવર્ધનને **અ**ર્બુદસર્પદ્વારા ત્યાં લાવ્યા અને તે ખાડામાં સ્થાપી ખાડો પૂર્યો અને **અ**ર્બુદસર્પ પણ પહાડની નીચે ત્યાંજ રહેવા લાગ્યો.[૧૦] (કહેવાય છે કે તે **અ**ર્બુદ સર્પ છ છ મહીને પડખું ફેરવે છે તેથી આબૂ ઉપર છ છ મહીને ધરતીકંપ થાય છે.[૧૧]) આ ઊપરથીજ આનાં **અ**ર્બુદ અને **નં**દિવર્ધન નામ પડયાં હશે એમ જણાય છે; પરંતુ તે **નં**દિવર્ધન પહાડ **અ**ર્બુદ સર્પ દ્વારા ત્યાં આવ્યો તે પહેલાં પણ અહિં પહાડ હતો એ તો ચોક્કસ વાત છે. કેમકે તે પહેલાં પણ તેના ઊપર ઋષિઓ તપ કરતા હતા, એમ ઊપર કહેવામાં આવ્યું છે, માટે **આ**બૂ પહાડ ઘણો પ્રાચીન છે. તે માટે જરા પણ સંદેહ જેવું નથી.

## રસ્તા.

**રાજપુતાના–માળવા** રેલ્વે ચાલુ થયાં પહેલાં **આબૂ** ઊપર ચડવા માટે પશ્ચિમ તરફથી **અણાદરાનો**, અને પૂર્વ તરફથી **ખરેડી–ચંદ્રાવતીનો**, આ બે રસ્તા મુખ્ય હતા. **અણાદરા**, **શિરોહી** સ્ટેટનું **પ્રાચીન** ગામ છે, અને તે **આગરાથી અજમેર, એરણપુરા, શિરોહી ડીસાકેંપ** થઈને **અમદાવાદ** જનારી પાકી સડકના કિનારા ઊપર આવેલું છે.* **આબૂરોડ** ( **ખરેડી** ) તરફ પાકી સડક થતાં **અણાદરા** તરફનો રસ્તો ગૌણ થઈ ગયો છે, તો પણ **શિરોહી** સ્ટેટ અને આસપાસના ગામોના લોકોને માટે આજ રસ્તો વધારે અનુકૂલ છે. આબૂકેંપના લોકો માટે દુધ, ઘી, શાક વિગેરે બધું લગભગ આ રસ્તેથીજ હમેશાં ઊપર ચડે છે અને તેથી આ રસ્તો પણ બરાબર ચાલુજ છે. **અણાદરા** ગામથી કાચે રસ્તે લગભગ ૧॥ માઈલ પૂર્વ તરફ જવાથી સ્ટેટનો ડાક બંગલો આવે છે; ત્યાંથી ૦॥ માઇલે **આબૂની** તલાટી આવે છે. ત્યાંથી ત્રણ માઇલ ઊપર ચડવાનું છે, થોડે દૂર સુધી ચડાવવાળી નાની સડક બાંધેલી છે ત્યાર પછી શત્રુંજયનાં જેવાં છુટા છુટા પથ્થરો ગોઠવેલાં પગથીયાં આવે છે.

* આ સડક અંગ્રેજ સરકારે સન્ ૧૮૭૧થી ૧૮૭૬ની વચ્ચે બનાવી છે. શિરોહી રાજ્યની હદમાં આ સડક અત્યારે તદ્દન જીર્ણ થઇ ગઇ છે અને કેટલેક ઠેકાણે તો સડકનું નામોનિશાન પણ નથી રહ્યું. ફક્ત માઇલના પથ્થરો લાગેલા જરૂર છે.

વચ્ચે જૈન સંઘ તરફથી બેસાડેલી એક પાણીની પરબ આવે છે, રસ્તા ઉપર કોઇ કોઇ ઠેકાણે ભીલોનાં છાપરાં પણ આવે છે. ઝાડી–જંગલ ઘણું હોવાથી કુદરતી દૃશ્ય બહુ રમણીય લાગે છે. ઉપર ચડયા પછી ત્યાંથી **આબૂકેંપની** બજાર અને **દેલવાડા** પણ ૧|| માઇલ થાય છે. પાકી સડકો છે. સિદ્ધા **દેલવાડા** જનારે **નખીતલાવ** અને અને **કુંબર** પાસે થઇને **દેલવાડાની** સડકે ચડી **દેલવાડા** જવું.

બીજો રસ્તો છે **આબૂરોડ ખરેડી** તરફનો.

**શિરોહીના** મહારાવ **શિવસિંહજીએ** સંવત્ ૧૯૦૨ (સન ૧૮૪૫) માં **આબૂ** ઉપર અંગ્રેજ સરકારને ૧૫ શરતોથી જમીન આપી એટલે ત્યાં સરકારે છાવણી નાંખી ત્યાર પછી **ખરેડીથી આબૂકેંપ** સુધીની ૧૮ માઇલની પાકી સડક બની.

તા. ૩૦ ડિસેંબર સન ૧૮૮૦ ને દિવસે **રાજપુતાના માળવા** રેલ્વે ખુલી મુકાઇ, તેમાં **ખરેડી** (આબૂરોડ) સ્ટેશન થયું ત્યારથી આ રસ્તો વિશેષ ચાલુ થયો. આ સડક થયા પહેલાં રસ્તાઓ બહુ વિકટ હતા; હાથી, ઘોડા અને બળદો ઉપર લાદીને સામાન ઉપર ચડાવવામાં આવતો. દંતકથા છે કે દેલવાડાના મંદિરોના મોટા મોટા પથ્થરો હાથીઓ ઉપર લાદીને ચડાવવામાં આવતા હતા.[૧૨] સડક બની જવાથી તે વિકટતા હવે નથી રહી. જોકે અહિં બળદ ગાડીઓ પ્રાયઃ રાતે ચાલતી હોવાથી ચોકીદાર લેવો પડે છે. પરંતુ દિવસે જરા પણ ભય જેવું નથી.

ખરેડી ગામમાં એક વિશાલ **જૈન** ધર્મશાળા છે, તેમાં દેરાસર પણ છે, મુનીમ ત્યાં રહે છે, યાત્રાળુઓને સર્વ પ્રકારની સગવડ છે. હિંદુઓ માટે પણ બીજી ઘણી ધર્મશાલાઓ છે.

**આ**બૂરોડથી લગભગ ૧૩ માઈલ ઊપર ચડતાં એક **જૈન** ધર્મશાલા આવે છે, ત્યાં સાધુ-સાધ્વીઓ અને **જૈન**યાત્રાળુઓ રાત રહી શકે છે, યાત્રાળુ માટે સર્વ પ્રકારની સગવડ છે. અહિં યાત્રાળુઓને ભાતું અપાય છે, અહિંની દેખરેખ **અ**ચલગઢ **જૈન**મંદિરોના કારખાનાવાળા રાખે છે.

**આ**બૂ**કેંપ** એક માઇલ બાકી રહે છે ત્યાંથી (ઢૂંઢાઇ ચોકી પાસેથી) **દે**લવાડા સુધીની બે માઇલની સીધી એક નવી સડક **મ**હારાજા **શિ**રોહી, **મ**હારાજા **અ**લવર, **જૈ**ન સંઘ અને થોડી ગવર્નમેન્ટની સહાયતાથી થોડા સમયથી બની છે; તેથી હવે **આ**બૂકેંપમાં ગયા વિના પણ સિદ્ધા ઠેઠ **દે**લવાડા સુધી વાહનો જઇ શકે છે. આ નવી સડક નહોતી બની ત્યારે **જૈન** યાત્રાળુઓને ઘણુંજ કષ્ટ સહન કરવું પડતું. **દે**લવાડા જનારાઓને **આ**બૂકેંપ સુધી જવા નહોતા દેતા તેથી ટાંગા અને બેલગાડીઓવાળા નવી સડક નીકળી છે એજ ઠેકાણે જંગલમાં યાત્રાળુઓને ઉતારી દેતા, મજુરો પણ વખત પર મળતા નહી. યાત્રાળુઓને ૧॥ માઇલ સુધી સામાન ઉપાડીને પગે ચાલીને પહાડી રસ્તાથી જવું પડતું. એ વિટંબનાનો આ લેખકે પણ અનુભવ કરેલો છે. પરંતુ આ નવી સડક થવાથી તે વિટંબના હવે રહી નથી.

આ બે રસ્તાઓ સિવાય **આબૂ**ની આસપાસના ગામોથી ચડવા માટે ખુશ્કી ( પગદંડીના ) રસ્તા ઘણા છે પરંતુ તે રસ્તેથી ભોમીઓ અને ચોકીદાર લીધા વિના જવું આવવું ભય ભરેલું છે.ખાસ કરીને જંગલમાં રહેનારા ભીલ વિગેરે લોકો પણ હથીઆર લીધા વિના આવા રસ્તાથી જતા આવતા નથી.

**આબૂ**કેંપની આસપાસ ચારે તરફ અને **આબૂ**કેંપથી દેલવાડા થઇને **અ**ચલગઢ સુધીની પાકી સડકો બનેલી છે.

## વાહનો.

**આ**બૂરોડ ( **ખ**રેડી ) થી **આ**બૂ પર્વત ઊપર ચડવા માટે વાહનો ચલાવવાનો **શિ**રોહી સ્ટેટ તરફથી ઠેકો અપાએલો છે, તેથી ઠેકેદાર સિવાય બીજો કોઇ ભાડા માટે વાહનો ચલાવી શકતો નથી. **આ**બૂરોડ સ્ટેશનથી દિવસમાં બે વાર ભાડાની મોટર **આ**બૂ પહાડ ઉપર નિયમિત જાય છે, તે સિવાય સ્વતંત્ર મોટર અથવા બળદ ગાડીઓ માટે ચોવીશ કલાક પહેલાં, ઉતરવા માટે **આ**બૂકેંપમાં અને ચડવા માટે **ખ**રેડીમાં ઠેકેદારની ઓફીસમાં ખબર આપવાથી મળી શકે છે. ભાડાનો ચાર્જ સ્ટેટ તરફથી નક્કી કરેલો છે. મોટરના ભાડાના ઊપર ચડવા માટે રૂા. રાં ઉતરવા માટે રૂા. ૨) અને જતા આવતાને માટે રૂા ૩ાા લાગે છે.

દેલવાડાથી **અ**ચલગઢ જવા માટે બેલગાડીઓ અને ઘોડાં ભાડાથી મળે છે. તેમજ **આ**બૂ ઊપરનાં હરકોઇ સ્થાનોમાં ફરવા–જોવા જવા માટે રિકસા ( માણસ ગાડી ) ઓ પણ ભાડાથી મળે છે.

અણાદરાના રસ્તાથી **આબૂ** ઊપર ચડવા માટે **અણા**-દરા ગામમાંથી ભાડાનાં ઘોડાં મળી શકે છે. આ રસ્તે સડક બાંધેલી નથી. તેથી ઘોડાં શિવાય બીજાં કોઈ વાહનો ઊપર જઇ શકતાં નથી અહિં ભાડાનાં વાહનો માટે સ્ટેટ તરફથી ઠેકો નથી. ઉપર પ્રમાણે વાહનોનો ઠેકો આપવાનો હેતુ સ્ટેટ તરફથી એ જણાવવામાં આવે છે કે–" મેળા આદિ હરકોઇ પ્રસંગે યાત્રાળુઓને જોઇએ તેટલાં વાહનો અને તે પણ ચોક્કસ બાંધેલા રેટથીજ મળી શકે." તે ખરી વાત છે, પણ એની સાથે સ્ટેટની ઉપજ વધારવાનો હેતુ પણ અવશ્ય તેમાં સમાએલોજ છે. યાત્રાળુઓના હિતનો સાચો હેતુ તો ત્યારેજ કહી શકાય કે ઠેકેદાર પાસેથી સ્ટેટ કાંઇ પણ રકમ ન લેતાં યાત્રાળુઓને સસ્તા ભાડાથી વાહનો મળવાનો બંદોબસ્ત કરી આપે.

**યાત્રા ટેક્સ (મુંડકું).**

દેલવાડા, **અચલગઢ**, **ગુરૂશિખર**, **અધરદેવી** અને **વશિ**-ષ્ઠાશ્રમની **યાત્રાએ** આવનારા ( હિંદુ અને જૈન ) તમામ મનુષ્યો પાસેથી **શિરોહી** સ્ટેટ તરફથી પ્રત્યેક મનુષ્ય દીઠ ( માથા દીઠ ) રૂા. ૧–૩–૯ **યાત્રા ટેક્સ** ( મુંડકું ) લેવામાં આવે છે; તે સિવાય **દેલવાડાની જૈન** ધર્મશાલામાં ઉતરનાર દરેક મનુષ્ય દીઠ સ્ટેટનો ચોકીદાર એક પૈસો લે છે અને **દેલ**-વાડાથી **અચલગઢ** જનારા પ્રત્યેક મનુષ્ય પાસેથી સ્ટેટ ચોકીનો એક આનો લે છે. ઊપર લખેલા પાંચ સ્થાનોમાંથી કોઇ પણ એક સ્થાનની યાત્રા કરવા ઇચ્છનારને પણ મુંડકું આપવું પડે

છે. એક વખત મુંડકું ભરવાથી પછી તે આબૂ ઊપરનાં દરેક તીર્થોની યાત્રા કરી શકે છે. આબૂકેંપમાં રહેનાર એક વખત મુંડકું ભરવાથી એક વર્ષ સુધી બધે ઠેકાણે યાત્રા કરી શકે છે.

નીચે લખેલા મનુષ્યોનું મુંડકું માફ છે.

૧ તમામ યુરોપીયનો અને એંગ્લો ઇંડીયનો.

૨ રાજપુતાનાના મહારાજાઓ અને તેમના કુમારો.

૩ સાધુ, સંન્યાસી, ફકીર, બાવા, સેવક અને બ્રાહ્મણો વિગેરે સોગન ખાઇને કહે કે-મારી પાસે પૈસા નથી તે.

૪ શિરોહી સ્ટેટની તમામ રૈયત.

૫ ત્રણ વરસની ઉમ્મર સુધીનાં બધાં બાળકો.

ઉપર પ્રમાણેનું મુંડકું લેવાનું શિરોહી સ્ટેટ તરફથી સંવત્ ૧૯૩૮ ના મહા શુદી ૯ થી શરૂ થયું છે.

શિરોહીના વર્તમાન મહારાવના પૂર્વજ, ચૌહાણ મહારાવ લુંબાજીના આ જૈન મંદિરો અને તેની યાત્રાએ આવનારા યાત્રાલુઓ પાસેથી કોઇપણ જાતનો કર–ટેકસ નહિ લેવા સંબંધીના સંવત્ ૧૩૭૨ અને ૧૩૭૩ ના બે શિલાલેખો વિમલવસહીમાં મોજુદ છે કે જેમાં આ હુકમને તેમના વંશ વારસદારોને પણ કબુલ રાખવા માટેનું ફરમાન છે. તેમજ એજ મતલબનો મહારાજાધિરાજ સારંગદેવ કલ્યાણના રાજ્યમાં વિસલદેવનો સં. ૧૩૫૦ નો તથા મહારાણા કુંભાજીનો સંવત્ ૧૫૦૬ નો અને પિત્તલહર મંદિરનો કર માફ કરવા માટે રાઉત રાજધરનો સંવત ૧૪૯૭ નો વિગેરે લેખો મોજુદ

હોવા છતાં કલિયુગના પ્રભાવથી કે લોભ દશાથી પોતાનો ખજાનો તર કરવા માટે પોતાનાં પૂર્વજોનાં ફરમાનો ઉપર પાણી ફેરવીને આજકાલના રાજાઓ યાત્રા ટેકસ લેવા તૈયાર થયા છે એ મોટા દુઃખનો વિષય છે.

**દેલવાડા.**

**આ**બૂરોડથી ૧૮ માઇલ અને **આ**બૂકેંપથી એક માઇલ દૂર, અત્યુત્તમ શિલ્પકળાથી અત્યંત પ્રસિદ્ધિને પામેલાં **જૈન**-મંદિરોથી શોભતું **દે**લવાડા ગામ છે, અહિં **જૈન** અને હિંદુ-ઓના ઘણાં દેવસ્થાનો હોવાથી આ ગામનું નામ **શાસ્ત્ર**ોમાં **દે**વકુલપાટક અથવા **દે**વલપાટક આવે છે.[૧૪] અહિં **જૈન**-મંદિરો સિવાય આસપાસમાં **શ્રીમા**તા ( કન્યાકુમારી ), **રસીયો વાલમ**, **અર્બુદા દેવી–અંબિકા દેવી**, ( **જેને** હાલ **અ**ધરદેવી કહે છે ), **મો**જીબાવાની ગુફા, **સં**તસરોવર, **નલ**ગુફા, **પાં**ડવગુફા વિગેરે સ્થાનો છે. તેનું વર્ણન આગળ કરવામાં આવનાર હોવાથી અહિં ફક્ત **જૈન**મંદિરોનુંજ વર્ણન કરવું ઉચિત ધાર્યું છે.

**દે**લવાડા ગામની જોડાજોડ એક ઉંચી ટેકરી ઉપર વિ-શાળ કંપાઉંડમાં શ્વેતાંબર **જૈ**નોનાં પાંચ મંદિરો આવેલાં છે. ૧ **વિ**મળશાહમંત્રીએ બંધાવેલું **વિ**મળવસહી નામનું, ૨ મંત્રી **વ**સ્તુપાલના નાના ભાઇ **તે**જપાલે બંધાવેલું **લુ**ણવ-સહી નામનું, ૩ **ભી**માશાહે બંધાવેલું **પિ**ત્તલહાર નામનું, ૪ **ચૌ**મુખજીનું **ખ**રતરવસહી નામનું અને ૫ મું **મહા**

વીરસ્વામીનું. આ પાંચ મંદિરોમાંથી પહેલાં બન્ને મંદિરો આરસપહાણુની ઉત્તમોત્તમ કોતરણીવાળાં છે; ત્રીજા મંદિરની અંદર પિત્તલની (બંગાલી)૧૦૮ મણુની, પંચતીર્થીના પરિકર-વાળી મૂલનાયકજીની મનોહર મૂર્ત્તિ છે, ચોથું મંદિર મૂલગભારામાં નકશીવાળું અને ત્રણ માળનું ઉંચું હોવાથી દર્શનીય છે. તેમાંના ચાર મંદિરો એકજ કંપાઉંડની અંદર છે અને ચૌમુખજીનું મંદિર સદર દરવાજાથી પેસતાં ડાબા હાથ તરફ એક જુદા કંપાઉંડમાં આવેલું છે. લુણવસહીથી ઊપર જતાં એક જુદા ભાગ ઉપર પૂજારી–સીપાઇઓને રહેવા માટે કારખાનાનાં મકાનો છે. ઊપર જતાં કારખાનાનાં એક બે મકાનો આવ્યા બાદ ચાર દેરીઓ આવે છે તેમાંની ત્રણમાં જિનમૂર્ત્તિઓ છે અને એકમાં અંબિકા દેવીની મૂર્ત્તિ છે.

યૂરોપીયનો અને રાજામહારાજાઓ આ મંદિરોની મુલાકાત લેવા આવે છે, તેઓને વિશ્રાંતિ લેવા માટે સદર (આખલી) દરવાજા બહાર જૈનશ્વેતાંબર કારખાના તરફથી એક વેઇટીંગ રૂમ બનેલો છે. અહિં ચામડાના બુટ ઉતારીને કારખાના તરફથી રાખેલા કપડાના બુટ પહેરાવવામાં આવે છે. અગાઉ ઘણાં વર્ષોથી યુરોપીયન વિઝીટરો ચામડાના બુટ પહેરી મંદિરોમાં પ્રવેશ કરી જૈનોની લાગણીને બહુ દુખાવતા હતા, ઘણો પ્રયત્ન કરવા છતાં પણ તે દુઃખ દૂર થતું નહોતું, તેથી જગત્પૂજ્ય સ્વર્ગસ્થ ગુરૂદેવ શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજને ઘણું લાગી આવવાથી તેઓશ્રીએ તે સમયના રાજપુતાનાના

એજંટ ટુ ધી ગવર્નર જનરલ મી. કોલવીન સાહેબની મુલાકાત લઇને તેમને સારી રીતે સમજાવીને તથા લંડનની ઇંડીયા ઓફીસના ચીફ લાયબ્રેરીયન ડૉ. થોમસ સાહેબની વગ પહોંચાડીને ચામડાના બુટ પહેરીને મંદિરની અંદર કોઇ પણ દાખલ થઇ શકે નહિ એવો ગવર્નમેંટથી હુકમ મેળવીને લગભગ સં. ૧૯૭૦ થી સદાને માટે તે આશાતના દૂર કરાવી છે.

સદર દરવાજાની બહાર સામેની બાજુમાં કારીગરોને રહેવા માટેનાં અને દરવાજાની અંદર કારખાનાના નોકરો–પૂજારીઓ વિગેરેને રહેવા માટેનાં મકાનો છે. મંદિરોમાં જવાના મુખ્ય દરવાજા પાસે જૈનશ્વેતાંબર કારખાનું (પેઢી) છે. પેઢીનું નામ શેઠ કલ્યાણજી પરમાનંદ રાખેલું છે. સામે વાસણ–ગોદડાંનું ગોદામ છે, રસ્તાની બન્ને બાજુએ કારખાનાનાં નાનાં મોટાં મકાનો છે, તેના નાકા ઉપર એક ઓરડીમાં શિરોહી સ્ટેટના પોલિસનું થાણું છે.

અહિં જૈન યાત્રાળુઓને ઉતરવા માટે બે મોટી ધર્મશાળાઓ છે, તેમાંની એક, બે મજલાની મોટી ધર્મશાળા શ્રીસંઘની બંધાવેલી છે અને બીજી અમદાવાદવાળા શેઠ હઠીભાઇ હેમાભાઇની બંધાવેલી છે. યાત્રાળુઓને સર્વ પ્રકારની સગવડ છે. યાત્રાળુઓને વાહનનો બંદોબસ્ત વિગેરે જે કાંઇ પણ કામ હોય તેની કારખાનામાં સૂચના આપવાથી મેનેજર તે માટે બંદોબસ્ત કરાવી આપે છે. યાત્રાળુઓની સગવડ માટે ધર્મશાળામાં એક પુસ્તકાલય ( લાયબ્રેરી ) રાખેલું છે, તેમાં

થોડાંક પુસ્તકો છે, તે ઉપરાંત પેપરો પણ આવે છે. પરંતુ તે પુસ્તકાલયનો યાત્રાળુઓ જેવો જોઇએ તેવો લાભ લેતા નથી. અહિંના મંદિરો તથા કારખાનાની દેખરેખ **શિરો**હીના શ્રીસંઘમાંથી નિયત થએલી એક કમીટી રાખે છે.

**અ**ચલગઢ તરફ જતી સડકના કિનારા ઉપર દિગંબરભાઇઓનું એક જૈનમંદિર, ધર્મશાળા અને કારખાનું (પેઢી) છે.

**શ્રી**માતા ( કન્યાકુમારી ) અને **મોજી** બાવાની ગુફાથી થોડે દૂર જૈનશ્વેતાંબર કારખાનાનો એક મોટો બગીચો છે તેમાં શાક–ભાજી ફળ–ફુલ વિગેરે થાય છે. કારખાનાદ્વારા યાત્રાળુઓને તે વેચાતાં મળી શકે છે.

અહિંનાં મંદિરોમાં જે ચડાવો આવે છે તેમાંથી ચોખા, ફળ અને મીઠાઇ પૂજારીઓ લે છે. બાકી દ્રવ્ય વિગેરે બધું ભંડારમાં જાય છે.

ગુજરાતી ફાગણ વદિ ૮ ને દિવસે શ્રીઆદીશ્વર ભગવાને દીક્ષા લીધેલી હોવાથી તે દિવસે અહિં મોટો મેળો ભરાય છે. તેમાં જૈનો ઉપરાંત આસપાસના ગામોના ઠાકોર, ખેડુત, ભીલો વિગેરે બહુ લોકો આવે છે. તેઓ બધા ભક્તિપૂર્વક ભગવાનના મંદિરમાં જઇ નમસ્કાર કરે છે અને યથાશક્તિ ભેટ ચડાવે છે. તે બધા લોકોને કારખાના તરફથી ઘઉંની ઘુઘરી ( ટેઠવા ) આપવામાં આવે છે.

**અ**ચલગઢ યાત્રાએ જનારા યાત્રાળુઓની બળદ ગાડીઓ

હમેશાં લગભગ આઠ વાગે અહિંથી જાય છે અને યાત્રા સેવા-પૂજા કરીને સાંજના પાંચ વાગે લગભગ પાછી આવે છે. હમેશાં શિરોહી સ્ટેટનો એક પોલિસ સાથે જાય છે.

જૈનો શિવાયના વિઝીટરોને હમેશાં દિવસના ૧૨ વાગ્યાથી ૬ વાગ્યા સુધીમાંજ મંદિરમાં જવા દેવાનો સરકારી હુકમ હોવાથી તે સમય દરમ્યાનજ ત્યાં જવા માટે અજૈનોએ ધ્યાનમાં રાખવાની જરૂર છે. તે સમયે શિરોહી સ્ટેટનો પોલિસ ત્યાં બેસે છે અને યાત્રા ટેક્સનો પાસ જોઇને પછી જ મંદિરમાં જવા આપે છે.

આ પ્રમાણે આબૂ પહાડ અને દેલવાડાનું સંક્ષેપમાં વર્ણન કર્યા બાદ દેલવાડાના જૈનમંદિરોની પણ ટુંકમાં થોડી માહિતી આપવી જરૂરની હોવાથી તે તરફ આપણે ધ્યાન આપીશું.

## વિમલવસહી *

### વિમલ મંત્રીના પૂર્વજો.

મરૂદેશ ( મારવાડ ) ની અંદર શ્રીમાલ[૧૪] નામનું નગર છે, જેને હાલ ભીનમાલ કહેવામાં આવે છે કે જે પહેલાં અત્યંત સમૃદ્ધિશાલી અને એક વખતે ગુજરાત દેશની રાજ્યધાની હતું.[૧૫] ત્યાં પ્રાગ્વાટ[૧૬] (પોરવાડ) જ્ઞાતિના આભૂષણ સ-

* वसही=वसति=દેવમંદિર.

માન એક **નીના** નામના ક્રોડપતિ રહેતા હતા, જેઓ બહુ સદાચારી અને પરમ શ્રાવક હતા. કાળાન્તરે તેમનું ધન ઓછું થવાથી તેઓ ભીનમાલ છોડીને ગુજરાતમાં આવેલા **ગાંભૂ**[17] ગામમાં રહેવા આવ્યા. ત્યાં તેમનો ઉદય થયો, પાછા તેઓ બહુ ધનાઢય થયા. તેમને **લહર** નામનો બહુ બુદ્ધિશાળી અને શૂરવીર પુત્ર હતો. સંવત્ ૮૦૨ માં **અણહિલ** નામના ભરવાડે બતાવેલી જગ્યા ઉપર **વનરાજ** ચાવડાએ **અણહિલપુર** પાટણ વસાવ્યું અને જાલિવૃક્ષ[18] ની પાસે તેણે પોતાનો મહેલ બંધાવ્યો હતો. ત્યારબાદ કોઇ વખત તે **નીના** શેઠ અને તેમના પુત્ર **લહર**ની **વનરાજ** ચાવડાને ખબર પડતાં તેણે તેમને અણહિલપુર પાટણમાં લઇ જઇને વસાવ્યા. ત્યાં તેઓ વિશેષ વૈભવ, સુખ અને કીર્ત્તિને પામ્યા. **વનરાજ** ચાવડો **નીના** શેઠને પોતાના પિતા તરીકે માનતો હતો.[19] અને **લહર**ને શૂરવીર જાણીને તેણે પોતાનો સેનાપતિ બનાવ્યો હતો. **વનરાજ**ની તેણે સેનાપતિ તરીકે રહીને સારી સેવા કરી હતી. **લહર**ની સેવાથી પ્રસન્ન થઇને વનરાજે તેને **સં**ડસ્થલ નામનું ગામ ભેટ આપ્યું હતું.[20]

મંત્રી **લહર**ના વંશમાં **વીર**[21] થયા હતા. તેમની સ્ત્રીનું નામ વીરમતિ હતું. અણહિલપુરની ગાદી ઉપર થએલા **મૂલરા-જના**[22] તે મંત્રી હતા. પરંતુ તે ધાર્મિકવૃત્તિવાળા હોવાથી રાજ્ય ખટપટ અને સાંસારિક ઉપાધિઓથી બહુ ઉદાસીન રહેતા. અન્તમાં તેમણે રાજસેવા અને સ્ત્રી પુત્રાદિ ઉપરથી

સર્વથા મોહ છોડીને પવિત્ર ગુરૂમહારાજની પાસે દીક્ષા લઇ આત્મ કલ્યાણ કર્યું. તેમનો સંવત્ ૧૦૮૫ માં સ્વર્ગવાસ થયો.[૨૩]

## વિમલ.

**વીર**મંત્રીના મોટા પુત્રનું નામ **નેઢ**[૨૪] અને નાના પુત્રનું નામ **વિમલ** હતું. તે બન્ને ભાઇઓ મહા બુદ્ધિશાળી અને ઉદાર દિલના હતા. અણહિલપુર પાટણની ગાદીએ થએલા ગુજરાતના ચૌલુકય રાજા **ભીમ**દેવ[૨૫](પહેલા) ના **નેઢ** મહામંત્રી હતા. અને **વિમલ** અત્યંત કાર્યદક્ષ, શૂરવીર અને ઉત્સાહી હોવાથી **ભીમ**દેવે તેને પોતાનો સેનાપતિ બનાવ્યો હતો, **ભીમ**દેવની આજ્ઞાનુસાર તેણે ઘણી લડાઇઓમાં જીત મેળવી હતી, તેથી રાજા **ભીમ**દેવ તેના ઉપર હમેશાં પ્રસન્ન રહેવા સાથ તેને માનભરેલી દૃષ્ટિથી જોતો હતો.

તે સમયમાં **આબૂ**ની પૂર્વ તરફની તળેટીથી બહુજ નજીકમાં એક **ચંદ્રાવતી**[૨૬] નામની મોટી નગરી હતી. ત્યાં પરમાર **ધંધુક**[૨૭] નામનો રાજા, ગુજરાતના રાજા **ભીમ**દેવના સામંત રાજા તરીકે રાજ્ય કરતો હતો. **આબૂ પહાડ** અને આસપાસનો પ્રદેશ તેના અધિકારમાં હતો, પાછલથી તે **ધંધુક** રાજા, ગુજરાતના રાજાથી સ્વતંત્ર થવાની ઇચ્છાથી કે બીજા કોઈપણ કારણથી રાજા **ભીમ**દેવની આજ્ઞા નહીં માનતો હોવાથી **ભીમ**દેવે ક્રોધાતુર થઇને તેને વશ કરવા માટે મોટા

સૈન્ય સાથે **વિ**મલ સેનાપતિને **ચં**દ્રાવતી મોકલ્યો. મોટા સૈન્ય સાથે શૂરવીર **વિ**મલ સેનાપતિને આવતો સાંભળીને પરમાર **ધં**ધુક ત્યાંથી નાશીને માળવાના રાજા **ધા**રાવાળા પરમાર **ભો**જ[૨૮] ( કે જે એ સમયે **ચિ**ત્તોડમાં રહેતો હતો.) ના આશ્રયે જઇને રહ્યો. રાજા **ભી**મદેવે વિમલ મંત્રીને **ચં**દ્રાવતી પ્રદેશનો દંડનાયક બનાવીને તેનું રક્ષણ કરવાનું સોંપ્યું. પાછલથી વિમલે પોતાની સજ્જનતાથી વણિક્ બુદ્ધિનો પ્રયોગ કરી **ધં**ધુકને યુક્તિપૂર્વક સમજાવી પાછો બોલાવીને રાજા **ભી**મદેવની સાથે તેની સંધિ કરાવી દીધી.[૨૯]

પાછલી જીંદગીમાં વિમલમંત્રી **ચં**દ્રાવતી અને **અ**ચલગઢમાં વિશેષ રહેતા હતા. એક સમયે વિચરતા વિચરતા શ્રી**ધ**ર્મઘોષસૂરીશ્વરજી ત્યાં પધાર્યા. વિમલમંત્રીશ્વરે વિનતિ કરીને તેઓને ચોમાસું રાખ્યા. તેઓના ઉપદેશનો **વિ**મલમંત્રીશ્વરના ઉપર અપૂર્વ પ્રભાવ પડયો. વિમલમંત્રીશ્વરે સૂરિજીને કહ્યું કે–લડાઇઓમાં અને રાજ્યઅમલમાં મારે ઘણાં પાપો કરવાં પડયાં છે, ઘણા પ્રાણિઓની હિંસા કરવી પડી છે. તેથી હું ઘણા પાપનો ભાગી થયો છું, મારાં તે પાપો નાશ થાય તેવું મને પ્રાયશ્ચિત્ત આપો. સૂરિજીએ કહ્યું–જાણી જોઇને–ઇરાદાપૂર્વક કરેલાં પાપોનું પ્રાયશ્ચિત્ત હોતું નથી, છતાં પણ તું સાચા દિલથી ખૂબ પશ્ચાત્તાપપૂર્વક પ્રાયશ્ચિત્ત માગે છે તો હું તને પ્રાયશ્ચિત આપું છું કે–" તું આબૂતીર્થનો ઉદ્ધાર કર " **વિ**મલે તે આજ્ઞા મસ્તકે ચઢાવી.[૩૦]

મહારાજા ભીમદેવ, રાજા ધંધૂક અને પોતાના મોટાભાઈ નેઢની આજ્ઞા લઇને તે મંદિર બંધાવવા માટે આબૂ ઉપર ગયો. જગ્યા પસંદ કરી,[31] પરંતુ બ્રાહ્મણોએ કહ્યું કે આ જગ્યા અમારી છે તેથી અહિં મંદિર બંધાવવા નહીં દઇએ.[32] જો કે વિમલમંત્રી ધારે તો પોતાની સત્તાથી–રાજા ભીમદેવની આજ્ઞા હોવાથી તે જમીન તો શું ? પણ આખો આબૂ પહાડ ખુંચવી લઇ શકે તેમ હતો. પરંતુ તેણે વિચાર્યું કે– 'ધર્મના કામમાં સત્તાનો ઉપયોગ કે જબરદસ્તી ન હોય.' તેથી તેણે બ્રાહ્મણોને બોલાવી સમજાવીને કહ્યું કે–તમારી ઇચ્છા પ્રમાણે કિંમત લઇને પણ જમીન આપો. બ્રાહ્મણોએ કહ્યું, સોનામહોરથી માપીને જમીન લ્યો. વિમલે તે સ્વીકાર્યું. અને ગોળ સોનામહોરોથી માપવાથી વચ્ચે જગ્યા ખાલી રહી જાય એટલા માટે તેણે ખાસ ચોખુટી સોનામહોરો નવી કરાવીને તે સોના મહોરોથી માપીને મંદિર માટે જોઇતી જમીન લીધી. જમીનની કિંમતમાં જમીનના માપ પ્રમાણે સોના મહોરો મળવાથી બ્રાહ્મણો ઘણા ખુશી થયા.[33]

તે જમીન ઉપર વિમલમંત્રીશ્વરે અપૂર્વ કોરણીવાળા આરસપાષાણથી[34] મૂલગભારો, ગૂઢમંડપ, નવચોકીઓ, રંગમંડપ અને બાવન જિનાલય વિગેરેથી યુક્ત ક્રોડો રૂપીઆનો ખર્ચ કરીને[35] વિશાલ જિનમંદિર બંધાવ્યું. તેનું નામ "વિમલવસહી"[36] રાખ્યું. શ્રીઋષભદેવ (આદીશ્વર) ભગવાનની ધાતુની મોટી મનોહર મૂર્ત્તિને મૂલનાયક તરીકે સ્થાપન કરી.[37] આ મંદિરની પ્રતિષ્ઠા તેણે શ્રીમાન્ વર્ધમાનસૂરિજી પાસે સંવત્ ૧૦૮૮ માં કરાવી હતી.[38]

**નેઢના વંશજો**

વિમલમંત્રીના મોટા ભાઇ **નેઢને ધવલ**[39] અને **લાલિગ**[40] નામના બે પુત્રો હતા. તેઓ બન્ને પણ બહુ પ્રતાપી અને યશસ્વી હતા, અને ચૌલુક્ય પહેલા **ભીમદેવના** પુત્ર [41]**કરણરાજના** તેઓ બન્ને મંત્રી હતા. તેમનાજ જેવા ગુણ-વાન્ **ધવલના** પુત્ર **આણંદ**[42] અને **લાલિગના** પુત્ર **મહિંદુ**[43] થયા. તેઓ સિદ્ધરાજ જયસિંહ[44]ના મંત્રી હતા. **આણંદ** મંત્રી બહુ પ્રતાપી હતા, તેમની સ્ત્રીનું નામ **પદ્માવતી**[45] હતું. **પદ્મા-વતી શીલવતી**, તમામ ગુણની ભંડાર અને ધર્મકર્મમાં તત્પર રહેવાવાળી પરમ શ્રાવિકા હતી. **આણંદ-પદ્માવતીના** પુત્ર પૃથ્વીપાલ[46] તથા **મહિંદુના** પુત્ર હેમરથ અને **દશરથ**[47] નામના બે ભાઇઓ થયા. આ હેમરથ-**દશરથે** વિમલવસ-હીની અંદર દશમા નંબરની દેરીનો સંવત્ ૧૨૦૧ માં **જીર્ણો-દ્ધાર** કરાવ્યો અને તેમાં શ્રી નેમિનાથ ભ૦ નું નવું બિંબ કરા-વીને તથા પોતાના પૂર્વજ **નીનાથી** લઇને પોતે બન્ને ભાઇઓ સુધીના આઠ જણની એકજ પથ્થરમાં આઠ મૂર્ત્તિઓ પોતે કરાવીને સ્થાપન કરી છે. તે દેરીમાં બીજી એક હાથીસ્વાર અને ઘોડેસ્વાર વાળી મૂર્ત્તિ છે; પણ તેના ઉપર નામ નહીં હોવાથી તે કોની છે તે જાણી શકાતું નથી. તે દેરીની બહાર સંવત્ ૧૨૦૧ નો દીવાલમાં ખોદેલો મોટો લેખ છે તે લેખ ઉપરથી વિમલ મંત્રીના વંશ સંબંધી ઘણું જાણવાનું મળી શકે છે.[48]

પૃથ્વીપાલ મહાપ્રતાપી, ઉદાર અને પોતાના પૂર્વજોના નામને દીપાવનાર થયા હતા. તે ચૌલુક્ય **સિદ્ધરાજ જયસિંહ**

અને કુમારપાલ[૪૯] રાજાના મંત્રી હતા; તેમણે તે બન્ને રાજાઓની અતિ પ્રસન્નતા મેળવી હતી, તેમજ પ્રજાસેવા, તીર્થયાત્રા, સંઘભક્તિ ઈત્યાદિ ધર્મકાર્યોમાં હમેશાં તત્પર રહેતા. તેઓ પૂર્ણનીતિમાન્ અને દુખીઓના દુખને દૂર કરનારા હતા.

તેમણે **વિમલ** મંત્રીએ બંધાવેલા **વિમલવસહી** મંદિરની ઘણી દેરીઓ વિગેરેનો સંવત્ ૧૨૦૪ થી ૧૨૦૬ સુધી માં જીર્ણોદ્ધાર કરાવ્યો હતો[૫૦]. તેમજ એજ સમયમાં વિમલવસહી મંદિરની બહાર સન્મુખમાં પોતાના પૂર્વજોની કીર્તિને કાયમ રાખવા માટે એક સુંદર હસ્તિશાલા કરાવી છે, તેના દરવાજાના મુખ્ય ભાગમાં ઘોડેસ્વાર **વિમલ** મંત્રીને સ્થાપન કરેલ છે, તેની બન્ને બાજુએ અને પાછલ તે હસ્તિશાલામાં કુલ ૧૦ હાથીઓ છે, તેમાંના છેલ્લા ત્રણને છોડીને સાત હાથીઓ પોતાના પૂર્વજોના નામના મંત્રી પૃથ્વીપાલે સંવત્ ૧૨૦૪ માં કરાવ્યા છે, (જેમાં એક પોતાના નામનો પણ હાથી છે) અને તે છેલ્લા ત્રણ હાથીઓ માંના બે હાથીઓ સંવત્ ૧૨૩૭ માં પૃથ્વીપાલ મંત્રીના પુત્ર મંત્રી **ધનપાલે** પોતાના મોટાભાઈ જગદેવના અને પોતાના નામથી કરાવ્યા છે. ત્રીજા હાથી ઉપરનો લેખ ખંડિત થઇ ગયો છે, પરંતુ એ ત્રીજો હાથી પણ મંત્રી **ધનપાલે** જ કરાવ્યો હશે એમ જણાય છે. આ **ધનપાલે** પણ પોતાના પિતાના પગલે ચાલીને આ વિમલવસહી મંદિરની કેટલીક દેરીઓનો જીર્ણોદ્ધાર સં. ૧૨૪૫ માં કરાવ્યો છે.[૫૧] **ધનપાલ**

ના મોટા ભાઈનું નામ જગદ્દેવ[52] અને ધનપાલની સ્ત્રીનું નામ રૂપિણી[53] (પિણાઇ) હતું. (હસ્તિશાલાની વિશેષ હકીકત માટે આગળ હસ્તિશાલાનું વર્ણન જૂઓ.)

આ વિમલવસહી મંદિરની અપૂર્વ શિલ્પકળા અને વર્ણન ન કરી શકાય એવા પ્રકારની આરસની અંદર કરેલી બારીક કોતરણીનું આ ઠેકાણે વર્ણન કરવું નકામું છે. કારણ કે મૂલગભારો અને ગૂઢમંડપ સિવાયના બીજા બધા ભાગો લગભગ જેવીને તેવીજ સ્થીતિમાં વિદ્યમાન હોવાથી વાચકો–પ્રેક્ષકો સાક્ષાત્ ત્યાં જઈને તે સંબંધી ખાત્રી કરવા સાથ આનંદ મેળવી શકે તેમ છે.[54]

અહિંના મુખ્ય બન્ને મંદિરોનાં દર્શન કરનારને સ્વાભાવિક રીતે આવી શંકા ઉત્પન્ન થયા વિના રહેતી નથી કે–જે મંદિરોના બહારના ભાગની નવચોકીઓ, રંગમંડપ અને ભમતીની દેરીઓમાં પણ આવી અપૂર્વ કોતરણી છે તે મંદિરોનો અંદરનો ભાગ (ખાસ મૂલગભારો અને ગૂઢમંડપ) બિલકુલ સાદો કેમ? અને શિખરો સાવ નિચાં–બેઠા ઘાટનાં કેમ?. વાત ખરી છે કે જે મંદિરોના બહારના ભાગમાં આવું સુંદર કામ હોય તેના ખાસ મૂલ ગંભારા અને ગૂઢમંડપો તદ્દન સાદાં હોય અને શિખરો સાવ નીચાં હોય, તે બનવા યોગ્ય નથી. પરંતુ તેમ હોવામાં ખાસ કારણ છે અને તે એ કે–તે બન્ને મંદિરો બંધાવનાર મંત્રીવરોએ તો મંદિરોના અંદરના ભાગો, બહારના ભાગો કરતાં પણ અધિક સુંદર નકશીદાર અને સુશોભિત

કરાવ્યા હશે, પરંતુ સંવત્ ૧૩૬૮ માં મુસલમાન બાદશાહે આ બન્ને મંદિરોનો ભંગ કર્યો,[૫૫] ત્યારે મૂલગભારા, ગૂઢમંડપો, ભગવાન્‌ની બધી મૂર્ત્તિઓ અને બન્ને હસ્તિશાળાની ઘણી ખરી મૂર્ત્તિઓનો સાવ નાશ કરી નાંખ્યો હશે એમ લાગે છે તેમજ મૂલગભારો અને રંગમંડપના બહારના ભાગની કોરણી-માંના પણ થોડા થોડા ભાગને નુકશાન પહોંચાડયું હોય તેમ જણાય છે. આવી રીતે ભંગ થયા બાદ પાછળથી તેનો જીર્ણોદ્ધાર થએલો હોવાથી અંદરનો ભાગ સાદો બનેલો છે.

## જીર્ણોદ્ધાર.

**માંડવ્યપુર** ( મંડોર ) નિવાસી **ગોસલ**ના પુત્ર **ધનસિંહ**, તેના પુત્ર **વીજડ** આદિ છ ભાઈઓ અને **ગોસલ**ના ભાઈ **ભીમા**ના પુત્ર **મહણસિંહ**, તેના પુત્ર **લાલિગસિંહ** ( લલ્લ ) આદિ ત્રણ ભાઈઓ, એ પ્રમાણે **વીજડ** અને **લાલિગ** આદિ નવ ભાઈઓએ આ વિમલવસહી મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેની સંવત્ ૧૩૭૮ ના જ્યેષ્ઠ વદિ ૯ સોમવારે ધર્મઘોષ-સૂરિની પરંપરામાં થએલા શ્રીજ્ઞાનચંદ્રસૂરિજી પાસે પ્રતિષ્ઠા કરાવી.[૫૬]. આ જીર્ણોદ્ધાર કરાવનારે મંદિરના સાવ નષ્ટ થઈ ગએલા ભાગને પોતાની શકિત અનુસારે સાદો અને તદ્દન નવો તૈયાર કરાવ્યો હોય એ બનવા યોગ્ય છે. આ જીર્ણોદ્ધાર વખતે ઘણી ખરી દેરીઓમાં પણ ફરી મૂર્ત્તિઓ બિરાજમાન કરવામાં આવી છે એમ તેના લેખો ઉપરથી જણાય છે.[૫૭] જીર્ણોદ્ધાર કરાવનાર **વીજડ**ના દાદા–દાદી **ગોસલ** અને **ગુણદેવી**ની તથા

લાલિગના માતા-પિતા મહણસિંહ અને મીણલદેવીની મૂર્ત્તિ-ઓ અત્યારે પણ આ મંદિરના ગૂઢમંડપમાં વિદ્યમાન છે. ‡

આબૂ ઉપરનાં મંદિરોનાં શિખરો નીચાં હોવાનું ખાસ કારણ એ છે કે-અહિં લગભગ છ છ મહીને ધરતીકંપ થયા કરે છે.[૫૮] તેથી ઉંચાં શિખરો હોય તો જલ્દી પડી જવાનો ભય રહે, માટે શિખરો નીચાં કરાવવામાં આવ્યાં જણાય છે. જૈનમંદિરોની જેમ અહિંનાં હિંદુ મંદિરોનાં શિખરો પણ પ્રાયઃ નીચાંજ જોવામાં આવે છે.

## મૂર્ત્તિસંખ્યા અને વિશેષ હકીકત

આ મંદિરના મૂલગભારામાં† મૂલનાયક શ્રીઋષભદેવ ભ૦ની પંચતીર્થીના પરિકરવાળી ભવ્ય અને મનોહર મૂર્ત્તિ બીરાજ-માન છે અને તેમાંજ આપણા ડાબા હાથ તરફના ગોખલામાં શ્રીહીરવિજયસૂરીશ્વરજી મહારાજની મનોહર મૂર્ત્તિ છે, તેમાં વચ્ચે સૂરીશ્વરજી છે, બે બાજુએ બે સાધુઓની ઉભી અને નીચે બે શ્રાવકોની બેઠેલી અને માથે ભગવાનની ત્રણ મૂર્ત્તિઓ છે. તેની સંવત્ ૧૬૬૧ માં મહામહોપાધ્યાયશ્રી લબ્ધિસાગરજીએ પ્રતિષ્ઠા કરી છે. [૫૯]મૂર્ત્તિ ઉપર લેખ છે.†.

---

‡ જૂઓ પાનું ૨૭

† મોટાં મંદિરોની અંદર જેમાં મૂલનાયક ભગવાન્ બીરાજ-માન કરાય છે તે મૂલગભારો કહેવાય છે; તેની પાસેના મંડપને ગૂઢમંડપ કહેવામાં આવે છે; તેની બહાર જે છ ખંડવાળો મંડપ

ગૂઢમંડપમાં શ્રીપાર્શ્વનાથ ભગવાન્‌ની કાઉસગ્ગ (કાયોત્સર્ગ) ધ્યાને ઉભી મોટી અને અતિ મનોહર બે મૂર્ત્તિઓ છે, પ્રત્યેક મૂર્ત્તિ ઉપર બન્ને બાજુએ થઇને ચોવીશ જિનમૂર્ત્તિઓ, ઇંદ્ર–ઇંદ્રાણી, બે શ્રાવક અને બે શ્રાવિકાની મૂર્ત્તિઓ કોતરેલી છે. બન્નેની નીચે સંવત્ ૧૪૦૮ ના લેખો છે.[૬૦] + ધાતુની મોટી એકલ ‡ મૂર્ત્તિ ૨, પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિઓ ૩, સામાન્ય પરિકરવાળી મૂર્ત્તિઓ ૪, પરિકર વિનાની મૂર્ત્તિઓ ૨૧, ચોવિશીનો આરસનો પટ્ટ ૧ છે, તે પટ્ટમાં પરિકર સહિત મૂલ-

---

હોય તો તે છચોકી અથવા નવ ખંડવાળો મંડપ હોય તો તે નવ ચોકી કહેવાય છે; (વિમલવસહી અને લુણવસહીમાં નવ ખંડોવાળા મંડપો છે) તે નવચોકી પછીના મંડપને રંગમંડપ કહેવામાં આવે છે; અને ભમતીને જગતી દેરીને દેવકુલિકા કહેવામાં આવે છે.

+ જે ભવ્ય મૂર્ત્તિઓ અને અત્યંત સુંદર કોરણીવાળી ચીજો મને ફોટો લેવા લાયક જણાઇ તેની પાસે + આવી નિશાની આપેલી છે.

‡ ધાતુની મૂર્ત્તિઓમાં પરિકર વિનાની ભગવાન્‌ની એકલી મૂર્ત્તિ હોય તો તે એકલ મૂર્ત્તિ કહેવાય છે. જે મૂર્ત્તિમાં ભગવાન્‌ની એકજ મૂર્ત્તિ વચ્ચે બેઠેલી હોય પણ આસપાસમાં પરિકર (ઇંદ્ર–ઇંદ્રાણી વિગેરે) હોય તો તે એકતીર્થી કહેવાય છે. જે મૂર્ત્તિમાં વચ્ચે મૂલનાયકની મૂર્ત્તિ બેઠેલી હોય અને તેની બન્ને બાજુએ ભગવાન્‌ની બે ઉભી મૂર્ત્તિઓ હોય અને આસપાસમાં પરિકર હોય તો તે ત્રિતીર્થી કહેવાય છે. ઉપર પ્રમાણેની ત્રિતીર્થીની બન્ને ઉભી મૂર્ત્તિઓની ઉપર પરિકરમાં ભગવાન્‌ની બીજી બેઠેલી બે મૂર્ત્તિઓ હોય તો તે પંચતીર્થી કહેવાય છે. કાઉસ્સગ્ગધ્યાનમાં ઉભેલી ભગવાન્‌ની મૂર્ત્તિને

નાયકજી નીચે ધર્મચક્ર અને લેખ છે. શ્રાવકની મૂર્ત્તિઓ ૨ અને શ્રાવિકાની મૂર્ત્તિ ૩ છે, તે નીચે પ્રમાણે—૧ सा० गोसल, ૨ सहू० सुहागदेवि, ૩ सहू० गुणदेवि ૪ सा० मुहणसीह, ૫ सहू० मीलणदेवि ‡ (આમાં નંબર–૧ અને ૩ ની મૂર્ત્તિઓ, આ મંદિરનો સંવત્ ૧૩૭૮માં ઉદ્ધાર કરાવનાર શ્રાવક **વીજડે** પોતાના દાદા–દાદી **ગોસલ** અને **ગુણદેવી**ની સંવત્ ૧૩૯૮ માં કરાવી છે, તથા નંબર ૪ અને ૫ ની સા૦ મુહણસિંહ અને સહૂ૦ **મીણલદેવી** ની મૂર્ત્તિઓ, વીજડની સાથે રહીને જીર્ણોદ્ધાર કરાવનાર વીજડના પિત્રાઈ ભાઈ લાલિગસિંહે પોતાના માતા પિતાની એજ સંવતમાં કરાવી છે. ) અંબાજી-ની નાની મૂર્ત્તિ ૧, ધાતુની ચોવિશી ૧, ધાતુની પંચતીર્થી ૨, ધાતુની એકલ નાની મૂર્ત્તિ ૨ ( ગૂઢમંડપમાં કુલ જિનબિંબ–૩૫, કાઉસગ્ગીયા. ૨, ચોવિશીનો પટ્ટ. ૧, અંબાજી-નીમૂર્ત્તિ ૧, શ્રાવકનીમૂર્તિ ૨ અને શ્રાવિકાની મૂર્તિ ૩ છે. )

ગૂઢમંડપની બહાર નવચોકીમાં આપણા ડાબા હાથ તરફના ગોખલામાં મૂલનાયક શ્રીઆદીશ્વર ભ૦ નો મૂર્ત્તિ ૧, પરિકર વિનાની મૂર્ત્તિ ૧, એકજ પાષાણમાં શ્રાવક શ્રાવિકાનુ જોડલું ૧ (તેની નીચે અક્ષરો છે પણ વંચાતા નથી. ) અને એક પાષાણમાં વચ્ચે શ્રાવિકાની મૂર્ત્તિ અને તેની બન્ને બા-

---

કાઉસ્સગ્ગીઆ કહેવામાં આવે છે. એકજ પથ્થર વિગેરેમાં ભગવાનની ૨૪ મૂર્ત્તિઓ ખોદેલી હોય તો તે ચોવિશીનો પટ્ટ કહેવાય છે.

‡ જૂઓ પાનું ૨૪ અને નોટ નંબર ૫૬.

જુએ નીચે એકેક શ્રાવિકાની નાની મૂર્ત્તિ કોતરેલી છે. તેમાં વચ્ચેની મૂર્ત્તિ નીચે **बारा० जासल** આટલા અક્ષરો લખ્યા છે. કુલ જિન બિંબ ૨ અને શ્રાવક શ્રાવિકાઓની મૂર્ત્તિ ૨ છે.

જમણા હાથ તરફના ગોખલામાં મૂલનાયકશ્રી (મહાવીરસ્વામી) આદિનાથજીની પરિકરવાળી મૂર્ત્તિ ૧, સાદી મૂર્ત્તિ ૧, અને પાષાણમાં કોતરેલો યંત્ર ૧ છે.

મૂલગભારાની બહાર (પાછલના ભાગમાં) ત્રણે દિશાના ગોખલામાં પરિકરવાળી ભગવાનની એકેક મૂર્ત્તિ છે.

**પ્રદક્ષિણા (ભમતી).**

* દેરી નં. ૧ ‡ માં મૂલનાયકશ્રી [ધર્મનાથ] † આદીશ્વર ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકરવાળી બીજી મૂર્ત્તિ ૧, (કુલ મૂ. ૨).

---

‡ મંદિરના દરવાજામાં પેસતાં આપણા ડાબા હાથ તરફથી દેરીઓનો નંબર ગણવામાં આવ્યો છે.

† [ ] આવા કોંસમાં મૂલનાયક ભગવાનનું નામ લખેલું છે તે પબાસણ ઉપરના લેખ ઉપરથી, ( ) આવા કોંસમાં મૂલનાયક ભ૦ નું નામ લખેલું છે તે દરવાજા પરના લેખ ઉપરથી, અને કૌંસ વિના મૂલનાયકજીનું નામ લખેલું છે તે અત્યારે મૂલનાયકજી તરીકે બિરાજમાન મૂર્તિનું નામ છે, એમ જાણવું, અને જ્યાં મૂલનાયકજીનું નામ નથી લખ્યું ત્યાં મૂલનાયકનું નામ ઓળખી શકાયું નથી એમ સમજવું.

* દેરી નં. ૨ માં મૂલનાયક શ્રી (પાર્શ્વનાથ) અજિતનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧, સાદી મૂર્ત્તિ ૧, અને ચોવિશ ભગવાનની માતાઓનો પુત્ર સહિત આરસનો પટ્ટ ૧ છે, તે પટ્ટની ઉપરના ભાગમાં ભગવાનની ત્રણ મૂર્તિઓ કોતરેલી છે. ( કુલ મૂ૦ ૨ અને પટ્ટ ૧ ).

* દેરી નં. ૩ માં મૂલનાયક શ્રી ( શાંતિનાથ ) ( શાંતિનાથ ) શાંતિનાથ ભ૦ ની મૂર્ત્તિ ૧, પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧, અને ભગવાનની ચોવિશીનો પટ્ટ ૧ છે. ( કુલ મૂ૦ ૨ અને પટ્ટ ૧ ).

દેરી નં. ૪ માં મૂલનાયકશ્રી નમિનાથજીની ફણવાળા પરિકર સહિત મૂર્ત્તિ ૧. સાદી મૂર્ત્તિ ૧ અને કાઉસગ્ગીઆ ૧ છે. ( કુલ મૂ૦ ૩ ).

દેરી નં. ૫ માં મૂલનાયકશ્રી [ કુંથુનાથ ] અજીતનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને સાદી મૂર્ત્તિ ૧ છે. ( કુલ મૂ૦ ૨ ).

*દેરી નં. ૬ માં મૂલનાયકશ્રી ( મુનિસુવ્રત )* સંભવનાથ ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૧ છે. ( કુલ મૂ૦ ૨ ).

---

* વિમળવસહીની જે દેરીના ( બારસાખ ) ઉપર સુંદર કોરણી કરેલી છે ત્યાં * આવી નિશાની આપેલી છે. અર્થાત્ * આવી નિશાની વિનાની દેરીઓના દ્વાર ( બારસાખ ) ઉપર કોરણી નથી એમ સમજવું. લૂણવસહીમાં તો લગભગ દરેક દેરીના બારસાખ ઉપર કોરણી કરેલી છે.

*દેરી નં. ૭ માં મૂલનાયકશ્રી ( મહાવીરસ્વામી ) શાંતિનાથજી વિગેરે જિનબિંબ ૪ છે.

દેરી નં. ૮ માં મૂલનાયક શ્રી **પાર્શ્વ**નાથ ભ૦ વિગેરે પરિકર વિનાનાં જિનબિંબ ૩ અને બાજુમાં ત્રણુતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧, ( કુલ મૂર્ત્તિ ૪ ).

દેરી નં. ૯ માં મૂલનાયક શ્રી [ આદિનાથ ] (નેમિનાથ) (પાર્શ્વનાથ) મહાવીરસ્વામી વિગેરે જિનબિંબ ૩ છે.

દેરી નં. ૧૦ માં મૂલનાયક શ્રી ( નેમિનાથ ) સુમતિનાથજીની પરિકરવાળી મૂર્ત્તિ ૧, શ્રી સીમંધર-યુગમંધર-બાહુ અને મહાબાહુ એ ચાર વિરહમાન ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિઓ ૪, ત્રણ ચોવિશીનો બહુ લાંબો આરસનો પટ્ટ ૧, એક આરસના પથ્થરમાં હાથી ઉપર અંબાડીમાં બેઠેલ એક શ્રાવકની મૂર્ત્તિ છે તેની નીચે એજ પથ્થરમાં ઘોડા ઉપર બેઠેલ એક શ્રાવકની નાની મૂર્ત્તિ છે. બન્નેના માથે છત્રો છે. તે મૂર્ત્તિ ઉપર લેખ કે નામ નથી તેથી તે કોની મૂર્ત્તિ છે તે જાણી શકાતું નથી. તેની બાજુમાં આરસના એકજ લાંબા પથ્થરમાં શ્રાવકની આઠ મૂર્ત્તિઓ છે. દરેક મૂર્ત્તિ નીચે માત્ર નામ લખેલું છે. તે નામો આ છે—

૧ **महं० श्रीनीनामूर्त्तिः ॥ વિમલ**મંત્રી અને તેમના ભાઇ **નેઢ**ના વંશના પૂર્વજોમાં મુખ્ય પુરૂષ.

૨ **महं० श्रीलहरमूर्त्तिः ॥ નીના** (નીનક) મંત્રીના પુત્ર.

३ महं० श्रीवीरमूर्त्तिः ॥ લહરમંત્રીના વંશમાં લગભગ બસો વર્ષે થએલા મંત્રી.

४ महं० श्रीनेट(ढ)मूर्त्तिः ॥ વીરમંત્રીના પુત્ર અને વિમલમંત્રીના મોટાભાઇ.

५ महं० श्रीलालिगमूर्त्तिः ॥ નેઢમંત્રીના પુત્ર.

६ महं० श्रीमहिंदुकमूर्त्तिः ॥ મં. લાલિગના પુત્ર.

७ हेमरथमूर्त्तिः ॥ મંત્રી મહિંદુકના પુત્ર.

८ दशरथमूर्त्तिः ॥ મંત્રી મહિંદુકના પુત્ર અને હેમરથના ભાઈ.

( શ્રીપ્રાગ્વાટ જ્ઞાતીય આ **હેમરથ** અને **દશરથે** દશમા નંબરની આ દેરીનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. દેરીને માથે સં. ૧૨૦૧ નો મોટો લેખ છે. વિશેષ માટે જૂઓ પાછળ પાનું ૨૧ અને આગળ નોટ નંબર ૧૯ થી ૪૮ ).

* દેરી નં. ૧૧ માં મૂલનાયક શ્રી ( મુનિસુવ્રત ) શાંતિનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧, તેમની બન્ને બાજુમાં પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિઓ ૨ અને સાદી મૂર્ત્તિઓ ૩, ( કુલ મૂર્ત્તિઓ ૬ ).

દેરી નં. ૧૨ માં મૂલનાયકશ્રી ( નેમિનાથ ) ( શાંતિનાથ ) મહાવીરસ્વામીની પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને સાદી મૂર્ત્તિ ૨ ( કુલ મૂ. ૩ ).

દેરી નં૦ ૧૩ માં મૂલનાયક શ્રી ( વાસુપૂજ્ય ) ચંદ્રપ્રભ ભ૦ ની પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧, સાદા પરિકરવાળી મૂર્ત્તિ ૧, પરિકરવિનાની મૂર્ત્તિ ૪ અને શ્રીઆદિનાથ ભ૦ ની પાદુકા જોડી ૧, ( કુલ જિનબિંબ ૬ અને પગલાં જોડી ૧ )

દેરી નં૦ ૧૪ મૂલનાયક શ્રી (આદિનાથ) આદિનાથ ભ૦ વિગેરે જિનબંબ ૩ અને હાથીના વાહનવાળા યક્ષની મૂર્ત્તિ ૧ છે, તે કદાચ આદીશ્વર ભ૦ ના શાસનરક્ષક ગોમેધયક્ષની મૂર્ત્તિ હશે.

દેરી નં૦ ૧૫ માં મૂલનાયકશ્રી ( શાંતિનાથ ) ( શાંતિનાથ)........ ભ૦ની પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧, સાદાપરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકરવિનાની મૂર્ત્તિ ૨, ( કુલ બિંબ ૪ ).

દેરી નં૦ ૧૬ માં મૂલનાયક શ્રીશાંતિનાથ ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિ ૧, પરિકરવિનાનાં જિનબિંબ ૪ અને એક આરસના પથ્થરમાં એક વૃક્ષની નીચે કમળ ઉપર પદ્માસનવાળી મૂર્ત્તિ કોતરેલી છે, તેની બન્ને બાજુએ એક શ્રાવક અને એક શ્રાવિકા હાથમાં પૂજાનો સામાન લઈને ઉભેલ છે. લેખ નથી. આ મૂર્ત્તિ શ્રી પુંડરિકસ્વામીની હોવાની સંભાવના છે (કુલ જિન બિંબો ૬ અને ઉપર પ્રમાણેનો ભાવાય છે.

દેરી નં. ૧૭ માં સમવસરણની† સુંદર રચના આરસના નકશીવાળા પથ્થરોથી બનેલી છે. તેમાં મૂલનાયક ચૌમુખજી તરીકે ૧ મહાવીર, ૨........, ૩ આદિનાથ અને ચંદ્રપ્રભ ભ. ની મૂર્ત્તિઓ ૪ છે.

આ દેરીની બહાર પણ એક નાના સમવસરણની રચના છે, ત્રણ ગઢ, તેના ઉપર ચૌમુખજી તરીકે ચાર મૂર્ત્તિઓ અને માથે દેરીનો આકાર, આ બધું એક જ પથ્થરમાં બનાવેલું છે.

દેરી નં. ૧૮ માં મૂલનાયક શ્રી શ્રેયાંસનાથ ભ૦ વિગેરે જિનબિંબ ૩ છે. આ દેરીની બહારનો ઘુમટ અને દ્વાર વિગેરે બધું નવું થએલું છે.

આની પછી બે ઓરડીઓ ખાલી છે.

દેરી નં. ૧૯ માં મૂલનાયક શ્રીઆદિનાથ ભ૦ વિગેરે જિનબિંબ ૭ અને સાદા પરિકરવાળી મૂર્તિ ૨, ( કુલ જિન-બિંબ ૯ ).

દેરી નં. ૧૯ ની બહાર ભીંતમાં એક ગોખલો છે તેમાં ત્રણતીર્થી અને સર્પની ફણના પરિકરવાળી જિન પ્રતિમા ૧ છે.

દેરી નં. ૨૦ ને ઠેકાણે શ્રીમુનિસુવ્રતસ્વામીનો મોટો ગભારો છે.‡ તેમાં મૂલનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની શ્યામ-

† સમવસરણ એટલે તમામ પ્રકારની સગવડવાળી દેવોએ બનાવેલી શ્રીતીર્થંકર ભગવાનની વિશાલ વ્યાખ્યાનશાલા.

‡ દંતકથા છે કે–આ શ્રીમુનિસુવ્રત સ્વામીની મૂર્ત્તિ, લગ-

વર્ણની મોટી અને પ્રાચીન પ્રતિમા ૧, ત્રણ ગઢની સુંદર રચનાવાળા સમવસરણમાં ચૌમુખજી તરીકે પરિકરવાળાં જિનબિંબ ૪, ઉત્કૃષ્ટકાળના ૧૭૦ જિનનો પટ્ટ ૧, એક એક ચોવિશીના પટ્ટ ૩, પંચતીર્થીના પરિકરવાળી જિનપ્રતિમા ૧, સાદાં પરિકરવાળાં જિનબિંબ ૪, પરિકર વિનાનાં જિનબિંબ ૧૫, ચોવિશીના પટ્ટમાંથી છુટા પડી ગએલાં નાનાં જિનબિંબ ૬, આચાર્યની મૂર્ત્તિ એક મોટી ( તેમા આચાર્ય પાટ પર બેઠેલ છે. બન્ને બાજુએ એકેક શ્રાવકની મૂર્ત્તિ હાથ જોડીને ઉભેલ છે તેની નીચે તેમનાં નામો **सा० सूरा । सा० वाला** એ પ્રમાણે લખેલાં છે, **ધર્મ**ઘોષસૂરિ શિષ્ય **આનં**દસૂરિ–**અમરપ્રભસૂ**રિ શિષ્ય **જ્ઞાન**ચંદ્રસૂરિ શિષ્ય **શ્રીમુ**નિશેખર સૂરિ[૬૧]ની આ મૂર્ત્તિ સં. ૧૩૯૬ માં ઉપરના બન્ને શ્રાવકોએ કરાવી એવો લેખ તે મૂર્ત્તિ નીચે છે. ) આચાર્યની નાની મૂર્ત્તિ ૧ ( હાથ જોડીને બેઠેલ છે નામ નથી ), શ્રાવક–શ્રાવિકાનાં યુગલ નંગ ૨ મોટાં ( નામ નથી ), શ્રાવકની હાથ જોડીને ઉભેલી નાની મૂર્ત્તિ ૧, શ્રાવિકાની હાથ જોડીને બેઠેલી નાની મૂર્ત્તિ ૧, અંબિકાદેવીની મૂર્ત્તિ ૧ નાની, યક્ષની મૂર્ત્તિ ૨,

ભગ સંવત્ ૧૦૫૦ માં અંબિકાદેવીએ શ્રીવિમલમંત્રીને સ્વપ્ન આપીને જમીનમાંથી પ્રગટ કરાવી, આ મૂર્ત્તિ ચોથા આરાની કહેવાય છે અને શ્રીવિમલશાહ શેઠે મંદિર બંધાવતાં સૌથી પહેલાં આ ગભારો બનાવીને આ મૂર્ત્તિ બિરાજમાન કરી હતી. પછી એ મૂર્ત્તિ ત્યાંજ રહેવા દીધી.

ભૈરવ(ક્ષેત્રપાલ)ની મૂર્ત્તિ ૧, અને પરિકરમાંથી છુટા પડી ગએલ ઇંદ્રની મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૨૧ ( ઉપરના ગભારા પાસેની દેરી )માં અંબાજીની મૂર્ત્તિ ૪ છે, તેમાં અંબાજીની મૂળ મૂર્ત્તિ મોટી અને ભવ્ય છે.+ તેની નીચે લેખ છે.[૧૨] આ મૂર્ત્તિ શ્રી **વિમલમંત્રી**ના વંશમાં થએલા **મંડણે** ( **માણકે** ) સંવત્ ૧૩૯૪ માં કરાવી છે.

દેરી નં. ૨૨ માં મૂલનાયક શ્રી [આદિનાથ] આદિનાથજીની ત્રણતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૨, (કુલ ૩). આ દેરીનો બહારનો બધો ભાગ નવો થયો છે.

* દેરી નં. ૨૩ માં મૂલનાયકશ્રી [આદિનાથ] (પદ્મપ્રભ) નેમિનાથ ભ૦ સહિત સાદા પરિકરવાળી મૂર્ત્તિ ૨ અને પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧, ( કુલ ૩ ).

* દેરી નં. ૨૪ માં મૂલનાયક શ્રી ( શાંતિનાથ ) સુમતિનાથ અથવા અનન્તનાથ ભ૦ સહિત સાદા પરિકરવાળી મૂર્ત્તિ ૨ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૧, ( કુલ ૩ ).

* દેરી નં. ૨૫ માં મૂલનાયક શ્રી ( સંભવનાથ ) પાર્શ્વનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧, પરિકર વિનાની મૂર્ત્તિ ૧ અને ચોવિશીનો પટ્ટ ૧ છે.

* દેરી નં. ૨૬ માં મૂલનાયક શ્રી ચંદ્રપ્રભ ભ૦ની ત્રણતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકરવિનાની ૨, (કુલ ૩).

* દેરી નં. ૨૭ માં મૂલનાયકશ્રી (સુમતિનાથ) (સુમતિનાથ)..............ની પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને સાદી મૂર્ત્તિ ૩, (કુલ ૪).

* દેરી નં. ૨૮ માં મૂલનાયકશ્રી (પદ્મપ્રભ) નેમિનાથની ત્રણતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને સાદી મૂર્ત્તિ ૨, (કુલ ૩).

દેરી નં. ૨૯ માં મૂલનાયકશ્રી (સુપાર્શ્વનાથ) આદિનાથ ભ૦ ની ત્રણતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકરવિનાની મૂર્ત્તિ ૨, (કુલ ૩).

દેરી નં. ૩૦ માં મૂલનાયકશ્રી (શાંતિનાથ) સીમંધરસ્વામીની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકરવિનાની મૂર્ત્તિ ૨, (કુલ ૩).

દેરી નં. ૩૧ માં મૂલનાયકશ્રી (મુનિસુવ્રત) સુવિધિનાથ ભ૦ ની પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને સાદી મૂર્ત્તિ ૨, (કુલ ૩).

દેરી નં. ૩૨ માં મૂલનાયકશ્રી [ઋષભદેવ] (શાંતિનાથ) (મહાવીર) આદિનાથ ભ૦ સહિત પરિકરવાળી મૂર્ત્તિ ૨ અને સાદિ મૂર્ત્તિ ૧, (કુલ ૩).

દેરી નં. ૩૩ માં મૂલનાયક શ્રી (અનંતનાથ) કુંથુનાથ ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૨, (કુલ ૩).

દેરી નં. ૩૪ માં મૂલનાયક શ્રી (અરનાથ) (મલ્લિનાથ) પદ્મપ્રભ ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૨, ( કુલ ૩ ).

* દેરી નં. ૩૫ માં મૂલનાયક શ્રી (શાંતિનાથ) ધર્મનાથ ભ૦ સહિત પરિકરવાળી મૂર્ત્તિઓ ૨ અને ત્રિતીર્થીના પરિકર-વાળી મૂર્ત્તિ ૧, ( કુલ ૩ ).

* દેરી નં. ૩૬ માં મૂલનાયક શ્રી ( ધર્મનાથ ) શાંતિનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૨, ( કુલ ૩ ).

દેરી નં. ૩૭ માં મૂલનાયક શ્રી ( શીતલનાથ ) પાર્શ્વ-નાથ ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૨, ( કુલ ૩ ).

* દેરી નં. ૩૮ માં મૂલનાયક શ્રી ( શાંતિનાથ ) આદિ-નાથ ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૨, ( કુલ ૩ ).

* દેરી નં. ૩૯ માં મૂલનાયક શ્રી (કુંથુનાથ) કુંથુનાથ ભ૦ સહિત પરિકરવાળી મૂર્ત્તિ ૨ અને ત્રણતીર્થીના પરિકર-વાળી મૂર્ત્તિ ૧, ( કુલ ૩ ).

* દેરી નં. ૪૦ માં મૂલનાયક શ્રી ( મલ્લિનાથ ) ( સુમતિનાથ ) વિમલનાથ ભ૦ની પરિકરવાળી મૂર્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિઓ ૨, ( કુલ ૩ ).

* દેરી નં. ૪૧ માં મૂલનાયક શ્રી ( વાસુપૂજ્ય ) શાશ્વતા વારિષેણજીની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિઓ ૨, ( કુલ ૩ ).

* દેરી નં. ૪૨ માં મૂલનાયક શ્રી [ અજીતનાથ ] ( આદિનાથ ) આદિનાથ ભ૦ની ત્રણતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને સાદી મૂર્ત્તિઓ ૨, ( કુલ ૩ ).

* દેરી નં. ૪૩ માં મૂલનાયક શ્રી [ નેમિનાથ ]........ સહિત પરિકરવાળી મૂર્ત્તિઓ ૨ અને પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧, ( કુલ ૩ ).

* દેરી નં. ૪૪ માં મૂલનાયક શ્રી [ પાર્શ્વનાથ ] પાર્શ્વ-નાથ ભ૦ની અતિ સુંદર નકશીદાર પરિકર અને તોરણ + વાળી મૂર્ત્તિ ૧ અને સાદા પરિકરવાળી બીજી મૂર્ત્તિ ૧, ( કુલ ૨ ).

દેરી નં. ૪૫ માં મૂલનાયક શ્રી (નમિનાથ) (શાંતિનાથ) આદિનાથ ભ૦ની અત્યંત સુંદર નકશીદાર તોરણ અને પરિકર + વાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૪૬ માં મૂલનાયક શ્રી [ મુનિસુવ્રત ] ( અજિત-નાથ ) ધર્મનાથ ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની પ્રતિમા ૨, ( કુલ ૩ ).

દેરી નં. ૪૭ માં મૂલનાયક શ્રી [ મહાવીર ] (શાંતિનાથ) અનંતનાથ ભ૦ની અત્યંત સુંદર નકશીદાર તોરણ+ અને પંચ-તીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

* દેરી નં. ૪૮ માં મૂલનાયક શ્રી [ અજિતનાથ ] સુમતિનાથ ભ૦ સહિત પરિકરવાળી પ્રતિમા ૨ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૧, ( કુલ ૩ ).

* દેરી નં. ૪૯ માં મૂલનાયક શ્રી [ પાર્શ્વનાથ ] અજિત-નાથ ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે, તેની બાજુમાં પરિકર-વાળી એક મૂર્ત્તિ છે તેના પરિકરમાં સુંદર રીતે એક ચોવિશી ગોઠવેલી છે એટલે તે ચોવિશીનો પટ્ટ કહી શકાય, પરંતુ તે પટ્ટના મૂલનાયકજીની મૂર્ત્તિ મોટી અને જુદી છે.

દેરી નં. ૫૦ માં મૂલનાયક શ્રી [ વિમલનાથ ] મહાવીર-સ્વામીની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૫૧ માં મૂલનાયક શ્રી [ આદિનાથ ] ........ની ત્રણતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૧, ( કુલ ૨ ).

* દેરી નં. ૫૨ માં મૂલનાયક શ્રી [મહાવીર] મહાવીર-સ્વામીની પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૧, ( કુલ ૨ ).

* દેરી નં. ૫૩ માં મૂલનાયકશ્રી શીતલનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૨, (કુલ ૩).

* દેરી નં. ૫૪ માં મૂલનાયકશ્રી [ પાર્શ્વનાથ ] આદિ-નાથ ભ૦ ની અત્યંત સુંદર નકશીદાર તોરણના સ્તંભો (૭૫-

રનું તોરણ નથી ) અને ત્રણતીર્થીના પરિકરે કરીને સહિત મૂર્ત્તિ ૧ છે.

આખા મંદિરની અંદરની કુલ મૂર્ત્તિઓ વિગેરે—

૧૭ પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિઓ.
૧૧ ત્રિતીર્થીના ,, ,,
૬૦ સાદા ,, ,,
૩૬ પરિકર વિનાની ,,
૨ ધાતુની મોટી એકલ પ્રતિમા.
૨ કાઉસગ્ગીયા મોટા.
૧ ,, નાના, પરિકરમાંથી છુટા પડી ગએલા.
૧ ૧૭૦ જિનનો પટ્ટ.
૧ ત્રણ ચોવિશીનો પટ્ટ.
૭ એક ચોવિશીના પટ્ટ.
૧ જિન–માતૃ ચોવિશી પટ્ટ.
૧ ધાતુની ચોવિશી.
૨ ધાતુની પંચતીર્થી.
૨ ધાતુની બહુ નાની એકલ પ્રતિમા.
૧ આદીશ્વર ભ૦ ની પાદુકા જોડી ૧.
૧ પાષાણમાં કોતરેલો યંત્ર.

૬ ચોવિશીમાંથી છુટી પડી ગએલ નાની જિનમૂર્ત્તિઓ.

૩ આચાર્યની મૂર્ત્તિઓ ( ૧ મૂલગંભારામાં અને ૨ દેરી નં. ૨૦ માં ).

૩ શ્રાવક-શ્રાવિકાનાં યુગલ ( ૧ નવચોકીમાં અને ૨ દેરી નં. ૨૦ માં ).

૩ શ્રાવકોની મૂર્ત્તિઓ ( ૨ ગૂઢમંડપમાં અને ૧ દેરી નં. ૨૦ માં ).

તથા દેરી નં. ૧૦ માં એક પટ્ટમાં હાથી ઉપર તથા ઘોડા ઉપર બેઠેલ શ્રાવકની મૂર્ત્તિ ૨ કોતરેલી છે અને એક પથ્થરમાં નીના આદિ શ્રાવકોની મૂર્ત્તિઓ ૮ છે.

૪ શ્રાવિકાની મૂર્ત્તિ ( ૩ ગૂઢમંડપમાં અને ૧ દેરી નં. ૨૦ માં ).

તથા નવચોકીના ગોખલામાં એક પથ્થરમાં ત્રણ શ્રાવિકાઓની મૂર્ત્તિ કોતરેલી છે.

૩ યક્ષની મૂર્ત્તિ ( ૧ દેરી નં. ૧૪ માં અને ૨ દેરી નં. ૨૦ માં ).

૫ અંબિકાદેવીની મૂર્ત્તિઓ ( ૪ દેરી નં. ૨૧ માં અને ૧ ગૂઢમંડપમાં ).

૧ ભૈરવની ઉભી મૂર્ત્તિ ( દેરી નં. ૨૦ માં ).

૧ ઇંદ્રની મૂર્ત્તિ ( પરિકરમાંથી છુટી પડી ગએલ ).

૨ લક્ષ્મીદેવીની મૂર્ત્તિ ( ૧ દેરી નં. ૨૦ માં અને ૧ હસ્તિશાળામાં ).

હાથી ૧૦ અને ઘોડો ૧ ( હસ્તિશાળામાં ).

ઘોડા ઉપર બેઠેલ વિમલશાહ શેઠની મૂર્ત્તિ ૧ અને તેમના ઉપર છત્ર ધરીને ઉભેલ મૂર્ત્તિ ૧ ( હસ્તિશાળામાં ).

હાથી ઉપર બેઠેલ શ્રાવકોની મૂર્ત્તિ ૩ અને મહાવતોની મૂર્ત્તિ ૫ ( હસ્તિશાળામાં ).

**ભાવોની રચના—**

(૧) **વિમલવસહીના** ગૂઢમંડપમાં **પ્રવેશ** કરવાના મુખ્ય દરવાજાની બહાર, દરવાજો અને ડાબા હાથ તરફના ગોખલાની વચ્ચે દીવાલની કોતરણીમાં સૌથી ઉપરના ખંડમાં એક શ્રાવક ભગવાન્ તરફ બેસીને ચૈત્યવંદના કરી રહેલ છે, પાસે એક શ્રાવિકા હાથ જોડીને ઉભી છે, તેની પાસે એક બીજી શ્રાવિકા ઉભી છે. તેની નીચેના ખંડમાં બે શ્રાવકો છે, તેઓના હાથમાં પુષ્પમાળાઓ છે. તેની નીચેના ખંડમાં આચાર્ય મહારાજ આસન ઉપર બેસીને ઉપદેશ આપી રહ્યા છે, પાસે ઠવણી રાખેલી છે, તેની નીચેના ચાર ખંડોમાં અનુક્રમે ત્રણ સાધુઓ, ત્રણ સાદ્વીઓ, ત્રણ શ્રાવક અને ત્રણ શ્રાવિકાઓ ઉભાં છે.

(૨) એજ ઠેકાણે મુખ્ય દરવાજો અને જમણા હાથ તરફના ગોખલાની વચ્ચેની ભીંતમાં સૌથી ઉપરના ખંડમાં એક શ્રાવકા હાથ જોડીને ઉભી છે, તેની પાસે એક શ્રાવક ઉભેલ છે. બીજા ખંડમાં બે શ્રાવકો પુષ્પમાળાઓ લઈને અને એક શ્રાવક હાથ જોડીને ઉભેલો છે. તેની નીચેના ખંડમાં ગુરૂ મહારાજ બે શિષ્યોને ક્રિયા કરાવતાં માથે વાસક્ષેપ નાંખે છે, શિષ્યો નમ્ર થઇને–માથું નીચું નમાવીને વાસક્ષેપ નંખાવે છે. તેની નીચેના ચારે ખંડોમાં ઉપર પ્રમાણે જ ત્રણ સાધુ, ત્રણ સાધ્વી, ત્રણ શ્રાવક અને ત્રણ શ્રાવિકાઓ ઉભાં છે.

(૩) નવચોકીના પહેલા ખંડના વચલા ( મુખ્ય દરવાજાની પાસેના ) ગુમ્મજની છતની નીચેની ગોળ લાઇનમાં એક તરફ ભગવાન્ કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા છે, આસપાસ શ્રાવકો કુંભ, પુષ્પમાળ વિગેરે પૂજાની સામગ્રી લઇને ઉભા છે. બીજી તરફ આચાર્ય મહારાજ આસન ઉપર બેઠેલ છે, એક શિષ્ય સાષ્ટાંગ નમસ્કાર કરી રહ્યો છે, બીજા શ્રાવકો હાથ જોડીને ઉભા છે, બાકીના ભાગમાં ગીત-નૃત્ય-વાદિત્રનાં પાત્રો કોતરેલ છે.

(૪) નવચોકીમાં આપણા જમણા હાથ તરફના ત્રીજા ગુમ્મજની છતના એક તરફના ખુણામાં અભિષેક સહિત લક્ષ્મીદેવીની મૂર્તિ કોતરેલી છે, અને એજ ગુમ્મજના બીજા ખુણામાં બે હાથીના યુદ્ધનો દેખાવ કોતરેલો છે.

(૫) નવચોકી પછીના નીચેના મોટા રંગમંડપમાં વચલા

મોટા ગોળ ગુમ્મજમાં દરેક સ્તંભને માથે જુદાં જુદાં આયુધ અને જુદાં જુદાં વાહનોવાળી ૧૬ વિદ્યાદેવીઓની* બહુ સુંદર ઉભી મૂર્ત્તિઓ છે.।

એજ રંગમંડપમાં ડાબી બાજુના વચલા ગુમ્મજની કોતરણીમાં લક્ષ્મીદેવીની પદ્માસનવાળી મૂર્ત્તિ આબેહુબ કોતરેલી છે. અને જમણી બાજુના વચલા ગુમ્મજની કોતરણીમાં સરસ્વતી દેવીની પણ એવીજ સુંદર મૂર્ત્તિ કોતરેલી છે. તથા તે રંગમંડપના ચારે ખુણામાં ચાર દેવ-દેવીઓની સુંદર મૂર્તિઓ કોતરેલી છે તેમાં એક અંબિકા દેવીની મૂર્તિ હોય એમ લાગે છે.

(૬) મંદિરમાં પેસવાનો મુખ્ય દરવાજો અને રંગમંડપ, તે બેની વચ્ચેના નીચેના વચલા ગુમ્મજના મોટા ખંડમાં માથે ભરત-બાહુબલિના યુદ્ધનો ભાવ છે,† તેમાં પ્રારંભમાં એક

* સોળ વિદ્યાદેવીઓનાં નામો—૧ રોહિણી, ૨ પ્રજ્ઞપ્તિ, ૩ વજ્રશૃંખલા, ૪ વજ્રાંકુશી, ૫ અપ્રતિચક્રા ( ચક્રેશ્વરી ), ૬ પુરૂષ-દત્તા, ૭ કાલી, ૮ મહાકાલી, ૯ ગૌરી, ૧૦ ગાંધારી, ૧૧ સર્વાસ્ત્રા મહાજ્વાલા, ૧૨ માનવી, ૧૩ વૈરોટ્યા, ૧૪ અછુપ્તા, ૧૫ માનસી અને ૧૬ મહામાનસી.

† પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાનને ભરત-બાહુબલિ વિગેરે એક સો પુત્રો અને બ્રાહ્મી તથા સુંદરી એ બે પુત્રીઓ હતી, ભગવાને દીક્ષા લેતી વખતે ભરતને અયોધ્યાનું, બાહુબલિને તક્ષ-

શિલાનું અને બીજા પુત્રોને જુદા જુદા દેશોનું રાજ્ય આપ્યું હતું. ભગવાને દીક્ષા લીધા બાદ ભગવાનના નાના ૯૮ પુત્રો અને બ્રાહ્મી તથા સુંદરીએ દીક્ષા લીધી હતી. પછી કોઇ ખાસ કારણસર ભરત અને બાહુબલિને આપસમાં મહાયુદ્ધ થયું, લોકોનો સંહાર ન થાય એટલા માટે દેવોના સમજાવવાથી તેમણે બન્નેએ સૈન્યોની લડાઇ બંધ કરી પોતે બન્નેએ આપસમાં ૭ પ્રકારનાં દ્વંદ્વયુદ્ધ કર્યાં. ભરત, ચક્રવર્તિ હોવા છતાં, બાહુબલિનું શરીરબલ વિશેષ હોવાથી બધા યુદ્ધોમાં તેઓ જીત્યા, છતાં ભરત ચક્રવર્ત્તિએ વિશેષ યુદ્ધ કરવાની ઇચ્છાથી બાહુબલિ ઉપર ફરી વાર એક મુષ્ટિનો પ્રહાર કર્યો, તેથી બાહુ-બલિએ પણ ભરતને મારવા એક મુઠ્ઠી ઉપાડી, પરંતુ આ હું શું કરી રહ્યો છું ? મોટાભાઇને મારવા તૈયાર થયો છું ? એમ વૈરાગ્ય આવવાથી એજ વખતે તેમણે દીક્ષા લઇ લીધી-એજ ઉપાડેલી મુઠ્ઠીથી પોતાના માથાના વાળનું લુંચન કરી નાંખ્યું. ભરતરાજા તેમને નમસ્કાર કરી, ઘણી સ્તુતિ કરી, તેમના મોટા પુત્રને ગાદી ઉપર બેસાડીને પોતે અયોધ્યા પાછા આવ્યા. હવે બાહુબલિને વિચાર થયો કે નાના ૯૮ ભાઇઓએ પહેલાં દીક્ષા લીધી છે તેમને વાંદવા પડશે માટે કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને પછી ભગવાન્ પાસે જઉં જેથી નાનાભાઇઓને વાંદવા ન પડે. એવા વિચારથી બાહુબલિ મુનિએ એજ ઠેકાણે એક વર્ષ સુધી કાયોત્સર્ગ કરી હમેશાં ઉપ-વાસ કરવા સાથ અનેક કષ્ટો સહન કર્યાં છતાં કેવલજ્ઞાન ન થયું. પછી તેમની બહેનો સાધ્વી બ્રાહ્મી અને સુંદરી આવીને સમજા-વવા લાગી કે—હે ભાઇ ! માન રૂપી હાથી ઉપર ચડવાથી કેવલ-જ્ઞાન ન થાય. બાહુબલિ તુરતજ સમજી ગયા અને નાનાભાઇઓને

બન્નેની વચ્ચે વેલડીનો દેખાવ કરીને બન્ને નગરીઓને જુદી દેખાડી છે. તેમાં નીચે પ્રમાણે નામો વિગેરે લખ્યું છે. **પહેલાં** અયોધ્યા તરફ—**श्रीभरथेश्वरमत्का विनीताभिधाना राजधानी** ( શ્રી ભરત ચક્રવર્તિની અયોધ્યા નામની રાજ્યધાની ) । **भग्नी ब्रांभी** ( બહેન બ્રાહ્મી ) । **माता सुमंगला** ( માતા સુમંગલા ) । પાલખીમાં બેઠેલ **સ્ત્રીઓ** ઉપર **समस्त अंतःपुर** ( બધું અંતેઉર ) । **પાલખીમાં બેઠેલ સ્ત્રી ઉપર सुंदरि स्त्रीरत्न** ( **સ્ત્રીરત્ન સુંદરી** ) । દરવાજા ઉપર **प्रतोली** ( દરવાજો ) ।

---

વાંદવા માટે માન મુકીને પગ ઉપાડ્યો કે તુરતજ તેમને કેવલજ્ઞાન થયું (સર્વજ્ઞપણું પ્રાપ્ત થયું). પછી તેઓ ભગવાનના સમવસરણમાં જઇ કેવલીની પર્ષદામાં બેઠા. પછી ભગવાનની સાથે ઘણા કાળ સુધી વિચરી આયુષ્ય પૂર્ણ થવાથી ભગવાનની સાથે જ મોક્ષે ગયા.

ઘણાં વર્ષો સુધી ચક્રવર્ત્તિનું રાજ્ય ભોગવ્યા પછી એક દિવસ ભરતરાજા તમામ વસ્ત્રાભૂષણો પહેરીને આરીસાભુવનમાં ગયા, ત્યાં પોતાનું રૂપ જોતાં હાથની આંગળીમાંથી વીંટી પડી જવાથી આંગળી નિસ્તેજ લાગી, અનુક્રમે બધાં આભૂષણો ઉતારી નાંખ્યાં તો શરીરની શોભા ઘટી ગઇ જણાઇ. તેજ વખતે આ બધી બહારની શોભા છે એમ વૈરાગ્યરંગમાં તલ્લાલીન થવાથી એકદમ કેવલજ્ઞાન થયું. શાસનદેવીએ આવીને સાધુનો વેષ આપ્યો. તે વેષને લઇને ભરત રાજર્ષિ અનેક વર્ષો સુધી વિચરી અનેક પ્રાણીઓને પ્રતિબોધ પમાડીને અન્તમાં આયુષ્યપૂર્ણ થવાથી મોક્ષે ગયા. તેમના બીજા ૯૮ ભાઇઓ અને બન્ને બેનો પણ મોક્ષે ગઇ.

પછી અયોધ્યામાંથી લડાઇ માટે લશ્કર નિકળે છે તેમાં **पाटहस्ति विजयगिरि** ( પટ્ટહસ્તિ વિજયગિરિ ) ઉપર લડાઇના વેશમાં સજ્જ થઇને બેઠેલ **महामात्य मतिसागर** ( મહામંત્રી મતિસાગર ) । લડાઇના વેશમાં સજ્જ થઇને હાથી ઉપર બેઠેલ **सेनापति सुसेन** ( સુષેણ સેનાપતિ ) । લડાઇના વેશમાં સજ્જ થઇને રથમાં બેઠેલ **श्रीभरथेश्वरस्य** ( શ્રી ભરત ચક્રવર્તિ ) । ત્યાર પછી હાથી, ઘોડા અને લશ્કરની લાઈનો છે.

તક્ષશિલાનગરી તરફ—**बाहुबलिसत्का तक्षशिलाभिधाना राजधानी** (બાહુબલિની તક્ષશિલા નામની રાજ્યધાની)। **पुत्री जसोमती** ( પુત્રી યશોમતિ ) । પછી તક્ષશિલાનગરીમાંથી લડાઇ માટે લશ્કર બહાર નીકળે છે. તેમાં **सिंहरथ सेनापति** ( સિંહરથ સેનાપતિ ) । લડાઇના વેષમાં સજ્જ થઇને હાથી ઉપર બેઠેલ **कुमर सोमजस** ( કુમાર સોમયશાઃ) । લડાઇના વેષમાં તૈયાર થઇને હાથી ઉપર બેઠેલ **मंत्री बहुलमती** (મંત્રી બહુલમતિ) । પાલખીમાં બેઠેલ સ્ત્રીઓ ઉપર **अन्तःपुर** ( અન્તેઉર ) પાલખીમાં બેઠેલ સ્ત્રી ઉપર **सुभद्रा स्त्रीरत्न** ( સ્ત્રીરત્ન સુભદ્રા ) । ત્યાર પછી હાથી, ઘોડા વિગેરે લશ્કરની લાઈનો છે. લડાઈના વેશમાં રથમાં બેઠેલ છે તેના ઉપર નામ લખેલું છે પણ વંચાતું નથી, પણ તે બાહુબલિ પોતે હશે એમ લાગે છે. ત્યાર પછી બે લાઇનોમાં **ભરત–બાહુબલિનું** છ પ્રકારનું દ્વંદ્વયુદ્ધ કોતરેલું છે. તેમાં નીચે પ્રમાણે લખેલું છે.

भरथेश्वर बाहुबलि दृष्टियुद्ध। भरथेश्वर बाहुबलि वाकयुद्ध। भरथेश्वर बाहुबलि बाहुयुद्ध। भरथेश्वर बाहुबलि मुष्टियुद्ध। भरथेश्वर बाहुबलि दंडयुद्ध। भरथेश्वर बाहुबलि चक्रयुद्ध।

પછી લડાઇક્ષેત્રમાં એક મરેલા માણસ ઉપર अनिलवेगः। લડાઇના વેશમાં ઘોડા ઉપર सेनापति सीहरथ। લડાઇના વેશમાં રથ ઉપર रथारूढो भरथेश्वरस्य विद्याधर अनिलवेग। વિમાનમાં બેઠેલ ઉપર अनिलवेगः। હાથી ઉપર पाटहस्ति विजयगिरि ॥ તેના ઉપર બેઠેલ મનુષ્ય ઉપર आदित्यजशः ॥ ઘોડા ઉપર બેઠેલ માણસ ઉપર सुवेग दूतः ॥

પછી કાઉસગ્ગમાં સ્થિત રહેલ અને વેલડીથી વિંટાએલ બાહુબલિની મૂર્ત્તિ ઉપર काउसग्गे स्थितश्च बाहुबलि ॥ બ્રાહ્મી–સુંદરીના સમજાવવાથી માનનો ત્યાગ કરી ન્હાના ભાઇઓને વાંદવા જવા માટે પગ ઉપાડતાં બાહુબલિને કેવલજ્ઞાન થાય છે તે વખતની મૂર્ત્તિ ઉપર संजातकेवलज्ञाने बाहुबलि ॥ તેમની પાસેજ બ્રાહ્મી–સુંદરીની મૂર્ત્તિ છે તેના ઉપર व्रतिनी बांभी तथा सुंदरी ॥

એક તરફના ખુણામાં ત્રણ ગઢ અને ચૌમુખજી સહિત ભગવાન્ ઋષભદેવના સમવસરણની રચના છે. તેની પર્ષદામાં જાનવરોની મૂર્ત્તિઓ ઉપર मंजार्ग मूषक (બીલાડી અને ઉંદર) सर्प नकुल ( સર્પ અને નોળીઓ ) सवच्छगावि सिंह ( વાછરડા શિખે ગાય અને સિંહ ) શ્રાવિકાની પર્ષદા ઉપર सुनंदा ॥ सुमंगला ॥ समस्तश्राव(वि)कानी परिखधाः ॥ પુરૂષોની પર્ષદા ઉપર इयं हि समस्तश्रावकानां परिखधाः॥

ઉભાં ઉભાં નમ્ર થઇને વિનતિ કરી રહેલ બ્રાહ્મી–સુંદરી ઉપર विज्ञप्तौ क्रीयमाणा बांभी सुंदरी ॥......હાથ જોડીને પ્રદક્ષિણા કરતા ભરત રાજાની મૂર્ત્તિ ઉપર प्रदक्षणादीयमानभरथेश्वरस्य ॥

એક તરફ ભરત ચક્રવર્ત્તિને કેવલજ્ઞાન થવા સંબંધીનો ભાવ છે. તેમાં હાથની વીંટી વિનાની આંગળીને જોતી ભરત રાજાની મૂર્ત્તિ ઉપર अंगुलिकस्थाननिरीक्षमाणा भरथेश्वरस्य संजातकेवलज्ञानं ॥ अयं भरथेश्वरः ॥ ભરત ચક્રવર્ત્તિને રજોહરણ (જૈન સાધુઓનું ઉપકરણ) આપતી દેવીની મૂર્ત્તિ ઉપર भरथेश्वरस्य संजातकेवलज्ञाने रजोहरणसमर्पणे सानिध्यदेवता समायाता ॥ ......रजोहरण......सानिध्यदेवता ॥

(૭) ઉપરના ભરત–બાહુબલિના ભાવની પાસેના (મંદિરમાં જતાં આપણા ડાબા હાથ તરફના) ગુમ્મજની નીચેની ચાર લાઇનોમાંથી પૂર્વ દિશા તરફની લાઇનની વચ્ચે ભગવાન્‌ની મૂર્ત્તિ અને બન્ને ખુણામાં સિંહાસન ઉપર બેઠેલ આચાર્યોની મૂર્ત્તિ કોતરેલી છે, અને તેમની આસપાસ શ્રાવકો પૂજાની સામગ્રી હાથમાં લઇને ઉભા છે. ઉત્તર તરફની લાઇનની વચ્ચે પણ ભગવાન્‌ની મૂર્ત્તિ છે, દક્ષિણની લાઇનમાં ત્રણ જગ્યાએ સિંહાસન ઊપર રાજા અથવા કોઈ મોટો માણસ બેઠેલ છે અને તેમની આસપાસ સૈનિકો વિગેરે છે. તથા પશ્ચિમ તરફની લાઇનમાં મલ્લયુદ્ધ વિગેરે છે.

(૮) ભરત–બાહુબલિના ભાવવાળા ગુમ્મજથી જમણા હાથ તરફના ગુમ્મજમાં નીચેની ચારે લાઇનોમાં રાજા, સૈનિકો વિગેરે સવારી છે, પણ ઉત્તર તરફની લાઇનના એક ખુણામાં આચાર્ય મહારાજ સિંહાસન ઊપર બેઠેલ છે, પાસે ઠવણી છે અને પાસે શ્રાવકો ઉભા છે.

(૯) આ ( વિમલવસહી ) મંદિરના મુખ્ય દરવાજામાં પેસતાંજ દરવાજા પાસેના પહેલા ગુમ્મજના ઝુમ્મર પાસેની પહેલીજ લાઇનમાં પણ આચાર્ય મહારાજ સિંહાસન ઉપર બેઠેલ છે પાસે ઠવણી છે અને પાસે શ્રાવકોની પર્ષદા બેઠેલ છે.

(૧૦) તેની પાસેના બીજા ગુમ્મજમાં ડાબા હાથ તરફ હાથીની લાઇનની ઉપરની લાઇનમાં **આર્દ્રકુમાર–હસ્તિ પ્રતિબોધનો** ભાવ ‡ છે. એક હાથી સુંઢને વાળીને સાધુને નમસ્કાર કરી રહ્યો

‡ આર્દ્રકુમારે પૂર્વભવમાં પોતાની સ્ત્રીની સાથે દીક્ષા લીધી હતી, દીક્ષા લીધા બાદ કોઇ વખતે પૂર્વ કર્મના ઉદયથી પોતાની સ્ત્રી સાધવીને જોવાથી પાછો તેને અનુરાગ ઉત્પન્ન થયો, મનથી ચારિત્રની વિરાધના કરી, તેનું પ્રાયશ્ચિત્ત લીધા વિનાજ ત્યાંથી મરીને તે દેવલોકમાં જઇ ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને આર્દ્રક નામના અનાર્ય દેશમાં આર્દ્રકરાજાનો આર્દ્રકુમાર નામનો પુત્ર થયો. કોઇ વખતે મગધદેશના શ્રેણિકરાજાના પુત્ર અભયકુમાર મંત્રીની સાથે તેને પત્ર-વ્યવહારથી મિત્રાચારી થવાથી અભયકુમારે તેને તીર્થંકર ભગવાનની મૂર્તિ મોકલી, તે મૂર્તિને જોવાથી આર્દ્રકુમારને જાતિસ્મરણ જ્ઞાન (પૂર્વના ભવો યાદ આવે એવું જ્ઞાન) થયું. પોતાનો પૂર્વ ભવ જાણતાં વૈરાગ્ય થવાથી પોતાનો અનાર્ય દેશ છોડી આર્ય દેશમાં આવી

છે, સાધુ તેને ઉપદેશ આપી રહ્યા છે, તેમની પાછળ બીજા બે

પોતાની મેળે તેણે દીક્ષા લીધી. ભગવાન્ મહાવીર સ્વામીને વંદના કરવા માટે મગધદેશ તરફ જતાં રસ્તામાં પાંચસો ચોરો મલ્યા, તેઓને પ્રતિબોધ પમાડી દીક્ષા આપી. ત્યાંથી આગળ ચાલતાં એક મોટા જંગલમાં તાપસનું આશ્રમ આવ્યું. આગળના સમયમાં કોઇ તાપસોનો એવો મત હતો કે–અનાજ, ફળ, શાકભાજી ખાવાથી ઘણા-જીવોની હિંસા કરવી પડે છે માટે તે કરતાં હાથી જેવા મોટા એકજ પ્રાણીને મારીને ખાવાથી ઘણા દિવસ સુધી તેનું ભોજન ચાલે અને અસંખ્ય પ્રાણીઓની હિંસાથી બચી શકાય. આ જ હેતુથી તેઓએ એક હાથીને જંગલમાંથી પકડી લાવીને મારવા માટે પોતાના આશ્રમ પાસે બાંધી રાખ્યો હતો ( આ કારણથી જ તે આશ્રમનું " હસ્તિતાપસાશ્રમ " નામ પડ્યું હતું ). તે રસ્તેથી પસાર થતાં આર્દ્રકુમારાદિ મુનિઓને જોઇને, તેમને નમસ્કાર કરવાની તે હાથીની ઇચ્છા થઇ એટલે તે મહર્ષિના માહાત્મ્યથી તે હાથીના બંધનો તૂટી ગયાં, એટલે હાથી એકદમ દોડીને મુનિરાજને નમસ્કાર કરવા જવા લાગ્યો. બધા લોકો ભય પામીને દૂર નાસી ગયા અને આર્દ્રકુમાર મુનિને હાથી હમણાં મારી નાંખશે એમ વિચારવા લાગ્યા. પરંતુ આર્દ્રકુમારમુનિ જરા પણ ભયભીત ન થયા, અને એજ ઠેકાણે તેઓ કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર ઉભા રહ્યા. હાથી ધીરેથી તેમની પાસે આવ્યો અને આગલા બન્ને પગ તથા સુંઢ વાંકી કરી પોતાનું કુંભસ્થળ નમાવીને નમસ્કાર કરવા લાગ્યો અને પોતાની સુંઢ વડે કરીને મુનિરાજના ચરણોનો સ્પર્શ કરવા લાગ્યો. મુનિરાજે ધ્યાન પૂર્ણ કરી આને ઉત્તમ જીવ જાણી ખૂબ ધર્મોપદેશ આપ્યો. ધર્મોપદેશ સાંભળી તે અત્યંત શાંત બની મુનિ-રાજને નમસ્કાર કરી જંગલમાં ચાલ્યો ગયો. પછી આર્દ્રકુમાર

સાધુઓ છે, અને ખુણામાં શ્રીમહાવીરસ્વામી ભગવાન્ કાયોત્સર્ગ ધ્યાનમાં ઉભા છે. હાથીની બાજુમાં એક માણસ સિંહની સાથે મલ્લકુસ્તી કરે છે.

(૧૧) દેરી નંબર—૨, ૩, ૧૧, ૨૪, ૨૬, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૫૨, ૫૩ અને ૫૪ ના દરવાજાની બહાર બન્ને બાજુએ કોતરણીમાં શ્રાવક—શ્રાવિકાઓ પૂજાની સામગ્રી હાથમાં લઈને ઉભાં છે. તેમાં ૪૪ મી દેરીના દરવાજા બહાર જમણા હાથ તરફની ઉપલી લાઈનમાં વચ્ચે એક સાધુ ઉભા છે. બાવન મી દેરીના દરવાજાની બહાર ડાબા હાથ તરફનું પહેલું ત્રિક ( ત્રણ જણ ) ડાબો ઢીંચણ ઉભો રાખીને બેઠા બેઠા ચૈત્યવંદન કરી રહેલ છે. અને જમણા હાથ તરફનું પહેલું ત્રિક ઢીંચણભર થઈને વાજીત્રો વગાડી રહેલ છે. ૫૩ મી દેરીના દરવાજા બહાર પણ બન્ને તરફનું પહેલું પહેલું યુગ્મ ( બે જણ ) એક ઢીંચણ ઉભો રાખીને બેઠેલ છે. અને ૫૪ મી દેરીના દરવાજા બહાર ડાબા હાથ તરફનું પહેલું ત્રિક (ત્રણ જણ)...........નું, બીજું ત્રિક સાધુઓનું, ત્રીજું ત્રિક સાધુઓનું, ચોથું ત્રિક

---

મુનિએ બધા તાપસોને ઉપદેશ આપી પ્રતિબોધ પમાડીને દીક્ષા આપી. ત્યાંથી બધા સાધુઓને સાથે લઇ આગળ જતાં ઉપરની વાતની ખબર પડતાં મગધદેશના શ્રેણિક રાજા અને અભયકુમાર મંત્રી બહુ ખુશી થવાથી તેઓ આર્દ્રકુમાર મુનિને વંદના કરવા માટે આવ્યા. પછી આર્દ્રકુમારમુનિ શ્રીમહાવીર સ્વામિ ભગવાનની સેવામાં પહોંચ્યા. ત્યાં જીંદગીપર્યંત ચારિત્ર પાળી કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને અન્તમાં મોક્ષે ગયા

શ્રાવકોનું અને પાંચમું ત્રિક શ્રાવિકાઓનું છે. એવીજ રીતે જમણા હાથ તરફ પણ પાંચે ત્રિકો છે. †

(૧૨) દેરી નંબર ૭ ના બીજા ગુમ્મજની કોરણીમાં એક ખુણામાં બે સાધુઓ ઉભા છે, તેમને એક શ્રાવક પંચાંગ નમસ્કાર ‡ કરે છે અને ત્રણ શ્રાવકો હાથ જોડીને ઉભા છે. બીજી તરફ એક કાઉસગ્ગીયા છે. ત્રીજી તરફ સિંહાસન ઉપર આચાર્ય મહારાજ બેઠેલ છે, એક શિષ્ય તેમના પગ દબાવે છે, એક નમસ્કાર કરે છે અને બીજા સાધુઓ તથા શ્રાવકો ઉભા છે.

† અત્યારે આપણે જેવી રીતે ડાબો ઢીંચણ ઉભો રાખીને બેઠા બેઠા ચૈત્યવંદન કરીએ છીએ એવીજ રીતે આની કોરણીમાં ચૈત્યવંદન કરનારાઓ બેઠા છે. અને વાજીત્રો વગાડનારાઓ, અત્યારે જેમ કેટલાક ક્રિશ્ચિયનો ઢીંચણ ભર ઉભા રહીને પ્રાર્થના કરે છે તેવી જ રીતે ઢીંચણ ભર ઉભા રહીને વાજીત્રો વગાડી રહ્યા છે.

૫૪ મી દેરીની બહાર સૌથી ઉપરનાં બન્ને તરફનાં ત્રિકોમાં શું છે તે બરાબર સમજાયું નથી. કદાચ જિનકલ્પી સાધુઓ હોય. બન્ને તરફનાં મળીને ચાર ત્રિકોમાં સ્થવિરકલ્પી જૈન સાધુઓ છે. તેઓએ પીંડી સુધી નીચા, જમણો હાથ ઉઘાડો રાખીને અત્યારની રીતિ પ્રમાણેજ કપડા પહેર્યા છે. બગલમાં રજોહરણ, એક હાથમાં મુહપતિ અને એક હાથમાં ડાંડા છે.

‡ બે હાથ, બે ઢીંચણ અને મસ્તક એ પાંચ અંગ જમીનને અડાડીને નમસ્કાર કરવો તેનું નામ પંચાંગ નમસ્કાર, અને દંડની માફક લાંબા ઉંધા સૂઇ જઇને નમસ્કાર કરવો તે અષ્ટાંગ અથવા સાષ્ટાંગ નમસ્કાર ( દંડવત્ ) કહેવાય છે. અભ્ભુઠ્ઠિઓ ખામવો એટલે સુગુરૂને સુખશાતા પૂછવા સાથે વંદના કરવી તે.

(૧૩) દેરી નં. ૮ ના પહેલા ગુમ્મજના ભાવમાં વચમાં સમવસરણ અને ચૌમુખજીની રચના છે, બીજા અને ત્રીજા વલયમાં અકકેક માણસ સિંહાસન ઊપર બેઠેલ છે, બાકી બીજાં માણસો, હાથી, ઘોડા વિગેરે છે. એક તરફની સીધી લાઇનમાં ભગવાનની એક બેઠી મૂર્ત્તિ તથા એક કાઉસગ્ગીયા કોતરેલ છે. અને બીજી તરફની સીધી લાઇનમાં બે સાધુ છે, અને એક આચાર્ય મહારાજ આસન ઉપર બેસીને ઉપદેશ આપી રહ્યા છે, તેમની પાસે ઠવણી છે અને શ્રોતાઓ ઉપદેશ સાંભળી રહ્યા છે.

(૧૪) દેરી નં. ૮ મીના બીજા ગુમ્મજની નીચેની એક બાજુની લાઇનમાં વચ્ચે ત્રણ સાધુઓ ઉભા છે, તેમને એક શ્રાવક નીચે હાથ મુકીને અબ્ભુટ્ઠિઓ ખામી રહ્યો છે ( વંદના કરી રહ્યો છે ), બીજા શ્રાવકો હાથ જોડીને ઉભા છે. પશ્ચિમ તરફની લાઇનમાં સાધુને એક જણ જમીન ઉપર હાથ મુકીને ( લાકડા જેમ સિધો હાથ રાખીને ) અબ્ભુટ્ઠિઓ ખામી રહ્યો છે. પૂર્વ તરફની લાઇનમાં બે મુનિરાજો ઉભા છે, તેમને એક સાધુ પંચાંગ નમસ્કારથી જમીન સાથે મસ્તક અડાડીને અબ્ભુટ્ઠિઓ ખમાવે છે, બીજા શ્રાવકો હાથ જોડીને ઉભા છે. તેની પાસે એક હાથી મનુષ્યોની પાછળ પડયો છે તેથી મનુષ્યો ભાગી રહ્યા છે.

(૧૫) દેરી નં. ૯ મી (મૂ. ના. શ્રીનેમિનાથજી) ના પહેલા ગુમ્મજમાં **પાંચ કલ્યાણક** વિગેરેનો ભાવ (રચના) છે† તેમાં

† શ્રીતીર્થંકર ભગવાનનાં પાંચ કલ્યાણક ( તમામ પ્રાણીઓને

વચ્ચે ત્રણ ગઢવાળું સમવસરણ અને તેમાં ભગવાનની એક મૂર્ત્તિ છે, બીજા વલયમાં ( ચ્યવનકલ્યાણકમાં ) ભગવાનની

---

સુખ પ્રાપ્ત કરાવનારી ક્ષણ અથવા માંગલિક પ્રસંગો ) માનવામાં આવે છે. ૧ ચ્યવન કલ્યાણક ( ગર્ભમાં આવવું ), ૨ જન્મ કલ્યાણક, ૩ દીક્ષા કલ્યાણક, ૪ કેવલજ્ઞાન કલ્યાણક ( સર્વજ્ઞ થવું ), અને ૫ નિર્વાણ (મોક્ષગમન) કલ્યાણક. તેમાં પહેલા ચ્યવન ( ગર્ભમાં આવવું તે) કલ્યાણકના ભાવમાં–માતા શય્યામાં સુતાં સુતાં, ૧ હાથી, ૨ વૃષભ, ૩ કેસરીસિંહ, ૪ લક્ષ્મીદેવી, ૫ પુષ્પમાલા, ૬ ચંદ્ર, ૭ સૂર્ય, ૮ મહાધ્વજ, ૯ પૂર્ણ કલશ, ૧૦ પદ્મ સરોવર, ૧૧ રત્નાકર ( સમુદ્ર ), ૧૨ દેવ વિમાન, ૧૩ રત્નનો ઢગલો અને ૧૪ નિર્ધૂમ અગ્નિ, આ ચૌદ સ્વપ્નો દેખવાની રચના હોય છે. બીજા જન્મ કલ્યાણકમાં-ઇંદ્રમહારાજ, ભગવાનનો જન્મ થયો હોય એજ દિવસે ભગવાનને પોતાના ખોળામાં લઇને જન્મ સ્નાત્ર ( સ્નાન ) અભિષેક મહોત્સવ કરે છે તેની, અથવા ૫૬ દિગ્કુમારીઓ બાલક સહિત માતાનું સ્નાન–મર્દનાદિ સૂતિકર્મ કરે છે તેની રચના હોય છે. ત્રીજા દીક્ષા કલ્યાણકમાં–દીક્ષાનો વરઘોડો અને ભગવાન્ પોતાના હાથે કેશ લુંચન કરે છે એ વિગેરે રચના હોય છે. ચોથા કેવલજ્ઞાન કલ્યાણકમાં–ભગવાન્ કેવલજ્ઞાન ( સર્વજ્ઞપણું ) પ્રાપ્ત થવાથી સમવસરણ ( દિવ્ય વ્યાખ્યાનશાળા )માં બેસીને ઉપદેશ આપે છે તેની રચના હોય છે. પાંચમા નિર્વાણ ( મોક્ષ ) કલ્યાણકમાં–તમામ કર્મનો ક્ષય થવાથી શરીર છોડીને મોક્ષ જવાના ભાવમાં ભગવાન્ કાયોત્સર્ગ ( કાઉસગ્ગ ) ધ્યાનમાં ઉભા કે બેઠા હોય તેવી રચના હોય છે. ઉપર પ્રમાણે અથવા તેમાં કાંઇક ઓછી વધુ રચના હોય તે પંચ કલ્યાણકનો ભાવ કહેવાય છે.

માતાજી શય્યામાં સુતેલાં છે, અને ૧૪ સ્વપ્નો દેખે છે. ( જન્મકલ્યાણકમાં ) ઇંદ્રિ મહારાજ ભગવાન્‌ને ખોળામાં લઇને જન્માભિષેક-જન્મસ્નાત્ર મહોત્સવ કરાવે છે. ( દીક્ષાકલ્યાણકમાં ) ભગવાન્ ઉભા ઉભા લોચ કરી રહ્યા છે. ( કેવલજ્ઞાનકલ્યાણકમાં ) વચ્ચે સમવસરણ છે, જેમાં બેસીને ભગવાન્ ઉપદેશ આપી રહ્યા છે. (નિર્વાણ કલ્યાણકમાં) બીજા વલયમાં ભગવાન્ કાઉસગ્ગ ધ્યાને ઉભા છે-મોક્ષે ગયા છે. ત્રીજા વલયમાં રાજા, હાથી, ઘોડા,રથ અને માણસો વિગેરે છે.

(૧૬) દેરી નં. ૧૦મી (મૂ. ના. શ્રીનેમિનાથજી) ના પહેલા ગુમ્મજમાં **શ્રીનેમિનાથચરિત્રનો** ભાવ છે. † તેમાં-પહેલા

† યમુના નદીને કાંઠે આવેલા **શૌરી**પુર નગરમાં પહેલાં યાદવકુલમાં **અંધકવૃષ્ણિ** નામનો રાજા થઈ ગયો, તેને દશ પુત્રો હતા, તે દશ દશાર્હ કહેવાતા હતા. તેમાં સૌથી મોટા **સમુદ્રવિજય** અને સૌથી નાના **વસુદેવ** હતા. કાળક્રમે **સમુદ્રવિજય શૌરીપુરના** રાજા થયા. તેમને સોળપુત્રની અંદર એક **અરિષ્ટનેમિકુમાર** નામના પણ પુત્ર હતા ( જેઓ પછીથી **નેમિનાથ** નામના બાવીશમા તીર્થંકર થયા ) અને **વસુદેવને** રામ તથા **કૃષ્ણ** વિગેરે પુત્રો હતા જેઓ બન્ને **બલદેવ** અને **વાસુદેવ** થયા. ઉમ્મરમાં **નેમિકુમાર** કરતાં **શ્રીકૃષ્ણ** લગભગ બાર વર્ષ મોટા હતા. **શ્રી**કૃષ્ણ વાસુદેવ હોવાથી પ્રતિવાસુદેવ જરાસંધને મારીને ત્રણ ખંડના સ્વામી થયા અને **દ્વા**રિકામાં રાજ્યધાની સ્થાપી. **નેમિકુમાર** વૈરાગી હોવાથી તેમણે વિવાહ કર્યો નહોતો અને તેઓ રાજ્યને ચાહતા નહોતા. એક દિવસ મિત્રોના પ્રેરણાથી **નેમિકુમાર** ફરતાં ફરતાં **શ્રી**કૃષ્ણની આયુધશાળામાં

## વલયમાં શ્રીનેમિનાથ, શ્રીકૃષ્ણ અને તેમની સ્ત્રીઓની જલ-

ગયા, ત્યાં મિત્રોના કૌતુકની ખાતર તેમણે શ્રીકૃષ્ણની કૌમુદિકી નામની ગદા ઉપાડી, શારંગ ધનુષ્ય ચડાવ્યું, સુદર્શન ચક્રને ખૂબ ફેરવ્યું અને પાંચજન્ય શંખ ખૂબ જોરથી વગાડયો. શંખનો અવાજ સાંભળીને શ્રીકૃષ્ણને વિચાર થયો કે કોઇ મારો વૈરી ઉત્પન્ન થયો કે શું ? ( કારણ કે એ શંખ તેમના શિવાય બીજો કોઈ વગાડી શકતો નહોતો ) તેથી શ્રીકૃષ્ણ એકદમ આયુધશાળામાં આવીને જુવે છે તો શ્રીનેમિકુમારને દેખીને આશ્ચર્ય થયું. શ્રીકૃષ્ણના મનમાં થયું કે નેમિકુમાર બહુ બલવાન્ જણાય છે છતાં તેમના બળની પરીક્ષા કરવી જોઇએ, એમ વિચારીને તેમણે નેમિકુમારને કહ્યું કેઃ-ચાલો આપણે અખાડામાં જઇ કુસ્તી કરીને બલપરીક્ષા કરીએ. શ્રીનેમિએ કહ્યું, આપણે આવી રીતે જમીન ઉપર આળોટવું વ્યાજબી નથી, પરંતુ જો બલની પરીક્ષા કરવીજ હોય તો આપણા બેમાંથી એક જણે પોતાનો એક હાથ લાંબો કરવો તેને બીજાએ વાળવો, જેનો હાથ વળી જાય તે હારે અને જેનો હાથ ન વળે તે જીતે. બન્નેએ સ્વીકાર્યું અને તેમ કર્યું. શ્રીકૃષ્ણનો હાથ નેમિકુમારે બહુજ આસાનીથી વાળી નાંખ્યો, પરંતુ શ્રીનેમિના હાથ ઉપર શ્રીકૃષ્ણ લટકી ગયા તોપણ તેમનો હાથ તેઓ વાળી ન શકયા. શ્રીકૃષ્ણને નેમિકુમારના બળની ખાત્રી થઇ અને તેથી " મારૂં રાજ્ય નેમિકુમાર આસાનીથી લઇ લેશે " એવા પ્રકારની તેમને વિશેષ ચિંતા થવા લાગી. જો કે શ્રી નેમિકુમાર તો સંસારથી અત્યંત ઉદાસીન હતા અને તેથી માતા પિતાનો અત્યંત આગ્રહ હોવા છતાં પણ પોતે પાણિગ્રહણ કરતા નહોતા. એક વખત રાજા સમુદ્રવિજયજીએ શ્રીકૃષ્ણને કહ્યું કે નેમિકુમારને પાણિગ્રહણ કરવા માટે મનાવો. તેથી શ્રીકૃષ્ણ પોતાની તમામ સ્ત્રિઓ અને નેમિકુમારને સાથે લઇને જલક્રીડા

ક્રીડા; બીજા વલયમાં શ્રીનેમિનાથનું શ્રીકૃષ્ણની આયુધશાલામાં જવું, શંખ વગાડવો અને શ્રીનેમિ–શ્રીકૃષ્ણની બલપરીક્ષા; ત્રીજા વલયમાં ઉગ્રસેન રાજા, રાજીમતી, ચોરી, પશુવાડો,

---

કરવા માટે ગયા. ત્યાં એક મોટા જલકુંડની અંદર નેમિકુમાર, શ્રી કૃષ્ણ અને તેમની બધી સ્ત્રિઓ સ્નાન કરે છે, એક બીજાના ઉપર સુગંધી પાણી અને પુલો વિગેરે નાંખે છે. પછી સ્નાન કરીને બહાર નિકલ્યા બાદ શ્રીકૃષ્ણની બધી સ્ત્રિઓ નેમિકુમારને પ્રેમ પૂર્વક ઘણો ઠબકો અને ઓળંભો આપી પાણિગ્રહણ કરવા માટે મનાવવા લાગી, નેમિકુમાર જરા હસ્યા, એટલે પાણિગ્રહણ સ્વીકાર્યું એમ તે સ્ત્રિઓએ (ભોજાઇઓએ) જાહેર કરી દીધું. શ્રી કૃષ્ણે તુરતજ ઉગ્રસેન રાજાની પુત્રી રાજીમતી સાથે લગ્ન કરવાનું નકકી કરી નજીકમાંજ મુહૂર્ત લીધું. બન્ને તરફ બધી તૈયારીઓ થવા લાગી. લગ્નને દિવસે શ્રી નેમિકુમાર વરઘોડે ચઢી જાન લઇને સાસરાના મ્હેલ પાસે ગયા. પરંતુ ત્યાં લગ્નપ્રસંગના ભોજન માટે એકઠાં કરેલાં હજારો પશુઓથી ભરેલા પશુવાડાને જોઇને તે જીવો ઉપર દયા આવવાથી તે બધા જીવોને છોડાવી મુકીને ત્યાંથી પોતાનો રથ ( લગ્ન કર્યા વિનાજ ) પાછો ફેરવી ઘેર આવીને પછી માતાપિતાને સમજાવીને, મોટા આડંબર સાથેના વરઘોડાથી ઘેરથી નિકળીને ગિરનાર પર્વત ઉપર જઇને પોતે દીક્ષા લીધી, પોતાના હાથેજ માથાના વાળનું લુંચન કરીને પોતે સાધુ થયા. બાદ થોડા સમય પછી કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન ( સર્વજ્ઞ પણું ) પ્રાપ્ત કરી પ્રાણિઓને ઉપદેશ આપવા માટે વિચરવા લાગ્યા. કાળક્રમે આયુષ્ય પૂર્ણ થવાથી શ્રી નેમિનાથ ભગવાન્ નશ્વર શરીરને છોડીને મોક્ષે સિધાવ્યા. વિસ્તાર માટે જૂઓ ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ આઠમું.

શ્રીનેમિનાથની જાન, શ્રીનેમિનાથનું પાણીગ્રહણ કર્યા વિના પાછું વળવું, પછી શ્રીનેમિનાથ ભગવાન્નો દીક્ષાનો વરઘોડો, દીક્ષા અને કેવલજ્ઞાન વિગેરેની રચના છે.

(૧૭) દેરી નં. ૧૦ મીના દરવાજાની બહાર ડાબા હાથ તરફની ભીંતમાં વર્તમાન ચોવિશીના એકસો વીશ કલ્યાણકના દિવસો; ચોવિશે ભગવાનનો વર્ણ, દીક્ષાતપ, કેવલજ્ઞાનતપ અને નિર્વાણતપ ખોદેલ છે.

(૧૮) દેરી નં. ૧૧ મીના પહેલા ગુમ્મજમાં ૧૪ હાથ-વાળી દેવીની સુંદર મૂર્ત્તિ કોતરેલી છે.

(૧૯) દેરી નં.૧૨ મીના પહેલા ગુમ્મજમાં શ્રીશાંતિનાથ ભગવાન્ના પૂર્વભવના **મેઘરથ રાજા**ના ચરિત્રના એક પ્રસંગનો અને **પાંચ કલ્યાણક** વિગેરેનો ભાવ છે ‡ તેમાં મેઘરથ

---

‡ સોળમા તીર્થંકર શ્રી**શાંતિ**નાથ ભગવાન્, પોતાના આ છેલ્લા ભવથી પૂર્વના ત્રીજા ભવમાં **મેઘરથ** નામના અવધિજ્ઞાની રાજા હતા. એક વખતે ઈશાનેન્દ્રે પોતાની સભામાં પ્રશંસા કરી કે મેઘરથ રાજાને પોતાના ધર્મથી કોઈપણ ચલાયમાન કરી શકે તેમ નથી. તે પ્રશંસાને સહન નહિં કરી શકવાથી સુરૂપ નામનો દેવ મેઘરથ રાજાની પરીક્ષા કરવા માટે આવતો હતો, રસ્તામાં બાજપક્ષી અને કબુતરને લડતાં જોઇ તેમાં તે અધિષ્ઠિત થઇ ગયો. મેઘરથ રાજા પૌષધશાલામાં-ઉપાશ્રયમાં પૌષધવ્રત (એક દિવસનું સાધુપણું) લઇને બેઠા છે. તેવામાં પેલું કબુતર "મને બચાવો બચાવો, મારો શત્રુ પાછલ આવેછે" એમ મનુષ્ય ભાષાથી બોલતું બોલતું આવીને મેઘરથ રાજાના

રાજાનું કબુતર સાથે ત્રાજવામાં બેસીને તોળાવું અને ચૌદ

ખોળામાં બેસી ગયું. મેઘરથ રાજાએ કહ્યું કે તું ડરીશ નહિં, હું તને બચાવવા તૈયાર છું. એટલામાં પેલો સિંચાણો ( બાજપક્ષી ) આવ્યો, તેણે કહ્યું:–હે રાજન્ ! આ મારૂં ભક્ષ્ય છે તેથી તે મને આપો, હું બહુ ભુખ્યો છું, ભુખથી મરૂં છું. રાજાએ કહ્યું:–તારે જોઇએ તેટલું બીજું ખાવાનું હું તને આપું તે તું ખા અને આને છોડી દે. તેણે કહ્યું કે:—હું માંસભક્ષી છું માટે હું એનેજ ખાવા ઇચ્છું છું, છતાં તમો બીજુંજ માંસ આપવા માગતા હો તો હું મનુષ્યનું માંસ તેના વજન પ્રમાણે લેવા ખુશી છું. રાજાએ તેમ કરવા સ્વીકાર્યું. તત્કાલ કાંટો મંગાવ્યો, એક પલ્લામાં કબુતરને મુક્યું, બીજા પલ્લામાં માંસ મુકવાનું છે, પરંતુ મનુષ્યનું માંસ કોઇપણ મનુષ્યની હિંસા કર્યા વિના મળી શકે નહીં, અને મનુષ્યની હિંસા કરવી તે મહા પાપનું કામ છે એમ તેઓ હંમેશાં સમજતા હતા અને આજે તો પૌષધવ્રતમાં હોવાથી એમ સમજે એમાં કહેવું જ શું ? આ તરફથી કબુતરને બચાવવાનું તેઓ વચન આપી ચુકયા હતા, હવે શું કરવું ? અન્તમાં તેમણે પોતાના શરીર ઉપરના મમત્વને સર્વથા છોડીને ત્રાજવાના બીજા પલ્લામાં પોતાના હાથેજ પોતાની પીંડીઓ-જાંઘોનું માંસ કાપી કાપીને મુકવા માંડયું. જેમ જેમ માંસ મેઘરથ રાજા મુકતા જાય છે તેમ તેમ પેલું દેવાધિષ્ઠિત કબુતર ભારે થતું જાય છે, ઘણું માંસ મુકવા છતાં માંસનું પલ્લું નીચું આવતું નથી, અન્તમાં રાજાએ વિચાર્યું કે મેં પ્રતિજ્ઞા કરી છે તે તો મારે અવસ્ય પાળવીજ જોઇએ અને મારા શરણે આવેલા કબુતરને મારે અવસ્ય બચાવવું જ જોઇએ. તેથી રાજા પોતે પોતાના આખા શરીરનું બલિદાન આપવા માટે ઉઠીને એકદમ પલ્લામાં બેસી ગયો.

સ્વપ્ન વિગેરે **પંચકલ્યાણક**નો દેરી નં. ૯ ના ગુમ્મજના ભાવ પ્રમાણે બધો ભાવ છે. તેમજ તે ગુમ્મજની નીચેની ચારે તરફની લાઈનોમાં ભગવાનની અકકેક મૂર્ત્તિ કોતરેલી છે.

(૨૦) દેરી નં. ૧૬ મીના પહેલા ગુમ્મજમાં પણ ઉપર પ્રમાણે **પંચકલ્યાણક**નો ભાવ છે, તેમાં ભગવાનની માતા સુતાં છે, ૧૪ સ્વપ્નો જૂવે છે; જન્માભિષેક; દીક્ષાનો વરઘોડો, ભગવાન્ લોચ કરે છે; ભગવાન્ કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા છે અને પહેલા વલયમાં સમવસરણ છે તેમાં ભગવાનની એક મૂર્ત્તિ છે.

(૨૧) દેરી નં. ૨૯ મીના પહેલા ગુમ્મજમાં **શ્રીકૃષ્ણ-કાલિય અહિ દમન**નો ભાવ છે.× વચલા વલયમાં નીચે

તેથી આખી નગરીમાં અને રાજદરબારમાં હા-હાકાર મચી ગયો, પરંતુ રાજાએ જરા પણ ચલાયમાન ન થતાં સિંચાણાને કહ્યું કે તું આ મારા આખા શરીરને ખુશીથી ખા, પરંતુ આ કબુતરને છોડી દે. પેલો સુરૂપ દેવ સમજ્યો કે ખરેખર ઇંદ્ર મહારાજે પ્રશંસા કરી હતી તેવોજ આ રાજા છે. પછી પોતાનું સાક્ષાત્ દેવનું રૂપ ધારણ કરી **મેઘરથ** રાજાનું શરીર સારૂં કરી, તેમના ઉપર પુષ્પવૃષ્ટિ કરી તેમની ઘણીજ સ્તુતિ કરીને તે દેવ દેવલોકમાં ગયો અને **મેઘરથ** રાજાનો જયજયકાર થયો. વિસ્તાર માટે જૂઓ ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૫ સર્ગ ૪ અથવા શાંતિનાથ ભ૦નું કોઇ પણ ચરિત્ર.

× જૈન ગ્રંથાનુસારે **કંસ**, **યાદવકુળ**માં ઉત્પન્ન થએલ **મથુરા**નગરીના રાજા ઉગ્રસેનનો પુત્ર, **મૃત્તિકાવતી** નગરીના **દેવકરાજા**નો ભત્રીજો, **દેવકરાજા**ની પુત્રી **દેવકી**ને કાકાનો દીકરો ભાઇ થતો હો-

વાથી શ્રી કૃષ્ણનો મામો અને ત્રણખંડના માલિક **રાજગૃહ** નગરના રાજા જરાસંધ પ્રતિવાસુદેવનો જમાઇ થતો હતો. કંસ પોતાના પિતા ઉગ્રસેનને કેદ કરીને **મથુરા**નો રાજા થયો હતો. કંસને **શ્રી કૃષ્ણ**ના પિતા **વસુદેવ** સાથે બહુ મિત્રાચારી હોવાથી **કંસ**ના આગ્રહથી **વસુદેવ ઘણો** વખત **મથુરા**માં રહેતા હતા.

**કંસે** પોતાના કાકા **દેવકરાજા**ની પુત્રી **દેવકી**નું **વસુદેવ** સાથે પાણિગ્રહણ કરાવ્યું. તેની ખુશાલીમાં તેણે **મથુરા**માં મહોત્સવ શરૂ કર્યો, તે સમયમાં કંસના ભાઇ **અતિમુક્તકુમાર** મુનિ કંસને ઘેર ગોચરી ( ભિક્ષા ) માટે ગયા. કંસની સ્ત્રી **જીવયશા** તે વખતે દારૂના નિશામાં હોવાથી તેણે તે મુનિની ઘણી આશાતના ( કદર્થના ) કરી. તેથી તે મુનિ "જેને માટે (જે **વસુદેવ**-દેવકીના વિવાહને માટે) તું ખુશાલી મનાવી રહી છે તેનો સાતમો ગર્ભ તારા પતિ અને તારા પિતાને મારનારો થશે " આટલું બોલીને ચાલ્યા ગયા. તે સાંભળતાંજ **જીવયશા**નો નિશો ઉતરી ગયો. તેણે તુરતજ કંસની પાસે જઇને તે વાત કરી. કંસ પણ તે વાત સાંભળતાંજ " મુનિનું વચન અન્યથા થાય નહિં. " એમ જાણીને બહુ ભય પામ્યો. અને એકદમ **વસુદેવ** પાસે જઇને દેવકીના સાત ગર્ભોની માગણી કરી, **વસુદેવ**ને તે વાતની ખબર નહિં હોવાથી તેમણે ભદ્રિકપણાને લીધે એ વાત સ્વીકારી, **દેવકીએ પણ** કંસ પોતાનો ભાઇ હોવાથી તે સંબંધમાં જરા પણ વિચાર ન કરતાં તે વાત સ્વીકારી. પછી જ્યારે જ્યારે **દેવકી**ને ગર્ભ રહેતો ત્યારે તેના મકાન ઉપર કંસ ચોકી-પહેરો રખાવતો, અને જન્મ થતાંજ **દેવકી**ના પુત્રોને તે જાતે જઇને પથ્થર સાથે અફળાવીને મારી નાંખતો. એવી રીતે **દેવકી**ના છ

તેના સ્કંધ ઉપર બેસીને શ્રીકૃષ્ણ ભગવાને તેના મોઢામાં નાથ

---

પુત્રોને તેણે મારી નાંખ્યા. વસુદેવને તેથી ઘણુંજ દુઃખ થતું, પણ પોતે પ્રતિજ્ઞા પાલક હોવાથી-વચનથી બંધાયલા હોવાથી મુંગે મોઢે તે દુઃખ સહન કરતા હતા. સાતમા ગર્ભના જન્મ વખતે દેવકીના અતિ આગ્રહથી વસુદેવ અર્ધરાત્રિએ તે બાલકને ( શ્રીકૃષ્ણને ) લઇને ગોકુલમાં નંદ અને તેની સ્ત્રી યશોદાને પુત્રપણે સોંપી આવ્યા અને તત્કાલ જન્મેલી યશોદાની પુત્રીને લાવીને દેવકી પાસે મુકી દીધી. પછી આ સાતમો ગર્ભ તો કન્યા માત્રજ છે. એ મને શું મારશે ? એમ ધારીને કંસે તે કન્યાનું એક નસકોરૂં કાપીને દેવકીને જીવતી પાછી સોંપી દીધી.

ગોકુલમાં શ્રીકૃષ્ણ આનંદથી વૃદ્ધિ પામે છે છતાં તેની રક્ષા કરવા માટે વસુદેવે પોતાના પુત્ર રામ ( બલભદ્ર )ને ગોકુલમાં મોકલ્યો. તે બન્ને ભાઇઓ ત્યાં ક્રીડા કરતા આનંદપૂર્વક રહે છે. ઉમ્મર લાયક થતાં શ્રીકૃષ્ણે બલભદ્ર પાસેથી ધનુષ્યવિદ્યા આદિ તમામ વિદ્યાઓ શિખી લીધી. એમ કરતાં લગભગ બાર વર્ષ વીતિ ગયાં.

તેવામાં કોઇ દિવસે કંસે એક નિમિત્તિઆને પુછયું કેઃ- દેવકીનો સાતમો ગર્ભ મને મારશે એમ મુનિએ કહ્યું હતું તે સાચું થશે કે ખોટું ? નિમિત્તિઆએ કહ્યુંઃ-મુનિનું વચન કોઇ દિવસ ખોટું પડે નહિ. અવશ્ય એમ થશેજ. તે સાંભળીને પોતાને મારનારને ઓળખવા માટે નિશાની કંસે પુછતાં નિમિત્તિઆએ કહ્યુંઃ- તમારા ઉત્તમ જાતિવંત રત્નસમાન અરિષ્ટ બળદને, કેશી અશ્વને, દુર્દાન્ત એવા ગર્દભ તથા મેષ ( બોકડા )ને, પદ્મોત્તર તથા ચંપક નામના બે હાથીઓને, અને ચાણુર નામના મલ્લને જે મારશે તથા કાલિય સર્પનું જે દમન કરશે તે તમોને મારશે.

ઘાલીને બળદની પેઠે યમુના નદીમાં ખૂબ તેનું દમન કર્યું,

તેની પરીક્ષા કરવા માટે કંસે અનુક્રમે બળદ, અશ્વ, ગર્દભ અને મેષને ગોકુલ તરફ છુટા મુકયા. તેઓ મદોન્મત્ત હોવાથી ગોકુલનાં ગાય-વાછરડાંઓને નુકશાન પહોંચાડવા લાગ્યા. ગોવાળીયાઓની ફરિયાદથી શ્રીકૃષ્ણે તે ચારેને યમદ્વારે પહોંચાડયા. આ વાત સાંભળવાથી પોતાનો વૈરી નંદનો પુત્ર કૃષ્ણ છે એમ ખાત્રી થતાં કંસે શ્રીકૃષ્ણને મારી નાંખવા માટે પ્રપંચ ગોઠવ્યો, સૈન્યાદિ બધી સામગ્રીઓ તૈયાર રાખીને મલ્લકુસ્તી માટે એક મોટો દરબાર ભર્યો, જેમાં ઘણાં રાજાઓ અને રાજકુમારો આવ્યા હતા. આ તરફથી વસુદેવે પણ પોતાના સમુદ્રવિજયાદિ બધા ભાઇઓ અને પુત્રાદિ પરિવારને તે પ્રસંગ ઉપર બોલાવ્યો હતો. આ વાતની ગોકુલમાં બલભદ્રને ખબર પડતાં તેણે ઉચિત અવસર સમજીને " આપણા છ ભાઇઓને જન્મતાંજ મારનાર કંસ આપણો શત્રુ છે " ઇત્યાદિ બધી વાત શ્રીકૃષ્ણને કહી. તે સાંભળતાંજ કૃષ્ણ અત્યંત ક્રોધાતુર થયા અને એજ વખતે તે બન્ને ભાઇઓ મથુરા તરફ જવા નિકળ્યા. રસ્તામાં યમુના નદી આવતાં સ્નાન કરવા માટે બન્ને ભાઇઓ નદીમાં પડયા. ( મહાભારતાદિ ગ્રંથોમાં લખ્યું છેઃ– શ્રીકૃષ્ણ અને બલભદ્ર પોતાના મિત્રો સાથે યમુના કાંઠે ગેડીદડે રમતા હતા, તેવામાં તેમનો દડો યમુનામાં પડી ગયો, તે લેવાને કૃષ્ણ યમુના નદીમાં પડયા. ) ત્યાં કાલિય નામનો સર્પ પોતાની ફણ ઉપરના મણિથી પ્રકાશ નાખતો શ્રીકૃષ્ણને ડરાવવા લાગ્યો. તેથી શ્રીકૃષ્ણે એકદમ તેને પકડી, તેની પીઠ ઉપર ચડી બેસી તેના મોઢામાં હાથ ઘાલીને કમલનાલથી નાથ નાંખીને બળદની પેઠે તેને યમુના નદીમાં ખૂબ ફેરવીને મુડદાલ જેવો કરી નાંખ્યો તેથી તે હાંફી ગયો અને થાકીને શ્રીકૃષ્ણને હાથ જોડીને ઉભો રહ્યો, અને

તેથી થાકીને તે હાથ જોડીને ઉભો રહ્યો છે, અને તેની આસ-

આજુબાજુમાં તેની સાત નાગણીઓ પણ હાથ જોડીને ઉભી રહી અને પતિભિક્ષા માંગવા લાગી તેથી શ્રીકૃષ્ણે તેને છોડી મુકયો.

ત્યાંથી તે બન્ને ભાઇઓ મથુરા તરફ ચાલ્યા. દરવાજામાં કંસે પોતાના હસ્તિરત્ન પદ્મોત્તર અને ચંપકને તૈયાર રખાવ્યા હતા અને મહાવતને આજ્ઞા કરી હતી કે-નંદના બન્ને પુત્રો આવે તો તેના ઊપર હાથીઓને છોડીને તે બન્નેને મારી નાંખવા. તે બન્ને ભાઇઓ દરવાજા પાસે આવતાં મહાવતે તેમ કર્યું. હાથીઓ સુંઢ નમાવીને તેઓને મારવા જાય છે એટલામાં એક હાથીને શ્રીકૃષ્ણે અને એક હાથીને બલભદ્રે દંતૂશલ ખેંચી કાઢીને તુરતજ મુઠ્ઠીના પ્રહારથી યમદ્વારે પહોંચાડયા.

ત્યાંથી તેઓ બન્ને મલ્લકુસ્તિના દરબારમાં ગયા. ત્યાં ઉંચા મંડપ ઊપર બેઠેલા કોઇ રાજકુમારને ઉઠાડી મુકીને તેના આસન ઊપર તેઓ બન્ને બેસી ગયા. ચાણૂર અને મુષ્ટિક નામના મલ્લોએ પોતાની સાથે મલ્લકુસ્તી કરવા માટે આહ્‌વાન કરતાં શ્રીકૃષ્ણે ચાણુરની સાથે અને બલભદ્રે મુષ્ટિકની સાથે મલ્લયુદ્ધ કરવા માંડયું. ક્ષણવારમાં બધાની સામેજ શ્રીકૃષ્ણે ચાણુરને તથા બલભદ્રે મુષ્ટિકને મૃત્યુને શરણ કરી દીધા. તેથી અત્યંત ક્રોધાતુર થઈ કંસે પોતાના સૈનિકોને તે બન્નેને પકડીને મારી નાંખવાની આજ્ઞા કરી. તે સાંભળીને "મારા છ ભાઇઓને મારનાર અરે પાપી ! તારા ચાણૂર અને મુષ્ટિક મલ્લ આદિ રત્નોને મેં મારી નાંખ્યા છતાં હજુ તું મને મારી નાંખવાની આજ્ઞા કરે છે ? લે હું તને તારા પાપોનું પ્રાયશ્ચિત્ત આપું છું." એમ કહીને શ્રીકૃષ્ણે એકદમ છલંગ મારીને કંસને ચોટલીથી પકડી

પાસ તેની સાત નાગણીઓ પણ હાથ જોડીને ઉભી છે. બાજુના એક ખુણામાં શ્રીકૃષ્ણ ભગવાન્ પાતાલ લોકમાં શેષ-નાગની શય્યા કરીને તેના ઉપર સુતા છે. શ્રી લક્ષ્મીદેવી પંખો નાંખે છે, એક સેવક પગ મસળે છે. તેની બાજુમાં શ્રી કૃષ્ણ અને ચાણુર મલ્લનું મલ્લયુદ્ધ થાય છે. બીજી તરફ શ્રી કૃષ્ણ વાસુદેવ, રામ બલદેવ અને તેના સાથીઓ ગેડી દડે રમે છે.

(૨૨–૨૩) દેરી નં. ૩૪ મીના પહેલા ગુમ્મજની નીચેની એક બાજુની લાઇનની વચ્ચે એક કાઉસગ્ગીઆ છે. અને બીજા ગુમ્મજની નીચેની ચારે તરફની લાઈનોમાં વચ્ચે ભગવાન્‌ની એકેક મૂર્ત્તિ છે અને આસપાસ ચારે તરફ શ્રાવકો પૂજાની સા-મગ્રી લઈને ઉભા છે.

(૨૪–૨૫) દેરી નં. ૩૫ મીના પહેલા ગુમ્મજની નીચેની ચારે બાજુની લાઇનોમાં વચ્ચે એકેક કાઉસગ્ગીઆ છે, અને તેમની આસપાસ શ્રાવકો હાથમાં કલશ, પુલની માળા, પુલ-દાની, ધૂપધાણું વિગેરે પૂજાની સામગ્રી હાથમાં લઇને ઉભેલા છે.

---

સિંહાસનથી નીચે પાડીને મારી નાંખ્યો. કંસના અને જરાસંધના સૈનિકો તેની સાથે લડવા તૈયાર થયા તે બધાને સમુદ્રવિજયે હઠાવી દીધા. સમુદ્રવિજય-વસુદેવાદિ શ્રીકૃષ્ણ-બલભદ્રને ભેટી પડયા. સૌની સમ્મતિથી રાજા ઉગ્રસેનને પાંજરામાંથી કાઢીને મથુરાની ગાદીએ બેસાડયો, અને સમુદ્રવિજય, વસુદેવ, કૃષ્ણ-બલદેવાદિ બધા શૌરીપુર ગયા. વિશેષ માટે જૂઓ ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૮, સર્ગ ૫.

અને બીજા ગુમ્મજમાં ૧૬ હાથ વાળી દેવીની સુંદર મૂર્ત્તિ કોતરેલી છે.

(૨૬–૨૭) દેરી નં. ૩૮ મીના પહેલા ગુમ્મજની નીચેની ચારે લાઇનોની વચ્ચે ભગવાનની એકેક મૂર્ત્તિ છે, એક તરફ ભગવાનની મૂર્ત્તિની આસપાસ બે કાઉસગ્ગીઆ છે, અને ચારે તરફ ભગવાનની આસપાસ શ્રાવકો પૂજાની સામગ્રી લઇને ઉભા છે. આના બીજા ગુમ્મજમાં દેવ–દેવીઓની મૂર્ત્તિઓ કોતરેલી છે.

(૨૮–૨૯) દેરી નં. ૩૯ મીના પહેલા અને બીજા ગુમ્મજમાં દેવીઓની સુંદર મૂર્ત્તિઓ કોતરેલી છે તેમાં હંસ વાહનવાળી સરસ્વતી દેવી અને હાથીના વાહનવાળી લક્ષ્મીદેવી હોય એમ લાગે છે.

(૩૦) દેરી નં. ૪૦ મીના બીજા ગુમ્મજની વચ્ચે લક્ષ્મીદેવીની મૂર્ત્તિ છે, તેની આસપાસ બીજાં દેવ–દેવીઓ છે. ગુમ્મજની નીચેની ચારે તરફની લાઇનોમાં વચ્ચે એકેક કાઉસગ્ગીઆ છે, તે પ્રત્યેક કાઉસગ્ગીઆની આસપાસ હંસ અથવા મયુરના ઉપર બેઠેલ દેવના હાથમાં કલશ અથવા ફૂલ છે, અને ઘોડા ઉપર બેઠેલ મનુષ્ય અથવા દેવના હાથમાં ચામર છે.

(૩૧) દેરી નં. ૪૨ મીના બીજા ગુમ્મજની નીચે બન્ને તરફ હાથીઓના અભિષેક સહિત લક્ષ્મીદેવીની સુંદર મૂર્ત્તિઓ કોતરેલી છે.

(૩૨) દેરી નં. ૪૩–૪૪ અને ૪૫ મીના બીજા ગુમ્મજોમાં ૧૬ હાથવાળી દેવીની સુંદર મૂર્ત્તિઓ કોતરેલી છે.

(૩૩) દેરી નં. ૪૫ મીના પહેલા ગુમ્મજની નીચેની ચારે લાઇનોની વચ્ચે ભગવાન્‌ની એકેક મૂર્ત્તિ છે, અને પ્રત્યેક ભગવાન્‌ની બન્ને બાજુએ હંસ અને ઘોડા ઉપર બેઠેલા દેવ અથવા મનુષ્યના હાથમાં ફૂલ અથવા કલશ અને ચામરો છે.

(૩૪–૩૫) દેરી નં. ૪૬ મીના પહેલા ગુમ્મજની નીચેની ચારે તરફની લાઇનોની વચ્ચે ભગવાન્‌ની એકેક મૂર્ત્તિ છે અને એક લાઇનમાં ભગવાન્‌ની બન્ને બાજુએ કાઉસગ્ગીઆ છે. આજ દેરીના બીજા ગુમ્મજમાં કૃષ્ણ ભગવાને **નરસિંહ અવતાર** ધારણ કરી હિરણ્યકશ્યપનો વધ કર્યો તેનો આબેહુબ ચિતાર આપ્યો છે.†

---

† મહાભારતમાં લખ્યું છે કેઃ—હિરણ્યકશિપુ નામના દૈત્યે ઘણી તપસ્યા કરી બ્રહ્માજીને પ્રસન્ન કરી તેમની પાસે વરદાન માંગ્યું હતું. ( બીજા ગ્રંથોમાં હિરણ્યકશિપુ, શિવજીનો ભક્ત હોઇ શિવજી પાસેથી તેણે વરદાન મેળવ્યાનું પણ જોવામાં આવે છે. ) વરદાનમાં તેણે માંગ્યું હતું કેઃ—તમારા બનાવેલા કોઇપણ પ્રાણીથી મારૂં મૃત્યુ ન થાય. અર્થાત્ દેવોથી ન થાય, દાનવોથી ન થાય, મનુષ્યોથી ન થાય, પશુઓથી ન થાય, મકાનની અંદર ન થાય, મકાનની બહાર ન થાય; દિવસે ન થાય, રાત્રિએ ન થાય; કોઇ શસ્ત્રથી ન થાય, અસ્ત્રથી ન થાય; પૃથ્વીમાં ન થાય, આકાશમાં ન થાય; પ્રાણરહિતથી ન થાય, પ્રાણસહિતથી ન થાય ઇત્યાદિ. આ

પ્રમાણેનું વરદાન આપવાની બ્રહ્માજીની ઇચ્છા નહિં હોવા છતાં તેના આગ્રહથી અને તેની તપસ્યાને વશ થઇને બ્રહ્માજીએ તે પ્રમાણેનું વરદાન આપ્યું.

હિરણ્યકશિપુને પ્રલ્હાદ નામનો પુત્ર હતો. તે વિષ્ણુભક્ત થયો. આખો દિવસ વિષ્ણુના નામને જપતો. તેના પિતાએ શિવભક્ત થવા માટે ઘણું સમજાવ્યો, ઘણા ઉપાયો કર્યા પણ તે ન માન્યો, તેથી હિરણ્યકશ્યપે તેને ઘણુંજ દુઃખ દેવા માંડયું. પોતાના ભક્તને અત્યંત દુઃખ થતું જોઇને વિષ્ણુ ભગવાને હિરણ્યકશ્યપને મારવા માટે નરસિંહ અવતાર ધારણ કર્યો. બ્રહ્માજીના વરદાનને વાંધો ન આવે એટલા માટે વિષ્ણુ ભગવાને નરસિંહનું રૂપ ધારણ કર્યું. મનુષ્ય પણ નહિં અને પશુ પણ નહિં અર્થાત્ અરધું શરીર પુરૂષનું અને મુખાદિ અરધું શરીર સિંહનું બનાવીને, મકાનની બહાર નહિં અને અંદર નહિં અર્થાત ઉંબરા ઊપર, પૃથ્વી પર નહિં અને આકાશમાં નહિં અર્થાત્ પોતે પૃથ્વી પર ઉભા રહીને પોતાના બન્ને પગની વચ્ચે તેને રાખીને, શસ્ત્રથી નહિં તેમ અસ્ત્રથી નહિં તથા સજીવથી નહિં તેમ અજીવથી નહિં અર્થાત્ પોતાના નખોથી, દિવસે નહિં અને રાત્રિએ નહિં અર્થાત્ સંધ્યા સમયે, (વિષ્ણુ ભગવાન્, દેવ પણ ન કહેવાય તેમ દાનવ પણ ન કહેવાય તેમજ તેમનું નરસિંહરૂપ, બ્રહ્માજીએ બનાવેલું કોઇ પ્રાણી પણ ન કહેવાય) આ પ્રકારે વિષ્ણુએ નરસિંહનું રૂપ ધારણ કરીને હિરણ્યકશ્યપને મારી નાંખ્યો. તે અવસ્થાની ઉત્તમ શિલ્પકળાથી યુક્ત આ મૂર્ત્તિ કોતરેલી છે.

દિગ્કુમારિકાઓ—દેવીઓએ કરેલા ભગવાનૂના જન્માભિષેકનો ભાવ લાગે છે. તેમાં પહેલા વલયમાં ભ૦ ની મૂર્ત્તિ છે, બીજા અને ત્રીજા વલયમાં દેવીઓ હાથમાં કલશ—ધૂપધાણું—પંખા—દર્પણ વિગેરે સામગ્રી લઇને ઉભેલ છે, ત્રીજા વલયમાં ભગવાન્ અથવા માતાને એક ઠેકાણે સિંહાસન ઉપર બેસારીને દેવીઓ મર્દન કરે છે અને બીજે ઠેકાણે સિંહાસન ઉપર બેસારીને સ્નાન કરાવે છે. ગુમ્મજની નીચેની ચારે તરફની લાઇનોની વચ્ચે એકેક કાઉસગ્ગીઆ છે, અને આસપાસમાં કેટલાક મનુષ્યો પુષ્પમાળા લઇને ઉભા છે.

(૩૭) દેરી નં. ૪૮ મીના બીજા ગુમ્મજમાં ૨૦ ખંડમાં સુંદર કોતરણી કરી છે. તેમાં એક ખંડમાં ભ૦ ની મૂર્ત્તિ છે; એક ખંડમાં આચાર્ય મહારાજ સિંહાસન ઉપર બેઠેલ છે. પાટલા ઉપર પગ રાખેલા છે, એક શિષ્ય તેમને **પંચાંગ** નમસ્કાર કરે છે, તેના **મસ્તક** ઉપર આચાર્ય મહારાજે હાથ મુકેલો છે, બે શિષ્યો હાથ જોડીને પાસે ઉભેલા છે. બીજા ખંડોમાં જુદી જુદી જાતની કોતરણી છે. તે ગુમ્મજની નીચેની એક તરફની લાઇનની વચ્ચે એક કાઉસગ્ગીઆ છે.

(૩૮) દેરી નં. ૪૯ મીના પહેલા ગુમ્મજમાં પણ ઉપર પ્રમાણે ૨૦ ખંડોમાં કોતરણી છે. તેમાં એક ખંડમાં ભગવાનૂની મૂર્ત્તિ છે; એક ખંડમા કાઉસગ્ગીઆ છે; એક ખંડમાં ઉપર પ્રમાણેજ આચાર્ય મહારાજની મૂર્ત્તિ છે; અને એક ખંડમાં ભગવાનૂની માતા ભગવાનને ખોળામાં લઇને બેઠેલ છે.

(૩૯) દેરી નં. ૫૩ મીના પહેલા ગુમ્મજની નીચેની ગોળ લાઇનમાં એક તરફ ભગવાન્ કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા છે. તેમની આસપાસ શ્રાવકો ઉભા છે. બીજી તરફ આચાર્ય મહારાજ બેઠેલા છે, પાસે ઠવણી છે, અને શ્રાવકો હાથ જોડીને પાસે ઉભેલા છે.

(૪૦) આ મંદિરના મૂલગભારાની પછવાડે (બહારની બાજુમાં) ત્રણે દિશામાં ગોખલામાં ભગવાનની એકેક મૂર્ત્તિ સ્થાપન કરેલી છે, તે પ્રત્યેક (ગોખલા)ની ઉપર ભગવાનની ત્રણુ ત્રણુ મૂર્ત્તિઓ અને છ છ કાઉસગ્ગીઆ છે. ત્રણે દિશામાં થઇને ૨૭ મૂર્ત્તિઓ પથ્થરમાં કોતરેલી છે.

વિમલવસહિની ભમતિ (પ્રદક્ષિણા)માં દેરીઓ પર, મુનિ સુવ્રતસ્વામિનો ગભારો ૧ અને અંબિકાદેવીની દેરી ૧ મળીને કુલ ૫૪ દેરીઓ છે. બે ઓરડીઓ ખાલી છે તેમાં પરચુરણુ સામાન રહે છે. તે બેમાંની એક ઓરડીની નીચે ભોંયરૂં છે. † પણુ તે ભોંયરૂં અત્યારે તદ્દન ખાલી છે. આ સિવાય વિમલ-

† આ ઓરડીમાં અને ભોંયરામાં જવાના દાદરામાં ઘણો કચરો કુડો પડયો હતો, તેને કઢાવીને અમો અંદર ગયા હતા. જોતાં જોતાં એક ઠેકાણે ખાડામાં દાટી રાખેલી ધાતુની લગભગ ૧૧ પ્રતિમાઓ નીકળી આવી જેમાં એક અંબિકાદેવીની હતી, અને બાકીની બધી ભગવાનની હતી, અને તે લગભગ ૪૦૦ થી ૬૦૦ વર્ષ સુધીની જુની હતી. તેમાંની કેટલીક મૂર્ત્તિઓ ઉપર લેખ છે. તે સિવાય આ ભોંયરામાં આરસની મોટી ખંડિત મૂર્ત્તિઓના થોડા ટુકડા પડયા છે.

વસહિ અને લૂણવસહિની અંદર બીજાં પણ ત્રણ ચાર ભોંયરા છે. પરંતુ તે બધાં આજકાલ ખાલી હોય એમ લાગે છે.

વિમલવસહિમાં ગૂઢમંડપ, નવચોકી, રંગમંડપ અને બધી દેરીઓના બબ્બે ગુમ્મજનો એક મંડપ ગણતાં આખા મંદિરમાં કુલ ૭૨ મંડપ થાય છે, અને ગૂઢમંડપ, નવચોકી, ગૂઢમંડપની બહારની બન્ને બગલની બે ચોકી, રંગમંડપ, દરેક દેરીના બબ્બે મંડપ તથા બે દેરીના ગુમ્મજ નવા થયા છે તે પણ ગણતાં કુલ ૧૧૭ મંડપો થાય છે.

વિમલવસહિમાં આરસના કુલ સ્તંભ ૧૨૧ છે તેમાં બહુ જ સુંદર નકશીવાળા ૩૦ અને થોડી નકશીવાળા—સાદા ૯૧છે.

આ મંદિરની લંબાઇ ૧૪૦ ફુટ અને પહોળાઇ ૯૦ ફુટ છે. એ પ્રમાણે શાંતિવિજયજીકૃત જૈનતીર્થ ગાઇડમાં લખ્યું છે.

## વિમલવસહિની હસ્તિશાલા.

વિમલવસહિ મંદિરના મુખ્ય દરવાજાની સામે હસ્તિશાલા બનેલી છે. આ હસ્તિશાલા વિમલમંત્રીશ્વરના ભાઇ મંત્રી નેઢના પુત્ર મંત્રી ધવલના પુત્ર મંત્રી આનંદના પુત્ર મંત્રી પૃથ્વીપાલે † વિમલવસહિની કેટલીક દેરીઓનો જીર્ણોદ્ધાર

† મંત્રી પૃથ્વીપાલ માટે જૂઓ આ બુકનું પાનું. ૨૧-૨૨ તથા નોટ નંબર ૪૬.

કરાવતી વખતે પોતાના કુટુંબીઓની યાદગિરિ માટે સંવત્ ૧૨૦૪ માં કરાવી છે.[૬૩]

આ હસ્તિશાલાના પશ્ચિમના દરવાજામાં પેસતાં જ મૂલનાયક ભગવાન્‌ની સન્મુખ એક મોટા ઘોડા ઉપર **વિમલશાહ** મંત્રી બેઠેલ છે, તેમના માથે મુગટ છે, હાથમાં પૂજાની સામગ્રી છે. ઘોડા સહિત **વિમલશાહ**ની આખી મૂર્ત્તિ સફેદ આરસની[૬૪] હતી, પણ અત્યારે મસ્તકનો ભાગ આરસનો અસલી છે બાકી ગળાથી નીચેનો ઘોડાસહિત બધો ભાગ નકલી લાગે છે. અર્થાત્ આ મૂર્ત્તિને કોઈએ ખંડિત કરી નાખી હોય તેથી અથવા કોઇ પણ કારણથી પાછળથી તેના ઉપર ચૂનાનું પલાસ્તર કરી લીધું હોય એમ જણાય છે. મુખાકૃતિ સુંદર છે. ઘોડાની પાછળના ભાગમાં એક માણસ[૬૫] લાકડાનું મજબુત છત્ર **વિમલશાહ**ના મસ્તક ઉપર ધારણ કરીને ઉભેલ છે. ‡

તેની પાછળ ત્રણ ગઢની રચનાવાળું સુંદર સમવસરણ છે. તેમાં ચૌમુખજી તરીકે ત્રણ બાજુમાં સાદા પરિકરવાળી અને એક બાજુમાં ત્રણતીર્થીના પરિકરવાળી એમ કુલ ચાર પ્રતિમાજી છે. આ સમવસરણ સંવત્ ૧૨૧૨ માં કોરંટગચ્છ નન્ના-

---

‡ છત્ર લઇને ઉભો રહેનાર **વિમલશાહ** મંત્રીનો ભાણેજ છે. એવી દંતકથા છે, પણ આ વાતને માટે કોઇ ગ્રંથોમાંથી પ્રમાણ મલ્યું નથી. જ્યારે શ્રીહીરવિજયસૂરિ રાસમાં લખ્યું છે કે તે **વિમલ**ના ભાઇ **નેઢ**નો દશરથ નામનો પ્રપૌત્ર છે. તે માટે જૂઓ નોટ નં. ૬૫.

ચાર્ય સંતાનવાળા ઓસવાલ ધાંધૂક મંત્રીએ કરાવ્યું છે. સમવસરણ ઊપર લેખ છે.[૬૬]

એક તરફ ખુણામાં શ્રીલક્ષ્મીદેવીની મૂર્ત્તિ ૧ છે.

આ હસ્તિશાળામાં ત્રણ લાઇનમાં થઇને આરસના, સુંદર કારીગરીવાળા, ઝુલ પાલખી અને અનેક પ્રકારનાં આભૂષણોની કોતરણીથી સુશોભિત ૧૦ હાથીઓ[૬૭] છે. તેમાંના બે હાથીઓ ઊપર શેઠ અને મહાવત બન્ને બેઠેલ છે, એક ઊપર શેઠ એકલા બેઠેલ છે અને ત્રણ ઊપર એકલા મહાવત બેઠેલ છે, અને ચાર હાથી તદ્દન ખાલી છે. તે હાથીઓ ઉપરથી ૭ શ્રાવકોની અને ૫ મહાવતોની મૂર્ત્તિઓ નષ્ટ થઇ ગઈ જણાય છે. શ્રાવકોના હાથમાં* પૂજાની સામગ્રી છે. શ્રાવકોને માથે મુગટ, પાઘડી અથવા તેવું કોઈ પ્રકારનું આભૂષણ છે. મહાવતોના માથાં ઉઘાડાં છે.

તે હાથીઓનો અનુક્રમ આ પ્રમાણે છે. હસ્તિશાળામાં પ્રવેશ કરતાં જમણા હાથ તરફના અનુક્રમે પહેલા ત્રણ હાથી પછી ડાબા હાથ તરફના અનુક્રમે ત્રણ હાથી અને સાતમો

---

* હાથી ઉપર બેઠેલ શ્રાવકોની મૂર્ત્તિઓ ચાર ચાર ભુજાવાળી છે. તે, મારા ધારવા પ્રમાણે હાથમાં જુદી જુદી પૂજાની સામગ્રી દેખાડવા માટે ચાર ભુજાવાળી કરાવી હશે, બીજું કાંઇ કારણ નહીં હોય. કારણ કે તે મૂર્ત્તિઓ મનુષ્યની અર્થાત્ વિમલશાહના કુટુંબીઓનીજ છે.

સમવસરણની પાછળનો પહેલો એક હાથી, એ સાત હાથીઓ મંત્રી પૃથ્વીપાલે વિ.સંવત્ ૧૨૦૪ માં અને ૮ મો જમણા હાથ તરફનો છેલ્લો, ૯ મો સમવસરણની પાછળનો છેલ્લો અને ૧૦ મો ડાબા હાથ તરફનો છેલ્લો એ છેલ્લા ત્રણ હાથી મંત્રી પૃથ્વીપાલના પુત્ર મંત્રી ધનપાલે વિ. સં. ૧૨૩૭ માં કરાવીને સ્થાપન કર્યા છે. નીચે લખેલાં નામોથી તે હાથીઓ કરાવેલા છે.

**હાથી** પહેલો મહામંત્રી **નીના** સં. ૧૨૦૪ ( **વિમલમંત્રીના** કુલના વડેરા ).

„ બીજો „ **લહર** „ (**નીના**મંત્રીના પુત્ર).

„ ત્રીજો „ **વીર** „ ( મંત્રી **લહર**ના વંશમાં થએલા ).

„ ચોથો „ **નેઢ** „ (મંત્રી **વીર**ના પુત્ર અને **વિમલ**મંત્રીના મોટા ભાઇ).

„ પાંચમો „ **ધવલ** „ (મંત્રી **નેઢ**ના પુત્ર).

„ છઠ્ઠો „ **આનંદ** „ (મંત્રી **ધવલ**ના પુત્ર).

„ સાતમો „ **પૃથ્વીપાલ** „ (મંત્રી **આનંદ**ના પુત્ર).

„ આઠમો પઉંતાર (?) ઠ. **જગદેવ** સં. ૧૨૩૭ ( મંત્રી પૃથ્વીપાલના મોટા પુત્ર અને મંત્રી **ધનપાલ**ના મોટા ભાઇ ).

,, નવમો મહામાત્ય **ધનપાલ** સં. ૧૨૩૭ ( મંત્રી પૃથ્વી-
પાલના નાના પુત્ર અને
ઠ. જગદેવના નાના ભાઇ).

,, દશમો, આ હાથીની લેખવાળી પટ્ટી ખંડિત થઈ ગએલી હોવાથી લેખ નષ્ટ થઇ ગયો છે, પરંતુ આ હાથી પણ સં. ૧૨૩૭ માં મંત્રી **ધન**પાલે એનાજ કોઇ કુટુંબીના નામથી કરાવેલો હોવો જોઇએ.

(૪૧) હસ્તિશાળાની પૂર્વ દિશા તરફની બારીની બહારની ચોકીના બે સ્તંભો ઉપર ભગવાનની ૧૬ મૂર્ત્તિઓ કોતરેલી છે, ( પ્રત્યેક ઉપર આઠ આઠ ). અને તે સ્તંભોની ઉપરના પથ્થરના તોરણમાં રસ્તા તરફ ( બહારની બાજુમાં ) ભગવાનની ૭૬ મૂર્ત્તિઓ કોતરેલી છે, તેની સાથે બન્ને સ્તંભોની ૧૬ મૂર્ત્તિઓ મેળવતાં ૯૨ મૂર્ત્તિઓ થાય છે. એટલે ત્રણ ચોવિશીની ૭૨ અને વીશ વિહરમાનની ૨૦ આ હિસાબથી ૯૨ મૂર્ત્તિઓ કોતરેલી છે. અને એજ તોરણમાં અંદરની બાજુમાં ( હસ્તિશાલા તરફમાં ) ભગવાનની ૭૦ મૂર્ત્તિઓ કોતરેલી છે, પણ અસલમાં ૭૨ હશે, બે મૂર્ત્તિઓ પથ્થરોની ખુણાઓની જોડમાં દબાઈ ગઇ હશે એમ લાગે છે. એટલે તે ત્રણ ચોવિશી છે એમ સમજવું.

(૪૨) એજ ચોકીના છજ્જાની માથેના પથ્થરના તોરણમાં બન્ને તરફ થઇને ભગવાનની મૂર્ત્તિ અને કાઉસગ્ગીઆ મળીને એક ચોવિશી છે.

(૪૩) આખી હસ્તિશાલાના બહારના ચારે તરફના છજાની ઉપરની લાઇનમાં ચારે તરફ થઈને ભગવાનની મૂર્ત્તિ અને કાઉસગ્ગીઆ મળીને એક ચોવિશી કોતરેલી છે.

વિમલવસહિ મંદિરના મુખ્ય દરવાજાની અને હસ્તિશાળાની વચ્ચે એક મોટો સભામંડપ છે. તે કોણે અને ક્યારે કરાવ્યો તે સંબંધી કાંઇ જાણી શકાયું નથી. હસ્તિશાળાની સાથે તો નહિંજ બન્યો હોય એમ લાગે છે કારણ કે હીરસૌભાગ્ય મહાકાવ્ય ઉપરથી જણાય છે કે–વિ. સં. ૧૬૩૯ માં જગત્ પૂજ્ય શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજી અહિં યાત્રા કરવા પધાર્યા, ત્યારે વિમલવસહિના મુખ્ય દરવાજામાં પ્રવેશ કરતાં કઠોડાવાળી સીડી–દાદરો[૬૮] હતો. હસ્તિશાળા અને વિમલવસહિની વચ્ચેના સભામંડપનું તેમાં જરા પણ વર્ણન નથી. મંદિરના બીજા ભાગોના વર્ણન સાથે મુખ્ય દરવાજામાં પ્રવેશ કરતાં કઠોડાવાળા દાદરાનું વર્ણન આવે છે, તેથી જણાય છે કે–આ મંડપ વિ. સં. ૧૬૩૯ ની પછી અને વિ. સં. ૧૮૨૧ ની પહેલાં વચ્ચેના સમયમાં બનેલો છે.

હસ્તિશાલાની બહારના રંગમંડપમાં સુરભી (સુરહી) ગાયનાં ચિત્રો અને શિલાલેખો વાળા ત્રણ પથ્થરો છે. તેના ઉપર વિ. સંવત્ ૧૨૭૨, ૧૩૭૨ અને ૧૩૭૩ ના લેખો છે. તેમાંના છેલ્લા બન્ને વિ. સંવત્ ૧૩૭૨ અને ૧૩૭૩ વાળા લેખો સિરોહીના વર્તમાન મહારાવના પૂર્વજ ચૌહાણ મહારાવ લુંભાજી (લુંઢાજી)ના છે. તે ત્રણે પથ્થરોમાં તે સમયના રાજા-

ઓના, આ મંદિરો અને યાત્રાળુઓ પાસેથી કોઇ પણ જાતને કર–ટેક્સ કે એવું કાંઇ પણ નહિં લેવાનાં ફરમાનો લખેલાં છે.[६९]

એજ રંગમંડપના એક સ્તંભની પાછળ પથ્થરના એ સ્તંભમાં નીચે પ્રમાણે કોતરેલ છે:—એક બાજુમાં એક પુરૂ એક ઘોડા ઉપર બેઠેલ છે, એક છત્રધરે તેના ઉપર છત્ર ધારણ કર્યું છે. તેની બીજી બાજુએ એજ પુરૂષ હાથ જોડીને ઉભેલ છે, તેના ઉપર છત્રધરે છત્ર ધારણ કર્યું છે. અને પાસે તેમની સ્ત્રી તથા પુત્ર ઉભેલ છે. તેની નીચે લેખ છે તેમાં સંવત્ નથી, પણ સુપ્રસિદ્ધ **શ્રીપાલ** કવિના ભાઇ **શોભિત**નું તેમાં વર્ણન છે.[७०]

વિમલવસહિ મંદિરના કિલ્લાની પાછળ (પશ્ચિમ દિશા તરફ) કિલ્લાની પાસે જ એક ઉંચી ટેકરી ઉપર એક સ્તૂપ (થૂભ) છે.

× × ×

## શ્રી મહાવીરસ્વામીનું મંદિર.

વિમલવસહિની બહાર હસ્તિશાલાની પાસે શ્રી મહાવીર સ્વામીનું મંદિર છે આ મંદિર તથા હસ્તિશાલા અને વિમ-લવસહિ મંદિરની વચ્ચેનો રંગમંડપ એ બન્ને કોણે અને ક્યારે બનાવ્યાં તે કાંઇ જાણવામાં આવ્યું નથી. પરંતુ તે બન્નેની ભીંતો ઉપર વિ. સં. ૧૮૨૧ માં આબૂ ઉપર કામ કરનારા કારીગરોનાં નામો લાલ રંગથી લખેલાં છે તે ઉપરથી જણાય છે કે–તે બન્ને વિ. સં. ૧૮૨૧ થી તો અવશ્ય પહેલાં બનેલાં છે.

શ્રી મહાવીર સ્વામીના મંદિરમાં મૂલનાયકજી સહિત કુલ જિનબિંબ ૧૦ છે. આ મંદિર નાનું અને સાદું છે.

# લૂણવસહિ.

## મંત્રી વસ્તુપાલ-તેજપાલના પૂર્વજો.

ગુજરાતની રાજ્યધાની **અણુહિલપુર** પાટણમાં બારમા સૈકામાં **પ્રાગ્વાટ** (પોરવાડ) જ્ઞાતિના આભૂષણ સમાન **ચંડપ**[૭૧] નામનો ગૃહસ્થ વસતો હતો. તેની ધર્મપત્નીનું નામ **ચાંપલદેવી** હતું. તે ગુજરાતના **ચૌલુક્ય** ( સોલંકી ) રાજાનો મંત્રી હતો. તે જેમ રાજ્યકાર્યમાં અત્યંત ચતુર હતો, તેમજ પ્રજાવત્સલ અને ધર્મકાર્યમાં તત્પર રહેવાવાળો હતો. તેને **ચંડપ્રસાદ**[૭૨] નામનો પુત્ર હતો. તે પણ પિતાના પગલેજ ચાલનાર અને સોલંકી રાજાનો મંત્રી હતો. તેને **ચાંપલદેવી**[૭૩] ( જયશ્રી ) નામની સ્ત્રી હતી. તેને બે પુત્રો હતા, તેમાં મોટા પુત્રનું નામ **શૂર** ( સૂર )[૭૪] હતું. તે અત્યંત બુદ્ધિશાલી, શૂરવીર અને ધર્માત્મા હતો. બીજા પુત્રનું નામ **સોમ** ( સોમસિંહ )[૭૫] હતું. તે પણ અત્યંત બુદ્ધિશાલી, પરાક્રમી, રાજ્યકાર્યમાં દક્ષ અને જૈનધર્મમાં અત્યંત દૃઢ હતો. તે ગુજરાતના સોલંકી મહારાજા **સિદ્ધરાજ**[૪૪] જયસિંહનો મંત્રી હતો.તેણે યાવજ્જીવ ( જીંદગી પર્યંત ) ને માટે દેવોમાં શ્રીતીર્થંકરદેવ, ગુરૂમાં શ્રીમાન્ હરિભદ્રસૂરિ અને સ્વામિ તરીકે મહારાજા **સિદ્ધરાજને** સ્વીકારેલ હતા. તેની ધર્મપત્નીનું નામ **સીતાદેવી** હતું. જે મહાસતી **સીતાના** જેવીજ પતિવ્રતા અને ધર્મકર્મમાં અત્યંત નિશ્ચલ હતી. **સોમસિંહને આસરાજ** ( અશ્વરાજ )[૭૬] નામનો

પુત્ર હતો. **અશ્વરાજ** પણ મહા બુદ્ધિશાલી, ઉદાર અને દાતા હતો. પરમ માતૃભક્ત હોવા સાથ જૈનધર્મમાં અત્યંત દૃઢ હતો. તેણે પોતાની માતાની અત્યંત ભક્તિ કરી હતી, તેમજ તેણે ઘણા મહોત્સવ પૂર્વક સાત વખત અથવા સાત તીર્થોની યાત્રા કરી હતી. તેને **કુમારદેવી**[૭૭] નામની મહા પતિવ્રતા ધર્મપત્ની હતી. તે પણ પોતાના પતિની માફકજ અત્યંત સૌજન્યવાળી અને જૈનધર્મમાં દૃઢ ભક્તિવાળી હતી. કાળાન્તરે **આસરાજ** કોઈપણ કારણસર પોતાના સ્વજન અને રાજા વિગેરેની અનુમતિ લઈને **અણહિલપુર પાટણ** છોડીને તેની પાસેના '**સુંહાલક**'[૭૮] નામના ગામમાં પોતાના કુટુંબસહિત રહેવા આવ્યો. ત્યાં તે શાંતિપૂર્વક વ્યાપારાદિ કાર્ય કરવા સાથ સુખપૂર્વક રહેવા લાગ્યો. ત્યાં **આસરાજને કુમારદેવીની** કુક્ષીથી **લૂણિગ, મલ્લદેવ, વસ્તુપાલ** અને **તેજપાલ** નામના ચાર પુત્રો તથા ૧ **જાલ્હૂ**, ૨ **માઊ**, ૩ **સાઊ**, ૪ **ધનદેવી**, ૫ **સોહગા**, ૬ **વયજુકા** અને ૭ **પરમલદેવી** નામની સાત પુત્રીઓ થઈ.[૭૯] તે સાતે બહેનો **શ્રીસ્થૂલિભદ્ર** સ્વામિની સાત બહેનોની જેમ બહુ બુદ્ધિશાલી અને ધર્મકરણીમાં આસક્ત, પરમ શ્રાવિકાઓ હતી.

મંત્રી **લૂણિગ**[૮૦] રાજ્યકાર્યમાં પ્રવીણ, શૂરવીર અને તેજસ્વી યુવક હતો. પરંતુ તેનું આયુષ્ય ઓછું હોવાથી યુવાવસ્થાના પ્રારંભમાં જ તે સ્વર્ગવાસી થયો હતો. તેની સ્ત્રીનું નામ **લૂણાદેવી** હતું. મંત્રી **મલ્લદેવ**[૮૧] પણ રાજ્યકાર્યમાં અતિ

નિપુણ, મહાજનોમાં અગ્રેસર અને ધાર્મિક કાર્યોમાં તત્પર રહેનારામાં મુખ્ય હતા. તેમને લીલાદેવી અને પ્રતાપદેવી[૮૨] નામની બે ધર્મપત્નીઓ હતી. મલ્લદેવ અને લીલુકાદેવીને પૂર્ણસિંહ[૮૩] નામનો પુત્ર હતો, તેની સ્ત્રીનું નામ અલ્હણાદેવી હતું. પૂર્ણસિંહ-અલ્હણાદેવીને પેથડ નામનો પુત્ર હતો. પેથડ આ મંદિરની પ્રતિષ્ઠા વખતે વિદ્યમાન હતો. પૂર્ણસિંહની બીજી સ્ત્રીનું નામ મહણદેવી હતું. પૂર્ણસિંહને સહજલદે અને સદમલદે નામની બે બહેનો હતી અને વલાલદે નામની એક પુત્રી પણ હતી.

## મહામાત્ય શ્રી વસ્તુપાલ-તેજપાલ.

મહામંત્રી વસ્તુપાલ-તેજપાલના ગુણો, તેમની શૂરવીરતા, ધાર્મિક કાર્ય પરાયણતા, રાજ્યકાર્યમાં દક્ષતા, પ્રજા વત્સલતા, સર્વ ધર્મો પર સમાનદૃષ્ટિતા, બુદ્ધિમત્તા, વિદ્વત્તા અને ઉદારતા વિગેરે આબાલગોપાલમાં પ્રસિદ્ધ હોવાથી તેમને માટે જે કાંઇ લખવું તે પિષ્ટપેષણ કરવા જેવુંજ હોવાથી તે સંબંધી આ ઠેકાણે વિશેષ ન લખતાં ફક્ત તેમના કુટુંબાદિનો પરિચય કરાવી ટુંકામાં જ પતાવવું ઉચિત સમજાય છે.

મહામંત્રી વસ્તુપાલ[૮૪] રાજ્યકાર્યમાં હમેશાં તત્પર રહેતા હોવા છતાં તેઓ અપૂર્વ વિદ્વાન્ પણ હતા. તેમના સમયના કવિઓ તેમને 'સરસ્વતી દેવીના ધર્મપુત્ર' તરીકે ઓળખાવે છે.

અર્થાત્ તેમને ત્યાં લક્ષ્મી અને સરસ્વતી દેવીનો એકત્ર વાસ હતો, કે જે બીજે ઠેકાણે બહુજ ઓછો જોવામાં આવે છે.

મં. વસ્તુપાલને લલિતાદેવી[૮૫] અને વેજલદેવી[૮૬] નામની બે ધર્મપત્નીઓ હતી. તેમાં લલિતાદેવી ગુણનો ભંડાર અને બુદ્ધિશાળી હશે એમ જણાય છે, કારણ કે મં. વસ્તુપાલ તેને બહુ માન ભરેલી દૃષ્ટિથી જોતા અને ઘરનાં ખાસ ખાસ કામોની અંદર તેની સલાહ પણ લેતા હતા. મં. વસ્તુપાલને લલિતાદેવીની કુક્ષિથી ઉત્પન્ન થએલો જયન્તસિંહ (જૈત્રસિંહ) [૮૭]નામનો, સૂર્યના પુત્ર જયન્તની જેવો એક પુત્ર હતો. તે પણ પોતાના પિતાની સાથે અને સ્વતંત્ર રીતે પણ રાજ્ય-કાર્યમાં બહુ ભાગ લેતો હતો. તેને જયતલદેવી, જમ્મણદેવી અને રૂપાદેવી[૮૮] નામની ત્રણ સ્ત્રીઓ હતી.

મહામાત્ય તેજપાલને પણ અનુપમદેવી[૮૯] અને સુહડા-દેવી નામની બે ધર્મપત્નીઓ હતી. મં. તેજપાલને અનુપમ-દેવીની કુક્ષિથી ઉત્પન્ન થએલ લૂણસિંહ (લાવણ્યસિંહ)[૯૦] નામનો પુત્ર હતો. તે પણ મહાપ્રતાપી, બુદ્ધિશાલી, શૂરવીર અને ઉદાર દિલનો હતો. રાજ્યકાર્યમાં બહુ પ્રવીણ હતો. પોતાના પિતાની સાથે અને સ્વતંત્ર રીતે પણ લડાઈ સંધિ-વિગ્રહ આદિ કાર્યોમાં ભાગ લેતો હતો. તેને રયણાદેવી અને લખમાદેવી નામની બે સ્ત્રીઓ હતી અને ગઉરદેવી નામની એક પુત્રી હતી.[૯૧] મં. તેજપાલને સુહડાદેવીની[૯૨] કુક્ષિથી ઉત્પન્ન થએલ સુહડસિંહ[૯૩] નામનો એક બીજો પુત્ર હતો.

તેને સુહડાદેવી અને સુલખણાદેવી[૯૪] નામની બે સ્ત્રીઓ હતી. મં. તેજપાલને બઉલદે[૯૫] નામની એક પુત્રી પણ હતી.

મંત્રી વસ્તુપાલ–તેજપાલ પોતાના માતા–પિતા વિદ્યમાન હતા ત્યાં સુધી પોતાની જન્મભૂમિ ' સુંહાલક ' ગામમાં રહ્યા, પણ પોતાના પિતાજીનો સ્વર્ગવાસ થયા પછી ત્યાં દિલ નહિં લાગવાથી તેઓ ગુજરાતમાં જ આવેલા ' મંડલિ '[૯૬] ગામમાં કુટુંબ સહિત આવીને રહેવા લાગ્યા. કાળક્રમે તેમની માતાજીનો પણ સ્વર્ગવાસ થઇ ગયો. તે વખતે તે બન્ને ભાઇઓને ઘણું જ દુઃખ થયું. તે સમયમાં તેમના માતૃપક્ષના ગુરૂ મલધાર ગચ્છના શ્રી નરચંદ્રસૂરીશ્વરજી[૯૭] વિચરતા વિચરતા ત્યાં પધાર્યા. તેમણે ઉપદેશ દ્વારા કર્મનું સ્વરૂપ સમજાવીને તે બન્ને ભાઇઓનો શોક દૂર કરાવ્યો, અને તીર્થયાત્રાદિ ધર્મ કરણીમાં તત્પર રહેવા જણાવ્યું.

નાગેન્દ્ર ગચ્છમાં થએલા અમરસૂરિ શિષ્ય શ્રીમાન્ હરિભદ્રસૂરિ શિષ્ય શ્રીમાન્ વિજયસેનસૂરિ કે જેઓ પોતાના પિતૃપક્ષના ગુરૂ થતા હતા, તેમના ઉપદેશથી તે બન્ને ભાઇઓએ શત્રુંજય અને ગિરિનારનો બહુ જ આડંબર પૂર્વક મોટો સંઘ કાઢયો. તેમણે સંઘપતિ થઇને બન્ને તીર્થોની શુદ્ધ ભાવ પૂર્વક યાત્રા કરી.

## ચૌલુક્ય ( સોલંકી ) રાજાઓ.

ગુજરાતની રાજ્યધાની અણહિલપુર પાટણની ગાદી

ઉપર થએલા સોલંકી રાજાઓમાંના કુમારપાલ[૯૬] મહારાજા સુધીનાં કેટલાંક નામો પાછળ વિમલવસહિના વર્ણનમાં આવી ગયાં છે. મહારાજા કુમારપાલ પછી તેમનો પુત્ર **અજયપાલ**[૯૭] ગાદીએ આવ્યો. **અજયપાલ**ની ગાદીએ **મૂલરાજ**[૯૮] (બીજો) અને **મૂલરાજ**ની ગાદીએ **ભીમદેવ** (બીજો)[૯૯] ગુજરાતનો મહારાજા થયો. તે સમયમાં ગુજરાતમાં આવેલા **ધવલક્કપુર** (ધોળકા)[૧૦૦] માં મહામંડલેશ્વર સોલંકી **અર્ણોરાજ**નો[૧૦૧] પુત્ર **લવણપ્રસાદ**[૧૦૨] રાજા હતો અને તેનો પુત્ર **વીરધવલ**[૧૦૩] યુવરાજ હતો. તેઓ ગુજરાતના મહારાજાના મુખ્ય સામંત હતા. મહારાજા **ભીમદેવ** તેઓના ઉપર બહુ પ્રસન્ન હતો. તેથી તેણે **લવણપ્રસાદ**ને પોતાની રાજ્યસીમા વધારવાનું અને સંભાળી રાખવાનું કામ સોંપ્યું હતું અને **વીરધવલ**ને પોતાનો યુવરાજ બનાવ્યો હતો. **વીરધવલે** બાહોશ મંત્રીની યાચના કરવાથી **ભીમદેવે વસ્તુપાલ-તેજપાલ**ને બોલાવીને તે બન્નેને મહામંત્રી બનાવી **વીરધવલ**ની સાથે રહીને કામ કરવાની ભલામણ કરી હતી.[૧૦૪] તેમાં મંત્રી **વસ્તુપાલ**ને **ધોળકા** અને **ખંભાત**નો અધિકાર સોંપ્યો હતો અને મંત્રી **તેજપાલ**ને આખા રાજ્યનું મહામંત્રિપદ આપ્યું હતું.[૧૦૫] યુવરાજ **વીરધવલે** અને મહામંત્રી **વસ્તુપાલ-તેજપાલે** ગુજરાતની રાજ્યસત્તા ઘણી જ વધારી હતી. આસપાસના ખંડીયા રાજાઓ જે સ્વતંત્ર થઇ ગયા હતા અથવા સ્વતંત્ર થવા ચાહતા હતા તે બધાને જીતી ગુજરાતના

રાજાને આધિન કર્યા હતા.[૧૦૬] અને તે સિવાય પણ આસપાસના પ્રદેશને જીતીને ગુજરાતની રાજ્યસત્તામાં મેળવી દીધો હતો. મહામંત્રી વસ્તુપાલ–તેજપાલે ઘણી વખત લડાઇઓ કરી હતી. કોઈ વખત બુદ્ધિબળથી તો કોઇ વખત લડાઇથી એમ અનેક પ્રકારે શત્રુઓને તેમણે વશ કર્યા હતા.[૧૦૭] તેઓ આવા શૂરવીર અને સત્તાધારી હોવા છતાં તેમણે કોઇ દિવસ પ્રજા ઉપર અન્યાય કર્યો નહોતો, તેઓ હમેશાં રાજ્ય પ્રત્યે વફાદાર રહેવા સાથે પ્રજા ઉપર અત્યંત વાત્સલ્ય ભાવ રાખનારા હતા. ગમે તેવા વિકટ પ્રસંગમાં પણ તેમણે ધર્મ અને ન્યાયને જરા પણ પોતાથી દૂર ખસવા દીધો નહોતો, તેમણે પોતાના તથા પોતાના કુટુંબના કલ્યાણ માટે અને પ્રજાહિતને માટે આખા દેશમાં ઠેકાણે ઠેકાણે અનેક જૈન મંદિરો, ઉપાશ્રયો, ધર્મશાલા, દાનશાલા, હિંદુ મંદિરો, મસીદો, પરબો, વાવ, કૂવા, તલાવ, ઘાટ, પૂલ અને એવાં એવાં અનેક ધર્મ તથા લોકોપયોગી સ્થાનો નવાં કરાવ્યાં અને જુનાં થઈ ગએલાંને સમરાવ્યાં હતાં. તેમણે ધર્મકાર્યમાં કરોડો રૂપિયા ખરચ્યા હતા. જેની સંખ્યા સાંભળતા આ સમયના લોકોને તે વાત માનવી મુશ્કેલ થઈ પડે છે. તેમણે કરેલાં ધર્મકાર્યોનું કાંઇક વર્ણન નોટોમાં આપવામાં આવશે.[૧૦૮]

## આબૂના પરમાર રાજાઓ.

આબૂ ઉપર તપ કરતા વશિષ્ઠ ઋષિના હોમના અગ્નિ-

કુંડમાંથી ઉત્પન્ન થએલા **પરમાર**[૬] નામના પુરૂષના વંશમાં પહેલો **ધૂમરાજ**[૧૦૯] નામનો રાજા થયો હતો. તેના વંશમાં **ધંધૂક**[૨૭] નામનો રાજા થયો હતો. જેનું નામ પાછલ વિમલવસહિના વર્ણનમાં આવી ગયું છે. **આબૂ**ના આ પરમાર રાજાઓની રાજ્યધાની **આબૂ**ની તળેટીમાં આવેલી ચંદ્રાવતી[૨૬] નગરીમાં હતી, અને તેઓ ગુજરાતના મહારાજાના મહામંડલેશ્વર (મુખ્ય સામંત રાજા ) હતા. **ધંધૂક**ના વંશમાં **ધ્રુવભટાદિ** રાજાઓ થયા પછી તેના વંશમાં **રામદેવ**[૧૧૦] નામનો રાજા થયો. તેનો પુત્ર **યશોધવલ**[૧૧૧] નામનો શૂરવીર રાજા થયો, કે જેણે **ચૌલુક્ય** મહારાજા **કુમારપાલ**ના શત્રુ થએલ માલવાના રાજા **બલ્લાલ**ને[૧૧૨] મારી નાંખ્યો હતો. તે **યશોધવલ**નો પુત્ર **ધારાવર્ષ**[૧૧૩] થયો. તે પણ મહા પરાક્રમી હતો તેણે **કોંકણ** દેશના રાજાને[૧૧૪] મારી નાંખ્યો હતો. **ધારાવર્ષ**નો નાનો ભાઈ પ્રલ્હાદન[૧૧૫] કરીને હતો. તે પણ મહા પરાક્રમી અને શાસ્ત્રવેત્તા કવિ હતો. **પાલણપુર** નામનું શહેર જે અત્યારે વિદ્યમાન્ છે તે તેણે ( પ્રલ્હાદને ) વસાવ્યું હતું. તેમજ તેણે **મેવાડપતિ સામંતસિંહ**ની[૧૧૬] સાથેના યુદ્ધમાં ક્ષિણબલ થઇ ગએલા ગુજરાતના મહારાજા **અજયપાલ**ના[૧૧૭] સૈન્યની રક્ષા કરી હતી. **ધારાવર્ષ**ની પછી તેનો પુત્ર **સોમસિંહ**[૧૧૮] રાજા થયો. જેણે પિતા પાસેથી શસ્ત્રવિદ્યા અને કાકાપાસેથી શાસ્ત્રવિદ્યા ગ્રહણ કરી હતી. તેનો પુત્ર **કૃષ્ણરાજ**[૧૧૯] ( કાન્હડ ) થયો તે મહામાત્ય **વસ્તુપાલ તેજપાલ**ના સમયમાં યુવરાજ હતો.

## લૂણવસહિ.

મહામાત્ય **વસ્તુપાલ**–**તેજપાલે** પૃથ્વી ઉપર અનેક તીર્થ-સ્થાનો અને ધર્મસ્થાનો કરાવ્યાં હતાં, તેમાં **આબૂ** ઉપરનું આ લૂણસિંહવસહિ નામનું જિનાલય સૌથી મુખ્ય છે. મંત્રી **વસ્તુપાલના** નાનાભાઇ **તેજપાલે** પોતાની ધર્મપત્ની **અનુપમ-દેવી** અને તેની કુક્ષિથી ઉત્પન્ન થએલ પુત્ર **લાવણ્યસિંહના** કલ્યાણ[૧૨૦] માટે, ગુજરાતના સોલંકી મહારાજા **ભીમદેવ** ( બીજા )ના મહામંડલેશ્વર **આબૂના** પરમાર રાજા **સોમ-સિંહની** અનુમતિ લઇને, **આબૂ** ઉપર આવેલા **દેલવાડા** ગામમાં વિમલવસહિ મંદિરની પાસેજ, તેના જેવીજ ઉત્તમ પ્રકારની કોરણીવાળા આરસપાષાણનું; મૂલગભારો, ગૂઢમંડપ, નવ ચોકીઓ, રંગમંડપ, બલાનક ( દ્વારમંડપ, ) ખત્તક (ગોખલા), જગતિ ( ભમતી ) ની દેરીઓ અને હસ્તિશાલા વિગેરેથી અત્યંત સુશોભિત; કરોડો[૧૨૧] રૂપીયા ખરચીને શ્રીલૂણસિંહ ( લાવણ્યસિંહ ) વસહિકા નામનું શ્રી નેમિનાથ ભગવાનનું ભવ્ય મંદિર બંધાવ્યું. અને તેમાં શ્રીનેમિનાથ ભ૦ ની કસો-ટીના[૧૨૨] પથ્થરની બહુ મનોહર મોટી મૂર્ત્તિ કરાવીને મૂલ-નાયક તરીકે બિરાજમાન કરી. આ મંદિરની પ્રતિષ્ઠા, શ્રી**નાગે-ન્દ્રગચ્છમાં**[૧૨૩] થએલા શ્રી**મહેન્દ્રસૂરિના** શિષ્ય શ્રી**શાન્તિ-સૂરિના** શિષ્ય શ્રી**આનન્દસૂરિ**–**અમરસૂરિના**[૧૨૪] શિષ્ય શ્રીમાન્ હરિભદ્રસૂરિના[૧૨૫] શિષ્ય શ્રીમાન્ **વિજયસેન-**

સૂરિજી[૧૨૧] પાસે બહુ મોટા આડંબર અને ધૂમધામવાળા મહોત્સવ પૂર્વક વિક્રમ સંવત્ ૧૨૮૭ ના ( ગુ. ) ફાગણ ( મા૦ ) ચૈત્ર વદિ ૩ ને રવિવારે કરાવી છે. આ મંદિરના ગૂઢમંડપના મુખ્ય દરવાજાની બહાર નવ ચોકીઓમાં દરવાજાની બન્ને બાજુમાં ઉત્તમ પ્રકારની કોરણીવાળા બે ગોખલા છે ( જેને લોકો દેરાણી–જેઠાણીના ગોખલા કહે છે ) તે મં. તેજપાલે પોતાની બીજી સ્ત્રી સુહડાદેવીના કલ્યાણ માટે કરાવ્યા છે, અને ભમતીની દેરીઓમાંની ઘણી ખરી દેરીઓ મં. તેજપાલે પોતાના ભાઈઓ, ભોજાઇઓ, બહેનો, પોતાના તથા ભાઈઓના પુત્રો, પુત્ર વધૂઓ અને પુત્રીઓ વિગેરે પોતાના સમસ્ત કુટુંબના કલ્યાણાર્થે કરાવી છે અને થોડી દેરીઓ પોતાના વેવાઇઓ અને બીજા પરિચિત સંબંધીઓએ કરાવી છે. બધી દેરીઓની પ્રતિષ્ઠા વિ. સં ૧૨૮૭ થી લઇને ૧૨૯૩ સુધીમાં થઈ ગઈ હતી. જ્યારે ઉપર્યુક્ત બન્ને ગોખલાની પ્રતિષ્ઠા વિ. સં. ૧૨૯૭ માં થઇ હતી.

આ મંદિરમાં પણ વિમલવસહિના જેવીજ અપૂર્વ કોરણી કરેલી છે. વિમલવસહિ અને લૂણવસહિમાંની દીવાલો, દરવાજા, બારસાખ, સ્તંભો, મંડપો, તોરણો અને છતના ગુમ્મજો વિગેરેમાં ફક્ત ફુલ, ઝાડ, વેલ–બુટા, હાંડી, ઝુમર અને એવા પ્રકારની બીજી અજીવ વસ્તુઓનીજ કોરણી કરેલી છે એમ નહિં પણ તેમાં હાથી, ઘોડા, ઉંટ, વ્યાઘ્ર, સિંહ, મત્સ્ય, પક્ષિઓ, મનુષ્યો અને દેવ–દેવીઓની જુદા જુદા અનેક પ્રકા-

રની મૂર્ત્તિઓની સાથે મનુષ્યજીવનના જુદા જુદા અનેક પ્રસંગો જેવા કે-રાજદરબાર, સવારી, વરઘોડા, જાન, વિવાહ પ્રસંગમાં ચોરી વિગેરે, નાટક, સંગીત, રણસંગ્રામ, પશુ ચારવાં, સમુદ્ર યાત્રા, પશુપાલો ( રબારીઓ ) નું ગૃહજીવન, સાધુઓ અને શ્રાવકોની અનેક પ્રસંગોની ધાર્મિક ક્રિયાઓ અને તીર્થંકરાદિ મહાપુરૂષોના જીવનના અનેક પ્રસંગો વિગેરેને પણ એવી સુંદર રીતે કોતરેલા છે કે જો તે બધા પ્રસંગોને બારીકાઇથી જોવા લાગીએ તો તે મંદિર છોડીને બહાર નિકળવાનું મન થાયજ નહિં.[૧૨૭]

આ બન્ને મંદિરની નકશી જોનારને સ્વાભાવિક રીતે એ પ્રશ્ન ઉપસ્થિત થયા વિના રહેતો નથી કે-આ બે મંદિરોમાંથી કયા મંદિરમાં વધારે સુંદર નકશી છે ? આનો જવાબ નિશ્ચય પૂર્વક આપવો અશક્ય છે. પરંતુ પ્રેક્ષકો જેવી રીતે પોતાની ઇચ્છાનુસાર બેમાંથી કોઈ પણ એક મંદિરને પહેલો નંબર આપે છે તેમ હું પણ મારા નમ્ર વિચાર પ્રમાણે કોરણીની અધિક શ્રેષ્ઠતામાં શ્રીવિમલવસહિને પહેલો નંબર આપું છું. મતલબ કે લૂણવસહિમાં બીજી કોરણીની અધિકતા, બારીકાઇ અને સુંદરતા વધારે છે ત્યારે વિમલવસહિમાં મનુષ્ય જીવનના અનેક પ્રસંગોની સુંદર રીતે કરેલી કોરણી વધારે છે.[૧૨૮]

આ લૂણવસહિ મંદિરનો બાંધનાર શોભનદેવ નામનો મીસ્ત્રી હતો.[૧૨૯]

આ મંદિરની પ્રશસ્તિના મોટા શિલાલેખની પાસેના બીજા શિલાલેખ ઉપરથી જણાય છે કે-મંત્રી તેજપાલે પોતાના બુદ્ધિબલથી આ મંદિરની રક્ષા માટે તથા વાર્ષિક પર્વોને દિવસે પૂજા–મહોત્સવ વિગેરે કાયમ ખાતે ચાલુ રહે તે માટે બહુ સારી વ્યવસ્થા કરી હતી.[૧૮૦] જેમકેઃ—

૧ મંત્રી મલ્લદેવ, ૨ મંત્રી વસ્તુપાલ, ૩ મંત્રી તેજપાલ અને ૪ લાવણ્યસિંહનો મોસાલ પક્ષ (લાવણ્યસિંહના મામા ચંદ્રાવતી નિવાસી ૧ ખીમ્બસિંહ,[૧૩૧] ૨ આમ્બસિંહ, ૩ ઊદલ તથા લૂણસિંહ, જગસિંહ, રત્નસિંહ આદિ) અને તે ચારેની સંતાન પરંપરાને હમેશાંને માટે આ મંદિરના ટ્રસ્ટી બનાવ્યા હતા. અર્થાત્ તેમણે તથા તેમની સંતાન પરંપરાએ આ મંદિરની સર્વ પ્રકારની દેખરેખ રાખવી અને સ્નાત્રપૂજાદિ હમેશાં કરવું, કરાવવું અને ચાલુ રખાવવું.

આ મંદિરની વર્ષગાંઠ પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ અને શ્રીનેમિનાથ ભ૦ ના પાંચે કલ્યાણકના દિવસોમાં પૂજા–મહોત્સવાદિ કાયમ ખાતે કરવા માટે નીચે પ્રમાણે વ્યવસ્થા કરી હતી.

ચંદ્રાવતી,[૨૧] ઉંબરણી[૧૮૨] તથા કીસરઉલી[૧૮૩] ગામના, જૈનમંદિરોના બધા ટ્રસ્ટીઓ અને સમસ્ત મહાજન લોકો એ વર્ષગાંઠ સંબંધી અઠ્ઠાઇ મહોત્સવના પહેલા દિવસે–ફાગણ વદિ ૩ને દિવસે મહોત્સવ કરવો. ફા. વ. ૪ને દિવસે કાસહૃદ

ગામના[134] શ્રાવકોએ, ફા. વ. ૫ ને દિવસે બ્રહ્માણ[135] ગામના શ્રાવકોએ, ફા. વ. ૬ ને દિવસે ધઉલી[136] ગામના શ્રાવકોએ, ફા. વ. ૭ ને દિવસે મુંડસ્થલ[137] મહાતીર્થના શ્રાવકોએ, ફા. વ. ૮ ને દિવસે હંડાઉદ્રા[138] તથા ડવાણી[139] ગામના શ્રાવકોએ, ફા. વ. ૯ ને દિવસે મડાહડ[140] ગામના શ્રાવકોએ અને ફા. વ. ૧૦ ને દિવસે સાહિલવાડા[141] ગામના શ્રાવકોએ કાયમ ખાતે મહોત્સવ કરવો. તથા શ્રી નેમિનાથ ભ૦ના પાંચે કલ્યાણકના દિવસોએ દેઉલવાડા[142] ગામના શ્રાવકોએ હમેશાં મહોત્સવ કરવો.

આ પ્રસંગે ચંદ્રાવતીના રાજા પરમાર સોમસિંહે ભગવાનની પૂજા વિગેરેના ખર્ચ માટે ' ડવાણી ' નામનું ગામ શ્રી નેમિનાથ ભગવાનને અર્પણ કર્યું હતું, અને તે હમેશાં કબુલ રાખવા માટે પરમાર વંશના રાજાઓને વિનંતિ પૂર્વક તેમણે ફરમાન કર્યું હતું.[143]

પ્રતિષ્ઠા મહોત્સવ વખતે લૂણસિંહવસહિ મંદિરના રંગમંડપમાં બેસીને, ચંદ્રાવતી પતિ રાજકુલ શ્રી સોમસિંહ, તેમના પાટવી કુમાર કાન્હડ ( કૃષ્ણરાજ ) વિગેરે કુમારો, રાજ્યના બધા અધિકારીઓ, ચન્દ્રાવતીના સ્થાનપતિ ભટ્ટારક વિગેરે, ગૂગુલી બ્રાહ્મણ, સમસ્ત મહાજન, તથા અર્બુદાચલ ઉપરના અચલેશ્વર, વશિષ્ઠ, દેઉલવાડા ગ્રામ, શ્રીશ્રીમાતા મહબુ ગ્રામ, આબુય ગ્રામ, ઓરાસા ગ્રામ, ઉત્તરછ

ગ્રામ, **સિહર** ગ્રામ, **સાલ** ગ્રામ, **હેઠઉંજી** ગ્રામ, **આખી** ગ્રામ, શ્રી ધાંધલેશ્વરદેવીય **કોટડી** ગ્રામ[૧૪૪] આદિમાં રહેનારા સ્થાનપતિ, તપોધન, ગૂગુલી બ્રાહ્મણ, રાઠિય આદિ તમામ લોકો તથા **ભાલિ**, **ભાડા**[૧૪૫] આદિ ગામમાં રહેનારા પ્રતિહાર વંશના સર્વ રાજપુતો આદિ તમામ લોકોની સમક્ષ આ બધી વ્યવસ્થા કરવામાં આવી છે.

અને આ સભામાં બેઠેલા ઉપર્યુક્ત તમામ લોકોએ પોત પોતાની રાજીખુશીથી ભગવાન્‌ની સમક્ષ મંત્રી **તેજપાલ** પાસેથી આ મંદિરની સર્વ પ્રકારે રક્ષા કરવાનો ભાર પોતાને માથે લીધો છે.

એ રીતે મહામાત્ય **તેજપાલે** આવું સુંદર મંદિર બંધાવી અને તેની સંભાળ તથા રક્ષા માટે ઉપર પ્રમાણે ઉત્તમ વ્યવસ્થા કરીને પોતાના આત્માને કૃતાર્થ કર્યો.

## મંદિરનો ભંગ અને જીર્ણોદ્ધાર.

વિમલવસહિના વર્ણનમાં લખ્યા પ્રમાણે વિમલવસહિ મંદિરના ભંગની[૫૫] સાથે મુસલમાન બાદશાહના સૈન્યે વિ. સં. ૧૩૬૮ લગભગમાં આ મંદિરના પણ મૂલગભારો તથા ગૂઢમંડપનો સાવ નાશ કર્યો હતો અને બીજા કેટલાક ભાગોને નુકશાન પહોંચાડયું હતું. ત્યારપછી વ્ય. ચંડસિંહ પુત્ર શ્રીમાન્ પેથડ સંઘપતિ સંઘ લઈને અહિં યાત્રા કરવા આવતાં તેણે

પોતાના દ્રવ્યથી આ મંદિરનો વિ. સં. ૧૩૭૮ માં જીર્ણોદ્ધાર કરાવ્યો.[૧૪૬] અર્થાત્ નષ્ટ થઇ ગએલા ભાગને ફરી કરાવ્યો અને શ્રી નેમિનાથ ભગવાન્‌ની મૂર્ત્તિ નવી કરાવીને તેની પ્રતિષ્ઠા કરાવી.

## મૂર્તિસંખ્યા અને વિશેષ હકીકતઃ—

મૂલગભારામાં મૂલનાયક શ્રી નેમિનાથ ભગવાન્‌ની શ્યામવર્ણી અને પરિકરવાળી સુંદર મૂર્ત્તિ ૧, પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્તિ ૨, ( કુલ મૂ. ૪ ) છે.

ગૂઢમંડપમાં શ્રીપાર્શ્વનાથ ભગવાન્‌ની ઉભી મોટી અને બહુ મનોહર મૂર્ત્તિ (કાઉસગ્ગીઆ) ૨ છે.+ તે બન્ને વિમલવસહિના ગૂઢમંડપમાં છે તેની જેવાજ લગભગ છે, તેમાં એક મોટા છે તેના ઉપર લેખ નથી. નાના કાઉસગ્ગીયા ઉપર વિક્રમ સંવત ૧૩૮૯ માં મુંડસ્થલ મહાતીર્થના શ્રીમહાવીર ચૈત્યમાં કોરંટ-ગચ્છના નન્નાચાર્યસંતાનવાળા મહં. ઘાંઘલ ધાંધલ મંત્રીએ જિનયુગ્મ કરાવ્યું, એવો લેખ[૧૪૭] છે. (આની જોડના અને એજ પ્રમાણેના લેખવાળા કાઉસગ્ગીયા ઉપરની સૌથી ઉંચી દેરીમાં છે. ) પરિકરવાળી મૂર્ત્તિ ૩, પરિકર વિનાની મૂર્ત્તિ ૧૬, ચોવિ-શીના પટ્ટમાંથી જુદી પડી ગએલી ભગવાન્‌ની નાની મૂર્ત્તિ ૨, શ્રી રાજિમતી ( રાજુલ ) ની મોટી ઉભી અને સુંદર મૂર્ત્તિ ૧ છે.+ તેમાં વચ્ચે રાજીમતિની મૂર્ત્તિ છે, તેની નીચે બે બાજુએ બે સખીઓની નાની મૂર્ત્તિઓ કોતરેલી છે, માથે ભગવાન્‌ની

એક મૂર્ત્તિ છે, તેના ઉપર સંવત્ ૧૫૧૫ નો લેખ[૧૪૮] છે; અને શ્યામ વર્ણ, ચાર ભુજા તથા હસ્તિના વાહનવાળા યક્ષની મૂર્ત્તિ ૧ છે.[૧૪૯] ( આ મૂર્ત્તિ શ્રી અભિનન્દન ભ૦ ના શાસન-રક્ષક ઈશ્વિર યક્ષની અથવા શ્રી સુપાર્શ્વનાથ ભ૦ના શાસનરક્ષક માતંગ યક્ષની હોવી જોઇએ ).

નવચોકીમાં આપણા ડાબા હાથ તરફના ગોખલામાં મૂલનાયક શ્રી ( અજીતનાથ ) સંભવનાથ ભ૦ ની પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

જમણા હાથ તરફના ગોખલામાં મૂલનાયક શ્રી શાંતિ-નાથ ભ૦ ની પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

તેની પાસેજ જમણા હાથ તરફના એક બાજુના મોટા (ખત્તક) ગોખલામાં ભૂત–ભવિષ્ય–વર્તમાનકાળની ત્રણ ચોવિ-શીના ૭૨ ભગવાનનો એક મોટો પટ્ટ છે; તેમાં મૂલનાયકજીની મૂર્ત્તિ પરિકરવાળી છે, તે પટ્ટના નીચેના ભાગમાં એક બાજુએ આ પટ્ટના કરાવનાર શ્રાવક **सोनी वीघा** અને બીજી બાજુએ તેમની સ્ત્રી શ્રાવિકા **संघवणि चंपाई** ની મૂર્ત્તિઓ કોતરેલી છે, પટ્ટની ઉપરના ભાગમાં બન્ને બાજુએ એકેક શ્રાવિકાની મૂર્ત્તિ કોતરેલી છે તેના ઉપર નામ લખેલ નથી, પરંતુ સંભવ છે કે તે બન્ને પણ એમનાજ કુટુંબની સ્ત્રી કે પુત્રીઓની મૂર્ત્તિઓ હશે. આ પટ્ટ સોળમા સૈકામાં માંડવગઢ નિવાસી ઓસવાલ જ્ઞા-તીય શ્રાવિકા બાઇ ચંપાઈએ કરાવ્યાનો તેના ઉપર લેખ છે.[૧૫૦]

†દેરી નં. ૧ માં મૂલનાયક શ્રીવાસુપૂજ્ય ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૨, (કુલ મૂ. ૩) છે.

દેરી નં. ૨ માં મૂલનાયક શ્રી...........ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૩ માં મૂલનાયક શ્રી...........ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૪ માં મૂલનાયક શ્રી અનંતનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૫ માં મૂલનાયક શ્રી શાશ્વતા ચંદ્રાનન ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૬ માં મૂલનાયક શ્રી નેમિનાથજીની પરિકરવાળી મૂર્ત્તિ ૧, અને ચોવિશીનો સુંદર મોટો પટ્ટ ૧ છે, જેમાં મૂલનાયકજીની મૂર્ત્તિ પરિકરવાળી છે, તેના ઉપર લેખ છે.+

દેરી નં. ૭ માં મૂલનાયક શ્રી સંભવનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૮ માં મૂલનાયકશ્રી આદિનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૯ માં મૂલનાયક શ્રી નેમિનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકરવિનાની મૂર્ત્તિઓ ૨, (કુલ મૂ. ૩) છે.

† આ મંદિરના પશ્ચિમ દિશાના મુખ્ય દરવાજાથી પ્રવેશ કરતાં આપણા ડાબા હાથ તરફથી દેરીના નંબરો ગણવામાં આવ્યા છે.

દેરી નં. ૧૦ માં મૂલનાયક શ્રી ( પાર્શ્વનાથ ) પાર્શ્વનાથ ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૧૧ માં મૂલનાયક શ્રી મહાવીર સ્વામીની પરિકરવાળી મૂર્ત્તિ ૧, અને પરિકર વિનાની મૂર્ત્તિ ૩, (કુલ ૪) છે.

દેરી નં. ૧૨ માં મૂલનાયક શ્રી...........ની પરિકરવાળી મૂર્ત્તિ ૧, ભગવાનૂની ચોવિશીનો પટ્ટ ૧ અને જિન–માતાની ચોવિશીનો પટ્ટ ૧ છે.

દેરી નં. ૧૩ માં મૂલનાયકશ્રી ( નેમિનાથ ) શાંતિનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે, તથા બાજુની ભીંતના ગોખલામાં શ્રાવક–શ્રાવિકાનાં યુગ્મ જોડી ૩ ની ખંડિત મૂર્ત્તિઓ ૩ છે તેનાં ઉપર નામો કે લેખ નથી.

દેરી નં. ૧૪ માં મૂલનાયકશ્રી ( શાંતિનાથ ) સુપાર્શ્વનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૧૫ માં મૂલનાયકશ્રી ( આદિનાથ ) શાંતિનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૧૬ માં મૂલનાયકશ્રી (સંભવનાથ) ચંદ્રપ્રભ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૧૭ માં મૂલનાયકશ્રી...........ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૧૮ માં મૂલનાયકશ્રી નેમિનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે. ( નંબર ૧૭–૧૮ ની બન્ને દેરીઓ ભેગી છે ).

દેરી નં. ૧૯ (ગભારા) માં મૂલનાયક શ્રી ( મુનિસુવ્રત ) મુનિસુવ્રતસ્વામીની પરિકરવાળી મૂર્ત્તિ ૧, બાજુમાં પંચતીર્થી અને ફણુવાળા પરિકરમાં ચારતીર્થી છે તેમાં મૂલ-નાયકની જગ્યા ખાલી છે. તેમજ જમણી બાજુની દીવાલમાં એક સુંદર પટ્ટમાં " **અશ્વાવબોધ અને સમળી વિહાર** " તીર્થનો ભાવ છે‡, તેમાં નીચે સમુદ્ર છે, સમુદ્રમાં વહાણ છે, તે

‡ વીશમા શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાન્ કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને ભવ્ય પ્રાણિઓને પ્રતિબોધ કરતા છતા પૃથ્વીતલ ઉપર વિચરતા હતા. એક સમયે ભગવાને કેવલજ્ઞાનથી એક ઘોડાને પ્રતિબોધ થવાનો સમય જાણીને પ્રતિષ્ઠાનપુરથી એકજ દિવસમાં ૨૪૦ ગાઉ ચાલીને લાટ દેશમાં નર્મદા નદીના કીનારા ઉપર આવેલા ભૃગુકચ્છ ( ભરૂચ ) બંદરમાં ગામની બહારના કોરંટ વનમાં આવી સમોસર્યા. તે વખતે આ નગરના જિતશત્રુ રાજાએ અશ્વમેધ યજ્ઞ શરૂ કર્યો હતો અને તેમાં પોતાના જાતિવંત ઘોડાને હોમવાનો તેણે નિશ્ચય કર્યો હતો. અહિં શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાન્ સમવસરણમાં બેસીને દેશના આપવા લાગ્યા. લોકો અને રાજા પણ ભગવાનની દેશના સાંભળવા માટે ત્યાં આવ્યા. રક્ષક પુરૂષો સહિત સ્વેચ્છાચારી તે ઘોડો પણ ફરતો ફરતો ત્યાં આવ્યો. ભગવાનનું અપ્રતિમ રૂપ જોઇને તે ઘોડો ત્યાં સ્તબ્ધ ( નિશ્ચલ ) થઇ ગયો અને ભગવાનનો ઉપદેશ સાંભળવા લાગ્યો. ઉપદેશની અંદર ભગવાને પોતાનો અને તે ઘોડાનો પૂર્વભવ કહી સંભળાવ્યો. તે સાંભળીને અશ્વને જાતિ-સ્મરણ જ્ઞાન થવાથી તેણે ભાવપૂર્વક સમકિતસહિત શ્રાવકધર્મ સ્વીકાર્યો, અને સચિત્ત ( જીવયુક્ત ) આહાર-પાણી નહિં લેવાનું વ્રત ગ્રહણ કર્યું. જીવ રહિતજ ઘાસ અને પાણી લેવાનો સંકલ્પ કર્યો. તે સમયે

વહાણમાં ચાર સ્ત્રીઓ બેઠેલી છે, તેમાંની એક રાજપુત્રીના

ભગવાનના ગણધરે ( મુખ્ય શિષ્યે ) પૂછયું કેઃ–હે ભગવન્ ! આજના આપના ઉપદેશથી કોને કોને ધર્મપ્રાપ્તિ થઇ ? ભગવાન્ બોલ્યા કેઃ-જિતશત્રુ રાજાના આ જાતિવંત ઘોડા સિવાય બીજા કોઇને નવી ધર્મપ્રાપ્તિ થઇ નથી. તે સાંભળીને જિતશત્રુ રાજા ઘણો ખુશી થયો. બધા લોકોએ તે અશ્વની સ્તુતિ કરી. રાજાએ તેને યાવજ્જીવ સુધી સ્વેચ્છાચારી કર્યો–છુટો મુકી દીધો. તે ઘોડો શ્રાવકધર્મનું પાલન કરતો છતો ૭ મહીના બાદ મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં સૌધર્માવતંસક વિમાનમાં મહર્દ્ધિક દેવ થયો. તેણે અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોયો, તેથી એજ વખતે તેણે ત્યાં આવીને ભગવાનના સમવસરણના સ્થાને અતિ મનોહર અને વિશાલ મંદિર બનાવ્યું, તેમાં શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાનની અને સામે પોતાના અશ્વરૂપની મૂર્ત્તિ સ્થાપન કરી. ત્યારથી તે સ્થાન **"અશ્વાવબોધતીર્થ"** એ નામથી પ્રસિદ્ધ થયું. વિશેષ માટે જૂઓ ત્રિષષ્ટિ શલાકા પુરૂષચરિત્ર પર્વ ૬ સર્ગ ૭, સ્યાદ્વાદ રત્નાકરનું પ્રથમપત્ર, અને શ્રીજિનપ્રભસૂરિ રચિત તીર્થકલ્પમાં અશ્વાવબોધકલ્પ.

**एकस्यापि तुरङ्गमस्य कमपि ज्ञात्वोपकारं सुर-**
**श्रेणिभिः सह षष्टियोजनमितामाक्रम्य यः काश्यपीम् ।**
**आरामे समवासरद् भृगुपुरस्येशानदिङ्मण्डने**
**स श्रीमान् मयि सुव्रतः प्रकुरुतां कारुण्यसान्द्रे दृशौ ॥२॥**

( સ્યાદ્વાદ રત્નાકર, પત્ર ૧ ).

સિંહલદ્વીપની અંદર આવેલા રત્નાશય દેશના શ્રીપુર નગરમાં ચંદ્રગુપ્ત નામનો રાજા હતો, તેને ચંદ્રલેખા નામની રાણી હતી. સાત પુત્રોના ઉપર નરદત્તા દેવીની આરાધનાથી તેમને સુદર્શના

નામની એક પુત્રી થઇ. તે રૂપ અને ગુણની પેટી હતી. સર્વ વિદ્યા અને કલાઓને ભણતી એવી તે અનુક્રમે યુવાવસ્થાને પ્રાપ્ત થઇ. એક દિવસે તે સભાની અંદર પોતાના પિતાના ખોળામાં બેઠેલી છે, તેવામાં ધનેશ્વર નામનો વહાણોથી મુસાફરી કરનારો વ્યાપારી ભરૂચ બંદરથી ત્યાં આવ્યો. અતિ ઉત્કટ ગંધ આવવાથી તે વ્યાપારીને છીંક આવતાં તેણે '**नमो अरिहंताणं**' એ મંત્રપદનો ઉચ્ચાર કર્યો. તે સાંભળતાંજ સુદર્શના રાજકુમારી મૂર્છા પામી. તેથી તે વ્યાપારીને રાજસભામાં ખૂબ માર પડયો. શીતલ ઉપચારોથી સુદર્શનાની મૂર્છા ઉતરવાથી તેને જાતિસ્મરણ ( પૂર્વના જન્મો યાદ આવે તેવું ) જ્ઞાન થયું. ધનેશ્વર વ્યાપારી મારો ધર્મબંધુ છે એમ જાણીને તેણે તેને છોડાવ્યો. રાજાએ મૂર્છાનું કારણ પુછવાથી સુદર્શનાએ કહ્યું કેઃ–હું પૂર્વભવમાં ભરૂચ નગરમાં નર્મદા નદીના કિનારે કોરંટ વનમાં વડના ઝાડ ઉપર શકુનિકા ( સમળી ) હતી. એક વખતે ચોમાસામાં સાત દિવસ સુધી નિરંતર મહા વૃષ્ટિ થઇ. આઠમે દિવસે ભુખથી પીડાતી એવી હું નગરમાં ભમતાં ભમતાં, શિકારીના ઘરના આંગણામાં પડેલા માંસને ઉપાડીને ઉડીને તે વડના ઝાડની ડાળી ઉપર આવીને બેઠી. ક્રોધાતુર થઇને મારી પાછલ આવેલા તે શિકારીએ બાણથી મને વિંધી નાંખી, તેથી મારા મોઢામાંથી પડી ગએલા માંસને અને પોતાના બાણને લઇને તે શિકારી ચાલ્યો ગયો. હું ઝાડ ઉપરથી નીચે પડી. ચીસો પાડતી અને તરફડીયા મારતી એવી મને એક મુનિરાજે દેખી પોતાના જલપાત્રમાંથી મારા ઉપર પાણી છાંટયું. અને નવકાર ( નમસ્કાર ) મહામંત્ર સંભળાવ્યો, તે મેં શ્રદ્ધાથી સાંભળ્યો. તે

પાસે જાય છે, બાજુમાં એક મોટું ઝાડ છે, તેના ઉપર એક

મુનિરાજે સંભળાવેલા નમસ્કાર મહામંત્રના પ્રભાવથી ત્યાંથી મરીને હું તમારી પુત્રી થઇ. ત્યાર પછી તે સુદર્શના સંસારથી ઉદાસીન થઇ, માતા–પિતાએ લગ્ન કરવા માટે ઘણી સમજાવી પણ તેણે સ્વીકાર્યું નહિં. પુત્રીનો ભરૂચ નગર જવા માટે બહુજ આગ્રહ હોવાથી રાજાએ એજ ધનેશ્વર વ્યાપારી સાથે વસ્ત્રો, ધાન્ય, કરિઆણું, દ્રવ્ય, સૈનિકો વિગેરેથી ભરેલાં સાતસો વહાણો આપીને સુદર્શનાને ભરૂચ જવા માટે વિદાય કરી. અનુક્રમે તે વહાણો ભરૂચ બંદરની નજીક આવવા લાગ્યાં, તેટલામાં ચર પુરૂષોથી સૈન્યસહિત તે વહાણો આવવાની વાત ભરૂચના રાજાના જાણવામાં આવતાં, સિંહલેશ્વર મારા નગર ઉપર આક્રમણ કરવા આવે છે, એમ ધારીને તેણે પોતાનું સૈન્ય તૈયાર કર્યું. પરંતુ નગરના લોકોનો ક્ષોભ મટાડવા માટે તે ધનેશ્વર શેઠ આગળથી એકદમ રાજા પાસે જઇ ભેટણું ધરીને સિંહલદ્વીપના રાજાની પુત્રીના આગમનની વાત કરી.તેથી સૌનાં મન શાંત થયાં.લડાઇની તૈયારી પડતી મુકીને રાજા તે સુદર્શનાની સામે બંદર ઉપર આવ્યો. સુદર્શનાએ પણ બહાર આવી રાજાને ભેટણું ધરીને નમસ્કાર કર્યો. રાજાએ તેનો પ્રવેશ મહોત્સવ કર્યો. પછી સુદર્શના તુરતજ કોરંટ વનમાં ગઇ. ત્યાં તેણે અશ્વાવબોધતીર્થવાળા મંદિરને અને પોતાના મૃત્યુ સ્થાનને જોયું. શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાનની ખૂબ ભાવપૂર્વક સેવા–ભક્તિ કરી. તીર્થનો ઉપવાસ કર્યો. રાજાએ આપેલા મહેલમાં તેણે નિવાસ કર્યો. કેટલોક વખત ત્યાં રહેતાં એક દિવસે સમળીના ભવમાં નમસ્કાર મંત્ર આપનારા મુનિરાજનાં દર્શન થયાં, ભક્તિપૂર્વક વંદના કરી. મુનિરાજ જ્ઞાની હોવાથી તે સમળીનો જીવ છે એમ તેને ઓળખી લીધી. પછી મુનિરાજે ખૂબ ઉપદેશ આપી

સમળી બેઠેલી છે, તેને એક બાજુથી એક શિકારી બાણ મારી

સમ્યક્ત્વમાં દઢ કરી. અને દયા દાનાદિ ખૂબ ધર્મકરણી કરવાનું સૂચવ્યું. તેથી સુદર્શનાએ તે અશ્વાવબોધતીર્થનો ઉદ્ધાર કરાવ્યો, તથા ચોવિશ ભગવાનની ચોવિશ દેરીઓ, ઔષધશાલાઓ, દાનશાલાઓ, પાઠશાલાઓ વિગેરે ઘણાં ધર્મસ્થાનો કરાવ્યાં. એવી રીતે પોતાની પાસેનું બધું દ્રવ્ય સાત ક્ષેત્ર ( ધર્મનાં સાત સ્થાનો ) માં વાપરીને અન્ત અવસ્થામાં અનશન ( ભોજનાદિનો ત્યાગ ) કરી મૃત્યુ પામીને તે સુદર્શના દેવલોકમાં ગઇ. ત્યારથી તે અશ્વાવબોધતીર્થ **'સમળી વિહારતીર્થ'** ના નામથી પ્રસિદ્ધ થયું. કુમારપાલ રાજાના મંત્રી ઉદયનના પુત્ર **બાહડ** ( વાગ્ભટ ) દેવે **શત્રુંજયના** મુખ્ય મંદિરનો ઉદ્ધાર કરાવ્યો, ત્યારે **બાહડના** નાના ભાઇ **અંબડે** ( આમ્રભટે ) પોતાના પિતાના પુણ્યાર્થે આ શકુનિકા વિહાર ( સમળી વિહાર ) મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તે વખતે ધ્વજાદંડ ચડાવવા માટે પ્રાસાદના શિખર ઉપર ચડતાં અંબડને મિથ્યાદૃષ્ટિ સિંધુદેવીએ મોટો ઉપદ્રવ કર્યો. તે ઉપદ્રવને શ્રીમાન્ હેમચંદ્રસૂરિએ વિદ્યાબલ વડે કરીને દૂર કર્યો. વિશેષ માટે જૂઓ શ્રીજિનપ્રભસૂરિ રચિત તીર્થકલ્પમાં **અશ્વાવબોધકલ્પ** વિગેરે.

આ ભાવની અંદર ઘોડાની પાસે એક પુરૂષ ઉભો છે તે ઘોડાનો અંગરક્ષક, ભરૂચનો રાજા અથવા ઘોડાનો જીવ દેવ થયો છે તે ત્રણમાંથી કોઈ હોવાની સંભાવના થાય છે. મંદિરની બન્ને બાજુએ એક પુરૂષ અને એક સ્ત્રીની મૂર્ત્તિ કોતરેલી છે તે ભરૂચનો રાજા અને સુદર્શના રાજપુત્રી તથા નીચે ઝાડ અને સમુદ્ર પાસે એક પુરૂષ અને એક સ્ત્રી છે. તે આ પટ્ટ કરાવનાર શ્રાવક અને તેની સ્ત્રી હોવાની સંભાવના થઇ શકે છે.

રહ્યો છે, બાણુ મારવાથી સમળી નીચે જમીન ઉપર પડી તરફ-ડીયા મારે છે, મરવાની તૈયારીમાં છે, બીજી બાજુએ બે મુનિ-રાજો તે સમળીને આરાધના કરાવી રહ્યા છે-ધર્મ સંભળાવી રહ્યા છે, માથે શ્રીમુનિસુવ્રતસ્વામિનું એક મંદિર છે, પાસે ચરણ પાદુકા સહિત એક દેરી છે, તેની પાસે એક મનુષ્ય ખાલી ઘોડો લઇને ઉભો છે, મંદિરની એક તરફ એક શ્રાવક અને બીજી તરફ એક શ્રાવિકા હાથ જોડીને ઉભેલ છે, તેમજ સમુદ્રની બાજુમાં તથા ઝાડની બાજુમાં એક શ્રાવક અને એક શ્રાવિકા હાથ જોડીને ઉભેલ છે. આ પટ્ટ આરાસણાકરના રહેવાસી પોરવાડ આસપાલે વિ. સં. ૧૩૩૮ માં કરાવ્યાનો તેના ઉપર લેખ છે.[૧૫૧]

દેરી નં. ૨૦ માં મૂલનાયક શ્રી આદિનાથ ભગવાનના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૧, ( કુલ મૂ૦ ૨ છે ).

દેરી નં. ૨૧ માં મૂલનાયક શ્રી આદિનાથ ભગવાનની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે. ( ૨૦ અને ૨૧ નંબરની બન્ને દેરીઓ ભેગી છે ).

દેરી નં. ૨૨ માં મૂલનાયક શ્રી ( નેમિનાથ ) વાસુપૂજ્ય ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને ડાબી બાજુમાં પરિકરવાળી મૂર્ત્તિ ૧, (કુલ મૂ૦ ૨) છે. જમણી બાજુએ એક ખાલી પરિકર છે, તેમાં બિંબ નથી. ( આની પછી એક ઓરડી ખાલી છે ).

દેરી નં. ૨૩ માં મૂલનાયક શ્રી (નેમિનાથ)...........ની

સર્પની ફણાએ સહિત જુના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને બાજુમાં પરિકરવાળી મૂર્ત્તિઓ ૨, (કુલ મૂ૦ ૩) છે. એક પરિકરનો અર્ધો ભાગ ખાલી છે તેમાં બિંબ નથી.

દેરી નં. ૨૪ મી અંબાજીની છે, તેમાં અંબિકાદેવીની મોટી અને સુંદર મૂર્ત્તિ છે, તેના ઉપરના ભાગમાં ભગવાનની એક મૂર્ત્તિ કોતરેલી છે, અને અંબાજીની ઉપરના આમ્રવૃક્ષના પરિકરમાં પણ ભગવાનની એક મૂર્ત્તિ કોતરેલી છે. આ મૂર્ત્તિ ઉપર લેખ નથી.

દેરી નં. ૨૫ માં મૂલનાયક શ્રી નેમિનાથ ભ૦ ની પરિકર વાળી મૂર્ત્તિ ૧ છે. (નં. ૨૩–૨૪–૨૫ વાળી ત્રણે દેરીઓ સળંગ છે). આની પછી લૂણવસહિની હસ્તિશાળા ( હાથીપોળ ) આવે છે.

## હસ્તિશાલા.

હસ્તિશાલાની વચ્ચેના ખંડમાં મૂલનાયકશ્રી આદીશ્વર ભગવાનની પરિકરવાળી ભવ્ય અને મોટી મૂર્ત્તિ એક બિરાજમાન છે, તેમની સન્મુખ શ્યામવર્ણના આરસમાં અથવા કસોટીના પથ્થરમાં સુંદર નકશીથી યુક્ત મેરૂપર્વતની રચના તરીકે ત્રણ માળના ચૌમુખજી છે. તેના ત્રણે માળમાં એજ પાષાણના શ્યામવર્ણના ચૌમુખજી છે. પહેલા માળમાં ચાર કાઉસગીઆ છે, બીજા અને ત્રીજા માળમાં ભગવાનની મૂર્ત્તિઓ આઠ છે, કુલ મૂર્ત્તિઓ બાર શ્યામવર્ણી અને પરિકરવાળી છે.

છેલ્લા ખંડમાં (દિવાલ પાસે) બન્ને બાજુએ થઇને પરિકરવાળી મૂર્ત્તિઓ બે છે અને એક મૂર્ત્તિનું પબાસન ખાલી છે.

હસ્તિશાળાની અંદરના તે ચૌમુખજીની બન્ને બાજુએ પાંચ પાંચ ખંડોમાં થઇને, સફેદ આરસના, અત્યંત સુંદર કારીગરીવાળા, દંતૂશળ–ઝુલ–પાલખી અને અનેક આભૂષણોથી યુક્ત દશ મોટા હાથીઓ બનેલા છે. તે હાથીઓ ઉપર કોઈ બેઠેલું નથી. ‡ પરંતુ તે દરેક હાથીની પછવાડે દિવાલ પાસે નીચે પ્રમાણે ઉભી મોટી મૂર્ત્તિઓ છે.

‡ દરેક હાથી ઉપર, જેને માટે તે કરાવવામાં આવ્યા છે તેનાં નામો લખેલાં છે. સંભવ છે કે આ બન્ને મંદિરોનો મુસલમાન બાદશાહે ભંગ કર્યો, ત્યારે તે હાથીઓ ઉપરની બધી મૂર્ત્તિઓ તેણે ખંડિત કરી નાંખી હોય. કેટલાક હાથીઓનાં પુંછડાં, કેટલાકનાં કાનો અને એક હાથીની સુંઢ પણ ખંડિત કરી થએલી છે કે જે બધું પાછળથી નવું કરાવવામાં આવ્યું હશે એમ લાગે છે. નવ ખંડ સુધીમાં હાથી ઉપર જે પુરૂષનું નામ છે એજ નામ તેની પાછલના ગોખલામાં રહેલ પુરૂષની ઉભી મૂર્ત્તિ ઉપર પણ છે, ફક્ત દશમા ખંડમાં ફરક છે. દશમા ખંડના હાથી ઉપર **महं लावण्यसिंह** (તેજપાલ–અનુપમદેવીના પુત્ર) નું નામ છે, જ્યારે એજ ખંડમાં એની પાછલ તેમના ભાઇ **महं सुहडसिंह** (તેજપાલ–સુહડાદેવીના પુત્ર) ની મૂર્ત્તિ છે. હસ્તિશાલામાંની ગૃહસ્થોની તે બધી મૂર્ત્તિઓના હાથમાં ફુલની માળા, ચંદનની વાડકી અને ફલ વિગેરે પૂજાની સામગ્રી છે.

ખંડ પહેલો—

૧ आचार्य उदयप्रभ ( આચાર્ય વિજયસેનના શિષ્ય ).

૨ आचार्य विजयसेन ( આચાર્ય ઉદયપ્રભના ગુરૂ અને મહામંત્રીશ્રી વસ્તુપાલ તેજપાલના ગુરૂ. આ મંદિરની પ્રતિષ્ઠા કરનાર ).

૩ महं० श्रीचंडप ( મંત્રી વસ્તુપાલ તેજપાલના દાદાના દાદા.)

૪ महं० श्रीचांपलदेवि ( મં. ચંડપની પત્ની ).

ખંડ બીજો—

૧ महं श्रीचंडप्रसाद ( મં. શ્રી ચંડપનો પુત્ર ).

૨ महं श्रीचांपलदेवि ( મં. શ્રી ચંડપ્રસાદની પત્ની ).

ખંડ ત્રીજો—

૧ महं श्रीसोम ( મં. શ્રી ચંડપ્રસાદનો પુત્ર ).

૨ महं श्रीसीतादेवि ( મં. શ્રી સોમની પત્ની ).

આ સીતાદેવીની મૂર્ત્તિની નીચે એજ પથ્થરમાં એક નાની મૂર્ત્તિ કોતરેલી છે તેની નીચે महं श्री आसण આ પ્રમાણે નામ લખેલું છે.

ખંડ ચોથો—

૧ महं श्रीआसराज ( અશ્વરાજ) (મં. શ્રી સોમનો પુત્ર).

૨ महं श्रीकुमरादेवि (કુમારદેવી) (મ. શ્રીઆસરાજની પત્ની).

ખંડ પાંચમો—

૧ महं श्रीलूणगः ( લૂણિગ ) ( મ. શ્રી અશ્વરાજનો પુત્ર અને મં. વ૦ તે૦ નો મોટોભાઇ ).

२ महं श्रीलूणादेवि ( મં. લૂણિગની પત્ની ).

ખંડ છઠ્ઠો—

१ महं श्रीमालदेव ( મલ્લદેવ ) ( મં. વસ્તુપાલ તેજપાલનો બીજો ભાઇ ).

२ महं श्रीलीलादेवि ( મં. શ્રી મલ્લદેવની પહેલી સ્ત્રી ).

३ महं श्रीप्रतापदेवि ( મં. ,, બીજી સ્ત્રી ).

ખંડ સાતમો—

१ महं श्रीवस्तुपालः ॥ सूत्र वरसाकारि (મહામંત્રી વસ્તુપાલ; મં. અશ્વરાજના પુત્ર તથા લૂણિગ, મલ્લદેવ અને તેજપાલના ભાઇ. આ મૂર્ત્તિ સલાટ વરસાએ બનાવી છે. મૂર્ત્તિને માથે છત્ર બનેલું છે ).

२ महं श्रीललतादेवि ( મં. વસ્તુપાલની પહેલી સ્ત્રી ).

३ महं श्रीवेजलदेवि ( મં. ,, બીજી ,, ).

ખંડ આઠમો—

१ महं श्रीतेजपालः ॥ श्रीसूत्र वरसाकारित ( મહામંત્રી વસ્તુપાલના ભાઇ.આ મૂર્ત્તિ પણ સલાટ વરસાએ બનાવી છે).

२ महं श्रीअनुपमदेव्याः ( મહામંત્રી તેજપાલની સ્ત્રી ).

ખંડ નવમો—

१ महं श्रीजितमी ( જૈત્રસિંહ ) ( મં. વસ્તુપાલ અને લલિતાદેવીનો પુત્ર ).

२ महं श्रीजेतलदे ( મં. જૈત્રસિંહની પહેલી સ્ત્રી ).

३ महं श्रीजंमणदे ( મં. જૈત્રસિંહની બીજી સ્ત્રી ).

४ महं श्रीरूपादे ( ,, ત્રીજી ,, ).

ખંડ દશમો—

૧ **महं श्रीसुहडसीह** (મં. તેજપાલ અને સુહડાદેવીનો પુત્ર).

૨ **महं श्रीसुहडादे** ( મં. સુહડસિંહની પહેલી સ્ત્રી ).

૩ **महं श्रीसलषणादे** ( ,, બીજી ,, ).

એ પ્રમાણે હસ્તિશાલા ( હાથીપોળ )ની અંદર પરિકરવાળા કાઉસગ્ગીયા ૪, પરિકરવાળી મૂર્તિઓ ૧૧, આચાર્યોની ઉભી મૂર્તિ ૨, શ્રાવકોની ઉભી મૂર્તિઓ ૧૦, શ્રાવિકાઓની ઉભી મૂર્તિઓ ૧૫ અને સુંદર હાથીઓ ૧૦ છે. આ આખી હસ્તિશાલા મહામાત્ય તેજપાલેજ બંધાવી છે.†

દેરી નં. ૨૬ માં મૂલનાયક શ્રી (સીમંધસ્વામી) આદીશ્વર ભગવાનની પરિકરવાળી મૂર્તિ ૧ છે.

દેરી નં. ૨૭ માં મૂલનાયકશ્રી (વિહરમાન્ યુગંધર જિન) શ્રી બાહુસ્વામીની પરિકરવાળી મૂર્તિ ૧ છે.

દેરી નં. ૨૮ માં મૂલનાયક શ્રી (વિહરમાન બાહુ જિન) મહાવીરસ્વામિની પરિકરવાળી મૂર્તિ ૧ છે.

દેરી નં. ૨૯ માં મૂલનાયક શ્રી (વિહરમાન શ્રી સુબાહુ-જિન) શાશ્વતા શ્રી ઋષભ જિનની પરિકરવાળી પ્રતિમા ૧ છે.

દેરી નં. ૩૦ માં મૂલનાયક શ્રી ( શાશ્વત શ્રી ઋષભદેવ જિન ) વિહરમાન શ્રી સુબાહુ જિનની પરિકરવાળી મૂર્તિ ૧ છે.

† મંત્રી વસ્તુપાલ-તેજપાલ અને તેમના કુટુંબ માટે પૃષ્ઠ ૭૯ થી અને નોટો ૭૧ થી ૯૬ સુધી તથા આચાર્યશ્રી વિજયસેન અને ઉદયપ્રભ માટે પૃષ્ઠ ૮૭ અને નોટો ૧૨૩ થી ૧૨૬ જૂઓ.

દેરી નં. ૩૧ માં મૂલનાયકશ્રી ( શાશ્વત શ્રી વર્ધમાન જિન ) શીતલનાથની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૩૨ માં મૂલનાયકશ્રી ( શ્રી તીર્થંમર ? દેવ ) ...............ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે. ( નં. ૩૧-૩૨ ની બન્ને દેરીઓ ભેગી છે ).

દેરી નં. ૩૩માં મૂલનાયક શ્રી (પાર્શ્વનાથ) પાર્શ્વનાથજીની ફણાયુક્ત પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકરવિનાની મૂર્ત્તિઓ ૨, ( કુલ મૂ૦ ૩ ) છે.

દેરી નં. ૩૪ માં મૂલનાયક શ્રી (શાશ્વત ચંદ્રાનન દેવ) મહાવીર સ્વામીની પારકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૩૫ માં મૂલનાયકશ્રી ( શાશ્વત શ્રી વારિષેણ દેવ ) મહાવીરસ્વામી સહિત પરિકરવાળી મૂર્ત્તિ ૨ છે. ( નં. ૩૪ અને ૩૫ ની બન્ને દેરીઓ સળંગ છે ).

દેરી નં. ૩૬ માં મૂલનાયક શ્રી (આદિનાથ) આદિનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે. એક નાનું પરિકર ખાલી છે, તેમાં બિંબ નથી. બાજુમાં શ્રીપાર્શ્વનાથ ભ૦ ના પરિકરની નીચેની ગાદીનો ડાબા હાથ તરફનો ટુકડો છે, તેના ઉપર લેખ છે.

દેરી નં. ૩૭ માં મૂલનાયક શ્રી ( અજિતનાથ ) અજિતનાથ ભ૦ ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે. એક બાજુમાં પરિકરની નીચેની ગાદીનો ભાગ છે, તેના ઉપર લેખ છે.

દેરી નં. ૩૮ માં ( પબાસણ ઉપરના અને દેરીના બારસાખ ઉપરના લેખમાં મૂલનાયક શ્રી સંભવનાથ, એક બાજુએ

શ્રીઆદિનાથ અને બીજી બાજુએ શ્રીમહાવીર એ પ્રમાણે લખેલ છે.) મૂલનાયક શ્રીઆદિનાથ ભ૦ વિગેરેની પરિકરવાળી મૂર્ત્તિઓ ૩ છે.

દેરી નં. ૩૯ માં ( પબાસણ ઉપરના અને દેરીના બારસાખ ઉપરના લેખમાં મૂલનાયક શ્રીઅભિનંદન, એક બાજુએ શ્રીશાંતિનાથ અને બીજી બાજુએ શ્રીનેમિનાથ એ પ્રમાણે નામો લખેલાં છે ). મૂલનાયક શ્રીનેમિનાથ, શ્રીઅજિતનાથ અને ચંદ્રપ્રભ ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિઓ ૩ છે.

દેરી નં. ૪૦ માં મૂલનાયક શ્રી(સુમતિનાથ) શાશ્વતા શ્રીવર્ધમાન જિનની પરિકરવાળી મૂર્ત્તિ ૧, પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પંચતીર્થીના પરિકરવાળા મૂલનાયકે કરીને સહિત ચોવિશીનો પટ્ટ ૧ છે.

દેરી નં. ૪૧ માં મૂલનાયક શ્રી(પદ્મપ્રભ) મહાવીર સ્વામીની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

આની પછી દક્ષિણ દિશાના દરવાજા ઉપરનો મોટો ખંડ છે, તેમાં એક કાળા પથ્થરમાં પ્રશસ્તિનો અને એક સફેદ પથ્થરમાં આ મંદિરની વ્યવસ્થા વિગેરે સંબંધી, એમ બે મોટા શિલાલેખો એક બાજુની દિવાલ સાથે ઉભા કરેલા છે. આ શિલાલેખોમાંથી મંત્રી વસ્તુપાલ–તેજપાલના ચરિત્ર સંબંધી અને આ મંદિરો સંબંધી ઘણું જાણવાનું મળે છે. તે બન્ને શિલાલેખો છપાઈ ગયા છે. તે શિલાલેખોની સામેની બાજુમાં જિન–માતાની ચોવિશીનો એક અધુરો પટ્ટ છે.

દેરી નં. ૪૨ માં મૂલનાયક શ્રી(સુપાર્શ્વનાથ) પ્રદ્મપ્રભ ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૧, ( કુલ મૂ૦ ૨ ) છે.

દેરી નં. ૪૩ માં મૂલનાયક શ્રી...........ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૪૪ માં મૂલનાયક શ્રી(સુવિધિનાથ) સુમતિનાથ ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ અને પરિકર વિનાની મૂર્ત્તિ ૧, ( કુલ મૂ૦ ૨ ) છે.

દેરી નં. ૪૫ માં મૂલનાયક શ્રી(શીતલનાથ) અરનાથ ભ૦ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૪૬ માં મૂલનાયક શ્રી(શ્રેયાંસનાથ) શ્રીમહાવીર સ્વામીની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૪૭ માં મૂલનાયક શ્રી(વાસુપૂજ્ય)...........ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૪૮ માં મૂલનાયક શ્રી(વિમલનાથ)...........ની પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે.

મૂલગભારાની પછવાડે ( બહારની બાજુમાં ) ત્રણે બાજુની ભીંતોમાં અકકેક ગોખલો છે, તે પ્રત્યેક ગોખલામાં ભગવાનની અકકેક મૂર્ત્તિ છે.

લૂણવસહિમંદિરના દક્ષિણ તરફના પ્રવેશ કરવાના મોટા દરવાજાની બહાર, દરવાજાની બન્ને બાજુએ ગોખલામાં શ્રી અંબિકા દેવીની મૂર્ત્તિ ૧, તથા યક્ષની મૂર્ત્તિ ૧ છે.

## આ મંદિરમાંની કુલ મૂર્ત્તિઓ.

પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિઓ ૪.
સાદા પરિકરવાળી મૂર્ત્તિઓ ૭૨.
પરિકર વિનાની મૂર્ત્તિઓ ૩૦
કાઉસગ્ગીઆ ૬.
ત્રણ ચોવિશીનો પટ્ટ ૧, ( નવ ચોકીઓમાં ).
એક ચોવિશીના પટ્ટ ૩.
જિન-માતૃ ચોવિશીનો પટ્ટ ૧ સંપૂર્ણ અને પટ્ટ ૧ અપૂર્ણ.
અશ્વાવબોધ તીર્થ અને સમળી વિહાર તીર્થનો પટ્ટ ૧, ( દેરી નં. ૧૯ માં ).
આચાર્ય મહારાજની મૂર્ત્તિઓ ૨, ( હસ્તિશાલામાં ).
શ્રાવકની મૂર્ત્તિઓ ૧૦ „
શ્રાવિકાની મૂર્ત્તિઓ ૧૫ „
યક્ષની મૂર્ત્તિઓ ૨, ( એક ગૂઢમંડપમાં અને એક દરવાજા બહાર ).
અંબિકા દેવીની મૂર્ત્તિઓ ૨, ( એક દેરી નં. ૨૪ માં અને એક દરવાજા બહાર ).
શ્રી રાજીમતીની મૂર્ત્તિ ૧, ( ગૂઢમંડપમાં ).
ત્રણ ચૌમુખજી સહિત મેરૂ પર્વતની રચના ૧.
ચોવિશીમાંથી છુટી પડી ગએલી ભગવાન્‌ની નાની મૂર્ત્તિઓ ૨.
મૂલનાયકજી વિનાનું ચારતીર્થીનું પરિકર ૧.

ખાલી પરિકર ૨.

શ્રાવક-શ્રાવિકાનાં યુગલ ( જોડેલાં ) ૩ ખંડિત.

આરસના સુંદર કોરણીવાળા હાથીઓ ૧૦.

## બાવોની રચના.

(૧-૨) લૂણવસહિના ગૂઢમંડપના મુખ્ય દરવાજાની બહાર ( નવચોકીઓમાં ) સામે દરવાજાની બન્ને બાજુએ બે મોટા ગોખલા + અત્યંત મનોહર, ઉપમા વિનાની નકશીવાળા છે. તે દેરાણી-જેઠાણીના ગોખલા તરીકે લોકોમાં પ્રસિદ્ધ છે. પરંતુ ખરી રીતે તે દેરાણી-જેઠાણીના બંધાવેલા નથી. પરંતુ આ મંદિર બંધાવનાર (વસ્તુપાલના ભાઇ) તેજપાલે પોતાની બીજી સ્ત્રી સુહડાદેવીના પુણ્યાર્થે કરાવ્યા છે, અને તેની પ્રતિષ્ઠા પાછળથી વિ. સં. ૧૨૯૭ ના વૈશાખ સુદિ ૪ ને ગુરૂવારે કરાવી છે. બન્ને ગોખલા ઉપર લેખ[૧૫૨] છે. આ બન્ને ગોખલા બહુ ઝીણી અને અપૂર્વ કોતરણીવાળા છે, તેની કોતરણીમાં કોઇ કોઇ ઠેકાણે ભગવાનની, સાધુઓની, મનુષ્યોની અને પશુ-પક્ષીઓની બહુજ નાની નાની મૂર્ત્તિઓ કોતરેલી છે. ખરેખર હિંદુસ્તાનની પ્રાચીન શિલ્પકલાનો નમુનો છે. આ બન્ને ગોખલાને માથે લક્ષ્મીદેવીની સુંદર એકેક મૂર્ત્તિ કોતરેલી છે.

( ૩ ) નવચોકીમાં એક બાજુ ત્રણ ચોવિશીનો એક મોટો પટ્ટ છે. તે પટ્ટવાળા ખત્તક ( ગોખલા )ના છજ્જા ઉપર લક્ષ્મીદેવીની એક સુંદર મૂર્ત્તિ કોતરેલી છે.

( ૪ ) નવચોકીના જમણા હાથ તરફના ત્રીજા ગુમ્મજના ચારે ખુણામાં બન્ને બાજુએ હાથી સહિત સુંદર આકૃતિ વાળી ચાર દેવીઓ છે, અને તે દરેક દેવીની વચ્ચે ચારે દિશામાં ભગવાન્‌ની છ છ મૂર્ત્તિઓ છે, એટલે ચારે તરફ થઈને એક ચોવિશી છે.

( ૫ ) નવચોકી પછીના રંગમંડપના વચલા મોટા ગુમ્મજમાં વિમલવસહિની જેમ, દરેક સ્તંભને માથે જુદાં જુદાં વાહનો અને આયુધોવાળી સોળ વિદ્યાદેવીઓની+ બહુજ સુંદર આકૃતિવાળી ઉભી મૂર્ત્તિઓ છે.

( ૬ ) તે સોળ વિદ્યાદેવીઓની નીચેની સોળ નાટકણીઓની લાઈનમાં જ એક આખી પંક્તિમાં થઈને ત્રણ ચોવિશી ( ભગવાન્‌ની ૭૨ મૂર્ત્તિઓ ) કોતરેલી છે.

( ૭ ) તેનીજ નીચેની એક કિનારી ઉપર આખી લાઇનમાં થઈને આચાર્ય મહારાજ (સાધુ)ની ૬૦ મૂર્ત્તિઓ કોતરેલી છે.

( ૮ ) રંગમંડપના વચલા મોટા મંડપના પહેલાના બન્ને ખુણામાં માથે સુંદર આકૃતિવાળી ઇંદ્રોની મૂર્ત્તિઓ કોતરેલી જણાય છે.

( ૯ ) રંગમંડપના જમણા હાથ તરફના સુંદર નકશીવાળા બે સ્તંભોમાં ભગવાન્‌ની ચોવિશ ચોવિશ મૂર્ત્તિઓ કોતરેલી છે.

---

+ સોળ વિદ્યાદેવીઓનાં નામો માટે આ બુકના પાના ૪૪ ની નોટ જુઓ.

( ૧૦ ) રંગમંડપ અને જગતી ( ભમતી ) ની વચ્ચે પશ્ચિમ તરફની છતના ત્રણ ખંડમાંથી વચલા ખંડને છોડીને બન્ને બાજુના ખંડમાં પશ્ચિમ તરફની લાઈનમાં વચ્ચે વચ્ચે અંબાજીની મૂર્ત્તિ કોતરેલી છે.

( ૧૧ ) રંગમંડપ અને જમણા હાથ તરફની ભમતીની વચ્ચેના જમણા હાથ તરફના પહેલા ખંડના બીજા ( વચલા ) ગુમ્મજમાં **શ્રીકૃષ્ણ જન્મ**નો ભાવ છે † તેમાં ત્રણ ગઢ અને બાર દરવાજાવાળા મહેલની અંદર વચ્ચે દેવકી માતા પલંગ પર સુતેલાં છે, શ્રીકૃષ્ણનો જન્મ થયો છે, માતાની બગલમાં બાલક સુતેલ છે, પાસે એક સ્ત્રી પંખો કરી રહી છે, એક દાસી પાસે બેઠી છે, બધા દરવાજાનાં કમાડ બંધ છે. બધા દરવાજા પાસે અને ત્રણે ગઢમાં હાથીઓ દેવીઓ–સૈનિકો–અને સંગીતનાં પાત્રો વિગેરે બહુ સુંદર રીતે કોતરેલું છે.

( ૧૨ ) તેની પાસેના જ ત્રીજા ગુમ્મજમાં ગુમ્મજની નીચે બન્ને બાજુએ સામસામા નીચે પ્રમાણે **શ્રીકૃષ્ણ–ગોકુલ**નો ભાવ છે. § તેમાં પ્રારંભમાં એક ઝાડ છે, તેની ડાળીએ

† આ બુકના પાના ૬૨ ની નોટ ઉપરથી વાચકોના સમજવામાં આવી જ ગયું હશે કેઃ—શ્રીકૃષ્ણના જન્મ સમયે વસુદેવના મહેલ ઉપર કંસે પહેરો મુકયો હતો. એજ કારણથી બધા દરવાજાના કમાડ બંધ છે અને બધા દરવાજાની આસપાસ હાથીઓ અને સૈનિકો વિગેરે છે.

§ ઉપર લખ્યા પ્રમાણે વસુદેવના મહેલ ઉપર કંસનો પહેરો

બાંધેલી ઝોળીમાં શ્રીકૃષ્ણ ( બાલક ) સુતેલા છે, ઝાડ નીચે

હોવા છતાં, દેવકીના અત્યંત આગ્રહથી વસુદેવ, કૃષ્ણને છુપી રીતે લઇ જઇને ગોકુલમાં નંદ અને તેની સ્ત્રી યશોદાને પુત્રપણે રક્ષણ કરવા માટે સોંપી આવ્યા. નંદ અને યશોદાના રક્ષણ નીચે ગોકુલમાં શ્રીકૃષ્ણ પોતાની બાલ્યાવસ્થા વ્યતીત કરે છે, તેનો આ ભાવ છે. શ્રીકૃષ્ણની ઝોળી બાંધેલી છે, તે ઝાડ નીચે બે માણસો બેઠાં છે, તે કદાચ નંદ–યશોદા હોય અથવા બીજા ગોવાળીયા હોય. એક નાનો અને એક મોટો ગોવાળીયો લાકડી ઉભી રાખીને ઉભા છે તે કદાચ અનુક્રમે કૃષ્ણ અને બલભદ્ર (રામ) હોય અથવા તો બીજા ગોવાળીયા હોય. પહેલાં વસુદેવે દેશાટન સમયે સૂર્પક નામના વિદ્યાધરને લડાઇમાં મારી નાંખ્યો હતો. તેનો બદલો લેવા માટે તેની શકુની અને પૂતના નામની બે પુત્રીઓ વસુદેવને કાંઇ નહિં કરી શકવાથી ગોકુલમાં આવી, અને શ્રીકૃષ્ણને મારી નાંખવા માટે એકે ગાડી નીચે કૃષ્ણને લાવીને દબાવ્યા અને બીજીએ પોતાના સ્તન ઉપર ઝેર લગાવીને કૃષ્ણના મુખમાં મુકયું, (જૈન માન્યતા પ્રમાણે) કૃષ્ણના સહાયકદેવોએ ( હિંદુમાન્યતા પ્રમાણે શ્રીકૃષ્ણે પોતેજ ) તે ગાડી વડે કરીનેજ તે બન્ને વિદ્યાધરીઓને મારી નાંખી.

વળી કોઇ દિવસે તે સૂર્પક વિદ્યાધરનો પુત્ર પોતાના પિતાનું વેર લેવા માટે શ્રીકૃષ્ણને મારી નાંખવા ગોકુલમાં આવ્યો અને ત્યાં રહેલા અર્જુન નામના બે વૃક્ષોની વચ્ચે શ્રીકૃષ્ણને લાવીને મારી નાંખવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેટલામાં ( જૈન માન્યતા પ્રમાણે ) કૃષ્ણના સહાયક દેવોએ ( હિંદુ માન્યતા પ્રમાણે શ્રીકૃષ્ણે પોતે ) તે બન્ને વૃક્ષોને પોતાની બાથમાં લઇ ઉખેડી નાંખીને તે વૃક્ષો વડે કરીનેજ તે વિદ્યાધરને મારી નાંખ્યો.

બે માણસો બેઠાં છે, પાસે એક નાનો ગોવાળીઓ પોતાના માથા પછવાડે લાકડીને ત્રાંસી ઉભી રાખીને ઉભો છે. ઊંચે અભરાઇ ઉપર ઘી—દુધ–દહીંના પાંચ દોણાં છે. પાસે મોટો ગોવાળીઓ ગાંઠોવાળી અને સુંદર ડાંગ ( લાકડી ) ત્રાંસી ઉભી રાખીને તેના ટેકાથી ઉભો છે, પાસે પશુઓ ચરે છે, પાસે બે સ્ત્રિઓ છાશ વલોવી રહી છે, તેની પાસે દેવકી અથવા જશોદા શ્રીકૃષ્ણને ખોળામાં લઇને બેઠેલી છે, તેની પાસે બે ઝાડ ઉપર પારણું બાંધેલું છે, તેમાંથી શ્રીકૃષ્ણ કુદીને બહાર પડવા પ્રયત્ન કરે છે, તેની પાસે એક નીચે નમેલો હાથી ઉભો છે, તેને શ્રીકૃષ્ણ થપ્પડ–મુઠ્ઠીથી પ્રહાર કરી રહ્યા છે, તેની પાસે શ્રીકૃષ્ણ બન્ને બાજુના ઝાડોને બાથમાં લઈને ઉભા છે. સામેની બાજુમાં પ્રારંભમાં રાજાનો મહેલ છે, તેની અંદર અને દરવાજામાં માણસો છે, મહેલની બહાર અશ્વશાલા

---

એક વખતે કંસે શ્રીકૃષ્ણને મારી નાંખવા માટે પોતાના પદ્મોત્તર નામના હસ્તિરત્નને શ્રીકૃષ્ણની સામે છોડી મુકયો હતો. હાથી વાંકો વળીને કૃષ્ણને મારવા જાય છે તેટલામાં શ્રીકૃષ્ણે તેના દંતૂશલ ખેંચી લઇને મુઠ્ઠીના પ્રહારો વડે કરીને તેને મારી નાંખ્યો.

એવી રીતે ગોકુલ, ગોવાલીયાનું ઘર, પશુઓનું ચરવું અને શ્રીકૃષ્ણની બાલ્યાવસ્થાની ક્રિડાઓ વિગેરેનો દેખાવ બહુજ મનોહર રીતે આમાં કોતરેલો છે.

સામેની બાજુમાં રાજા, રાજમહેલ, હસ્તિશાલા, અશ્વશાલા અને માણસો વિગેરે છે, તે ઘણું કરીને વસુદેવનો અથવા કંસનો રાજમહેલ હશે.

અને તેની પછી હસ્તિશાલા છે, એક ખુણામાં રાજા સિંહાસન ઉપર બેઠેલ છે, તેના ઉપર છત્ર છે, પાસે હજુરીઆ અને અંગ રક્ષકો છે.

( ૧૩ ) ગૂઢમંડપના જમણા હાથ તરફના દરવાજાની બહારની ચોકીના બન્ને સ્તંભો ઉપર ભગવાનની છ છ મૂર્ત્તિઓ કોતરેલી છે.

( ૧૪ ) લૂણવસહિ મંદિરના પશ્ચિમ તરફના મુખ્ય દરવાજાના ત્રીજા ગુમ્મજના કીનારી ઉપરના બન્ને સ્તંભોમાં ભગવાનની આઠ આઠ મૂર્ત્તિઓ કોતરેલી છે.

( ૧૫ ) એજ મુખ્ય દરવાજાના ત્રીજા ગુમ્મજની નીચેની લાઇનમાં બન્ને બાજુએ અંબિકા દેવીની એકેક મૂર્ત્તિ કોતરેલી છે.

( ૧૬ ) દેરી નં. ૧ ના પહેલા ગુમ્મજમાં અંબિકા દેવીની મૂર્ત્તિ કોતરેલી જણાય છે.

( ૧૭ ) દેરી નં. ૯ ( મૂલનાયક શ્રી નેમિનાથજી ) ના બીજા ગુમ્મજમાં **દ્વારિકા નગરી અને સમવસરણ**નો ભાવ જણાય છે.† તેમાં બરાબર વચ્ચે ત્રણ ગઢવાળું સમવસરણ છે,

† આ દેરીમાં મૂલનાયક શ્રીનેમિનાથ ભગવાન છે તેથી આ તેમના સંબંધનોજ ભાવ હોવો જોઇએ. એટલે દ્વારિકા નગરી, ગિરિનાર પર્વત અને સમવસરણનો ભાવ હોય તેમ જણાય છે. ગુમ્મજની વચ્ચેના ભાગમાં ત્રણ ગઢ વાળું સમવસરણ છે તેમાં શ્રી નેમિ-

તેની વચ્ચે ભગવાનની મૂર્ત્તિ સહિત દેરી છે, સમવસરણની એક બાજુએ એક લાઇનમાં સાધુઓની ૧૨ મોટી અને ૨ નાની મૂર્ત્તિઓ ઉભેલી કોતરી છે, બીજી તરફ એક લાઈનમાં શ્રાવકો અને બીજી લાઇનમાં શ્રાવિકાઓ હાથ જોડીને બેઠેલ છે, (દરેક સાધુઓના એક હાથમાં દાંડા, બીજા હાથમાં મુહપત્તિ અને

નાથ ભ. સમોસર્યા (પધાર્યા) હોય તે વખતે સાધુ-સાધ્વીઓ અને શ્રાવક–શ્રાવિકાઓ વિગેરે ભગવાનનાં દર્શન નિમિત્ત સમવસરણ તરફ જઇ રહ્યાં હોય તેવો દેખાવ છે.

તે ગુમ્મજના એક તરફના ખુણામાં સમુદ્ર, ખાડી, તેમાં જલચર જીવો, કીનારા ઉપર વહાણો, કિનારાની આસપાસ જંગલ અને તે જંગલની અંદર મંદિર વિગેરે છે. આ બધો દ્વારિકા નગરીના બંદરનો દેખાવ હોય તેમ લાગે છે.

એજ ગુમ્મજના બીજી તરફના ખુણામાં એક પર્વત ઉપર શિખરબંધી ચાર મંદિરો તેની આસપાસ નાની નાની દેરીઓ, વૃક્ષો વિગેરે છે તથા મંદિરની બહાર ભગવાન કાઉસગ્ગધ્યાને ઉભા છે. આ ગિરિનાર પર્વતનો ભાવ હશે અને કાઉસગ્ગધ્યાને ઉભેલા છે તે શ્રી નેમિનાથ ભ૦ હશે એમ લાગે છે, અને સાધુઓ, શ્રાવકો હાથી, ઘોડા, વાજીત્ર, સંગીત, નાટક અને બધું સૈન્ય મંદિર તરફ અથવા સમવસરણ તરફ જાય છે, તે શ્રીકૃષ્ણ ઠાઠમાઠથી સવારી સાથે શ્રીનેમિનાથ ભ૦ને વંદન કરવા જતા હોય તેમ લાગે છે. પહેલાં દ્વારિકા નગરી ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી હતી, તેથી દ્વારિકા નગરી અને ગિરિનાર પર્વત પાસે પાસે હોવાનું સંભવી શકે છે.

બગલમાં ઓઘા છે, ઢીંચણુથી નીચા પીંડી સુધી કપડા પહેરેલા છે, જમણો હાથ ઉઘાડો છે, ખભે કામળ નથી. )

ગુમ્મજના એક ખુણામાં એક ચોકડીમાં સમુદ્રનો દેખાવ કર્યો છે. તે સમુદ્રમાંથી ખાડી અથવા નદીનું નાળુ નીકલ્યું છે, તે બન્નેમાં જલચર જીવો છે, સમુદ્રની આસપાસ કિનારાના જંગલનો દેખાવ છે, તે જંગલના એક ખુણામાં એક મંદિર અને ભગવાન્‌ની મૂર્ત્તિ સહિત એક દેરી છે, નદી (ખાડી) ના બન્ને કિનારા ઉપર બે બે વહાણુ છે, આ બધો દ્વારિકા નગરીના બંદરનો દેખાવ લાગે છે.

ગુમ્મજના બીજા ખુણામાં ગિરિનાર પર્વત ઉપરનાં મંદિરોનો દેખાવ છે, શિખરબંધી ચાર મંદિરો છે, મંદિરની બહાર ભગવાન્ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભા છે. તે મંદિરોની આસપાસ બીજી નાની દેરીઓ અને વૃક્ષો વિગેરે છે, મંદિરો પાસેની ત્રણે લાઇનોમાંની વચલી લાઈનમાં શ્રાવકો પૂજાની સામગ્રી–કલશ, પુલની માળા, ધુપધાણું, ચામર વિગેરે હાથમાં લઈને સમવસરણુ તરફ જાય છે; તેની આગળ છ સાધુઓ પણ છે, જેમના હાથમાં ઓઘા–મુહપત્તિ ઉપરાંત એકના હાથમાં તરપણી અને એકના હાથમાં દાંડો છે, બાકીની બધી લાઇનોમાં હાથી, ઘોડા, પાલખી, નાટક, વાજીંત્ર, પાયદલ સેના તથા મનુષ્યો વિગેરે છે અને તે બધા મંદિર તરફ અથવા સમવસરણુ તરફ ભગવાન્‌નાં દર્શન માટે જઇ રહ્યા હોય તેવો દેખાવ અત્યંત સુંદર રીતે કોતરેલો છે.

(૧૮) દેરી નં. ૧૦ અને ૧૧ ના **પહેલા ગુમ્મજોમાં** હંસવાહનવાળી દેવીની સુંદર અકકેક મૂર્ત્તિ છે.

(૧૯) દેરી નં. ૧૧ ના બીજા ગુમ્મજમાં **શ્રીઅરિષ્ટનેમિકુમારની જાન** વિગેરેનો ભાવ છે. † તેમાં સાત લાઇનો

† આ ભાવ બધો સ્પષ્ટ જ છે. શ્રી અરિષ્ટનેમિકુમાર શ્રી કૃષ્ણ સાથે દ્વારિકામાં રહે છે, પછી શ્રી કૃષ્ણને તથા જરાસંધ પ્રતિવાસુદેવને લડાઇ થાય છે. શ્રી નેમિકુમાર પણ તેમાં સામિલ છે. શ્રી કૃષ્ણ તેમાં જય પામે છે, જરાસંધને મારીને પોતે ત્રણ ખંડના સ્વામી થાય છે. શ્રી નેમિનાથ સંસારથી ઉદાસીન ભાવવાળા હોવાથી પાણિગ્રહણ કરતા નહોતા, પરંતુ પોતાના માતાપિતા તથા શ્રી કૃષ્ણ વિગેરેનો અત્યંત આગ્રહ થતાં ભગવાન્ મૌન રહેવાથી પાણિગ્રહણ સ્વીકાર્યું એમ માની શ્રી કૃષ્ણે ઉગ્રસેન રાજાની પુત્રી રાજીમતી સાથે શ્રી નેમિનાથનું સગપણ કરી એકદમ વિવાહની તૈયારી કરી. શ્રી નેમિનાથ વરઘોડે ચડી જાન લઇને પોતાના સાસરાના મહેલના દરવાજા પાસે પહોંચ્યા છે. મહેલના ઉપરના ભાગમાં સખીઓ સાથે ઉભેલી રાજીમતી પોતાના સ્વામીની આવતી જાનને જોઇ રહી છે. એટલામાં શ્રી નેમિનાથે એક મોટા પશુવાડાને જોયો. તપાસ કરતાં તે હજારો પશુઓને પોતાના લગ્ન પ્રસંગના ભોજન માટે એકઠાં કરેલાં છે, એમ જાણવામાં આવતાં "એક જીવના આનંદને માટે હજારો જીવોનો આનંદ લુંટાઇ જાય એવાં લગ્નથી સર્યું" એમ વિચારીને પશુઓને છોડી દેવાની આજ્ઞા કરી, રથ પાછો ફેરવી પોતાને મહેલ પાછા આવીને માતાપિતાને સમજાવી આજ્ઞા મેળવીને દીક્ષા લેવાને માટે વરસી (વાર્ષિક) દાન આપવું શરૂ કર્યું. હમેશાં એક ક્રોડ અને આઠ

છે. તેમાં પહેલી લાઈનમાં હાથી–ઘોડા અને આગળ નાટક છે. બીજી લાઈનમાં શ્રીકૃષ્ણ અને જરાસંધનું (વાસુદેવ–પ્રતિવાસુદેવનું કે જે શંખેશ્વરજીની આસપાસમાં થયું હતું) યુદ્ધ ચાલે છે, તેમાં એક રથમાં શ્રીનેમિકુમાર પણ બેઠેલ છે. ત્રીજી લાઇનમાં શ્રીનેમિકુમારની જાન છે. ચોથી લાઇનના પ્રારંભમાં ઉગ્રસેન રાજાનો મહેલ છે, મહેલની છેક ઉપર રાજીમતી અને તેની બે સખીઓ ઉભી છે, મહેલના દરવાજામાં દ્વારપાલ ઉભો છે, દરવાજાની પાસે અશ્વશાલા છે તેમાં બે ઘોડાના મોંઢામાં હાથ નાંખીને તેના રક્ષકો ખવરાવી રહ્યા છે અને બે ઘોડા જમીન ઉપર નીચી ગરદન કરીને ચરે છે, તેની પછી હસ્તિશાલા છે, પછી ચોરી બાંધેલી છે, તેની આસપાસ સ્ત્રી–પુરૂષો ઉભાં છે, ત્યાર પછી પશુવાડો છે, અને પછી શ્રીનેમિ-

---

લાખ સોનામહોરનું દાન આપતા હતા. એ પ્રમાણે એક વરસ સુધી દાન આપી અન્તમાં દીક્ષા લેવા માટે ધુમધામથી વરઘોડા સાથે ગિરિનાર પર્વત ઉપર જઇ ભગવાને પોતાના હાથે જ પંચ મુષ્ટિ લોચ કરીને દીક્ષા લીધી. ત્યાર પછી ૫૪ દિવસો ગયા બાદ ભગવાનને અહિં ગિરિનાર પર્વત ઉપર જ કેવલજ્ઞાન થયું. પછી ઘણાં વર્ષો સુધી ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ આપીને આયુષ્ય પૂર્ણ થવાના સમયે ભગવાન્ ગિરિનાર પર્વત ઉપર સમોસર્યા. ઉત્તમ પ્રકારના ધ્યાનના યોગે સર્વ પ્રકારના કર્મોનો ક્ષય કરીને અહિંથી તેઓ મોક્ષે પહોંચ્યા–સંસારથી મુક્ત થઇ અનંત સુખને પામ્યા. વિશેષ માટે જૂઓ આ બુકના પાના ૫૬ ની નોટ તથા ત્રિષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૮ સર્ગ ૫, ૯, ૧૦, ૧૧ અને ૧૨.

કુમારનો રથ છે. છઠ્ઠી લાઇનમાં પ્રથમ અશ્વશાલા છે, પછી હસ્તિશાલા છે, પછી શ્રીનેમિકુમાર સિંહાસન ઉપર બેઠા છે, પાસે દ્રવ્યનો ઢગલો પડ્યો છે, શ્રી નેમિકુમાર વાર્ષિકદાન આપી રહ્યા છે, અને પછી તેઓ વરઘોડા સાથે દીક્ષા લેવા જાય છે. સાતમી લાઇનના પ્રારંભમાં ભગવાન્ લોચ કરે છે, પછી હાથી–ઘોડા–પાયદલ સૈન્ય વિગેરે છે, તે ભગવાન્‌ની દીક્ષાનો વરઘોડો હશે. પાંચમી લાઇનમાં ભગવાન્‌ને વાંદવા જતી સવારી છે, કેમકે તે લાઇનને છેડે ભગવાન્ કાઉસ્સગ્ગ ધ્યાનમા ઉભા છે.

(૨૦) દેરી નં. ૧૪ (મૂલનાયકશ્રી (શાંતિનાથ) હાલ સુપાર્શ્વનાથ ભગવાન્)ના બીજા ગુમ્મજમાં આઠ લાઈનોમાં કોતરેલો સુંદર ભાવ છે ‡ તેમાં પહેલી લાઇનમાં રાજાની હસ્તિશાલા, પછી અશ્વશાલા, પછી રાજાનો મહેલ છે; તેની બહાર રાજા સિંહાસન ઉપર બેઠેલ છે, તેમના ઉપર એક જણે

‡ આ દેરીમાં પહેલાં શ્રી શાંતિનાથ ભગવાન્ મૂલનાયક હતા, એટલે તેમના ચરિત્ર સંબંધીનો આ ભાવ હોવો જોઇએ. પણ આ ભાવ કયા પ્રસંગને લઇને આલેખવામાં આવ્યો છે, તે બરાબર સમજવામાં આવ્યું નથી. ૧૪ સ્વપ્નો પુરાં નથી તેમજ ચક્રવર્ત્તિનાં ૧૪ રત્નો કે અષ્ટમાંગલિક પણ પુરા નથી. હાથી ને ઘોડા ઉપર બેઠેલ ચન્દ્ર ને સૂર્ય; ઝાડ, પુષ્પમાળા, ખાલી સિંહાસનો વિગેરે શા માટે હશે તે સમજાતું નથી. કદાચ શાંતિનાથ ભગવાન્‌ના પૂર્વ ભવના અથવા ચક્રવર્ત્તિપણાના કોઇ પ્રસંગનો આ ભાવ ચિતરવામાં આવ્યો હોય.

છત્ર ધારણ કર્યું છે, એક જણ પંખો નાંખે છે, ત્યાર પછી સૈનિકો–હાથી–ઘોડા વિગેરે છે. ત્રીજી લાઇનમાં વચ્ચે, હસ્તિનો અભિષેક અને નવનિધિ સહિત લક્ષ્મી દેવી છે, તેની એક તરફ માચી ઉપર રત્નનો ઢગલો અથવા ઘોડાને ખાવાનું છે, પાસે સાત મુખવાળો સૂર્યનો ઘોડો છે, ઘોડા ઉપર સૂર્ય બેઠેલ છે, તે ઘોડાની પડખે ફુલની માળા છે, તેની પાસે એક ઝાડ છે, તેની બન્ને બાજુએ બે આસનો ગોઠવેલાં ખાલી છે. હવે એજ લક્ષ્મીદેવીની બીજી બાજુએ એક સુંદર હાથી છે, તેના ઉપર ચંદ્ર બેઠેલ છે, તે હાથીની પાસે વિમાન અથવા મહેલ છે, તેની પાસે એક કુંભ છે, બાકીના બન્ને તરફના ભાગોમાં ગીત–વાજીત્ર–નાટક છે. બાકીની બધી લાઇનોમાં હાથી–ઘોડા–પાલખી–પાયદલ સૈન્ય–નાટક–સંગીત વિગેરે છે.

( ૨૧ ) દેરી નં. ૧૬ ના બીજા ગુમ્મજમાં સાત લાઈનોમાં કોતરેલો સુંદર ભાવ છે.† તેમાં પહેલી લાઇનમાં હાથી–

† આ દેરીમા પહેલાં શ્રી સંભવનાથ ભગવાન્ મૂલનાયક હતા અને આ ભાવની રચનામાં વચ્ચે શ્રી પાર્શ્વનાથ ભગવાનની કાઉસગ્ગ ધ્યાનમાં ઉભેલી મૂર્ત્તિ કોતરેલી છે, તેથી તે બે ભગવાનના ચરિત્રના કોઇ પણ પ્રસંગનો આ ભાવ હોવો જોઇએ. પરંતુ આ ભાવ કયા પ્રસંગનો છે તે બરાબર સ્પષ્ટ રીતે સમજવામાં આવ્યું નથી. એક હાથી પછી ઘોડો પછી હાથી સ્વાર વિનાના છે તે શા માટે ? અને મનુષ્યોનાં જોડલાં આનંદથી નાચી રહ્યાં છે તે શા માટે, તે કાંઇ સમજાયું નથી. છતાં હસ્તિકલિકુંડ તીર્થની ઉત્પ ત્તિનો

ઘોડો અને હાથી ત્યાર પછીના ભાગમાં અને બીજી લાઇનમાં

આ પ્રસંગ હોય તો તે બનવા યોગ્ય છે. તે તીર્થની ઉત્પત્તિ આ પ્રમાણે છે:—

અંગ દેશમાં ચંપા નામની એક મોટી નગરી છે. શ્રીપાર્શ્વનાથ ભ૦ ના સમયમાં ત્યાં કરકંડુ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે ચંપા નગરીની નજીકમાં કાદંબરી નામની મોટી અટવી હતી. તે અટવીમાં કલિ નામનો એક પર્વત હતો, તે પર્વતની તલાટીમાં કુંડ નામનું એક સરોવર હતું. ત્યાં હાથીઓના યૂથ ( ટોળા )નો અધિપતિ મહીધર નામનો એક હાથી રહેતો હતો. કોઇ સમયે શ્રી પાર્શ્વનાથ ભ૦ છદ્મસ્થપણામાં વિચરતા વિચરતા તે પર્વત નીચેના સરોવર પાસે આવીને કાઉસ્સગ્ગધ્યાનમાં ઉભા રહ્યા, એટલામાં તે હાથી ત્યાં આવી ચડયો. ભગવાનને જોઇને તેને જાતિસ્મરણ ( પૂર્વ જન્મોનું સ્મરણ થાય તેવું ) જ્ઞાન થયું, તેથી તે હાથી વિચારવા લાગ્યો કે:—" હું પૂર્વભવમાં હેમંધર નામનો વામન ( ઠીંગણો માણસ ) હતો. જુવાનીયાઓ મને જોઇને બહુ હસતા હતા, તેથી નીચા નમેલા ઝાડની ડાળી ઉપર ગળા ફાંસો બાંધી મરવાની તૈયારી કરતાં મને સુપ્રતિષ્ઠ નામના શ્રાવકે જોયો. તેણે કારણ પૂછવાથી મેં બધી હકીકત કીધી, તેથી તે મને સુગુરૂ પાસે લઇ ગયો. તેમણે મને જૈનધર્મની શિક્ષા આપી. મેં યાવજ્જીવ સુધી જૈનધમનું પાલન કર્યું. ત્યાંથી મૃત્યુ પામીને નિયાણું કરવાના કારણથી હું આ અટવીની અંદર હાથી થયો. તેથી આ ભગવાનની હું સેવા કરૂં, એમ વિચારીને એજ સરોવરમાંથી સુંઢ વડે સુંદર કમળો લાવી હમેશાં ભગવાનની પૂજા કરવા લાગ્યો. એવી રીતે તે હાથી હમેશાં ભગવાનનાં દર્શન અને પૂજા વડે પોતાના આત્માને કૃતાર્થ કરતો છતો આનંદપૂર્વક શ્રાવક ધર્મનું પાલન કરવા લાગ્યો. ચરપુરૂષોના મુખથી આ વાત કરકંડુ રાજાએ

પણ સ્ત્રી-પુરૂષનાં જોડલાં નાચે-કુદે છે. ચોથી લાઇનની વચ્ચે શ્રી પાર્શ્વનાથ ભ૦ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભા છે, તેમની આસપાસ શ્રાવકો હાથમાં કલશ-પુલમાળા-ધુપધાણું વિગેરે પૂજાનો સામાન લઇને ઉભા છે. બાકીની બધી લાઇનોમાં હાથીસ્વાર-ઘોડેસ્વાર-પાયદલ લશ્કર અને નાટક વિગેરેનો દેખાવ છે.

( ૨૨ ) દેરી નં. ૧૯ ( ગભારા ) ની અંદર એક બાજુની દિવાલમાં એક સુંદર પટ્ટ ગોઠવેલો છે, તે પટ્ટમાં **અશ્વાવબોધ** અને **સમળીવિહાર તીર્થ**નો બહુ સુંદર ભાવ કોતરેલો

---

જાણી, તેથી તે ભગવાનનાં દર્શન કરવા માટે એકદમ ત્યાં આવ્યો, તેટલામાં ભગવાનને ત્યાંથી વિહાર કરી ગએલા જોઇ રાજા બહુ ખેદ પામ્યો અને વિચારવા લાગ્યો કેઃ—"હું મહાપાપી છું કે જેથી મને ભગવાનનાં દર્શન પણ ન થયાં, અને આ હાથી ભાગ્યશાલી છે કે જેણે ભગવાનને પૂજ્યા." એ પ્રમાણે રાજા મનમાં અત્યંત શોક કરતો હતો, એટલામાં ધરણેન્દ્રના પ્રભાવથી નવ હાથના પ્રમાણવાળી શ્રીપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પ્રગટ થઇ, તેનાં દર્શન કરી રાજા ઘણો ખુશી થયો. પોતાના આત્માને ધન્ય માનતા રાજાએ તે મૂર્ત્તિની પૂજા-સ્તુતિ વિગેરે કર્યું, અને ત્યાંજ મંદિર બંધાવી તેમાં તે મુર્ત્તિની સ્થાપના કરી રાજા ત્યાં ત્રિકાલ પૂજા અને સંગીત આદિ કરાવવા લાગ્યો, તેથી તે **કલિકુંડ** નામે તીર્થ લોકોમાં પ્રસિદ્ધ થયું. પેલો હાથી કાળાન્તરે શુભ ભાવના પૂર્વક મૃત્યુ પામીને વ્યંતર દેવ થયો. અવધિજ્ઞાનથી પોતાના હાથીના ભવનું વૃત્તાન્ત જાણીને તે **કલિકુંડ** તીર્થનો અધિષ્ઠાયક થયો. ભગવાનના ભક્તોને સહાયતા કરવા લાગ્યો અને ચમત્કાર બતાવવા લાગ્યો, તેથી તે તીર્થનો મહીમા ઘણોજ વધ્યો.

છે. તે માટે જૂઓ પાછળ પાનું ૯૭ તથા તેની નીચે આપેલી નોટ.

(૨૩) દેરી નં. ૩૨ ના બીજા ગુમ્મજમાં જુદી જુદી ચાર દેવીઓની સુંદર મૂર્ત્તિઓ કોતરેલી છે.

(૨૪) દેરી નં. ૩૩ ના ગુમ્મજમાં કોઈ દેવની એક સુંદર મૂર્ત્તિ કોતરેલી છે.

લૂણવસહિમાં પ્રદક્ષિણા (ભમતી) માં બન્ને બાજુના બે ગભારા અને અંબાજીની દેરીને પણ સાથે ગણતાં તથા સળંગ ભેગી દેરીઓ કેટલીક છે તેને જુદી જુદી ગણતાં કુલ ૪૮ દેરીઓ અને એક વિશાલ હસ્તિશાલા છે. વચ્ચે એક ઓરડી ખાલી છે.

લૂણવસહિમાં આખા મંદિરમાં–ગૂઢમંડપ, તેની બન્ને બાજુની ચોકી, નવ ચોકી, રંગમંડપ, બધી દેરીઓના બબ્બે અને હસ્તિશાળાના મળીને કુલ ૧૪૬ ગુમ્મજ (મંડપ) છે, તેમાં ૯૩ નકશીવાળા અને ૫૩ સાદા છે. સાદા છે તે પાછળથી બન્યા હશે એમ લાગે છે.

લૂણવસહિ આખા મંદિરમાં આરસના કુલ સ્તંભો ૧૩૦ છે. તેમાં ૩૮ અત્યંત સુંદર નકશીવાળા છે અને ૯૨ સામાન્ય નકશીવાળા છે.

વિમલવસહિ અને લૂણવસહિની કોરણીમાં જીવનના પ્રસંગો અને મહાપુરૂષોનાં ચરિત્રના પ્રસંગોની રચના તે તે મંદિરના વર્ણનમાં જણા ... ેટલી જ છે, તેથી વધારે એવા
...વો નહીં હોય એ ... ત્રાની કોઈએ ઉતાવળ કરવી
...ે તો અ ... ટલા આવ્યા એટલાજ ભાવો

અહિં લખ્યા છે. બાકી મારૂં માનવું છે કે વર્ષો સુધી ત્યાં બહુ બારીકાઈથી શોધખોળ થતી રહે તો પણ હમેશાં કાંઇને કાંઇ તેમાંથી નવું જાણવાનું મલ્યાજ કરે. આ પ્રસંગે પ્રેક્ષકોને મારે જણાવવું જોઇએ કે આ બુકમાં ભાવોની રચના સંબંધી લખ્યું છે તે કરતાં કાંઇ વધારે જાણવામાં આવે તો તેઓ આ બુકના પ્રકાશકને જણાવશે તો બીજી આવૃત્તિમાં ખાત્રી કરીને તેને સ્થાન આપવામાં આવશે.

શ્રી વિમલવસહિ અને લૂણવસહિ મંદિરોની કોરણીમાં ઉપર મુજબના ભાવોની રચના ઉપરાંત હાથી, ઘોડા, ઉંટ, ગાય, બળદ, વાઘ, સિંહ, સર્પ, કાચબા, મત્સ્ય અને પક્ષિઓ વિગેરે પ્રાણીઓ તથા જાતજાતનાં ફેન્સી હાંડી, ઝુમર, વાવ, સરોવર, પુલ, ઝાડ, વેલલતા, ગીત, નાટક, સંગીત, વાજીંત્ર, લશ્કર, લડાઇઓ, મલ્લકુસ્તી, સમુદ્ર, નદી, વહાણ અને રાજા વિગેરેની સ્વારીઓ આદિની તો સંખ્યા થઇ શકે તેમ છેજ નહિં. દરવાજા, મંડપ, ગુમ્મજ, સ્તંભ, તોરણ ( મેરાબ ), દાસા, છત, બ્રાકેટ, ભીંત, બારસાખ આદિ હરકોઇ પણ સ્થળે નજર નાંખો, તમારી આંખોને આનંદ આપે તેવી કોરણી જરૂર જોવામાં આવશે. કુમાર માસિકના હિંદુધર્માનુયાયી તંત્રીનાજ શબ્દોમાં કહું તો " **વિમલશાહે** બંધાવેલું **દે**લવાડાનું એ મોટું દેવાલય **સમસ્ત ભારતવર્ષમાં શિલ્પકળાનો સર્વોત્તમ નમુનો ગણાય છે. દેલવાડાનાં દેહરાં એ કેવળ જૈન મંદિરોજ નથી. એ ગુજરાતના અમાપ ગૌરવની પ્રતિભા છે.** " બસ, આનાથી હવે વધારે કાંઇ પણ કહેવાની આવશ્યકતા રહેતી નથી.

વિમલવસહિમાં મૂલનાયક શ્રીઆદીશ્વર ભગવાન્ હોવાથી અને લૂણવસહિમાં મૂલનાયક શ્રીનેમિનાથ ભગવાન્ હોવાથી તેને અનુક્રમે શત્રુંજય તીર્થાવતાર અને ગિરિનાર તીર્થાવતાર માનવામાં આવે છે.[૧૫૩]

---

## લૂણવસહિની બહાર.

લૂણવસહિના દક્ષિણ તરફના દરવાજાની બહાર જમણા હાથ તરફ બગીચામાં દાદાસાહેબનાં પગલાંની નવી થએલી એક નાની દેરી છે.

ઉપર્યુક્ત દરવાજાની બહાર ડાબા હાથ તરફ એક મોટા ચોતરા ઉપર ઘણો ઉંચો કીર્ત્તિસ્તંભ[૧૫૪] છે. સંભવ છે કે–તે કીર્ત્તિસ્તંભ અત્યારે છે તેના કરતાં પણ પહેલાં વધારે ઊંચો હશે, પણ પાછળથી કોઇ કારણને લીધે ઉપરથી તેનો થોડો ભાગ ઉતારી લીધો હશે. કારણકે તેનો ઉપરનો છેડો અપૂર્ણ હોય તેમ લાગે છે. પૂર્ણતા જણાવનારી કોઇ નિશાની તે છેડા ઉપર જણાતી નથી.

તે કીર્ત્તિસ્તંભની નીચે એક સુરભી ( સુરહી ) નો પથ્થર[૧૫૫] છે. જેમાં ઉપર વાછરડા સહિત ગાયનું ચિત્ર અને તેની નીચે કુંભારાણાનો વિ. સં. ૧૫૦૬ નો શિલાલેખ છે. ૧૫૬ તે લેખમાં આ મંદિરો અને તેની યાત્રાએ આવતા કોઇ પણ યાત્રાળુઓ પાસેથી કોઇ પણ જાતનો કર કે વળાવું નિમિત્તે કાંઇ પણ રકમ નહિં લેવાનું કુંભારાણાનું ફરમાન છે.

---

## ગિરિનારની પાંચ ટુંકો

તે કીર્ત્તિસ્તંભ ( તીર્થસ્તંભ ) પાસે ડાબા હાથ તરફ પગથીયાં છે, તે પગથીયાંથી ઉપર ચડતાં દિગંબર જૈનોનું એક નાનું મંદિર આવે છે, ત્યાંથી થોડું ઉપર ચડવાથી ઊંચી ટેકરી ઉપર એક દેરી શ્રીઅંબિકાદેવીની મૂર્ત્તિવાળી અને ત્રણ દેરીઓ શ્રીતીર્થંકર ભગવાનની મૂર્ત્તિઓવાળી. એમ ચાર દેરીઓ આવે છે. લૂણવસહિ મંદિર, ગિરિનાર તીર્થાવતાર મનાતું હોવાથી આ મૂલમંદિરને ગિરિનારની પહેલી ટુંક માનીને તેનાથી ઉપરની ચાર ટુંકોની સ્થાપના તરીકે આ ચાર દેરીઓ બનાવવામાં આવી હોય એમ જણાય છે.

શ્રીમુનિસુંદરસૂરિ વિરચિત અર્બુદગિરિકલ્પમાં તે ચાર દેરીઓનાં અનુક્રમે નામો આ પ્રમાણે બતાવ્યાં છે. ( નીચેથી ) **૧ અંબાવતારતીર્થ, ૨ પ્રદ્યુમ્નાવતારતીર્થ, ૩ શામ્બાવતારતીર્થ** અને ૪ **રથનેમિઅવતારતીર્થ.**[૧૫૭] પરંતુ અત્યારે તેમાંની ફકત નીચેની એક દેરીમાં અંબાદેવીની નાની બે મૂર્ત્તિઓ છે, બાકીની ત્રણે દેરીઓમાં પ્રદ્યુમ્ન, શામ્બ, અને રથનેમિની મૂર્ત્તિઓ કે તેમના તીર્થ સંબંધીની કાંઇ પણ નિશાનીઓ નથી. અત્યારે તો તેમાં નીચે લખ્યા પ્રમાણે ભગવાનની મૂર્ત્તિઓ બિરાજમાન છે.

આ ચારે દેરીઓ અત્યારે વિદ્યમાન છે તે કોણે કરાવી હશે ? તે કાંઇ જાણવામાં આવ્યું નથી. જો મંત્રી તેજપાલની

કરાવેલી હોય તો તે આવી સાવ સાદી નજ હોય. તેમણે કરાવેલા મંદિરના પ્રમાણમાં કાંઈક અવશ્ય સારીજ કરાવેલી હોય. માટે એમ અનુમાન કરી શકાય છે કેઃ–પહેલાં મંત્રી વસ્તુપાલે આ ચારે દેરીઓ અતિ સુંદર બંધાવી હશે, પરંતુ પાછળથી ઉકત બન્ને મંદિરોના ભંગ વખતે અથવા હરકોઈ સમયે તેનો સાવ નાશ થઈ ગયો હશે, તેથી તે મંદિરોના જીર્ણોદ્ધાર સમયે અથવા ત્યારપછી કોઇપણ સમયે આ દેરીઓનો પણ જીર્ણો[૧૫૮]દ્ધાર થયો હશે. તેમાં સૌથી ઉપરની દેરી નંબર ૧ માં મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનની મનોહર ઉભી મૂર્ત્તિ–કાઉસગ્ગીયા ૧ છે, તે મૂર્ત્તિમાં શ્રીપાર્શ્વનાથ ભગવાનની બન્ને બાજુએ ભગવાનની નાની નાની છ છ મૂર્ત્તિઓ, છે તેની નીચે ઇંદ્ર–ઇંદ્રાણી અને તેની નીચે શ્રાવક-શ્રાવિકાની મૂર્ત્તિઓ કોતરેલી છે. તેની નીચે વિ. સંવત્ ૧૩૮૯ નો લેખ છે. તે લેખ ઉપરથી જણાય છે કેઃ–આબૂની નીચે આવેલા મુંડસ્થલ મહાતીર્થના શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં, કોરંટગચ્છના શ્રીનન્નાચાર્ય સંતાનમાં થએલા મહં૦ધાંધલ મંત્રી ધાંધલે શ્રીજિનયુગ્મ ( બે કાઉસગ્ગીયા ) કરાવ્યા. ત્યાંથી આ મૂર્ત્તિ અહિં લાવવામાં આવી છે. લૂણવસહિના ગૂઢમંડપમાં એક નાના કાઉસગ્ગીયા છે, તે આના જોડાનાજ છે, અને એજ શ્રાવકે કરાવ્યા છે, ( તે માટે જૂઓ પાછળ પાનું ૯૩ ) માટે તે બન્ને મૂર્ત્તિઓને એકજ ઠેકાણે પધરાવવી વધારે ઠીક લાગે છે. આ દેરીમાં પરિકર વિનાની બીજી બે મૂર્ત્તિઓ છે, ( કુલ જિનબિંબ ૩ છે ).

દેરી નં. ૨ માં મૂલનાયક શ્રીશાંતિનાથ ભગવાન્‌ની ત્રણ તીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે. પરિકર ખંડિત થએલું છે.

દેરી નં. ૩ માં મૂલનાયક શ્રી..........ની પરિકરવાળી શ્યામમૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૪ માં શ્રીઅંબિકાદેવીની નાની મૂર્ત્તિઓ ૨ છે. તેમાંની એક મૂર્ત્તિ ઉપર સંવત્ વિનાનો નાનો લેખ છે. તે મૂર્ત્તિ પોરવાડ જ્ઞાતીય શ્રાવક **ચાંડસીએ** કરાવી છે.

**ઉપરની ચારે દેરીઓમાં થઇને કુલ મૂર્ત્તિઓઃ—**

બહુ મનોહર અને મોટા કાઉસગ્ગીયા ૧, (દેરી નં. ૧ માં).
ત્રિતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧, ( દેરી નં. ૨ માં ).
સાદા પરિકરવાળી મૂર્ત્તિ ૧, ( દેરી નં. ૩ માં ).
પરિકર વિનાની મૂર્ત્તિઓ ૨, ( દેરી નં. ૧ માં ).
શ્રી અંબિકાદેવીની મૂર્ત્તિ ૨, ( દેરી નં. ૪ માં ).



## પિત્તલહર ( ભીમાશાહનું મંદિર ).

આ મંદિર **ભી**માશાહે બંધાવેલું હોવાથી **ભી**માશાહનું મંદિર કહેવાય છે, અને તેમાં મૂલનાયકજી શ્રીઆદીશ્વર ભગવાનની મૂર્ત્તિ પહેલાં **ભી**માશાહે કરાવી હતી તે, અને પછીથી મંત્રી સુંદર અને મંત્રી ગદા એ કરાવેલી, જે અત્યારે પણ વિદ્યમાન છે, તે બન્ને પિત્તલાદિ ધાતુની બનેલી હોવાથી આ મંદિર પિત્તલહરના નામથી પણ ઓળખાતું હતું.

આ મંદિરમાં અત્યારે વિદ્યમાન છે તે મૂલનાયકજીની મૂર્ત્તિ ઉપરના, ગૂઢમંડપમાંની બીજી મૂર્ત્તિઓ ઉપરના અને નવચોકીઓમાંના ગોખલા ઉપરના લેખોથી તથા અર્બુદગિરિકલ્પ, ગુરૂગુણરત્નાકર કાવ્ય આદિ ગ્રંથો ઉપરથી એ વાત તો ચોક્કસ છે કે આ મંદિર ગુર્જર જ્ઞાતીય **ભી**માશાહે[૧૫૯] બંધાવ્યું છે અને તેમણે શ્રી આદીશ્વર ભગવાનની ધાતુની ભવ્ય અને મોટી મૂર્ત્તિ કરાવીને મૂલનાયક તરીકે સ્થાપન કરીને આ મંદિરની પ્રતિષ્ઠા પણ કરાવી હતી. પરંતુ આ મંદિરની પ્રતિષ્ઠા કયા વર્ષમાં અને કયા આચાર્ય પાસે કરાવી તથા **ભી**માશાહની વિદ્યમાનતાનો સમય કયો હતો તે આ મંદિરોના લેખો ઉપરથી કાંઇ જાણી શકાતું નથી.

આ મંદિરમાંના મૂલનાયકજી વિગેરે કેટલીક મૂર્ત્તિઓ ઉપરના વિ. સં. ૧૫૨૫ ના લેખોથી આ મંદિર સંવત્ ૧૫૨૫

માં બન્યું છે એમ કેટલાક લોકો માની લ્યે છે. પણ તે ભુલ-ભરેલું છે.

અહિંના દિગંબર જૈનમંદિરના વિ. સં. ૧૪૯૪ ના લેખ ઉપરથી આ મંદિર તે પહેલાં પ્રતિષ્ઠિત થઇ ચૂકયાનું જણાય છે, શ્રીમાતાના મંદિરના વિ. સં. ૧૪૯૭ ના લેખમાં આ મંદિરનો પિત્તલહર એ નામથી ઉલ્લેખ છે. તેમજ પિત્તલ-હર મંદિરના ગૂઢમંડપમાં ડાબી તરફના એકસ્તંભ ઉપર આ મંદિરના લાગાની વ્યવસ્થાનો વિ. સં. ૧૪૯૭ નો લેખ[૧૬૦] છે, શ્રીમાન્ મુનિસુંદરસૂરિ પોતાના રચેલા અર્બુદગિરિકલ્પમાં લખે છે કે "ભીમાશાહે પહેલાં આ મંદિર મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાન્‌ની ધાતુમયી મૂર્તિસહિત કરાવ્યું હતું[૧૬૧] તેનો અત્યારે શ્રીસંઘ તરફથી જીર્ણોદ્ધાર ચાલી રહ્યો છે." તે જીર્ણોદ્ધારનું કામ સંપૂર્ણ થયા પછી વિ. સં. ૧૫૨૫ માં મંત્રી સુંદર અને મંત્રી ગદાએ શ્રી આદીશ્વર ભગવાન્‌ની ધાતુમયી નવી મૂર્તિ કરાવીને મૂલનાયક તરીકે સ્થાપન કરી કે જે અત્યારે પણ વિદ્યમાન છે. જ્યારે વિ. સં. ૧૫૨૫ પહેલાં આ મંદિરનો જીર્ણોદ્ધાર શરૂ થયો ત્યારે એ સ્વાભાવિક રીતે માની શકાય કે આ મંદિર તેનાથી સો સવાસો વર્ષ પહેલાં તો જરૂર બનેલુંજ હશે. સો સવાસો વર્ષ થયા વિના એકદમ જીર્ણોદ્ધાર કરાવવાનો પ્રસંગ ઓછોજ આવે. તેમજ વિમલવસહિમાંના વિ. સ. ૧૩૫૦, ૧૩૭૨ અને ૧૩૭૩ ના તે સમયના મહારાજાઓના આજ્ઞાપત્રના લેખોથી[૧૬૨] તે સમયે

આબૂ ઉપર વિમલવસહિ અને લૂણવસહિ એ બેજ મંદિરો હોવાનું જણાય છે. અર્થાત્ તે વખતે આ મંદિર બનેલું નહોતુ. આ બધાં કારણો ઉપરથી જણાય છે કે–વિ. સં. ૧૩૭૩ થી લઇને વિ. સં. ૧૪૯૪ સુધી ના ૧૨૧ વર્ષની અંદર કોઈ પણ સમયે આ મંદિર બન્યુ હોવું જોઇએ.

ઉપર કહેવામાં આવ્યું તે પ્રમાણે આ મંદિરનો શ્રીસંઘ તરફથી જીર્ણોદ્ધાર થયા પછી રાજમાન્ય ગુર્જર શ્રીમાલ મંત્રી સુંદર અને તેના પુત્ર મંત્રી ગદાએ[૧૬૩] શ્રી આદીશ્વર ભગવાનની ૧૦૮ મણની ધાતુમયી બહુજ મનોહર મોટી મૂર્ત્તિ આ મંદિરમાં સ્થાપન કરવા માટેજ કરાવીને મૂલનાયક તરીકે બિરાજમાન કરીને વિ. સં. ૧૫૨૫ માં તેની શ્રીલક્ષ્મીસાગરસૂરિજી[૧૬૪] પાસે પ્રતિષ્ઠા કરાવી છે મંત્રી સુંદર અને તેનો પુત્ર મંત્રી ગદો, અમદાવાદના રહેવાસી અને અમદાવાદના તે વખતના સુલતાન (કદાચ મહમુદ બેગડો હશે) ના મંત્રી હતા. તેઓ બંને અત્યંત રાજમાન્ય હોવાથી રાજ્યની સર્વ સામગ્રી અને રસ્તામાં આવતા ઈડર વિગેરે દેશી રાજ્યોની પણ સર્વ પ્રકારની સહાયતા મેળવીને અમદાવાદથી મોટો સંઘ કાઢીને આબૂ ઉપર યાત્રા અને પ્રતિષ્ઠા માટે ગયા હતા. આ પ્રતિષ્ઠા મહોત્સવ તેમણે બહુજ મોટા આડંબરથી કર્યો હતો. ઘણા સંઘો તે વખતે ત્યાં યાત્રા માટે આવ્યા હતા તે સર્વની તેમણે ભોજન અને કિંમતી વસ્ત્રોની પહેરામણી આદિથી ખૂબ ભકિત કરી હતી. આ મહોત્સવમાં તેમણે લાખો રૂપીયા ખરચ્યા હતા.[૧૬૫]

આ મંદિરની નવચોકીઓમાંના બન્ને ગોખલાઓના લેખો ઉપરથી જણાય છે કે–આ ગોખલાઓની વિ. સં. ૧૫૩૧ ના જ્યેષ્ઠ વદિ ૩ ને ગુરૂવારે પ્રતિષ્ઠા થઇ છે અને ભમતીમાંના શ્રી સુવિધિનાથજીના મંદિરની અને દેરીઓની વિ. સં. ૧૫૪૭ માં પ્રતિષ્ઠા થએલી છે.

## મૂર્ત્તિસંખ્યા અને વિશેષ હકીકત.

મૂલગભારામાં મૂલનાયકશ્રી આદીશ્વર ભગવાન્‌ની પંચતીર્થીના પરિકરવાળી, ધાતુની, ૧૦૮ મણના વજનવાળી, ગૂર્જર શ્રીમાલ રાજમાન્ય મંત્રી સુંદર અને તેના પુત્ર મંત્રી ગદાએ સંવત્ ૧૫૨૫ માં કરાવેલી, અત્યંત મનોહર અને બહુ મોટી મૂર્ત્તિ છે. પરિકર સહિત આખી મૂર્ત્તિની ઊંચાઈ આશરે આઠ ફુટ અને પહોળાઇ સાડાપાંચ ફુટ છે તેમાં ખાસ મૂલનાયકજીની ઊંચાઇ ૪૧ ઇંચ છે. મૂલનાયકજી ઉપર અને પરિકર ઉપર વિસ્તારવાળા લેખો [૧૬૬] છે. + ધાતુની એકલ મોટી મૂર્ત્તિઓ ૨ ( મૂલનાયકજીની બન્ને બાજુમાં ), પરિકર વિનાની સાદી મૂર્ત્તિઓ ૪, કાઉસ્સગ્ગીયા ૪ અને ત્રણતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧ છે, તેના પરિકરનો ઉપરનો ભાગ નીકળી ગયો છે.

ગૂઢમંડપમાં એક પડખે આદીશ્વર ભગવાનનું મનોહર, પંચતીર્થીના પરિકરયુક્ત, આરસપાષાણનું બહુ જ મોટું બિંબ છે, પલાંઠી ઉપર સન્મુખ અને બાજુમાં પણ મોટો

લેખ છે, વિ. સં. ૧૫૨૫ માં સીરોહડી[૧૬૭]ના રહેવાસી શ્રાવક સિંહા અને રત્નાએ આ મૂર્ત્તિ કરાવી છે. ધાતુના એકલ મૂર્ત્તિઓ ૨ ( બન્ને ગોખલામાં ) પરિકર વિનાની મૂર્ત્તિઓ ૨૦, ગૌતમ સ્વામીની પીળાપાષાણની મૂર્ત્તિ ૧ તેના ઉપર લેખ છે, [૧૬૮] શ્રી અંબિકા દેવીની મૂર્ત્તિ ૧ તેના ઉપર પણ લેખ છે, [૧૬૯] અને નાના કાઉસગ્ગીયા ૨ છે.

નવચોકીઓમાંના દરવાજાની બન્ને બાજુના ગોખલા ઉપર લેખો [૧૭૦] છે, તેમાં તે બન્ને ગોખલાઓમાં શ્રી સુમતિનાથ ભગવાન્‌ને બિરાજમાન કર્યાનું લખ્યું છે. પણ અત્યારે તે બન્ને ગોખલાઓ ખાલી છે, તેમાં બિંબ નથી.

મૂલગભારાની પાછળ ( બહારની બાજુમાં ) ત્રણે તરફના ગોખલા ખાલી છે, તે દરેક ગોખલાને માથે ભગવાન્‌ની મંગલમૂર્ત્તિ કોતરેલી છે તેને માથે ઊંચે એકકેક જિનબિંબ પથ્થરમાં કોતરેલ છે. ‡

ભમતીમાં આપણા ડાબા હાથ તરફથી

‡ સંભવ છે કે આ ત્રણ ગોખલાઓમાં પણ પહેલાં ભગવાનની મૂર્ત્તિઓ સ્થાપન કરેલી હોય પણ પાછલથી કોઇ કારણસર ઉપાડી લીધી હોય.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| દેરીનં. | ૧ | માં મૂ૦ ના૦ | શ્રીસંભવનાથ ભ. | વિગેરે | મૂર્ત્તિઓ | ૩ | છે. |
| ,, | ૨ | ,, | આદીશ્વર | ,, | ,, | ૩ | છે. |
| ,, | ૩ | ,, | ,, | ,, | ,, | ૩ | છે. |
| ,, | ૪ | ,, | ,, | ,, | ,, | ૪ | છે. |
| ,, | ૫ | ,, | ,, | ,, | ,, | ૪ | છે. |
| ,, | ૬ | ,, | ,, | ,, | ,, | ૩ | છે. |
| ,, | ૭ | ,, | ,, | ,, | ,, | ૩ | છે. |

આની પછી, સામા ગભારા જેવો મોટો ગભારો બનાવવા માટે કામ શરૂ કર્યું હશે પણ કોઈ કારણથી ચોતરા ( ખુરશી) જેટલું બન્યા પછી કામ અટકી ગયું હોય તેમ જણાય છે.

ભમતીમાં મુખ્ય દરવાજા પાસેથી આપણા જમણા હાથ તરફથી—

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| દેરી નં. | ૧ | માં | મૂ૦ના. | શ્રીઆદીશ્વરભ૦ની | | મૂર્ત્તિ | ૧ | છે. |
| ,, | ૨ | ,, | ,, | ,, | વિગેરે | જિનબિંબ | ૩ | છે. |
| ,, | ૩ | ,, | ,, | ,, | ,, | ,, | ૩ | છે. |
| ,, | ૪ | ,, | ,, | શ્રીનેમિનાથ ભ૦ | ,, | ,, | ૩ | છે. |
| ,, | ૫ | ,, | ,, | શ્રીઆદીશ્વર ભ૦ | ,, | ,, | ૩ | છે. |
| ,, | ૬ | ,, | ,, | શ્રીઅજિતનાથભ૦ | ,, | ,, | ૩ | છે. |
| ,, | ૭ | ,, | ,, | શ્રીઆદીશ્વર ભ૦ | ,, | ,, | ૩ | છે. |

ત્યાર પછી એજ લાઈનમાં બાજુના મોટા ગભારા તરીકે શ્રી સુવિધિનાથ ભ૦ નું શિખરબંધી મંદિર આવે છે, આને શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર લોકો કહે છે, પરંતુ તેમાં

અત્યારે તો શ્રીસુવિધિનાથ ભગવાન્ મૂલનાયક છે, મૂલનાયકની મૂર્ત્તિ પંચતીર્થીના પરિકરવાળી છે, પલાંઠીની પાછળ લેખ છે, પણ તે પાછળ હોવાથી વાંચી શકાતો નથી. મૂલનાયકજીની બાજુમાં શ્રીપુંડરિક સ્વામીની એક મનોહર મૂર્ત્તિ છે, તેમાં બન્ને કાનની પાછળ ઓઘો છે, જમણા ખભા ઉપર મુહપત્તિ છે, શરીર ઉપર કપડાની આકૃતિ, મસ્તક પાછળ ભામંડલ અને પલાંઠી નીચે વિ. સં. ૧૩૯૪ નો લેખ છે.[૧૭૧] આપણી ડાબી બાજુમાં મૂલનાયક તરીકે શ્રી સંભવનાથ ભ૦ ની પંચ-તીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧, જમણી બાજુના મૂલનાયક તરીકે શ્રીધર્મનાથ ભ૦ની પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ ૧, પરિકર વિનાની મૂર્ત્તિઓ ૬, અને પરિકરમાંથી છુટા પડી ગએલા કાઉસગ્ગીયા ૧ છે. તેની પછી—

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| દેરી નં. ૮ માં | મૂ. ના. | શ્રીનેમિનાથ | ભ૦ | વિગેરેની | મૂ. | ૩ છે. |
| ,, ૯ માં | ,, | શ્રીઆદિનાથ | ,, | ,, | ,, | ૧ છે. |
| ,, ૧૦ માં | ,, | ,, | ,, | ,, | ,, | ૩ છે. |
| ,, ૧૧ માં | ,, | ,, | ,, | ,, | ,, | ૬ છે. |

આની પછીની દેરીઓ ૨ ખાલી છે.

ગર્ભાગાર ( મૂલગભારો ), ગૂઢમંડપ અને નવચોકીઓ યુક્ત આ મંદિર બન્યું છે. આની ભમતીનું કામ બનાવતાં બનાવતાં બાકી રહી ગયું હોય એમ જણાય છે. ભમતીમાં શ્રીસુવિધિનાથ ભગવાનનું શિખરબંધી મંદિર ૧ અને બન્ને બાજુની થઈને કુલ ૨૦ દેરીઓ બની છે, તેમાં ૧૮ દેરીઓમાં મૂર્ત્તિઓ બિરાજમાન છે અને ૨ દેરીઓ ખાલી છે.

આ મંદિરના ગૂઢમંડપમાં જવાના મુખ્ય દરવાજાની મંગલમૂર્ત્તિના માથે છજ્જા ઉપરની કોરણીમાં ભગવાન્‌ની ઉભી તથા બેઠી મૂર્ત્તિઓ ૧૯ કોતરેલી છે, જમણા હાથ તરફની બારશાખમા એક કાઉસગ્ગીયા અને બન્ને તરફની બારશાખમાં હાથ જોડીને ઉભેલ એકેક શ્રાવકની મૂર્ત્તિ કોતરેલી છે.

**આ મંદિરની કુલ મૂર્ત્તિઓ.**

મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાન્‌ની પંચતીર્થીના પરિકરવાળી ધાતુની મોટી અને ભવ્ય મૂર્ત્તિ ૧.†

પંચતીર્થીના પરિકરવાળી આરસની મૂર્ત્તિઓ ૪.

ત્રિ „ „ „ „ ૧.

પરિકર વિનાની મૂર્ત્તિઓ ૮૩.

ધાતુની મોટી એકલ મૂર્ત્તિઓ ૪, ( બે મૂલગભારામાં અને બે ગૂઢમંડપમાં ).

કાઉસગ્ગીયા નાના ૭, (પરિકરમાંથી છુટા પડી ગએલા).

શ્રી પુંડરિક સ્વામીની મૂર્ત્તિ ૧, ( શ્રી સુવિધિનાથ ભ૦ ના ગભારામાં ).

શ્રી ગૌતમસ્વામીની મૂર્ત્તિ ૧, ( ગૂઢમંડપમાં ).

શ્રી અંબિકાદેવીની મૂર્ત્તિ ૧, ( ગૂઢમંડપમાં ).

---

† આ ભવ્ય મૂર્ત્તિ મહેસાણા નિવાસી સૂત્રધાર મંડનના પુત્ર દેવા નામના કારીગરે તૈયાર કરી છે. અર્થાત્ તેનાં અપૂર્વકળા-કૌશલ્યનો આ સુંદર નમુનો છે.

## ખરતરવસહિ. ( ચૌમુખજીનું મંદિર ).

દેલવાડામાં ચોથું મંદિર શ્રીપાર્શ્વનાથ ભગવાનનું છે. તે ચતુર્મુખ ( ચૌમુખ ) વાળું હોવાથી ચૌમુખજીનું મંદિર કહેવાય છે. આને ખરતરવસહિ પણ કહેવામાં આવે છે, તેનું કારણ એ જણાય છે કે–આ મંદિરની અંદર બિરાજમાન મૂલનાયકજી વિગેરે ઘણી પ્રતિમાઓ ખરતર ગચ્છના શ્રાવકોએ કરાવી છે, અને તેની પ્રતિષ્ઠા પણ ખરતર ગચ્છના આચાર્યોએ કરી છે. કદાચ આ મંદિરનો બંધાવનાર પણ ખરતર ગચ્છીય હોય.

આ મંદિર કોણે કયા વર્ષમાં બંધાવ્યું તે આ મંદિરના લેખો ઉપરથી નિશ્ચયપૂર્વક જાણી શકાતું નથી. પરંતુ આ મંદિરનું નામ ખરતરવસહિ, અત્યારે વિદ્યમાન મૂલનાયકજી વિગેરે ઘણી મૂર્ત્તિઓના કરાવનાર ખરતર ગચ્છીય શ્રાવકો અને પ્રતિષ્ઠા કરનાર ખરતર ગચ્છીય આચાર્ય, તેમજ આ મંદિરના મૂલગભારા ( ગર્ભાગાર ) ની બહારના ભાગની ચારે તરફની કોરણીમાં આચાર્યોની બેઠક, ક્ષેત્રપાલ ભૈરવની નગ્ન મૂર્ત્તિ અને આ મંદિરમાં પાર્શ્વનાથ ભગવાનની મૂર્ત્તિઓની વિશેષતા; આ બધી બાબતો તપાસતાં આ મંદિરનો કરાવનાર ખરતર ગચ્છીય શ્રાવકજ હશે તેમાં સંદેહ જેવું નથી.

આ મંદિરના ત્રણે માળના ત્રણે ચૌમુખજી તરીકે બિરાજ-

માન મૂલનાયકજીની દરેક મૂર્ત્તિઓ ઉપર પલાંઠીની બન્ને બાજુમાં અને પાછલ મોટા મોટા લેખો છે. પણ તેમાંના કેટલાક લેખોનો ઘણો ભાગ ચૂનામાં દબાઇ ગએલો છે, તેમજ પ્રકાશનો અભાવ અને સ્થાનની વિષમતાને લીધે તે લેખો વાંચી શકાતા નથી. જો તે બધા લેખો વાંચી શકાય તો તેમાંથી આ મંદિર બંધાવનાર, આ મૂર્ત્તિઓ કરાવનાર અને તેની પ્રતિષ્ઠા કરનારના સંબંધમાં ઘણી માહિતી મળી શકે તેમાં સંદેહ નથી. તે મૂર્ત્તિઓની પલાંઠીના આગલા ( સન્મુખ ) ભાગ ઉપર થોડા થોડા અક્ષરો લખેલા છે, તે ઉપરથી જણાય છે કે–અપવાદ તરીકે થોડી મૂર્ત્તિઓ સિવાય આ મંદિરના ત્રણે માળમાંના મૂલનાયકજી વિગેરે ઘણી ખરી મૂર્ત્તિઓ દરડા ગૌત્રીય ઓસવાલ સંઘવી મંડલિકે[૧૭૨] અને તેમના કુટુંબીઓએ વિ૦ સં૦ ૧૫૧૫ અને તેની આસપાસમાં કરાવી છે અને તેમાંની મૂલનાયકજી વિગેરે ઘણી ખરી મૂર્ત્તિઓની પ્રતિષ્ઠા ખરતરગચ્છાચાર્ય શ્રીજિનચંદ્રસૂરિજીએ[૧૭૪] કરી છે.

અહિંના દિગંબર જૈનમંદિરના વિ. સં. ૧૪૯૪ના લેખમાં, શ્રીમાતાના મંદિરના અને ભીમાશાહના મંદિરના લાગાની વ્યવસ્થા સંબંધીના વિ. સં. ૧૪૯૭ ના લેખોમાં ભીમાશાહના મંદિરનું નામ છે અને આ મંદિરનું નામ નથી એ ઉપરથી જણાય છે કે આ મંદિર તે સમયે વિદ્યમાન નહોતું. એટલે આ મંદિર વિ. સં. ૧૪૯૭ પછી બન્યું હોય એમ જણાય છે. હવે આ મંદિર બીજા કોઇએ બંધાવ્યું હોય અને તેનો ફકત

૧૮ વર્ષની અંદરજ સંઘવી મંડલિક જીર્ણોદ્ધાર કરાવે તથા પોતે નવી કરાવેલી મૂર્ત્તિઓને મૂલનાયક તરીકે બીરાજમાન કરે એ સંભવી શકતું નથી. તેથી સહજ એ અનુમાન થઇ શકે છે કે આ મંદિર બીજા કોઇએ નહિ પણ વિ. સં. ૧૫૧૫ માં સંઘવી મંડલિકેજ કરાવ્યું હોય તો તે અસંભવિત નથી.

ભીમાશાહના મંદિરની પહેલીવારની પ્રતિષ્ઠા કરનાર અને પ્રતિષ્ઠાના સમય સંબંધી તથા આ મંદિરના બંધાવનાર સંબંધી ઇતિહાસરસિકોએ વિશેષ શોધખોળ કરી ચોકકસ નિર્ણય કરવાની આવશ્યકતા છે.

આ મંદિરને કેટલાક લોકો સલાટ અથવા કડીયાનું દેરૂં કહે છે. દંતકથા એવી સંભળાય છે કે:—" વિમલવસહિ અને લૂણવસહિ મંદિર બંધાવતાં તેના વધેલા પથ્થરોથી કારીગરોએ પોતાના તરફથી આ મંદિર બાંધ્યું છે." પરંતુ આ વાત કોઇ રીતે માની શકાય તેમ નથી. કારણ કે કોઇ પણ શિલા લેખો કે ગ્રંથોનું તે માટે પ્રમાણ નથી. તેમજ વિમલવસહિ અને લૂણિગવસહિના સમયમાં બસો વર્ષનું અંતર છે. એટલે વિમલવસહિ બાંધતાં વધેલા પથ્થરો બસો વર્ષો સુધી પડયા રહ્યા હોય, અને પછી લૂણિગવસહિ બાંધતાં વધેલા પથ્થરોને ભેગા કરીને કારીગરોએ આ મંદિર પોતાના તરફથી બાંધ્યું હોય તે સંભવિ શકતું નથી. વળી આ મંદિર લૂણગવસહિના જેટલું સાતસો વર્ષનું જુનું હોય એમ પણ જણાતું નથી. છતાં આ મંદિરના બંધાવનારના નામનો લેખ આ મંદિરમાં દેખાતો

નહિં હોવાથી અને આ મંદિરના સભામંડપના બે ત્રણ સ્તંભો ઉપર સલાટોના નામોના બે ત્રણ લેખો હોવાથી આ મંદિર સલાટોનું બાંધેલું છે એમ લોકોએ માની લીધું હોય તેમ જણાય છે.

આ મંદિર સાદું પણ વિશાલ છે, ઉંચી જગ્યા ઉપર આવેલું હોવાથી બધાં મંદિરોથી ઊંચું હોઇ ગગનની સાથે વાતો કરી રહ્યું હોય તેમ જણાય છે. તેથી બહુ દૂરથી આ મંદિર દેખાય છે. આ મંદિરના ત્રીજા માળ ઉપર જઇને ચારે તરફ નિહાળતાં આબૂની કુદરતી રમણીયતા બહુ મનોહર લાગે છે. ત્રણે માળમાં ચૌમુખજી બિરાજમાન છે. સૌથી નીચેના માળમાં ચારે બાજુમાં મોટા મોટા રંગમંડપો છે. આ મંદિરના નીચેના મુખ્ય ગભારાની બહાર ચારે તરફ ઘણી સુંદર કોતરણી કરેલી છે, તે કોરણીમાં વચ્ચે વચ્ચે કોઇ કોઇ ઠેકાણે ભગવાનની મૂર્ત્તિઓ, કાઉસગ્ગીયા, આચાર્યો અને શ્રાવક–શ્રાવિકાઓની મૂર્ત્તિઓ કોતરેલી છે. યક્ષો અને દેવ–દેવીઓની મૂર્ત્તિઓ તો ઘણીજ કોતરેલી છે, તેમાં ભૈરવજીની નગ્ન મૂર્ત્તિ પણ કોતરેલી છે. આ મંદિરમાં પાર્શ્વનાથ ભગવાનની મૂર્ત્તિઓ ઘણી છે.

## મૂર્ત્તિસંખ્યા અને વિશેષ હકીકત.

નીચેના માળમાં મૂલનાયકજી (ચારે બાજુમાં) શ્રી પાર્શ્વનાથ ભગવાન્ છે, ચારે મૂર્ત્તિઓ બહુજ ભવ્ય, મોટી અને

પરિકરવાળી છે. તેમાં ૧ શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ; ૨ શ્રી મંગલાકર પાર્શ્વનાથ; ૩ ................( નામ ઘસાઇ ગએલું હોવાથી વંચાતુ નથી ), ૪ શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથ. આ ચારે મૂર્ત્તિઓ વિ. સંવત્ ૧૫૧૫ માં સં. મંડલિકે કરાવી છે અને તેની ખરતરગચ્છાચાર્ય શ્રી જિનચંદ્રસૂરિએ પ્રતિષ્ઠા કરી છે. તે સિવાય આ પહેલા માળમાં પરિકર વિનાની બીજી ૧૭ મૂર્ત્તિઓ છે.

અહિંજ ચારે દિશામાંથી બે દિશા તરફના મૂલનાયક ભગવાન્‌ની પાસે અત્યંત સુંદર નકશીદાર સ્તંભો શિખે પથ્થરના બે તોરણો છે. પ્રત્યેક તોરણોમાં ભગવાન્‌ની ૫૧-૫૧ મૂર્ત્તિ-ઓ કોતરેલી છે. + આવાં તોરણો બીજી બન્ને બાજુએ પણ પહેલાં હશેજ, પરંતુ પાછળથી ખંડિત થઇ ગયાં હશે તેથી કાઢી નાંખ્યા હશે એમ લાગે છે. તેમાંનાજ એવીજ કોતરણી-વાળા બે સ્તંભો ખંડિત પથ્થરોના ગોદામમાં પડયા છે.

આ મંદિરના નીચેના માળના મૂલગભારાના મુખ્ય દરવા-જા પાસેની ચોકીના સ્તંભો ઉપરના દાસામાં ભગવાન્‌ના ચ્યવન કલ્યાણકનો ભાવ છે. તેમાં-વચ્ચે ભગવાન્‌ની માતાજી પલંગપર સુતેલાં છે, પાસે બે દાસીઓ બેઠેલી છે, તેની આસપાસ બન્ને તરફ થઈને ૧૪ સ્વપ્નો આપેલાં છે. સમુદ્રની પાસે વહાણનો જુદો દેખાવ આપ્યો છે. †

† સમુદ્રની પાસે વહાણનો દેખાવ કોતરેલો છે. તે સમુદ્ર

બીજે માળે પણ ચૌમુખજી છે, તે આ પ્રમાણે-૧ મૂલનાયક શ્રી સુમતિનાથ ભગવાન્, ખરતર ગચ્છીય માંજૂ શ્રાવિકાએ કરાવેલ ૨ મૂ. ના. શ્રીપાર્શ્વનાથ ભગવાન્, ખરતર ગચ્છીય માંજૂ શ્રાવિકાએ કરાવેલ; ૩ શ્રી આદિનાથ ભગવાન, ધન્ના શ્રાવકે કરાવેલ અને ૪ શ્રી પાર્શ્વનાથ ‡ ભગવાન્.

આ સિવાય આ બીજા માળમાં બીજી ૩૨ મૂર્ત્તિઓ છે, બધી પરિકર વિનાની છે, તેમાંની કેટલીક મૂર્ત્તિઓ ઉપર કરાવનાર શ્રાવક કે શ્રાવિકાનું ફક્ત નામ લખેલું દેખાય છે.

અહિં ચૌમુખજીની પાસે અંબિકાદેવીની એક સુંદર અને મોટી મૂર્ત્તિ છે + આ મૂર્ત્તિ, આ ચૌમુખજીના મંદિરમાં સ્થાપન કરવા માટે વિ. સં૦ ૧૫૧૫ ના અષાડ વદિ ૧ ને શુક્રવારે ઉપર્યુક્ત સં. મંડલિકે કરાવી છે અને તેની ખરતર ગચ્છના એજ શ્રી જિનચંદ્રસૂરિજીએ પ્રતિષ્ઠા કરી છે, એવી મતલબનો તેના ઉપર લેખ છે.[૧૭૪]

ત્રીજા માળના ચૌમુખજીની ચારે મૂર્ત્તિઓ શ્રીપાર્શ્વનાથ

---

નહિં હોય પણ ગંગા નદી હશે, અને તે ઉપરથી ગંગાનદીને કીનારે વારાણસી નગરીમાં શ્રીપાર્શ્વનાથ ભગવાનના ચ્યવન કલ્યાણકનો આ ભાવ છે એમ સૂચવ્યું હોય એવું લાગે છે.

‡ આ મૂર્ત્તિ ઉપર **द्वितीयभूमौ** ( બીજા માળમાં ) એવો શબ્દ લખેલ છે, તેથી જણાય છે કે-આ મૂર્ત્તિ પણ પહેલા માળના મૂલનાયકજીની મૂર્ત્તિઓ કરાવનાર સંઘવી મંડલિકે કરાવી હશે.

ભગવાનની છે અને તે ચારે **સં૦ મંડલિકે** કરાવેલી છે, તેની પ્રતિષ્ઠા પણ ઉપરની મૂર્ત્તિઓની સાથેજ વિ. સં. **૧૫૧૫** ના અષાડ વદિ ૧ ને શુક્રવારે થએલી છે. આમાંની ચોથી મૂર્ત્તિ ઉપર લખ્યું છે કે-**द्वितीयभूमौ श्रीपार्श्वनाथः**[૧૭૫] ( બીજા માળમાં સ્થાપન કરેલા શ્રીપાર્શ્વનાથ. ) આ ઉપરથી જણાય છે કે આ મૂર્ત્તિ ખાસ બીજા માળ માટે બનેલી છે, તેથી પહેલાં તો તે બીજે માળેજ સ્થાપન કરેલી હશે, પરંતુ પાછલથી કોઇ કારણસર ત્રીજે માળે સ્થાપન કરી હશે. ત્રીજા માળમાં ઉપર્યુક્ત કુલ ચારજ મૂર્ત્તિઓ છે.

## આ મંદિરની કુલ મૂર્ત્તિઓ.

નીચેના માળની ચૌમુખજીની પરિકરવાળી ભવ્ય અને મોટી મૂર્ત્તિઓ ૪.

પરિકાર વિનાની...........મૂર્ત્તિઓ ૫૭.

અંબિકાદેવીની મૂર્ત્તિ ૧ ( બીજા માળમાં ).

## દેલવાડાના પાંચે જૈન મંદિરોની કુલ મૂર્ત્તિઓ.

| નંબર. | મૂર્ત્તિઓ વિગેરે. | વિમલવસહિ. | લુણવસહિ. | પિત્તલહર. | ચૌમુખજી. | મહાવીર સ્વામી. | બાર દેરીઓ. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પંચતીર્થીના પરિકરવાળી ધાતુની મોટી ૧૦૮ મણની મૂલનાયક શ્રી આદીશ્વર ભ૦ ની મૂર્ત્તિ. | | | ૧ | | | | ૧ |
| ૨ | ધાતુની મોટી એકલ મૂર્ત્તિઓ | ૨ | | ૪ | | | | ૬ |
| ૩ | પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિઓ | ૧૭ | ૪ | ૪ | | | | ૨૫ |
| ૪ | ત્રિતીર્થીના ,, ,, | ૧૧ | | ૧ | | | ૧ | ૧૩ |
| ૫ | સાદા ,, ,, | ૬૦ | ૭૨ | | | | ૧ | ૧૩૩ |
| ૬ | પરિકર વિનાની ,, | ૧૩૬ | ૩૦ | ૮૩ | ૫૭ | ૧૦ | ૨ | ૩૧૮ |
| ૭ | કાઉસ્સગ્ગીયા મોટા... | ૨ | ૬ | | | | ૧ | ૯ |
| ૮ | ચૌમુખજીના મંદિરના નીચેના માળના મૂલનાયકજીની પરિકરવાળી મોટી મૂર્ત્તિઓ... | | | | ૪ | | | ૪ |
| ૯ | ત્રણ ચોવિશીના પટ્ટ... | ૧ | ૧ | | | | | ૨ |
| ૧૦ | ૧૭૦ જિનનો ,, | ૧ | | | | | | ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | એક ચોવિશીના પટ | ૭ | ૩ | | | | ૧૦ |
| ૧૨ | જિન–માતૃ ચોવીશીનો ,, સંપૂર્ણ | ૧ | ૧ | | | | ૨ |
| ૧૩ | ,, ,, ,, ,, અપૂર્ણ | | ૧ | | | | ૧ |
| ૧૪ | અશ્વાવબોધ અને સમળીવિહાર તીર્થનો પટ... | | ૧ | | | | ૧ |
| ૧૫ | ધાતુની નાની છુટી ચોવિશી... | ૧ | | | | | ૧ |
| ૧૬ | ,, ,, પંચતીર્થી... | ૨ | | | | | ૨ |
| ૧૭ | ,, બહુજ નાની એકલ પ્રતિમા | ૨ | | | | | ૨ |
| ૧૮ | ચોવિશીમાંથી છુટી પડી ગએલી નાની જિન મૂર્તિઓ. | ૬ | ૨ | | | | ૮ |
| ૧૯ | પરિકરમાંથી છુટા પડી ગએલા કાઉસ્સગ્ગીયા. | ૧ | | ૭ | | | ૮ |
| ૨૦ | આદીશ્વર ભ૦ની ચરણપાદુકા જોડી | ૧ | | | | | ૧ |
| ૨૧ | પુંડરીક સ્વામીની મૂર્ત્તિ | | | ૧ | | | ૧ |
| ૨૨ | ગૌતમ સ્વામીની ,, | | | ૧ | | | ૧ |
| ૨૩ | રાજીમતીની ,, | | ૧ | | | | ૧ |
| ૨૪ | સમવસરણની રચના... | ૪ | | | | | ૪ |
| ૨૫ | મેરૂપર્વતની રચના... | | ૧ | | | | ૧ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | આચાર્ય મહારાજની મૂર્ત્તિઓ | ૩ | ૨ | | | | | | ૫ |
| ૨૭ | શ્રાવક-શ્રાવિકાના મોટાં યુગલ... | ૩ | | | | | | | ૩ |
| ૨૮ | શ્રાવકોની મૂર્ત્તિઓ | ૩ | ૧૦ | | | | | | ૧૩ |
| ૨૯ | શ્રાવિકાઓની " | ૪ | ૧૫ | | | | | | ૧૯ |
| ૩૦ | વિમલવસહિની દેરી નં. ૧૦ માં હાથી ઉપર તથા ઘોડા ઉપર બેઠેલ શ્રાવકની મૂર્ત્તિઓ એ વાળો પટ્ટ. | ૧ | | | | | | | ૧ |
| ૩૧ | ત્યાંજ **નીના** આદિ શ્રાવકોની મૂર્ત્તિઓ ૮ વાળો પટ્ટ... | ૧ | | | | | | | ૧ |
| ૩૨ | નવચોકીના ગોખલામાં ત્રણ શ્રાવિકાની મૂર્ત્તિવાળો પટ્ટ... | ૧ | | | | | | | ૧ |
| ૩૩ | યક્ષની મૂર્ત્તિઓ | ૩ | ૨ | | | | | | ૫ |
| ૩૪ | અંબિકાદેવીની " | ૫ | ૨ | ૧ | ૧ | | ૨ | | ૧૧ |
| ૩૫ | લક્ષ્મીદેવીની " | ૨ | | | | | | | ૨ |
| ૩૬ | ભૈરવજીની " | ૧ | | | | | | | ૧ |
| ૩૭ | પરિકરમાંથી છુટી પડી ગએલ ઈંદ્રની મૂર્ત્તિ | ૧ | | | | | | | ૧ |
| ૩૮ | મૂલનાયકજી વિનાનું ચાર તીર્થીનું ખાલી પરિકર | | ૧ | | | | | | ૧ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૯ | ખાલી સાદાં પરિકર | | ૨ | | | | | ૨ |
| ૪૦ | શ્રાવક–શ્રાવિકાનાં યુગલ ખંડિત | | ૩ | | | | | ૩ |
| ૪૧ | પાષાણમાં કોતરેલો મંત્ર | ૧ | | | | | | ૧ |
| ૪૨ | સુંદર કોરણીવાળા આરસના હાથી | ૧૦ | ૧૦ | | | | | ૨૦ |
| ૪૩ | મોટો ઘોડો | ૧ | | | | | | ૧ |
| ૪૪ | ઘોડા ઉપર બેઠેલ વિમલમંત્રીની મૂર્ત્તિ. | ૧ | | | | | | ૧ |
| ૪૫ | તેની પાછળ છત્ર લઈને ઉભેલ ,, | ૧ | | | | | | ૧ |
| ૪૬ | હાથી ઉપર બેઠેલ શ્રાવકોની ,, | ૩ | | | | | | ૩ |
| ૪૭ | ,, ,, ,, મહાવતોની ,, | ૫ | | | | | | ૫ |

૧ પાછલ પૃષ્ઠ ૭૧ ની નોટમાં લખ્યા પ્રમાણે ભોંયરામાંથી હાલમાં ધાતુની પંચતીર્થી વિગેરે મૂર્તિઓ લગભગ ૧૦ અને અંબિકાદેવીની ધાતુની મૂર્તિ ૧ નીકળી છે, તેનો ઉપરની સંખ્યામાં સમાવેશ કર્યો નથી એટલે તે જુદી સમજવી.

૨ વિમલવસહિની હસ્તિશાળાની મૂર્તિઓની ગણત્રી વિમલવસહિ મંદિર સાથે કરેલી છે.

## ઓરીયા.

દેલવાડાથી ઉત્તર-પૂર્વમાં (ઇશાન ખુણામાં) લગભગ ૩ાા માઇલ દૂર ઓરીયા નામનું ગામ છે. દેલવાડાથી અચલગઢ જતાં પાકી સડકે લગભગ ૩ માઇલ જવાથી સડક ઉપર જ, અચલગઢ જૈનમંદિરોના કારખાના તરફથી એક પાકું મકાન બનેલું છે, ત્યાં એજ કારખાના તરફથી પાણીની પરબ બેસે છે. ત્યાંથી ઓરીયાની સડકે ૦ાા માઇલ જવાથી ઓરીયા ગામ આવે છે. આ ગામ પ્રાચીન છે. આના સંસ્કૃત ગ્રન્થોમાં ओरियासकपुर, ओरांसाग्राम અને ओरासाग्राम વિગેરે નામો[૧૭૬] આવે છે. અહિં શ્રી સંઘે બંધાવેલું શ્રી મહાવીર સ્વામીનું એક પ્રાચીન અને મોટું મંદિર છે. આ મંદિરની દેખરેખ અચલગઢ જૈનમંદિરોના કારખાનાવાળા રાખે છે. અહિં શ્રાવકનું ઘર, ધર્મશાળા કે ઉપાશ્રય વિગેરે કાંઇ નથી. અહિં કોટેશ્વર (કનખલેશ્વર) મહાદેવનું પણ એક પ્રાચીન મંદિર છે. † ગામ બહાર સિરોહીસ્ટેટ તરફથી એક ડાક બંગલો છે. એજ રસ્તે પાછા આવી અચલગઢની સડકે ચડી અચલગઢ જવું. અથવા ઓરીયાથી સિધે રસ્તે પગદંડીથી ૧ાા માઇલ ચાલી અચલગઢ જવું. રાજપુતાના હોટલથી ઓરીયા ૪ાા માઇલ થાય છે.

† કોટેશ્વર માટે આગળ ' હિંદુતીર્થો અને દર્શનીય સ્થાનોનું પ્રકરણ જૂઓ.

## શ્રીમહાવીર સ્વામીનું મંદિર.

આ શ્રીમહાવીર સ્વામીનું મંદિર કહેવાય છે. પુરાતત્ત્વ-વેત્તા રા. બ. મ. મ. શ્રીમાન્ ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ પોતાના લખેલા સિરોહી રાજ્યના ઇતિહાસમાં પૃષ્ઠ ૭૭ માં એજ વાતને પુષ્ટિ આપતાં લખ્યું છે કેઃ–" આ મંદિરમાં મૂલ-નાયકજી તરીકે મુખ્ય મૂર્ત્તિ શ્રી મહાવીર સ્વામી ભગવાન્‌ની અને તેમની એક બાજુમાં શ્રીપાર્શ્વનાથ ભ. અને બીજી બાજુમાં શ્રી શાન્તિનાથ ભ૦ ની મૂર્ત્તિ છે. "

પરંતુ ચોક્કસ રીતે તપાસ કરતાં અત્યારે આ મંદિરમાં મૂલનાયકજી તરીકે શ્રીમહાવીર સ્વામીને બદલે શ્રી આદી-શ્વર ભગવાન્‌ની મૂર્ત્તિ છે, જમણી બાજુએ શ્રી પાર્શ્વનાથ ભ. અને ડાબી બાજુએ શ્રી શાન્તિનાથ ભ. ની મૂર્ત્તિ છે. મૂલનાયકજીની મૂર્ત્તિનો આ ફેરફાર ક્યારે થયો તે માટે દેલ-વાડા–અચલગઢમાં લોકોને પૂછતાં કાંઇ પત્તો લાગ્યો નથી. આ પ્રમાણે મૂલનાયકજીની મૂર્ત્તિમાં ફેરફાર થઇ ગયો છે, છતાં હજુ પણ લોકો આ મંદિરને શ્રી મહાવીરસ્વામીનું જ મંદિર કહે છે.

આ મંદિરમાં ઉપર્યુક્ત ત્રણ મૂર્ત્તિઓ સિવાય ચોવિ-શીના પટ્ટમાંથી છુટી પડી ગએલી ભગવાન્‌ની સાવ નાની મૂર્ત્તિઓ ૩. તથા જિન–માતાની ચોવિશીનો ખંડિત પટ્ટ ૧ છે. આ મં-દિરમાં એક પણ લેખ જોવામાં આવ્યો નથી, તેથી આ મંદિર

કોણે અને ક્યારે બંધાવ્યું તે ચોક્કસ રીતે જાણવામાં આવ્યું નથી.[૧૭૭] ચૌદમી શતાબ્દીના લગભગ મધ્ય સમયમાં શ્રીમાન્ જિનપ્રભસૂરિજીએ બનાવેલા તીર્થકલ્પ અન્તર્ગત અર્બુદ કલ્પમાં આબૂ ઉપર ફક્ત વિમલવસહી, લૂણવસહી અને કુમારપાલ રાજાનું બંધાવેલું મહાવીરસ્વામીનું આ ત્રણજ મંદિરનું વર્ણન આપ્યું છે. તે ઉપરથી જણાય છે કે આ મંદિર ચૌદમી શતાબ્દી પછી બન્યું છે. જો તે પહેલાં બનેલું હોત તો ઉપરના અર્બુદકલ્પમાં તેનું નામ કે વર્ણન જરૂર હોત. શ્રીમાન્ મુનિસુંદરસૂરિ રચિત ' અર્બુદગિરિકલ્પ 'માં લખ્યું છે કે:—" ઓરિયાસકપુર ( ઓરિયા ) માં શ્રીસંઘે બંધાવેલા નવીન જિનમંદિરમાં શ્રી શાંતિનાથ ભગવાન્ બિરાજે છે." આ ઉપરથી આ મંદિર પંદરમી શતાબ્દીમાં બન્યું હોય એમ જણાય છે. મંદિર બન્યું ત્યારે તેમાં મૂલનાયકજી તરીકે શ્રીશાંતિનાથ ભગવાન્[૧૭૮] બિરાજમાન કર્યા હશે. પણ પાછળથી જીર્ણોદ્ધાર વખતે તેમાં મૂલનાયકજી તરીકે શ્રી મહાવીર સ્વામીની મૂર્ત્તિ બિરાજમાન કરી હશે, તેથી આ મંદિર શ્રી મહાવીર સ્વામીના મંદિર તરીકે પ્રસિદ્ધિને પામ્યું હશે, અને એજ કારણથી તેમાં અત્યારે મૂલનાયકજીના સ્થાને શ્રીઋષભદેવ ભગવાન્ની મૂર્ત્તિ બિરાજમાન હોવા છતાં તે મંદિર હજુ પણ શ્રીમહાવીરસ્વામીના મંદિર તરીકે ઓળખાય છે.

× × ×

## અચલગઢ.

**દેલવાડા**થી ઉત્તર–પૂર્વ ( ઇશાનખુણા ) માં લગભગ ૪॥ માઇલ દૂર અને **ઓરીયા**થી દક્ષિણમાં લગભગ ૨ માઇલ દૂર **અ**ચલગઢ નામનું ગામ છે. **દેલવાડાથી અ**ચલગઢ સુધી પાકી સડક છે. **અચલગઢની** તલેટી સુધી ગાડી, મોટર વિગેરે જઈ શકે છે. **ઓરીયા** ગામમાં જવાની સડક જુદી પડે છે, જેના નાકા ઉપર પાણીની પરબ છે, ત્યાંથી **અચલગઢ**ની તલેટી સુધી પાકી સડક અને **અચલગઢ** ઉપર ચડવા માટે પગથીયાં, **અ**ચલગઢ જૈનમંદિરોના કારખાના તરફથી થોડાં વર્ષો પહેલાં બંધાવવામાં આવ્યાં છે. ત્યારથી યાત્રાળુઓને ત્યાં જવા–આવવા માટે વિશેષ અનુકૂલતા થઈ છે.

**અ**ચલગઢ ગામ એક ઉંચી ટેકરી ઉપર વસેલું છે ત્યાં પહેલાં વસ્તી વધારે હતી. અત્યારે પણ થોડી ઘણી વસ્તી છે. આ શિખરના ઉપરના ભાગમાં એક કિલ્લો બનેલો છે તેનું નામ **અ**ચલગઢ છે, તેથી આ ગામને પણ લોકો **અ**ચલગઢ કહે છે. તલેટી પાસે પહોંચતાં જમણા હાથ તરફ સડકથી જરા દૂર એક ટેકરી ઉપર શ્રી શાન્તિનાથ ભ૦ નું ભવ્ય મંદિર છે, અને ડાબા હાથ તરફ અચલેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર છે. આ મંદિરની અંદર બીજાં બે ત્રણ મંદિરો અને મંદાકિની † કુંડ વિગેરે છે. અચલેશ્વર મહાદેવના મંદિ-

† અચલેશ્વર મહાદેવ વિગેરે બીજાં સ્થાનો માટે આગળ ' હિંદુ તીર્થો અને દર્શનીય સ્થાનો ' વાળું પ્રકરણ જૂઓ.

રથી થોડે દૂર જતાં ગણેશ પોળ પાસેથી ઉપર ચડવાનાં પગથીયાં આવે છે. આ પોળને કેટલાક લોકો હનુમાન પોળ કહે છે. પોળના દરવાજા પાસે ચડવાનો રસ્તો બધો બાંધેલો છે. ગણેશ પોળની પાસે ડાબા હાથ ઉપર એક નાનું કપૂરસાગર નામનું પાકું બાંધેલું તલાવ છે, તેમાં બારે માસ પાણી રહે છે તેના કાંઠા ઉપર જૈન કારખાનાનો એક નાનો બગીચો છે. થોડું ઉપર ચડતાં શ્રી લક્ષ્મી–નારાયણનું એક નાનું મંદિર આવે છે. ત્યાંથી ઉપર ચડતાં જૈન કારખાનાનું મકાન, જૈન ધર્મશાલા અને શ્રીકુંથુનાથ ભ૦ નું મંદિર આવે છે. રસ્તાની બન્ને બાજુએ મહાજન વિગેરે લોકોનાં થોડાં મકાનો આવે છે. ત્યાંથી થોડું ઊંચે ચડયા બાદ મોટી જૈન ધર્મશાળા આવે છે. તેની અંદર થઈને જરા ઊંચે ચડતાં પ્રથમ શ્રી આદીશ્વર ભ૦ નું નાનું મંદિર અને ત્યાંથી પણ જરા ઊંચે ચડવાથી શિખરની ટોચ ઉપર શ્રી ચૌમુખજીનું મોટું મંદિર આવે છે. આ સ્થાનને અહિંના લોકો " નવંતા ઝોધ " નામથી ઓળખાવે છે.

મોટી ધર્મશાળાના દરવાજા પાસેથી ઊંચું ચડવાનો રસ્તો છે, ત્યાંથી થોડું ઊંચે ચડતાં શ્રાવણ–ભાદરવો નામના બે કુંડો આવે છે જેમાં બારે માસ પાણી રહે છે. ત્યાંથી ઊંચે ચડતાં પર્વતના શિખરની પાસે અચલગઢ નામનો એક જુનો અને તૂટેલો કિલ્લો આવે છે. ત્યાંથી એક બાજુમાં જરા નીચે ઉતરતાં પહાડને કોતરીને બનાવેલી બે માળની એક ગુફા આવે છે,

તેને લોકો સત્યવાદી રાજા હરિચંદ્રની અથવા ગોપીચંદજીની ગુફા કહે છે.

ઉપર પ્રમાણે અચલગઢમાં જૈનમંદિરો ૪, જૈનધર્મશાલાઓ ૨, કારખાનાનું મકાન ૧ અને કારખાનાનો બગીચો ૧ છે. શ્રાવક મોદીનું ઘર ૧ છે, કારખાનાનું નામ શાહ અચલશી અમરશી ( અચલગઢ ) છે. જૈનયાત્રાળુઓને અહિં સર્વ પ્રકારની સગવડ છે. યાત્રાળુઓને અહિં વધારે દિવસો સુધી રહેવું હોય તો રહી શકે છે. અહિંની ધર્મશાલામાં વધારે દિવસો સુધી રહેવાથી ભાડું આપવું પડતું નથી. હંમેશાં પોસ્ટ લાવવા લઇ જવાનો કારખાના તરફથી બંદોબસ્ત છે. યાત્રાળુઓ માટે અહિં કારખાના તરફથી થોડા વર્ષોથી જમવા માટે વીંશીનો બંદોબસ્ત થયો છે. માણસ દીઠ એક ટંકના ત્રણ આના લ્યે છે, અહિંના હવા પાણી વધારે સારાં કહેવાય છે, અહિં પ્રતિવર્ષ મહા શુદિ ૫ ને દિવસે મોટો મેળો ભરાય છે. અહિંના કારખાનાની દેખરેખ રોહિડાના શ્રી સંઘની કમીટી રાખે છે. ઓરીયાના રસ્તા ઉપરની પાણીની પરબ, ઓરીયાના દેરાસરની સંભાળ, આબૂરોડના રસ્તા ઉપરની જૈનધર્મશાળા અને ત્યાં યાત્રાળુઓને અપાતું ભાતું વિગેરે અચલગઢના કારખાના તરફથી ચાલે છે.

ઉપર કહેવામાં આવ્યો તે કિલ્લો મેવાડના મહારાણા કુંભકર્ણ ( કુંભા ) એ વિ. સ. ૧૫૦૯ માં બંધાવ્યો હતો. મહારાણા કુંભકર્ણ આ કિલ્લામાં ઘણી વાર રહેતા હતા. તેમ જ ઉપર કહેવામાં આવ્યું છે તે ચૌમુખજીનું મોટું બે માળનું

મંદિર, **અચલગઢના** જ **રહેવાસી સહસાએ** બંધાવ્યું છે. હવે જે સમયે ઉપર્યુક્ત કિલ્લામાં મેવાડદેશના અધિપતિ મહારાણા કુંભકર્ણ સ્વયં પોતાના સામંત–યોદ્ધાઓ અને પરિવાર સાથે આ કિલ્લામાં રહેતા હશે, અને જે ઠેકાણે ઉપર્યુક્ત ચૌમુખજીનું વિશાલ મંદિર બંધાવનાર સંઘવી **સહસા** જેવા ધનાઢ્ય શ્રાવકો રહેતા હશે, તે **અચલગઢની** તે સમયે જાહોજલાલી કેટલી હશે અને ત્યાં ધનાઢ્ય અને સુખી શ્રાવકોની વસ્તી કેટલી હશે તે વાતને વાચકો સ્વયં સમજી શકે તેમ હોવાથી તે માટે વિશેષ વિવેચન કરવાની જરૂર રહેતી નથી.

# અચલગઢનાં જૈનમંદિરો.

## ૧ ચૌમુખજીનું મુખ્ય મંદિર.

રાજાધિરાજ શ્રી જગમાલના[૧૭૯] રાજ્યમાં અચલગઢ નિવાસી પ્રાગ્વાટ ( પોરવાડ ) જ્ઞાતીય સંઘવી સાલિગના પુત્ર સંઘવી સહસાએ[૧૮૦] આ મંદિર કરાવ્યું, અને શ્રી ઋષભદેવ ભગવાનની ધાતુની બહુજ ભવ્ય અને મોટી મૂર્ત્તિ પોતે કરાવીને આ મંદિરના ઉત્તર દ્વારમાં મુખ્ય મૂલનાયકજી તરીકે બિરાજમાન કરીને તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૫૬૬ના ફાગણ શુદિ ૧૦ ને દિવસે પોતાના કાકા આસા એ કરાવેલા મોટા પ્રતિષ્ઠા મહોત્સવથી તપગચ્છાચાર્ય શ્રીજયકલ્યાણસૂરીશ્વરજી[૧૮૧] પાસે કરાવી. આ મૂર્ત્તિ ( કદાચ આ મંદિર પણ ) મીસ્રી વાચ્છા પુત્ર મી. દેવા પુત્ર મી. અર્બુદ પુત્ર મીસ્રી હરદાસે બનાવેલ છે. ઉપરની હકીકતવાળો વિ. સં. ૧૫૬૬નો આ મૂર્ત્તિ ઉપર વિસ્તૃત લેખ [૧૮૨] છે.

બીજા ( પૂર્વ દિશાના ) દ્વારમાં મૂલનાયક તરીકે શ્રી આદીશ્વર ભગવાનની ધાતુની મોટી અને ભવ્ય મૂર્ત્તિ બિરાજમાન છે, આ મૂર્ત્તિ વિ. સં. ૧૫૧૮ ના વૈશાખ શુદિ ૪ ને દિવસે મેવાડમાં આવેલા કુંભલમેરૂ નામના ગામમાં રાજાધિરાજશ્રી કુંભકર્ણના રાજ્યમાં શ્રી તપાગચ્છીય સંઘે કરાવેલા ચૌમુખ મંદિરનાં ( કે જેમાં આબૂથી લાવેલ ધાતુની મોટી અને મનોહર શ્રી આદીશ્વર ભગવાનની મૂર્ત્તિ મૂલનાય-

કજી તરીકે બિરાજમાન હતી ) બીજાં દ્વારોમાં બિરાજમાન કરવા માટે કુંભલમેરૂના[183] તપાગચ્છીય સંઘે કરાવી છે. અને તેની પ્રતિષ્ઠા ડૂંગરપુર નગરમાં રાજા સોમદાસના રાજ્યમાં ઓસવાલ શાવ સાલ્હાએ[186] કરાવેલા વિસ્મય પમાડનાર પ્રતિષ્ઠા મહોત્સવથી તપગચ્છાચાર્યશ્રી લક્ષ્મીસાગરસૂરીશ્વરજી[184] પાસે વિ. સં. ૧૫૧૮ માં કરાવી છે. આ મૂર્ત્તિ ડૂંગરપુર નિવાસી મીસ્ત્રી લુંભા અને લાંપા વિગેરે એ બનાવી છે. ઉપરની મતલબનો આ મૂર્ત્તિ ઉપર મોટો લેખ છે.[185]

ત્રીજા ( દક્ષિણ દિશાના ) દ્વારમાં મૂલનાયકજી તરીકે શ્રી શાંતિનાથ ભગવાનની ધાતુની મોટી અને મનોહર મૂર્ત્તિ બિરાજમાન છે. આ મૂર્ત્તિ પણ કુંભલમેરૂના ચૌમુખ મંદિરમાં સ્થાપન કરવા માટે વિ. સં. ૧૫૧૮ માં ઉપર લખ્યા પ્રમાણે ડૂંગરપુરમાં મોટી ધૂમધામથી પ્રતિષ્ઠા મહોત્સવ કરનાર ડૂંગરપુર નિવાસી ઓસવાલ શાહ સાલ્હાની માતા શ્રાવિકા કર્માદે એ કરાવી છે. આ મૂર્ત્તિ ઉપર પણ લગભગ ઉપરની જ મતલબનો વિ. સં. ૧૫૧૮ નો મોટો લેખ છે. આ બીજા અને ત્રીજા દ્વારના મૂલનાયકજીની મૂર્ત્તિઓ પછીથી કોઈ પણ કારણને લીધે કુંભલમેરૂથી અહિં લાવીને પધરાવવામાં આવી હોય એમ જણાય છે.

ચોથા ( પશ્ચિમ દિશાના ) દ્વારમાં મૂલનાયક તરીકે શ્રી આદીશ્વર ભગવાનની ધાતુની મોટી મનોહર મૂર્ત્તિ બિરાજમાન છે. આ મૂર્ત્તિ વિ. સં. ૧૫૨૯ માં ડૂંગરપુરના શ્રાવકોએ કરાવેલી છે એવી મતલબનો તેના ઉપર મોટો લેખ છે.

આ ચારે મૂલનાયકજીની મૂર્ત્તિઓ ધાતુની બહુજ મોટી અને મનોહર આકૃતિવાળી છે. ચારે મૂર્ત્તિઓની પલાંઠીમાં ઉપર લખેલા સંવતના મોટા અને સુસ્પષ્ટ લેખો છે.

પહેલા દ્વારના મુખ્ય મૂલનાયકજીની બન્ને બાજુએ ધાતુના મોટા અને બહુજ સુંદરાકૃતિવાળા બે કાઉસગ્ગીયા છે + તે બન્ને ઉપર વિ. સં. ૧૧૩૪ ના લેખો છે. પણ તે લેખો જુના હોવાથી કાંઈક ઘસાઇ ગયા છે, તેમજ પ્રકાશનો અભાવ અને સ્થાનની વિષમતાને લીધે વાંચવામાં મુશ્કેલી પડે તેમ છે, તો પણ વધારે મહેનત કરવાથી વંચાઇ શકે ખરા. બીજા દ્વારના મૂલનાયકજીની બન્ને બાજુએ આરસના મોટા અને મનોહર આકૃતિવાળા બે કાઉસગ્ગીયા છે. તે પ્રત્યેક કાઉસગ્ગીયામાં બન્ને બાજુએ થઇને ૧૨ જિનમૂર્ત્તિઓ, ઇંદ્ર–ઇંદ્રાણી અને શ્રાવક–શ્રાવિકાની મૂર્ત્તિઓ કોતરેલી છે. ત્રીજા દ્વારના મૂલનાયકજીની બાજુની આરસની મૂર્ત્તિ ઉપર વિ. સં. ૧૫૬૬ નો લેખ છે, અને ચોથા દ્વારના મૂલનાયકજીની બન્ને બાજુની ધાતુની મૂર્ત્તિઓ ઉપર પણ વિ. સં. ૧૫૬૬ ના લેખો છે.

આ પ્રમાણે નીચેના મૂલગભારામાં મૂલનાયકજીની ધાતુની મોટી મૂર્ત્તિઓ ૪, ધાતુના મોટા કાઉસગ્ગીયા ૨, ધાતુની મોટી એકલ મૂર્ત્તિઓ ૩, આરસની મૂર્ત્તિ ૧ અને આરસના મોટા કાઉસગ્ગીયા ૨ છે. મૂલગભારાની બહાર ગૂઢમંડપના બન્ને બાજુના ગોખલામાં મળીને ભગવાનની મૂર્ત્તિઓ ૩ છે.

સભામંડપની અંદર બન્ને બાજુએ એક એક દેરી છે,

તેમાંની જમણી બાજુની દેરીની અંદર મૂલનાયક શ્રીપાર્શ્વનાથ ભ૦, તેમની જમણી બાજુએ શ્રીશાંતિનાથ ભ૦ અને ડાબી બાજુએ શ્રીનમિનાથ ભ૦ ના મૂર્ત્તિઓ છે. આ ત્રણે મૂર્ત્તિઓ વિ. સં. ૧૬૯૮ માં સિરોહીના રહેવાસી પોરવાડ શાહ વણવીરના પુત્રો શાહ રાઉત, લખમણ અને કર્મચંદે કરાવેલ છે. આ ત્રણે મૂર્ત્તિઓ ઉપર લેખો [૧૮૬] છે. આ દેરીમાં કુલ મૂર્ત્તિઓ ૩ છે.

ડાબી બાજુની દેરીમાં મૂલનાયક શ્રીનેમિનાથ ભગવાનની ધાતુની બહુ સુંદર મૂર્ત્તિ છે. આ મૂર્ત્તિ વિ. સં. ૧૫૧૮માં પ્રાગ્વાટ (પોરવાડ)જ્ઞાતીય દોસી ડુંગર પુત્ર દોસી ગોઈંદે કરાવી છે, એવી મતલબનો તેના ઉપર લેખ[૧૮૭] છે. આ મૂર્ત્તિ પણ કુંભલમેરૂથી અહિં લાવવામાં આવી છે. મૂલનાયકજીની બન્ને બાજુમાં બે મૂર્ત્તિઓ છે, તે બન્ને ઉપર વિ. સં. ૧૬૯૮ ના લેખો છે. આ દેરીમાં પણ કુલ મૂર્ત્તિઓ ૩ છે.

આ મંદિરની ભમતીમાં બીજા માળ ઉપર ચડવાના રસ્તા પાસે આરસની એક છત્રી છે. તેમાં એક પાદુકાપટ્ટ છે. અર્થાત્ એકજ પાષાણની અંદર નવ જોડી પગલાં કોતરેલાં છે. તેમાં સૌથી વચ્ચે ૧ શ્રી જંબૂસ્વામીનાં પગલાં છે, તેની ચારે બાજુમાં ૨ શ્રી વિજયદેવસૂરિ, ૩ શ્રી વિજયસિંહસૂરિ, ૪ પં. શ્રી સત્યવિજય ગણી, ૫ પં. શ્રીકપૂરવિજય ગણી, ૬ પં. શ્રી ક્ષમાવિજય ગણી, ૭ પં. શ્રી જિનવિજય ગણી, ૮ પં. શ્રી ઉત્તમવિજય ગણી અને ૯ પં. શ્રી પદ્મવિજયગણીનાં પગલાં છે. આ પટ્ટ આબૂ ઉપર આવેલા અચલગઢમાં સ્થાપન

કરવા માટે કરાવેલ છે. કરાવનારનું નામ લખેલું નથી. આ પટ્ટની પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૮૮ ના માહ શુદિ ૫ ને સોમવારે પં. શ્રી રૂપવિજય ગણીએ કરેલ છે, ઉપરની મતલબનો તેના ઉપર લેખ [૧૮૮] છે. આ પાદુકા પટ્ટની પ્રતિષ્ઠા પં. શ્રી રૂપવિજયજી ગણીએ કરેલ હોવાથી અહિંના લોકો આ છત્રીને રૂપવિજયજીની દેરી કહે છે.

બીજે માળે ચૌમુખજી તરીકે મૂલનાયકજી ૧ પાર્શ્વનાથજી, ૨ આદિનાથજી, ૩ આદિનાથજી અને ૪ આદિનાથજી બિરાજમાન છે. આ ચારે મૂર્ત્તિઓ ધાતુની છે. ઉત્તરદ્વારની મૂર્ત્તિ ઉપર લેખ નથી, તે મૂર્ત્તિ વધારે પ્રાચીન હોય તેમ જણાય છે. બીજા માળમાં આ ચાર જ મૂર્ત્તિઓ છે.

આ મંદિરમાં ઉપર નીચે થઇને કુલ ૧૪ મૂર્ત્તિઓ ધાતુની છે, તે બધી મળીને ૧૪૪૪ મણ વજન હોવાનું લોકોમાં કહેવાય છે. [૧૮૯]

આ મંદિર † પહાડના એક ઊંચા શિખર ઉપર આવેલું હોવાથી તેના બીજા માળ ઉપર ચડીને જોતાં આબૂ પહાડની કુદરતી રમણીયતા, આબૂની નીચેની ભૂમિ અને દૂર દૂર સુધીના ગામોનું દૃશ્ય બહુજ ચિત્તાકર્ષક લાગે છે.

† અહિંના લોકોમાં દન્તકથા છે કે—અચલગઢ નામના કિલ્લામાંના પોતાના મહેલના ઝરૂખામાં બેસીને મેવાડના મહારાણા કુંભકરણ, ઉપર કહેલા ચૌમુખજીના મંદિરના બીજા માળના મૂલનાયક ભગવાનનાં દર્શન કરી શકે એવી રીતે આ ચૌમુખજીનું

આ મંદિરમાં બન્ને માળના મૂલનાયકજી વિગેરે થઇને ધાતુની મોટી અને મનોહર મૂર્ત્તિઓ ૧૨, ધાતુના મોટા સુંદર કાઉસગ્ગીયા ૨, આરસના સુંદર કાઉસગ્ગીયા ૨ અને આરસની મૂર્ત્તિઓ ૯. એ પ્રમાણે આ મંદિરમાં કુલ મૂર્ત્તિઓ ૨૫ અને પાદુકાપટ્ટ ૧ છે.

---

## ૨ શ્રી આદીશ્વર ભગવાનનું મંદિર.

ચૌમુખજીના મંદિરથી થોડું નીચે આ મંદિર આવેલું છે. આમાં મૂળનાયકજી તરીકે શ્રી આદીશ્વર ભગવાન્ બીરાજમાન છે. તેની બન્ને બાજુએ બીજી બે મૂર્ત્તિઓ છે. તે મૂર્ત્તિઓ ઉપર વિ. સં. ૧૭૨૧ ના લેખો છે. તેમાં અમદાવાદના રહેવાસી વિશાશ્રીમાલી દોસી શાંતિદાસ શેઠની હકીકત આવે છે, તે ઉપરથી આ મંદિર શ્રીમાન્ શાન્તિદાસ શેઠે કરાવ્યું હોય અથવા તેમણે કરાવેલી આ મૂર્ત્તિઓ બીજે ઠેકાણેથી અહિં લાવીને પધરાવવામાં આવી હોય, એમ જણાય છે.

---

મંદિર બંધાવવામાં આવ્યું છે. પરન્તુ આ દન્તકથામાં કાંઇ વજુદ હોય એવું લાગતું નથી, કારણ કે મહારાણા કુંભકરણનો સ્વર્ગવાસ વિ. સં. ૧૫૨૫ માં થયો છે અને આ મંદિર વિ. સં. ૧૫૬૬ માં બન્યું છે. હાં સિરોહીના મહારાવ જગમાલના સંબંધમાં આ દન્તકથા હોય તો તે બનવા યોગ્ય છે, કારણ કે તે વખતે આબૂ ઉપર તેમનું આધિપત્ય હતું.

આ મંદિરની ભમતીમાં નાની નાની દેરીઓ ૨૪, પગલાંની છત્રીઓ ૪ અને શ્રી ચક્રેશ્વરી દેવીની દેરી ૧ છે. આ બધું પાછળથી બનેલું છે. આ ૨૪ દેરીઓમાંની પ્રત્યેકમાં ભગવાનની અકકેક મૂર્ત્તિ છે. તેમાં એક દેરીમાં પંચતીર્થીના પરિકરવાળી શ્રી કુંથુનાથ ભગવાન્‌ની મૂર્ત્તિ છે, તેના ઉપર વિ. સં. ૧૩૮૦ નો નાનો લેખ છે. પગલાંની ચાર છત્રીઓ છે, તે પ્રત્યેકમાં અકકેક પાદુકા જોડી છે. તેમાં એક પાદુકા જોડી શ્રીમાન્ યશોભદ્રસૂરિજીની પણ છે. પાદુકા જોડીઓ ઉપર અર્વાચીન નાના નાના લેખો છે. સરસ્વતી દેવીની એક નાની મૂર્ત્તિ છે. ચક્રેશ્વરી દેવીની દેરીમાં ચક્રેશ્વરી દેવીની મૂર્ત્તિ ૧ છે. એક ઓરડીમાં લાકડાની સુંદર મૂર્ત્તિઓ ચાર છે. આ મંદિર ઉપર કલશ કે ધ્વજા દંડ નથી, ચડાવવા માટે શ્રીમાન્ શાંતિદાસ શેઠના વારસદારોએ અથવા શ્રી સંઘે ધ્યાન આપવાની જરૂર છે.

આ મંદિરમાં ભગવાનની કુલ મૂર્ત્તિઓ ૨૭, પાદુકા જોડી ૪, સરસ્વતી દેવીની મૂર્ત્તિ ૧ અને ચક્રેશ્વરી દેવીની મૂર્ત્તિ ૧ છે.

---

### ૩ શ્રી કુંથુનાથ ભગવાન્‌નું દેરાસર.

કારખાનાના મકાનની પાસે ઘરદેરાસર જેવું આ દેરાસર આવેલું છે. આ દેરાસર કોણે અને કયારે બંધાવ્યું, તે

જાણવામાં આવ્યું નથી. આ દેરાસરમાં મૂલનાયકજી તરીકે શ્રી કુંથુનાથ ભગવાનની ધાતુની બહુ જ મનોહર મૂર્ત્તિ બિરાજમાન છે. તેના ઉપર વિ. સં. ૧૫૨૭ નો લેખ છે. મૂલનાયકની બન્ને બાજુએ ધાતુના કાઉસગ્ગીયા ૨, આરસની મૂર્ત્તિ ૧, ધાતુની મોટી એકલ મૂર્ત્તિઓ ૨, ધાતુના ચૌમુખજીની ચાર મૂર્ત્તિઓ યુક્ત સમવસરણ ૧, અને ધાતુની નાની મૂર્ત્તિઓ (એકતીર્થી, ત્રિતીર્થી, પંચતીર્થી અને ચોવિશી મળીને) ૧૬૪ છે. આ નાની મૂર્ત્તિઓમાં કેટલીક મૂર્ત્તિઓ વધારે પ્રાચીન પણ છે, આ નાની મૂર્ત્તિઓને પછીથી ચૂનો લગાવીને સ્થિર કરેલી છે. † ઉપર પ્રમાણે આ મંદિરમાં (સમવસરણની ચારે મૂર્ત્તિઓને ગણતાં) કુલ ૧૭૪ મૂર્ત્તિઓ છે.

કારખાનાની પેઢી પાસે એક દેરીમાં ગૃહસ્થોની મૂર્ત્તિઓ અને પગલાં છે.

પેઢીના મકાનની અંદર દેરીની પાસે પિત્તલના ત્રણ સુંદર ઘોડા છે. તેના ઉપર ઢાલ, તરવાર અને ભાલા આદિશસ્રોથી સજ્જ થએલા સવારો બેઠેલા છે. વચ્ચેના ઘોડાના સવારને માથે છત્ર છે. બીજા બન્ને ઘોડાના સવારોને માથે પણ છત્ર હોવાનાં

† અહિં આ નાની મૂર્ત્તિઓનો પરિવાર ઘણો છે, માટે બીજે કોઇ ઠેકાણે નવાં મંદિરોમાં મૂર્ત્તિઓની જરૂર હોય ત્યાં આપવામાં આવે તો ત્યાં સારી રીતે પૂજાય. માટે તેમ કરવા કારખાનાના વહીવટદારોએ ધ્યાન આપવાની જરૂર છે.

ચિહ્નો છે, પરંતુ પાછલથી છત્રો નીકળી ગયાં હોય તેમ જણાય છે. સવાર સહિત આ પ્રત્યેક ઘોડાનું વજન ૨ા મણ છે અને એક એક ઘોડાને બનાવવામાં એકસો મહમુદી†નો ખર્ચ થયો છે. આ ઘોડા ડૂંગરપુરમાં બન્યા છે.

તેમાં વચ્ચેનો છત્રવાળો ઘોડો કલ્કી ( કલંકી ) અવતારના પુત્ર ધર્મરાજ દત્ત રાજાનો છે, અને તે મેવાડદેશમાં કુંભલમેરૂ મહાદુર્ગ ( મોટા કિલ્લા ) માં મહારાણા કુંભકરણના રાજ્યમાં, ચૌમુખજીને પૂજનાર શાહ પન્ના પુત્ર શાહ શાહ્લે વિ. સં. ૧૫૬૬ ના માગશર શુદિ ૧૫ ને દિવસે કરાવેલ છે. આ મતલબનો તેના ઉપર લેખ ૧૯૦ છે.‡ આ લેખમાં 'ચોમુખજી' આવો શબ્દ આવ્યો છે તેથી આ ઘોડો કુંભલમેરૂ મહાદુર્ગના ચૌમુખજીના

---

† મહમુદી એટલે તે વખતે ચાલતો ચાંદીનો સિક્કો.

‡ વિ. સં. ૧૫૬૬ ના આ લેખમાં **श्रीमेदपाटदेशे कुंभलमेरमहादुर्गे श्रीराणाश्रीकुंभकरणविजयराज्ये** એ પ્રમાણે લખ્યું છે, પરંતુ તે અસંબદ્ધ લાગે છે, કારણ કે મેવાડના મહારાણા કુંભકરણનો વિ. સં. ૧૫૨૫ માં સ્વર્ગવાસ થઇ ગયો હતો. તો પણ મહાપ્રતાપી કુંભા રાણાએ મેવાડના રાજ્યને ખૂબ આબાદ કર્યું હોવાથી તેમના પુત્ર પૌત્રાદિના રાજ્યકાળમાં પણ મહારાણા 'કુંભકરણનું વિજયી રાજ્ય' એમ કહેવાની લોકોમાં પ્રથા હોય અને એજ હેતુથી આ લેખમાં એમ લખાયું હોય તો તે બનવા યોગ્ય છે.

મંદિરમાં મુકવા માટે કરાવ્યો હોય અને પછી ત્યાંથી મૂર્ત્તિઓની સાથે અહિં લાવવામાં આવ્યો હોય એમ અનુમાન થઇ શકે છે.

તેની બન્ને બાજુના ઘોડા સિરોહી રાજ્યના કોઇ પણ બે ક્ષત્રીય રાજા ( ઠાકોરો ) ના છે, અને તે પોતે કરાવેલા દેરાસરમાં મુકવા માટે વિ. સ. ૧૫૬૬ માં તેમણે જ કરાવ્યા છે. એવી મતલબના તે બન્ને ઉપર લેખો [૧૯૧] છે. લોકો આ ત્રણે ઘોડા કુંભારાણાના છે, એમ કહે છે, પણ તે વાત ઠીક નથી. ખરી હકીકત ઉપર લખ્યા પ્રમાણે છે.

## શ્રી શાન્તિનાથ ભગવાનનું મંદિર.

અચલગઢની તલેટીમાં સડકથી જરા દૂર એક નાની ટેકરી ઉપર આ મંદિર આવેલું છે. આ મંદિર બહુ વિશાલ, પ્રાચીન અને ભવ્ય છે. આને લોકો કુમારપાલનું મંદિર કહે છે. તીર્થકલ્પ અન્તર્ગત શ્રી અર્બુદકલ્પમાં શ્રી જિનપ્રભસૂરિ અને શ્રી અર્બુદગિરિકલ્પમાં શ્રીમાન્ મુનિસુંદર સૂરિ લખે છે કે–" આબૂ ઉપર ગુજરાતના મહારાજા સોલંકી કુમારપાળે બંધાવેલું શ્રી મહાવીરસ્વામીનું મંદિર[૧૯૨] શોભે છે." આ ઉપરથી અને આ મંદિરની બાંધણી† ઉપરથી પણ જણાય

† જૈન મંદિરોની શિલ્પકળા ( બાંધણી ) માં રાજાએ બંધાવ્યાની અને શ્રાવકે ( શેઠે ) બંધાવ્યાની સિંહમાલ, ગજમાળ, અશ્વમાળ વિગેરે જુદી જુદી નિશાનીઓ હોય છે.

છે કે—મહારાજા કુમારપાળે આબૂ ઉપર બંધાવેલું મંદિર આ જ હોવું જોઇએ. તેમાં પહેલાં મૂલનાયકજીશ્રી મહાવીરસ્વામી ભગવાન[૧૯૪] હશે, પણ પાછળથી જીર્ણોદ્ધાર સમયે શ્રી શાંતિનાથ ભગવાનને સ્થાપન કર્યા હશે એમ જણાય છે. પરંતુ આ વાતને પુષ્ટિ આપતો એક પણ લેખ આ મંદિરમાં જોવામાં આવતો નથી.

શ્રી શાંતિનાથ ભગવાનની પરિકરવાળી બહુજ ભવ્ય અને વિશાલ મૂર્ત્તિ આ મંદિરમાં મૂલનાયકજી તરીકે બીરાજમાન છે. મૂલગભારામાં પરિકરવ વિનાની બીજી મૂર્ત્તિ ૧ છે. રંગમંડપમાં કાઉસગ્ગધ્યાને ઉભી મોટી અને બહુજ મનોહર મૂર્ત્તિઓ ૨ છે. તે પ્રત્યેકમાં મૂલનાયકજી તરીકે વચ્ચે કાઉસગ્ગીયા છે અને તેની આજુબાજુમાં ભગવાનની ત્રેવીશ ત્રેવીશ નાની મૂર્ત્તિઓ કોતરેલી છે. એ પ્રમાણે આ મંદિરમાં ભગવાનની મૂર્ત્તિઓ ૨ અને કાઉસગ્ગીયા ૨ મળીને કુલ મૂર્ત્તિઓ ૪ છે. તેમાંની એક મૂર્ત્તિ ઉપર વિ. સં. ૧૩૦૨ નો લેખ છે,

મૂલનાયકજીની પાસે ગર્ભાગારમાં સુંદર નકશીવાળા બે સ્તંભોની ઉપર નકશીદાર પથ્થરની મેરાબવાળું એક તોરણ છે. તે બન્ને સ્તંભોમાં થઇને ભગવાનની ૧૦ મૂર્ત્તિઓ કોતરેલી છે. આ મંદિરના મૂલગભારાની બહાર ( પાછલી ભમતીમાં ) બહુ સુંદર કોરણી છે. મંદિરની ખુરશી ઉપર ચારે બાજુમાં ગજમાલ અને સિંહમાલની લાઇનોની ઉપરની લાઈનમાં જાત જાતની સુંદર કોરણી છે, તેમાં સારા સારા ભાવો પણ ઘણા કોતરેલા છે.

---

# અચલગઢ અને ઓરીયાના જૈન મંદિરોની કુલ મૂર્ત્તિઓ.

| નંબર. | મૂર્ત્તિઓ વિગેરે. | ચૌમુખજી. | આદિશ્વરજી. | કુંથુનાથજી. | શાન્તિનાથજી. | ઓરીયા મહાવીર સ્વામી. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચૌમુખજીના મંદિરના નીચેના માળના મૂલનાયકજીની ધાતુની ભવ્ય અને વિશાલ મૂર્ત્તિઓ. | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ |
| ૨ | ધાતુના મોટા કાઉસગ્ગીયા. | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૪ |
| ૩ | ધાતુની એકલ મોટી મૂર્ત્તિઓ. | ૮ | ૦ | ૩ | ૦ | ૦ | ૧૧ |
| ૪ | આરસના સુંદર કાઉસગ્ગીયા. | ૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૪ |
| ૫ | આરસની પરિકર વિનાની મૂર્ત્તિઓ. | ૯ | ૨૬ | ૧ | ૧ | ૩ | ૪૦ |
| ૬ | પરિકરવાળી મૂલનાયકજી શાન્તિનાથ ભ૦ની મનોહર મૂર્ત્તિ. | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૭ | પંચતીર્થીના પરિકરવાળી મૂર્ત્તિ. | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | ધાતુના ચૌમુખજી યુક્ત ધાતુનું સમવસરણ. | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૯ | ધાતુની નાની પંચતીર્થી, ત્રિતીર્થી, એકતીર્થી અને ચોવિશીઓ. | ૦ | ૦ | ૧૬૪ | ૦ | ૦ | ૧૬૪ |
| ૧૦ | ચોવિશીના પટ્ટમાંથી છુટી પડી ગએલી ભગવાનની નાની મૂર્ત્તિઓ. | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ |
| ૧૧ | જિન–માતૃ ચોવિશીનો ખંડિત પટ્ટ. | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૨ | શ્રી જંબૂસ્વામી અને આચાર્યોની પાદુકા જોડી નવનો પટ્ટ. | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૩ | શ્રી યશોભદ્રસૂરિ વિગેરેનાં પગલાં જોડી. | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૪ |
| ૧૪ | સરસ્વતી દેવીની મૂર્ત્તિ. | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૫ | ચક્રેશ્વરી દેવીની મૂર્ત્તિ. | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૬ | પેઢીના મકાનમાં સવાર સહિત પિત્તલના ઘોડા. | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ |

# હિંદુ તીર્થો અને દર્શનીય સ્થાનો.

## ( ૧ ) શ્રાવણ–ભાદરવો.

**અચલગઢ** ઉપરની **મોટી જૈન** ધર્મશાલાના મુખ્ય દરવાજા પાસેથી કિલ્લા તરફ થોડું ઊંચે ચડવાથી બે જલાશય ( પાણીનાં સ્થાનો ) આવે છે. આને લોકો **શ્રાવણ–ભાદરવો** કહે છે. બાંધ્યા કે ખોદ્યા વિનાના, પહાડમાં સ્વાભાવિક રીતે કુંડના આકારના બની ગયા હોય એવા જણાય છે. આમાં બારે માસ પાણી રહે છે.

## ( ૨ ) અચલગઢ કિલ્લો.

શ્રાવણ–ભાદરવાથી થોડું ઊંચે ચડતાં પહાડના એક શિખર પાસે **અચલગઢ** નામનો તુટયો ફુટયો કિલ્લો છે. આ કિલ્લો **મેવાડના** મહારાણા કુંભકરણ [૧૯૪] ( કુંભા ) એ વિ. સં. ૧૫૦૯ માં બંધાવ્યો હતો. [૧૯૫] મહારાણા કુંભકરણ પોતાના પરિવાર સાથે કોઇ કોઇ વખત આ કિલ્લામાં રહેતો હતો.

## ( ૩ ) હરિચંદ્રગુફા.

તે કિલ્લા પાસેથી એક બાજુ થોડું નીચે ઉતરવાથી પહાડમાં કોતરીને બનાવેલી એક ગુફા આવે છે. આ ગુફા બે માળની છે. નીચેના માળમાં બે ત્રણ ખંડ ( ઓરડા ) બના-

વેલા છે. લોકો આ સ્થાનને સત્યવાદી રાજા **હરિચંદ્રની** ગુફા કહે છે, ત્યારે કેટલાક લોકો આને ગોપીચંદજીની ગુફા કહે છે. આ ગુફામાં બે ધુણીઓ બનેલી છે, તેથી લાગે છે કે અહિં પહેલાં હિંદુ સાધુ–સન્તો રહેતા હશે.

## ( ૪ ) અચલેશ્વર મહાદેવ.

અચલગઢની નીચે તલેટીમાં **અચલેશ્વર મહાદેવનું** સાવ સાદું પણ પ્રાચીન મંદિર છે. આ મંદિર એક વિશાલ કંપાઉંડમાં આવેલું છે. તેની આસપાસ બીજાં નાનાં મોટાં મંદિરો અને મંદાકિની કુંડ વિગેરે આવેલું છે. હિંદુ લોકો અચલેશ્વરને **આબૂના** અધિષ્ઠાયક દેવ માને છે. પહેલાં **આબૂના** પરમાર રાજાઓના અને જ્યારથી **આબૂ** ઉપર ચૌહાણ રાજાઓનું રાજ્ય થયું ત્યારથી તે ચૌહાણ રાજાઓના પણ અચલેશ્વર મહાદેવ કુલદેવ મનાય છે.

અચલેશ્વર મહાદેવનું આ મૂળ મંદિર બહુ પ્રાચીન છે. અને ઘણીવાર તેના જીર્ણોદ્ધારો થયા છે. આમાં શિવલિંગ નહિં પણ શિવજીના પગનો અંગુઠો પૂજાય છે. મંદિરની અંદરના ભાગમાં બહુ અંધારૂં હોવાથી તેમજ ત્યાંના પંડયા લોકો ઉચ્ચ કોમના માણસોને પણ અંદર જઇને સારી રીતે જોવા દેતા નહિં હોવાથી અંદરના ભાગ સંબંધી હું વિશેષ લખી શકું તેમ નથી.

આ મંદિરની પાસે જ એક ચોતરા ઉપર અષ્ટોત્તર-

શત શિવલિંગ (મહાદેવનાં એકસો આઠ લિંગ) નો એક પટ્ટ છે, અર્થાત્ એક જ પથ્થરમાં નાનાં નાનાં ૧૦૮ શિવલિંગ ખોદેલાં છે. તે ચોતરાની નીચે મહામાત્ય વસ્તુપાલ-તેજપાલનો એક મોટો શિલાલેખ વિ. સં. ૧૪૯૪ થી કાંઈક પહેલાંનો છે. તે શિલાલેખ ખુલ્લા ચોકમાં હોવાથી તેના ઉપર હમેશાં વરસાદનું પાણી વિગેરે પડવાને લીધે ખરાબ થઇ ગયો છે-ઘણો ભાગ ઘસાઇ ગયો છે.છતાં તેમાંથી આબૂના પરમાર રાજાઓનું, ગુજરાતના સોલંકી રાજાઓનું અને મંત્રી વ૦ તે૦ ના વંશનું વિસ્તૃત વર્ણન વાંચી શકાય છે. બાકીનો ભાગ ઘસાઇ ગયો હોવાથી મહામંત્રી વસ્તુપાલ-તેજપાલે આ મંદિરમાં શું કરાવ્યું તે જાણી શકાયું નથી. પણ આ મંદિરનો જીર્ણોદ્ધાર કે એવું બીજું કાંઇ તેમણે અવશ્ય કરાવ્યું છે.† આ લેખના પ્રારંભમાં અચલેશ્વર મહાદેવને નમસ્કાર કરેલો છે, તેથી આ લેખ આ મંદિરને માટે જ બન્યો છે, એમ ચોક્કસ માની શકાય તેવું છે.

આ મંદિરની પાસે જ મઠમાં એક મોટી શિલા ઉપર મેવાડના મહારાવલ સમરસિંહ[૧૯૬]નો વિ. સં. ૧૩૪૩ નો લેખ છે. આ લેખથી જણાય છે કેઃ—સમરસિંહે અહિંના

† મહામાત્ય વસ્તુપાલ-તેજપાલ દૃઢ શ્રાવક હોવા છતાં તેમણે ઘણાં શિવાલયો અને મસ્જીદો વિગેરે નવાં કરાવ્યાં તથા સમરાવ્યાં હતાં, તેમજ આ સિવાય બીજાં પણ ઘણાં પ્રમાણો મળે છે. તે તેમની અને જૈન ધર્મની ઉદારતાની ખાત્રી આપી રહ્યાં છે.

મઠાધિપતિ ભાવશંકર ( કે જે મોટો તપસ્વી હતો. ) ની આજ્ઞાથી આ મઠનો જીર્ણોદ્ધાર કરાવ્યો, અચલેશ્વર મહાદેવના મંદિર ઉપર સોનાનો ધ્વજાદંડ ચડાવ્યો, અને અહિં રહેનારા તપસ્વિઓના ભોજનની વ્યવસ્થા કરી. ત્રીજો લેખ ચૌહાણ મહારાવ લુંભા[૧૯૭]નો વિ. સં. ૧૩૭૭ નો મંદિરની બહાર એક ગોખલામાં લાગેલો છે. તેમાં ચૌહાણોની વંશાવલી તથા મહારાવ લુંભાજીએ આબૂનો પ્રદેશ તથા ચંદ્રાવતીને જીતી લીધાનો ઉલ્લેખ છે. મંદિરની પાછળની વાવડીમાં મહારાવ તેજસિંહ[૧૯૮]ના સમયનો વિ. સં. ૧૩૮૭ ના માહ શુદિ ૩ નો લેખ છે. મંદિરની સામે જ પીત્તલનો બનેલો એક મોટો નંદિ ( પોઠીયો ) છે, તેની ગાદી ઉપર વિ. સં. ૧૪૬૪ ના ચૈત્ર શુદિ ૮ નો લેખ છે. પોઠીયાની પાસેજ પ્રસિદ્ધ ચારણ કવિ દુરાસા આઢાની પિત્તલની પોતેજ કરાવેલી મૂર્ત્તિ છે, તેના ઉપર વિ. સં. ૧૬૮૬ ના વૈશાખ શુદિ ૫ નો લેખ છે. પોઠીયાથી થોડે દૂર લોઢાનું બનેલું એક મોટું ત્રિશૂલ છે, તેના ઉપર વિ. સં. ૧૪૬૮ ના ફાગણ શુદિ ૧૫ નો લેખ છે. આ ત્રિશૂલ રાણા લાખા[૧૯૯], ઠાકોર માંડણ તથા કુંવર ભાદાએ ધાણેરાવ ગામમાં બનાવરાવીને અચલેશ્વરજીને અર્પણ કર્યું છે, આટલું મોટું ત્રિશૂલ બીજે ઠેકાણે જોવામાં આવ્યું નથી.

અચલેશ્વર મહાદેવના મંદિરના કંપાઉંડમાં બીજાં નાનાં નાનાં કેટલાંક મંદિરો છે, જેમાં વિષ્ણુ આદિ જુદા જુદા દેવ-દેવીઓની મૂર્ત્તિઓ છે. મંદાકિની તરફના ખુણા ઉપર મહારાણા

**કુંભકરણુ**[૧૯૪] ( કુંભાજી ) નું બંધાવેલું કુંભસ્વામીનું સુંદર મંદિર છે. **અચલેશ્વર**ના મંદિરની પાછળ **મંદાકિની** નામનો એક મોટો કુંડ છે,† જેની લંબાઇ ૯૦૦ ફીટ અને પહોળાઇ ૨૪૦ અથવા ૪૪૦ ફીટ લગભગ છે. આવો વિશાલ કુંડ બીજે ઠેકાણે ભાગ્યેજ કોઇના જોવામાં આવ્યો હશે. આ કુંડને લોકો **મંદાકિની** અર્થાત્ **ગંગા** નદી પણ કહે છે. આ **કુંડ** અત્યારે બહુ જીર્ણ થઇ ગએલો છે તેના કાંઠા ઉપર પરમાર રાજા **ધારાવર્ષ**[૧૧૩]ની§ ધનુષ્ય સહિત પથ્થરની બનેલી સુંદર મૂર્ત્તિ છે, તેની આગળ કાળા પથ્થરના બનેલા, પુરા કદના ત્રણ મોટા પાડા એકજ

---

† **ચિત્તોડ**ના કીર્ત્તિસ્તંભની પ્રશસ્તિમાં મહારાણા કુંભાએ **આબૂ** ઉપર **કુંભસ્વામી**નું મંદિર અને તેની પાસે એક કુંડ બનાવરાવ્યાનું લખ્યું છે. **કુંભસ્વામી**ના મંદિરની પાસે આ મંદાકિની જ કુંડ છે, તેથી સંભવ છે કે–મહારાણા કુંભાએ આ કુંડનો જીર્ણોદ્ધાર કરાવ્યો હોય. (**सिरोही राज्यका इतिहास** पृ. ७२).

§ આ મૂર્ત્તિ કયારે બની તે નક્કી કહી શકાતું નથી. આ મૂર્ત્તિના ધનુષ્ય પર વિ. સં. ૧૫૩૩ ના ફાગણ વદિ ૬ નો એક લેખ છે, પરંતુ મૂર્ત્તિ પ્રાચીન જણાય છે, તેથી સંભવ છે કે મૂર્ત્તિની સાથે જોડેલો છે તે ધનુષ્ય વાળો ભાગ પહેલાંનો તૂટી જવાના કારણથી પાછળથી નવો લગાવેલો હશે. આ મૂર્ત્તિ લગભગ ૫ ફીટ ઊંચી છે, અને દેલવાડાના મંદિરમાં જે વસ્તુપાલ વિગેરેની મૂર્ત્તિઓ છે, તેની સાથે મળતી છે, તેથી સંભવ છે કે તે એજ સમયની આસપાસમાં બનેલી હોય. ( **सिरोही राज्यका इतिहास** पृ. ७४ ).

લાઇનમાં જોડાજોડ ઉભેલા છે, તેના શરીરની આરપાર એક એક છિદ્ર છે, તેની મતલબ એ છે કે–ધારાવર્ષ રાજા એવો પરાક્રમી હતો, કે એક સાથે ઉભેલા ત્રણ પાડાને તે એકજ બાણથી વિંધી નાંખતો હતો. કેટલાક લોકો કહે છે કે આ ત્રણ પાડા છે તે દૈત્યો છે પણ તે વાત બરાબર નથી. આ મંદાકિનીના કાંઠાની પાસે **સિરોહીના** મહારાવ **માનસિંહનું**[200] એક મંદિર છે. (મહારાવ માનસિંહ **આબૂ** ઉપર એક પરમાર રાજપુતના હાથથી મરાયો હતો અને તેને એ મંદિરવાળા સ્થાન ઉપર બાળવામાં આવ્યો હતો.) આ શિવમંદિર તેની માતા **ધારબાઈએ** વિ. સં. ૧૬૩૪ માં બંધાવ્યું હતું. તેમાં **માનસિંહની** મૂર્તિ તેની પાંચ રાણીઓ સહિત શિવજીની આરાધના કરતી ઉભેલી છે. આ પાંચે રાણીઓ તેની સાથે સતી થઇ હશે એમ લાગે છે.†

## (૫) ભર્તૃહરિગુફા.

અચલેશ્વર મહાદેવના મંદિરથી થોડે દૂર એક ગુફા છે તેને લોકો **ભર્તૃહરિની** ગુફા કહે છે.

## (૬) કોટેશ્વર (કનખલેશ્વર શિવાલય).

**ઓરીયા** ગામની બહાર **કોટેશ્વર** (કનખલેશ્વર)

---

† અચલેશ્વરજી મહાદેવ અને તેના કંપાઉંડમાં આવેલા બીજાં મંદિરોના મળીને લગભગ ૩૦ લેખો ઉપલબ્ધ થાય છે. તેમાં સૌથી જૂનામાં જૂનો વિ. સં. ૧૧૮૬ નો લેખ છે. બીજા લેખો ત્યાર પછીના છે. (જૂઓ પ્રાચીન જૈન લેખ સંગ્રહ, અવલોકન પૃ. ૧૪૦).

મહાદેવનું એક પ્રાચીન મંદિર છે. હિંદુઓનું આ કનખલ નામનું તીર્થ છે. આ મંદિરનો વિ. સં. ૧૨૬૫માં દુર્વાસારાશિના શિષ્ય કેદારરાશિ નામના સાધુએ જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તે વખતે ગુજરાતના મહારાજા સોલંકી બીજા ભીમદેવનો સામંત પરમાર ધારાવર્ષ[૧૧૩] આબૂનો રાજા હતો, એ પ્રમાણે ત્યાંના લેખ ઉપરથી જણાય છે. આ મંદિરની આસપાસમાં બીજાં દેવ–દેવીઓનાં જૂનાં ખંડિત ત્રણ ચાર મંદિરો છે.

## ( ૭ ) ગુરૂ શિખર.

ઓરીયાથી વાયવ્ય ખુણા તરફ લગભગ ૨॥ માઇલ દૂર ગુરૂશિખર નામનું આબૂનું સૌથી ઊંચામાં ઊંચું શિખર છે. રસ્તો ઘણોજ વિકટ અને ચડાવવાળો છે. શિખર ઉપર એક નાનું શિવાલય છે. ત્યાંથી આગળ ચાલતાં એક ખડક ઉપર નાની દેરીમાં ગુરૂદત્તાત્રેયનાં પગલાં છે, કે જેને લોકો વિષ્ણુનો અવતાર માને છે. તેનાં દર્શન માટે અહિં દર વર્ષે ઘણા યાત્રાળુઓ આવે છે. અહિં એક મોટો ઘંટ લટકે છે. તેના ઉપર વિ. સં. ૧૪૬૮ નો લેખ છે. આ ઘંટનો અવાજ બહુ દૂર સુધી સંભળાય છે. અહિં યાત્રાળુઓ રહી શકે તેવી નાની નાની ઘણી ગુફાઓ છે. યાત્રાળુઓ અહિં રાત પણ રહી શકે છે, આ ઊંચા સ્થાન ઉપરથી બહુ દૂર દૂરનાં સ્થાનો દેખાય છે અને તે જોનારને બહુ આનંદ આપે છે. અહિંથી, નીચેની જમીન પર ઘણું દૂર આવેલ સિરોહી શહેર દેખાય છે, તેમજ પૂર્વ દિશામાં આવેલ અરવલ્લી પહાડની લાઇનની બીજી ટેકરી

ઉપરનું અંબાજી માતાનું મંદિર પણ દેખાય છે. કુદરતી શોભા પ્રેક્ષકોને આનંદ આપે તેવી છે. ગુરૂ શિખર રાજપુતાના હોટલથી લગભગ ૭ માઇલ અને દેલવાડાથી ૬ માઇલ થાય છે. ગુરૂશિખર સમુદ્રની સપાટીથી ૫૬૫૦ ફીટ ઊંચું છે.

## ( ૮ ) ટ્રેવર ટાલ ( ટ્રેવર તલાવ ).

**દેલવાડાથી અચલગઢની** સડકે જતાં બે ત્રણ ફર્લાંગ ગયા બાદ આ તલાવ ઉપર જવાનો રસ્તો જુદો પડે છે. રસ્તા ઉપર બોર્ડ લાગેલું છે. ત્યાંથી એક માઇલ જતાં આ તલાવ આવે છે. માણસોને ચાલવા માટે સાંકડી પણ સુંદર સડક બનેલી છે. રીકસા ઠેઠ સુધી જઇ શકે છે. નામદાર ગવર્નર જનરલના રાજપુતાનાના એક એજંટના નામ ઉપરથી આ તલાવનું ટ્રેવર નામ રાખવામાં આવ્યું છે. આ તલાવ નાનું પણ ઊંડું છે, પાણી ઘણું રહે છે. પાકું બાંધેલું છે. અહિં યુરોપીયનો ન્હાવા તથા હવા ખાવા માટે આવે છે. ના૦ **સિરોહી** દરબારે આ તલાવ રૂ. ૩૬૦૦૦] ખર્ચીને બંધાવ્યું છે. **આબૂ** ઉપરના લોકોને પાણી પુરૂં પાડવાના હેતુથી આ તલાવ બાંધવાનું શરૂ કરવામાં આવેલું પણ પાછળથી તે હેતુ પડતો મુકવામાં આવ્યો. પછી યુરોપીયનોની સગવડતા માટે આ સ્થાન મુકરર કરવામાં આવ્યું હોય તેમ જણાય છે. આસપાસ ચારે તરફ ઝાડી–જંગલ ઘણું હોવાથી સ્થાન રમણીય લાગે છે.

## ( ૯–૧૦ ) કન્યાકુમારી અને રસીઓ વાલમ.

**દેલવાડામાં** આવેલા વિમલવસહિ મંદિરની પાછલ અર્થાત્

દેલવાડા ગામથી બહાર પાછલના ભાગમાં હિંદુઓનાં કેટલાંક જીર્ણ થઇ ગએલાં મંદિરો છે.તેમાં એક શ્રીમાતા (કન્યાકુમારી) નું પણ જીર્ણ થઇ ગએલું મંદિર છે, તેમાં શ્રીમાતાની[૨૦૧] મૂર્ત્તિ છે, તેને લોકો કુંવારી કન્યાની મૂર્ત્તિ કહે છે† અહિં વિ. સં. ૧૪૫૨ અને ૧૪૯૭ના બે લેખો છે. શ્રીમાતાના મંદિરની બહાર બરાબર સામેજ એક તૂટેલા મંદિરના ઘુમટ

† આ પ્રદેશના લોકોમાં દન્તકથા છે કે:—રસીઓ વાલમ મંત્રવાદી પુરૂષ હતો, અને તે આબૂના રાજાની કન્યાને પરણવા ચાહતો હતો. પરંતુ કન્યાના માતા–પિતા તેમ કરવા ખુશી નહોતાં. છતાં છેવટમાં રાજાએ તેને કહ્યું કે:–સંધ્યા સમયથી શરૂ કરીને પ્રાતઃકાલમાં કુકડો બોલવા લાગે તે પહેલાં એકજ રાત્રિમાં આબૂ પહાડ ઉપર લોકોને ચડવા ઉતરવા માટે બાર પાજ (રસ્તા) બાંધી આપે તો તને મારી પુત્રી પરણાવું. રસીયા વાલમે તે સ્વીકાર્યું, અને મંત્રશક્તિથી કામ શરૂ કર્યું. કન્યાની માતા તેની સાથે પોતાની પુત્રીને પરણાવવા ચાહતી નહોતી, તેણે જાણ્યું કે આતો હમણાંજ બધું કામ પુરૂં કરશે અને પુત્રી તેને પરણાવવી પડશે. એમ જાણીને તેણે પોતે સમય થયા પહેલાંજ કુકડાનો શબ્દ કર્યો. રસીયા વાલમે નિરાશ થઇને કામ અધુરૂં છોડી દીધું, કે જે લગભગ પુરૂં થવા આવ્યું હતું. પરંતુ પાછળથી તેને જ્યારે માલુમ પડયું કે આ કપટ હતું, ત્યારે તેણે શાપ આપ્યો, જેથી માતા અને પુત્રી બન્ને પથ્થરની થઇ ગઇ. માતાની મૂર્ત્તિ તોડી નાંખી અને તેના ઉપર પથ્થરનો ઢગલો કર્યો જે અત્યારે પણ ત્યાં પડેલો છે. પુત્રીની મૂર્ત્તિને લોકો શ્રીમાતા અથવા કુંવારી કન્યાની મૂર્ત્તિ કહે છે. પછી રસીયો વાલમ પણ વિષ ખાઇને ત્યાંજ મરી ગયો. તેની મૂર્ત્તિના હાથમાં જે પાત્ર છે તેને લોકો વિષનું પાત્ર હોવાનું કહે છે.

નીચે પુરૂષની એક ઉભી મૂર્ત્તિ છે, જેના હાથમાં પાત્ર છે, જેને લોકો **રસીયા વાલમ**ની મૂર્ત્તિ કહે છે. રસીયો વાલમ તે **ઋષિ વાલ્મિક** હોય એમ કેટલાક લોકો અનુમાન કરે છે. તેની પાસે ગણપતિનું એક નાનું મંદિર છે.

## (૧૧-૧૨-૧૩) મોજીબાવાની ગુફા, નલગુફા, પાંડવગુફા.

શ્રીમાતાના સ્થાનની પાસેજ એક **મોજી** બાવાનું સ્થાન છે. ત્યાંથી લગભગ બે ફર્લાંગ દૂર એક ગુફા છે અને ત્યાંથી થોડે દૂર એક બીજી ગુફા છે. તે બન્ને ગુફાઓને લોકો અનુક્રમે **નલરાજા**ની ગુફા અને **પાંડવો**ની ગુફા કહે છે.

## ( ૧૪ ) સંતસરોવર.

શ્રીમાતાથી થોડે દૂર **જૈન** કારખાનાનો એક બગીચો છે ત્યાંથી થોડે દૂર અધરદેવી તરફ જતાં રસ્તામાં એક સરોવર આવે છે તેને લોકો **સંત સરોવર** કહે છે.

## ( ૧૫ ) અધર દેવી.

દેલવાડાથી **આબૂકેંપ** તરફ જતાં લગભગ ૦ાા માઇલે **અધર દેવી**ની ટેકરી આવે છે. દેલવાડાથી કાચે રસ્તે સંત સરોવર પાસે થઇને જતાં અને પાકી સડકથી જતાં ના. **બીકા**-નેર મહારાજાની કોઠીના ફાટક પાસેથી સડક છોડીને કાચે રસ્તે થોડે દૂર જતાં તે ટેકરી આવે છે, ત્યાંથી ચડવાનું છે. પગથીયાં બાંધેલાં છે. લગભગ ૪૫૦ પગથીયાં ચડવાથી

અધરદેવીનું સ્થાન આવે છે. નખી તલાવની એક બાજુથી આના ઉપર ચડવા માટે એક **બીજો** રસ્તો છે, રાજપુતાના કલબ તરફથી આવતા માણસો આ રસ્તાથી ચડી શકે છે. ટેકરીની વચ્ચે પહાડમાં કોતરેલી એક નાની ગુફા છે તેની અંદર **શ્રી અંબિકા દેવીની** મૂર્તિ છે. તેને લોકો **અર્બુદા દેવી** અથવા **અધર દેવી** કહે છે. આ ગુફાની અંદર જવાની બારી બહુ સાંકડી છે. આ **અંબિકા** દેવી **આબૂ** પહાડની અધિષ્ઠાયિકા દેવી છે. આ સ્થાન બહુ પ્રાચીન મનાય છે. † ટેકરી ઉપર એક ખાલી નાની દેરી કરી રાખી છે, તે એટલા માટે કે તેને દૂરથી લોકો દેખી શકે. બાકી ખરી રીતે **અંબિકા** દેવીની મૂર્તિ તો ગુફાની અંદર છે, કે જે ગુફા બહુ પાસે ગયા વિના દેખવામાં આવતી નથી. આ સ્થાન દૂર દૂરનાં દશ્યો જોનારને બહુ આનંદ આપે છે. અહિં એક નાની ગુફા અને એક નાની ધર્મશાલા પણ છે, કે જેમાં હિંદુઓનું એકાદ કુટુંબ રહેવા ચાહેતો રહી શકે છે. અહિં ચૈત્ર શુદિ ૧૫ અને આસો શુદિ ૧૫ એમ પ્રત્યેક વર્ષમાં બેવાર મેળો ભરાય છે.

† પરંતુ તે સંબંધી લેખ વિગેરે કાંઇ જોવામાં આવ્યું નથી. ...ી અંબિકા દેવીની મૂર્તિ ઉપર લેખ હશે, પરંતુ ત્યાંના પંડયા લોકો ... જોવા દેતા નથી એટલે એ જાણી શકાતું નથી કે—આ અંબિ... દેવીની મૂર્તિ કયારે બની. સંભવ છે કે—વિમલ મંત્રી અથવા ...ી વસ્તુપાળ—તેજપાલે આ મૂર્તિ કરાવી હોય, કારણ કે તેમના ...રોની બીજી મૂર્તિઓની સાથે આ મૂર્તિની સમાનતા ... છે.

## ( ૧૬ ) દુધવાવડી.

અધર દેવીની ટેકરીનો ચડાવ શરૂ થાય છે, તેની પાસે એક નાનો કુવો છે, તેનું પાણી દુધથી મળેલા પાણી જેવું સફેદ દેખાય છે, અને તે પાણી પીવામાં બહુ સારૂં મનાય છે. આ-કુવો ' **દુધવાવડી** ' અથવા **દુધીઓ કુવો** ' એ નામથી પ્રસિદ્ધ છે.

## ( ૧૭ ) નખી તલાવ.

દેલવાડાથી પશ્ચિમ તરફ લગભગ એક માઇલ દૂર **નખી તલાવ** છે. હિંદુઓની માન્યતા છે કે–આ તલાવ દેવો-એ નખથી ખોદેલું હોવાથી ' નખી તલાવ ' ના નામથી પ્રસિદ્ધ થયું છે. હિંદુઓ આ તલાવને પવિત્ર માને છે. મ્યુનીસીપા-લીટી અને સેનેટેરીયમ કમીટી તરફથી આ તલાવના મંદિર અને બજાર તરફના કીનારા ઉપરથી શિકાર કરવાની અને માછલાં મારવાની મનાઈ કરવામાં આવેલી છે, તેમજ વાસણો માંજવાની અને કપડાં ધોવાની પણ મનાઇ છે. આ તલાવ લગભગ ૦ાા માઇલ લાંબુ અને ૦। માઇલ પહોળું છે, તેની ચારે તરફ ફરતી પાકી સડક છે. પશ્ચિમ બાજુ છોડીને ત્રણ તરફ પહાડની ટેકરીઓ આવેલી છે. પશ્ચિમ તરફ ૨૦ થી ૩૦ ફીટ ઊંડુ છે, પૂર્વ તરફ છીંછરૂં છે. લગભગ ઘણો કીનારો બાંધેલો છે, કેટલાક ભાગોમાં પાકા ઘાટો બાંધેલા છે. રાજપુ-તાના કલબ તરફથી આની અંદર યુરોપીયનો માટે બોટો રાખવામાં આવેલી છે. નખી તલાવના પૂર્વ દિશાના કિનારા

ઉપર જોધપુરના મહારાજાનો મહેલ છે, અને પશ્ચિમ-દક્ષિણ (નૈરૃત્ય) દિશાના કિનારા તરફ જયપુરના મહારાજાનો મહેલ છે, આ મહેલ સૌથી વધારે ઊંચો અને જોવા લાયક છે. દન્ત-કથા છે કે-નખી તલાવના કિનારા ઉપર એક જૈન મંદિર નખી તલાવનું બાંધ કામ થયું તે પહેલાં વિદ્યમાન હતું.

## (૧૮) રઘુનાથજીનું મંદિર.

નખી તલાવના નૈરૃત્ય ખુણા તરફના કિનારા ઉપર શ્રીરઘુનાથજીનું મોટું મંદિર છે. અહિં એક મહન્તજી અને કેટલાક સાધુ-સન્તો રહે છે. મહન્તજી તરફથી સાધુ-સન્તોને હમેશાં ભોજન અપાય છે. અહિં વૈષ્ણવોને ઉતરવા માટે ધર્મશાલા છે. ગરમીની સીજનમાં વધારે વખત રહેનારા હિંદુઓને માટે ભાડાથી મકાનો આપવાની પણ અહિં ગોઠવણ છે.

## (૧૯) દુલેશ્વર મંદિર.

શ્રીરઘુનાથજીનું મંદિર અને જયપુર મહારાજાના મહેલની વચ્ચે દુલેશ્વરજીનું એક મંદિર છે.

## (૨૦ થી ૨૩) ચંપાગુફા, રામઝરૂખો, રામકુંડ અને હસ્તિગુફા.

શ્રીરઘુનાથજીના મંદિર પાસે થઇને પહાડની એક ટેકરી ઉપર જતાં થોડે દૂર ચંપાગુફા આવે છે, ત્યાંથી થોડે દૂર રામઝરૂખો ત્યાર પછી રામકુંડ અને પછી હસ્તિગુફા

આવે છે. રામઝરૂખો અને રામકુંડ શ્રી રામચંદ્રજીનાં સ્થાન તરીકે માનવામાં આવે છે.

## ( ૨૪ ) આબૂ સેનીટેરીયમ ( આબૂકેંપ ).

દેલવાડાથી દક્ષિણમાં લગભગ એક માઇલ ઉપર આબૂ સેનીટેરીયમ આવેલું જેને લોકો આબૂકેંપ કહે છે. વિ. સં. ૧૯૦૨ માં સિરોહીના મહારાવ શિવસિંહજીએ ગવર્નમેન્ટને સેનીટેરીયમ ( સ્વાસ્થ્યદાયકસ્થાન ) બનાવવા માટે આબૂ ઉપર જમીન આપી. ત્યાર પછી રાજપુતાનાના એજંટ ટુ ધી ગવર્નર જનરલનું મુખ્ય નિવાસ સ્થાન અહિં નક્કી થયું, ત્યારથી આ સ્થાન દિન પ્રતિદિન ઉન્નતિ ઉપર આવવા લાગ્યું. ખરી રીતે હિંદુસ્તાનની અંદરના સરકારી લશ્કરના બીમાર સૈનિકો માટે ખાસ કરીને આ સ્થાન બનાવવામાં આવ્યું છે. અત્યારે પણ અહિંના કેંપમાં બિમાર સૈનિકો રહે છે. આબૂકેંપથી આબૂરોડ સ્ટેશન સુધીની૧૭॥ માઇલની પાકી સડક બની ગઇ,એટલે ઉપર આવવા જવાનું આસાનીથી થવા લાગ્યું. ધીરે ધીરે હવે અહિં રેસીડેન્સી, સરકારી દરેક ખાતાના ઓફીસરોના બંગલા, સરકારી દરેક ખાતાની ઓફીસો, ગીરજાઘર, તારઓફીસ, પોસ્ટઓફીસ, કલબ, પોલો આદિ રમત–ગમતનાં સ્થાનો, સ્કૂલો, હોસ્પીટાલો, અંગ્રેજી સિપાઇઓનું સેનીટેરીયમ, રાજપુતાનાના રાજા મહારાજાઓની કોઠીઓ, વકીલો તથા ધનાઢયોના બંગલાઓ, હોટલો, બજાર અને ઠેકાણે ઠેકાણે પાકી સડકો વિગેરે સુખનાં સાધનો બની જવાથી આબૂકેંપની શોભા બહુજ વધી

ગઇ. ગરમીના દિવસો માટે આ સ્થાન સ્વર્ગ સમાન મનાય છે. તે દિવસોમાં અહિંની આબાદી ઘણીજ વધી જાય છે. કેટલાએ રાજા-મહારાજા, યુરોપીયન અમલદારો અને ધનાઢચ લોકો વિગેરે અહિંના શીતલ અને સુગંધીમય વાયુનું સેવન કરે છે. અહિંની પ્રાકૃતિક શોભા એવી ઉત્તમ છે કે નજરે જોયા વિના તેનું અનુમાન થઈ શકેજ નહિં. નખીતલાવ નાનું હોવા છતાં તેણે અહિંની શોભાને વિશેષ વધારી દીધી છે.

**આબૂ**કેંપમાં હમેશાં રહેવાવાળા જૈન શ્રાવકોની વધારે વસ્તી નથી, માત્ર મારવાડી જૈનોની પાંચ છ દુકાનો છે અને કોટાવાળા દીવાન બહાદૂરનો ખજાનો છે, તેમાં મુનીમજી વિગેરે રહે છે, હાલ જે મોટા મુનીમજી અને ખજાનચી છે તેઓ જૈન છે. તે સિવાય ગરમીના દિવસોમાં કોઈ કોઇ શ્રાવકો અહિં રહેવા માટે આવે છે.

**આબૂ** ઉપર શિઆળામાં ઠંડી સરેરાસ ૪૫ થી ૬૫ ડીગ્રી સુધી રહે છે, ઉનાળામાં ગરમી સરેરાસ ૮૦ થી ૯૮ ડીગ્રી સુધી પડે છે અને ચોમાસામાં વરસાદ સરેરાસ ૬૦ ઇંચ પડે છે.

**આબૂ**કેંપમાં કોઠીઓ, બંગલાઓ અને બીજાં મકાનો વિગેરે છે તેમાં મુખ્ય મુખ્ય મકાનો આ છેઃ—

| | |
|---|---|
| ૧ ના. એજંટ ટુ ધી ગવર્નર જનરલનો બંગલો | ૧ મહારાજા જયપુરનો મહેલ |
| | ૨ મહારાજા જોધપુરનો મહેલ |
| ૨ સુપરિન્ટેન્ડેન્ટ એજન્સી | ૧ વિકટોરીયા હાઉસ |
| ૩ એજન્સી ઓફીસ | ૨ કોનોટ હાઉસ |

| | |
|---|---|
| ૪ રેસીડેન્સી | ૩ લેક હાઉસ |
| ૫ સેક્રેટરીએટ | ૪ જોધપુર હાઉસ |
| ૬ ગવર્નમેન્ટ પ્રેસ | ૩ મહારાજા બીકાનેરનો બંગલો |
| ૭ રાજપુતાના એજન્સી હોસ્પીટાલ | ૪ ,, અલવરનો ,, |
| | ૫ ,, સિરોહી કોઠી જુની |
| ૮ પોસ્ટ ઓફીસ | ૬ ,, ,, ,, નવી |
| ૯ તાર ઓફીસ | ૭ ,, ,, નો દિવાન-બંગલો |
| ૧૦ કલબ ઘર | |
| ૧૧ પોલો ગ્રાઉંડ | ૮ ,, લીંબડીનો બંગલો |
| ૧૨ ગિરજાઘર ( ચર્ચ દેવળ ) | ૯ ,, ભરતપુરનો ,, |
| ૧૩ ડાકબંગલો | ૧૦ ,, ધવલપુરનો ,, |
| ૧૪ આબૂ હાઇસ્કૂલ | ૧૧ ,, ખેત્રીનો ,, |
| ૧૫ લોરેન્સ સ્કૂલ | ૧૨ ,, સિકારનો ,, |
| ૧૬ રાજપુતાના હોટલ | ૧૩ ,, જેસલમેરનો ,, |
| ૧૭ આબૂ હોટલ | ૧૪ એદલજી હાઉસ |
| ૧૮ ટ્રેઝરરી બીલ્ડીંગ (લક્ષ્મીદાસ ગણેશદાસ) | ૧૫ મોદી ,, |
| | ૧૬ દારશા ,, |
| ૧૯ બંગલો ( ,, ) | ૧૭ કરૂણુદાસ ,, |
| ૨૦ આદમ મેમોરીયલ હોસ્પીટાલ | ૧૮ ઇબ્રાહીમ ,, |
| | ૧૯ લેક વ્યુ કોટેજ ( કે. એસ. કાવસજી ) |
| ૨૧ ઓલ્ડ ચેરીટેબલ ડીન્સ્પેન્સરી ( માલિક ધનજીભાઇ પારસી ) | ૨૦ તે સિવાયના કેટલાક રાજા-મહારાજાઓના તથા પ્રજાવર્ગના |

૨૨ હરેક ખાતાંઓના સરકારી ઓફીસરોના બંગલાઓ
૨૩ સરકારી હરેક ખાતાંઓની ઓફીસો વિગેરે વિગેરે.
બંગલા અને રાજપુતાનાનાં હરેક સ્ટેટોના વકીલો માટેનાં મકાનો વિગેરે વિગેરે.

## ( ૨૫ ) લોરેન્સ સ્કૂલ.

હેન્દ્રી લોરેન્સે ઇંગ્લીશ સોલ્જરોના છોકરાંઓ તથા અનાથ છોકરાંઓને ભણાવવા માટે સન્ ૧૮૫૪ માં આ સ્કૂલ સ્થાપન કરી છે. અહિં ૮૪ વિદ્યાર્થીઓને રહેવાની જગ્યા છે. વાર્ષિક ખર્ચ ત્રીશ હજાર રૂપીયાનું છે. તેનો અરધો ભાગ ગવર્નમેન્ટ આપે છે, ચોથો ભાગ પ્રાઇવેટ ફંડથી અને ચોથો ભાગ ફી તથા ધર્માદાની રકમોના વ્યાજથી મળે છે. આ સ્કૂલ શહેરના મધ્ય ભાગમાં આવેલી છે, તેની એક તરફ શહેર અને ચર્ચદેવળ છે, તથા બીજી તરફ પોસ્ટઓફીસ અને સેક્રેટરી એટનો બંગલો છે.

## ( ૨૬ ) ચર્ચદેવળ.

પોસ્ટ ઓફીસ અને લોરેન્સ સ્કૂલની પાસે ક્રિશ્ચિયનોનું એક મોટું ચર્ચદેવળ ( ગિરજાઘર ) આવેલું છે.

## ( ૨૭ ) રાજપુતાના હોટલ.

પોસ્ટ ઓફીસથી થોડે દૂર રાજપુતાના હોટલનું મોટું મકાન આવેલું છે. આ હોટલ ફક્ત યુરોપીયનો માટે છે. છતાં ગરમીની સીજન સિવાય બીજા લોકોને પણ તેમાં સ્થાન મળી શકે છે.

**( ૨૮ ) આબૂ હોટલ.**

આ હોટલ શહેરના મધ્ય ભાગમાં આવેલું છે. અહિં યુરોપીયનો અને હિંદુસ્તાનીઓ પણ ઉતરી શકે છે.

**( ૨૯ ) રાજપુતાના ક્લબ.**

રાજપુતાના હોટલની પાસે યુરોપીયનો અને આ ક્લબના ખર્ચમાં મદદ કરનારા દેશી રાજાઓ માટે રમત-ગમતના સાધનો માટે આ ક્લબ બનેલું છે. તેમાં એક નાની લાયબ્રેરી અને ટેનીસ વિગેરે છે.

**( ૩૦ ) નન્ રોક.**

રાજપુતાના ક્લબના ટેનીસ ગ્રાઉંડ પાસે જોવા લાયક આ નન્ રોક નામનું ખડક આવેલું છે.

**( ૩૧ ) ક્રેગઝૂ** ( ખડકો )

રાજપુતાના હોટલથી બે માઇલ દૂર આ ખડકો આવેલાં છે. રાજપુતાના ક્લબના પાછલા ભાગમાં થઈને ત્યાં જવાય છે. ત્યાં જતાં ચડાવ વધારે ચડવો પડે છે, પણ ઉપર પહોંચતાં ત્યાંની ઠંડી હવાથી બધો થાક ઉતરી જાય છે. રાજપુતાના હોટલથી ક્રેગઝૂ જતાં વચ્ચે નન્ રોક આવી જાય છે.

**( ૩૨ ) પોલો ગ્રાઉંડ.**

રાજપુતાના હોટલથી આશરે ૦॥ માઇલ દૂર મોટર સ્ટેશનની પાસે મુખ્ય રસ્તાના ડાબા હાથ તરફ પોલો ગ્રાઉંડ નામનું મોટું મેદાન આવેલું છે. તેના એક કિનારા ઉપર

ઘોડદોડ વિગેરે ખેલો જોવા આવનારા રાજા-મહારાજાઓ અને ઓફીસરોને બેસવા માટે એક મોટી છત્રી (માથેથી છાયા માટે ઢાંકેલું અને ચારે બાજુથી ખુલ્લું મકાન) બનેલ છે.

## (૩૩-૩૪-૩૫) મસજીદ-ઇદગાહ-કબર.

પોલો ગ્રાઉંડ અને મોટર સ્ટેશનની પાસે મુસલમાનોની એક મસજીદ આવેલી છે, આબૂરોડ સડકના લગભગ માઇલ નંબર ૧ પાસે ઇદગાહ છે અને નખી તલાવથી થોડે દૂર દેલવાડાના રસ્તા તરફ એક કબર છે.

## (૩૬) ટોડ રોક (દેડકાના આકારવાળું ખડક).

નખી તલાવથી દક્ષિણ-પશ્ચિમ (નૈરૂત્ય ખુણા) માં પહાડની એક ટેકરી ઉપર આ ખડક આવેલું છે. તેનો દેડકાના જેવો આકાર હોવાથી તેને લોકો ટોડ રોક કહે છે.

## (૩૭) બાયલેઝ્ વોક્ (બાયલેનો રસ્તો).

નખી તલાવના દક્ષિણ-પશ્ચિમ (નૈરૂત્ય) ખુણાથી શરૂ થઇને જયપુર કોઠીની પાસે થઇને પહાડના કિનારે કિનારે આ રસ્તો ત્રણ માઇલની લંબાઇ સુધી ગયો છે. તેને બાયલેઝ્ વોક્ કહે છે. આ રસ્તાથી ટેકરીઓની નીચેનાં ખુલ્લાં મેદાનોનું દૃશ્ય બહુ સુંદર દેખાય છે.

## (૩૮) સનસેટ પોઇન્ટ (સૂર્યાસ્ત જોવાનું સ્થાન).

પોલો ગ્રાઉંડથી દક્ષિણ-પૂર્વ (અગ્નિ) ખુણામાં પગદંડી

દ્વારા પોલો ગ્રાઉંડથી ૦॥। માઈલ દૂર જતાં પહાડની ટેકરીનો કિનારો આવે છે. તેને સનસેટ પોઇન્ટ કહે છે. આ સ્થાન પહાડના બિલકુલ પશ્ચિમ ભાગમાં આવેલ હોવાથી સૂર્યાસ્ત સમયના વિવિધ રંગો જોનારને ઘણો આનંદ આપે છે. સૂર્ય હોવા છતાં સૂર્યની સામે જોતાં આંખો મીંચાતી નથી. આ સ્થાન રાજપુતાના હોટલથી ૧॥ માઇલ ઉપર આવેલું છે.

( ૩૯ ) **પાલનપુર પોઇન્ટ** ( પાલણપુર જોવાનું સ્થાન ).

**સિ**રોહી કોઠીના દક્ષિણ ભાગ તરફથી પગદંડીનો એક રસ્તો જાય છે. થોડે દૂર ગયા પછી એક નાની ટેકરી ઉપર ચઢવું પડે છે. તે ટેકરી ઉપરની સમાન ભૂમિથી પાલણપુર શહેર ( કે જે ત્યાંથી ૩૨ માઇલ દૂર છે ) વાદળાં ન હોય ત્યારે દેખાય છે. જો દૂરબીનની સહાયતા હોય તો વધારે સારૂં દેખાય. રાજપુતાના હોટલથી પાલણપુર પોઈન્ટ ત્રણ માઇલ દૂર છે.

( ૪૦ ) **આબૂ હાઇસ્કૂલ.**

**આ**બૂકેંપની બજારથી બે માઇલ અને **આ**બૂરોડની સડકથી ૦॥ માઈલ દૂર સુંદર સમતલ ભૂમિ ઉપર **આબૂ** હાઈસ્કૂલનાં મકાનો આવેલાં છે. આ મકાનો પહેલાં સન્ ૧૮૮૭ માં બોમ્બે બરોડા સેંટ્રલ ઈન્ડીયા રેલ્વે કંપનીએ બે લાખ રૂપીયા ખરચીને રેલ્વેના કામદારોના છોકરાંઓ માટે બંધાવ્યાં હતાં. શહેરથી દક્ષિણ ભાગમાં લગભગ બે માઇલ દૂર એકાન્તમાં આ સ્થાન હોવાથી અહિંની શાન્તિ મનને

આનન્દ આપે એવી છે. આ હાઇસ્કૂલની વ્યવસ્થા ના. ગવર્ન-મેન્ટના ઓફીસરોની બનેલી એક કમીટી દ્વારા થાય છે. તેના ખર્ચનો કેટલોક હિસ્સો ના. ગવર્નમેન્ટ તરફથી, કેટલોક હિસ્સો બી. બી. સી. આઇ. રેલ્વે કંપની તરફથી અને બાકીનો હિસ્સો ફંડ દ્વારા પુરો કરવામાં આવે છે.

## ( ૪૧ ) જૈન ધર્મશાલા.

આબૂકેંપથી આશરે ચાર માઇલ દૂર, આબૂરોડની સડક ઉપર લગભગ ચોથા અને પાંચમા માઇલની વચ્ચે આરણા ગામ પાસે એક જૈન ધર્મશાલા છે. અહિં સાધુ-સાધ્વીઓ અને જૈનયાત્રાળુઓ રાત રહી શકે છે. યાત્રાલુઓ માટે સર્વ પ્રકારની સગવડ છે. જૈન યાત્રાલુઓને અહિં ભાતું આપવામાં આવે છે. અને બીજી કોમના કોઇ પણ માણસને જેને જોઇએ તેને ખાવા માટે ચણા મફત આપવામાં આવે છે. આ ધર્મશાલાની આસપાસ જોનારની નજર ન પહોંચી શકે તેવી પહાડની મોટી મોટી ખીણો છે.

## ( ૪૨ ) શતધૂમ.

તે ધર્મશાલાથી આગળ ચાલતાં આબૂરોડ સડકના સાતમા માઇલના પથ્થર પાસે એક ચડાવ એવો છે કે તેના ઉપર સડકે સાત આંટા ઉપરા ઉપર લગાવ્યા છે. આ ચડાવ વાહનોમાં જોડેલાં અને બોજો લાદેલા પશુઓને તથા મોટરો વિગેરેને પણ ત્રાસદાયક થઇ પડે છે.

## ( ૪૩ ) છીપાબેરી ચોકી.

ત્યાંથી આગળ ચાલતાં નવમા માઈલના પથ્થર પાસે છીપાબેરી ચોકી આવે છે. આ ઠેકાણે સિરોહી સ્ટેટ તરફથી યાત્રાળુઓના કરની ટીકીટો તપાસાય છે. અહિં વડના ઝાડોની સઘન છાયા હોવાથી મુસાફરો અને વાહનો વિશ્રાન્તિ લઈ શકે છે. પડાવ જેવી આ જગ્યા છે. આ ચોકી પાસે એક નાનો બંગલો છે, તે P. W. D. ના હાથમાં છે. તેમાં યુરોપીયનોને વિશ્રાન્તિ લેવા માટે વ્યવસ્થા રાખવામાં આવે છે.

## ( ૪૪ ) મહાદેવનાલા.

ત્યાંથી આગળ ચાલતાં તેરમા માઈલના પથ્થર પાસેથી એક ચડાવ શરૂ થાય છે. તેની પાસે એક પાણીનો ધોધ છે, તે બારે માસ વહેતો રહે છે, તેને લોકો મહાદેવ નાલા કહે છે. સ્થાન સુંદર છે.

## ( ૪૫ ) મહાદેવજી.

રખી કિસનથી ત્રણથી ચાર માઈલ દૂર અને વશિષ્ઠાશ્રમથી ૮ માઈલ દૂર આ પવિત્ર સ્થાન હોવાનું કહેવાય છે. કદાચ ઉપર માધવાશ્રમ લખવામાં આવ્યું છે એજ આ સ્થાન હોય.

## ( ૪૬ ) હૃષીકેશ ( રખીકિસન ).

આબૂરોડ સ્ટેશનથી ઉત્તમ-પશ્ચિમ ( વાયવ્ય ) ખુણામાં ચાર માઇલ દૂર, આબૂ પર્વતની નીચે (પ્રારંભમાંજ) હૃષીકેશ

નામથી પ્રસિદ્ધ એક પ્રાચીન અને પ્રસિદ્ધ વિષ્ણુમંદિર છે. જેના વિષયમાં એવી પ્રસિદ્ધિ છે કેઃ-અમરાવતી નગરીના રાજા અંબરીશે પહેલાં આ મંદિર બંધાવ્યું હતું. આ મંદિરની આસપાસ ચારે તરફ ઊંચા ઊંચા પહાડો છે. તેને લીધે મંદિરની પાસે જવામાં ન આવે ત્યાં સુધી તે મંદિર દેખાતું નથી. આ મંદિર કાળા મજબુત પથ્થરનું બનેલું છે, તેની ચારે તરફ દીવાલ છે. દન્તકથા છે કે-શ્રીકૃષ્ણ મથુરાથી દ્વારકા જતાં અહિં આરામ લેવા રોકાણા હતા. આની પાસે એક નાનું શિવજીનું મંદિર છે. આ બન્ને મંદિરોની પાછલ એક ટેકરી ઉપર બેઠક છે, કે જે લોકોનું ધ્યાન ખેંચે તેવી છે. કહેવાય છે કે અંબરીશ રાજા આ બેઠક ઉપર બેસીને તપ કરતા હતા. અહિંના લોકો એવું માને છે કેઃ-હૃષીકેશ ( વિષ્ણુમંદિર )થી લઇને ઊમરલી નામના ગામથી આગળ સુધી અમરાવતી નામની નગરી વસતી હતી, તે ઉપરથી આ ગામનું નામ ઊમરલી + પડયું છે, કે જે હૃષીકેશથી દક્ષિણ દિશામાં એક માઇલ દૂર આવેલું છે. હૃષીકેશની પાસે જૂનાં મકાનોનાં ખંડીયરો પડયાં છે, તેને લોકો અમરાવતી નગરીના ખંડીયરો કહે છે. આ સ્થાનને હાલમાં લોકો 'રિષિકિશન' અથવા 'રખીકિસન' નામથી ઓળખે છે.

+ ટ્રીગ્નો મેટીકલ સર્વેના નકશામાં આ ગામનું નામ 'ઊમરની' અને सिरोही राज्यका इतिहासમાં 'ઊમરલી' લખેલું છે, જ્યારે વિ. સં. ૧૨૮૭ ના લૂણવસહિના શિલાલેખમાં 'ઉવરણી' લખેલ છે. જૂઓ નોટ નંબર-૧૩૨.

## (૪૭) ટાવર ઑફ સાઇલન્સ (પારસીઓનું કબરસ્થાન)

**આબૂરોડ** સ્ટેશનથી **આબૂકેંપ** તરફ જતાં, સડક ઉપર **આબૂરોડ** સ્ટેશનથી લગભગ ત્રણ માઇલ દૂર **મોટાભાઈ ભીકાજી** નામના એક પારસી ગૃહસ્થે બંધાવેલું પારસીઓનું **ટાવર ઑફ સાઇલન્સ** નામનું સ્થાન આવેલું છે.

## (૪૮) ડાક બંગલો.

**આબૂરોડ** સ્ટેશનથી લગભગ એક માઇલ દૂર અને રખીકિશનથી આશરે ત્રણ માઇલ દૂર **માનપુરમાં** સિરોહી સ્ટેટનો એક ડાક બંગલો છે.

## (૪૯–૫૦) ગૌમુખ અને વશિષ્ઠાશ્રમ.

દેલવાડાથી પાંચ માઇલ અને **આબૂકેંપથી** ૪ માઇલ દૂર શ્રીવશિષ્ઠાશ્રમ છે. **આબૂકેંપથી આબૂરોડની** સડકે ચઢી માઇલ નંબર એક પાસે કબરસ્થાન આવે છે, તેની પાસે ગૌમુખના રસ્તાનું બોર્ડ લાગેલું છે, ત્યાંથી સડક છોડીને ગૌમુખને રસ્તે ચડી લગભગ બે માઇલ ચાલ્યા પછી હનુમાનજીનું મંદિર આવે છે. દેલવાડાથી જનારા **આબૂકેંપમાં** થઇને ઉપર લખેલ રસ્તાથી જઇ શકે છે, અથવા દેલવાડાથી સીદ્ધા **આબૂરોડ** તરફ જવા માટે બે માઇલની નવી સડક થઇ છે તે સડકે બે માઈલ ચાલ્યા બાદ **આબૂકેંપ** તરફની સડકે એક બે ફર્લાંગ જવાથી તે કબરસ્થાન આવે છે. ત્યાંથી સડક છોડી ગૌમુખના રસ્તે ચડી આશરે બે માઇલ ચાલી શ્રીહનુમાનમંદિર પાસે

જવું, ત્યાંથી લગભગ એક માઇલ દૂર ગૌમુખ છે. હનુમાનમંદિરથી થોડું ચાલ્યા બાદ નીચે ઉતરવા માટે સાતસો પગથીયાં આવે છે. હનુમાનમંદિર પછીથી રસ્તાની આસપાસ આંબા, કરમદા, કેતકી, મોઘરો વિગેરેની સઘન ઝાડી હોવાને લીધે છાયા રહેતી હોવાથી અને સુગંધયુકત ઠંડો પવન ચાલતો હોવાથી ચડતાં કે ઉતરતાં માણુસોને થાક લાગતો નથી. સાતસો પગથીયાં ઉતર્યા બાદ એક બાંધેલો કુંડ આવે છે, તેના કાંઠા ઉપર પથ્થરના બનેલા ગાયના મોઢામાંથી નિરંતર (બારે માસ) પાણી તે કુંડમાં પડતું રહે છે. આ જ કારણુથી આ સ્થાન **ગૌમુખ** અથવા **ગૌમુખીગંગા**ના નામથી પ્રસિદ્ધ છે. આની પાસે કોટેશ્વર મહાદેવની બે નાની નાની દેરીઓ છે. ગૌમુખથી થોડુંજ નીચે ઉતરવાથી શ્રી વશિષ્ઠાશ્રમ નામનું પ્રસિદ્ધ સ્થાન આવે છે. અહિં વશિષ્ઠ ઋષિનું † પ્રાચીન મંદિર છે, તેમાં વચ્ચે વશિષ્ઠજીની મૂર્ત્તિ છે. તેની એક તરફ રામચંદ્રજીની અને બીજી તરફ લક્ષ્મણજીની મૂર્ત્તિ છે. તેમજ અહિં વશિષ્ઠજીની પત્ની અરૂંધતીની, કપિલ મુનિની તથા વશિષ્ઠજીની નન્દિની નામની કામધેનુ (ગાય) ની વાછડા સહિત મૂર્ત્તિ છે. મંદિરની સામે પિત્તલની એક ઉભી મૂર્ત્તિ છે, તેને કોઇ ઇંદ્રની અને કોઇ **આબૂ**ના રાજા પરમાર **ધારાવર્ષ**ની હોવાનું બતાવે

† શ્રીવશિષ્ઠ મુનિ રામ-લક્ષ્મણના ગુરૂ હતા. વશિષ્ઠજી અહિં તપ કરતા હતા, તે માટે જૂઓ આ બુકનું પાછલનું પાનું ૪.

છે. આ મંદિરમાં અહિં વશિષ્ઠ ઋષિનો પ્રસિદ્ધ અગ્નિકુંડ છે, તેમાંથી પરમાર, પડિહાર, સોલંકી અને ચૌહાણ વંશોના મૂળ પુરૂષો ઉત્પન્ન થયાનું લોકો માને છે. ‡ વશિષ્ઠજીના મંદિરની પાસે વરાહ અવતાર, શેષશાયી ( શેષનાગના ઉપર સુતેલ ) નારાયણ, સૂર્ય, વિષ્ણુ, લક્ષ્મી વિગેરે દેવ-દેવીઓ અને મનુષ્યોની કેટલીક મૂર્ત્તિઓ રાખેલી છે, તેમાંની કેટલીક મૂર્ત્તિઓ ઉપર વિ. સં. તેરસોની આસપાસના ટુંકા લેખો છે. મંદિરના દરવાજા પાસે ભીંતમાં બન્ને બાજુએ બે શિલાલેખો છે, તેમાં એક વિ. સં. ૧૩૯૪ ના વૈશાખ સુદિ ૧૦ નો ચંદ્રાવતીના ચૌહાણ રાજા તેજસિંહના[૧૯૮] પુત્ર કાન્હડદેવના[૨૦૨] સમયનો અને બીજો વિ. સં. ૧૫૦૬ નો મહારાણા કુંભાનો[૧૯૪] છે. આ બન્ને લેખો છપાઇ ગયા છે. એક ગોખલામાં વિ. સં. ૧૮૭૫ નો સિરોહીના દરબારે આ મંદિરનો જીર્ણોદ્ધાર તથા ધર્મશાલા વિગેરે કરાવ્યાનો અને સદાવ્રત બંધાવ્યા સંબંધીનો લેખ છે.

મંદિરની પાસે આશ્રમ અને એક નાની ધર્મશાલા, ... સાધુ-સન્તો રહે છે. યાત્રાલુ-મુસાફરોને માટે સગવડ છે. ... હિંના મહંત, મુસાફરોને રસોઇ માટે વાસણો વિગેરે સાધ... જોઇએ તે આપે છે. અહિં ઘણા લોકો ઉજાણી કરવા આવે ... આસપાસ ચારે તરફ આવેલ ઝાડી-જંગલ અને પહાડ... ખીણો, કુદરતી આનંદ લેવા ચાહનારના મનને મુગ્ધ બના...

‡ જૂઓ પાછલ પાનું ૪ અને નોટ નંબર ૬.

ધે છે. અહિં દર વરસે અષાડ સુદિ ૧૫ નો મેળો ભરાય છે. રાજપુતાના **હોટલથી ગૌમુખ** આશરે ચાર માઈલ થાય છે.

## ( ૫૧ ) જમદગ્નિ આશ્રમ.

વશિષ્ઠાશ્રમથી લગભગ બે ત્રણ ફર્લાંગ નીચે ઉતરવાથી **જમદગ્નિ આશ્રમ** આવે છે. રસ્તો વિકટ છે અને ત્યાં ખાસ જોવાલાયક કાંઇ નથી.

## ( ૫૨ ) ગૌતમાશ્રમ.

વશિષ્ઠાશ્રમથી આશરે ત્રણ માઈલ પશ્ચિમ દિશામાં ગયા બાદ કેટલાંક બાંધેલાં પગથીયાં ઉતરવાથી **ગૌતમ ઋષિનું આશ્રમ** આવે છે. અહિં ગૌતમનું એક નાનું મંદિર છે. તેમાં વિષ્ણુની મૂર્ત્તિની પાસે ગૌતમ તથા તેમની સ્ત્રી અહિલ્યાની મૂર્ત્તિઓ છે. મંદિરની બહાર એક લેખ છે, તેમાં લખ્યું છે કે-મહારાવ ઉદયસિંહજીના [૨૦૪] રાજ્ય સમયમાં વિ. સં. ૧૬૧૩ ના વૈશાખ શુદિ ૩ ને દિવસે બાઇ પાર્વતી તથા ચંપાબાઈએ અહિંના પગથીયાં બંધાવ્યાં.

## ( ૫૩ ) માધવાશ્રમ.

વશિષ્ઠાશ્રમથી નીચે ઉતરતાં આશરે ૮ માઈલ પર **માધવાશ્રમ** નામનું આશ્રમ હોવાનું કહેવાય છે. અહિંથી **આબૂ-રોડ** ( ખરેડી ) આશરે બે માઈલ બાકી રહે છે. વશિષ્ઠાશ્રમથી

† **આબૂ કેમ્પ**થી ઉત્તર-પૂર્વ ( ઇશાન ખુણા ) માં લગભગ ૧૦ થી ૧૨ માઈલ ઉપર શેર ગામ આવેલું છે.

**ગૌતમાશ્રમ** અને **માધવાશ્રમ**ના રસ્તા બહુજ વિકટ છે. વશિષ્ઠાશ્રમથી માધવાશ્રમ જવા માટે અને એવાજ બીજા **આબૂ** પહાડના દૂર દૂરના ઢલાવોમાં ઉતરવા માટે ભોમીઓ—ચોકીદાર સાથે લીધા વિના કોઈએ પણ સાહસ ન કરવું.

## ( ૫૪ ) વાસ્થાનજી.

**આબૂ**ના ઉત્તર તરફના ઢલાવમાં **શેર** ગામની† તરફ ઘણું નીચે ઉતર્યા બાદ **વાસ્થાનજી** નામનું બહુ રમણીય સ્થાન આવે છે. અહિં ૧૮ ફીટ લાંબી, ૧૨ ફીટ પહોળી અને ૬ ફીટ ઊંચી એક ગુફાની અંદર વિષ્ણુની એક મૂર્ત્તિ છે, તેની પાસે શિવલિંગ, પાર્વતી તથા ગણપતિની મૂર્ત્તિઓ છે. ગુફાની બહાર ગણેશ, વરાહ અવતાર, ભૈરવ, બ્રહ્મા વિગેરેની મૂર્ત્તિઓ છે. આ સ્થાન બહુ પ્રસિદ્ધ છે. દર વર્ષે હજારો મનુષ્યો દર્શન માટે અહિં આવે છે. **આબૂ** ઉપરથી વાસ્થાનજી જવાનો રસ્તો ઘણોજ વિકટ છે, અહિં જવાનો સુગમ માર્ગ **આબૂ** નીચેના ઇસરાં‡ ગામની પાસેથી છે, ઇસરાંથી લગભગ ૨ માઈલ દૂર આબૂ પહાડ છે, ત્યાંથી આબૂનો થોડો ચડાવ ચડવાથી વાસ્થાનજી પહોંચી જવાય છે.

---

‡ ટ્રીગ્નો મેટ્રીકલ સર્વેના નકશામાં આ ગામનું નામ 'ઇસરિ' લખેલું છે, જ્યારે **सिरोही राज्यका इतिहास**માં 'ઇસરાં' લખેલું છે. આ ગામ **શેર**થી ઉત્તરમાં આબૂની નીચે, આબૂથી ૨ માઇલ, **સિરોહી**થી દક્ષિણમાં ૧૧ માઇલ, બનાસ સ્ટેશનથી પશ્ચિમમાં ૧૧ માઇલ અને પિંડવાડા સ્ટેશનથી ૧૭ માઇલ ઉપર આવેલું છે.

## ( ૫૫-૫૬ ) આબૂ ગેટ અને ગણુપતિનું મંદિર.

અણાદરા તરફથી આબૂ ઉપર ચડવાનો રસ્તો છે. તે રસ્તાથી બધો ચડાવ ચડી ગયા બાદ જ્યાં ઉપરની સમાન ભૂમિ આવે છે, તે સ્થાનને લોકો આબૂ ગેટ ( આબૂનો દરવાજો ) કહે છે. આ ઠેકાણે રસ્તાની બન્ને બાજુએ કુદરતી ઊંચા પથ્થરો આવેલા છે, તેથી દરવાજા જેવો કુદરતી દેખાવ લાગે છે. આબૂ ગેટની પાસે એક ટેકરી ઉપર ગણુપતિનું એક મંદિર છે. ગણેશ ચતુર્થી ( ભાદરવા શુદિ ૪ ) ને દિવસે આબૂના રહેવાસી લોકો ત્યાં દર્શન કરવા જાય છે.

## ( ૫૭ ) કોડીધ્વજ ( કાનરીધ્વજ ).

અણાદરાથી લગભગ ૨॥ માઇલ અને આબૂથી અણાદરા તરફ નીચે ઉતરતાં ઠેઠ તલેટી પાસેથી લગભગ સવા માઇલ દૂર આબૂની નીચેની એક ટેકરી ઉપર પ્રસિદ્ધ કોડીધ્વજ નામનું એક મંદિર છે. આ મંદિર સૂર્યનું છે. આમાં શ્યામ પથ્થરની બનેલી એક સૂર્યની મૂર્ત્તિ છે, તે મૂર્ત્તિ મંદિરના જેટલી પ્રાચીન જણાતી નથી. આ મંદિરના સભામંડપની પાસે એક બીજું નાનું સૂર્યનું મંદિર છે, તેમાં સૂર્યની મૂર્ત્તિ છે. તેના દ્વાર પાસે આરસપાષાણની બનેલી સૂર્યની એક મોટી અને પ્રાચીન મૂર્ત્તિ રાખેલી છે. તે આ મંદિરની સાથે બનેલી મૂળ મૂર્ત્તિ હોવી જોઇએ, તે જીર્ણ થઈ જવાને કારણે પાછળથી તેને બદલે બીજી નવી મૂર્ત્તિ મૂળમંદિરમાં સ્થાપન કરી હોય એમ જણાય છે. આ મંદિરના સભા-

મંડપના વચલા એક થાંભલા ઉપર કમલની આકૃતિવાળું સૂર્યનું સુંદર અને ફરતું ચક્ર રાખેલું છે. સભામંડપના થાંભલાઓ ઉપર વિ. સં. ૧૨૦૪ ના બે લેખો ખોદેલા છે. ત્યાં નાનાં નાનાં બીજાં પણ મંદિરો છે, જેમાં દેવીઓ અને સૂર્ય વિગેરેની મૂર્ત્તિઓ છે. સભામંડપથી કાંઇક નીચે એક તૂટેલું શિવમંદિર છે, તેમાં શિવલિંગની પાસે સૂર્ય, શેષશાયી નારાયણ, વિષ્ણુ, હર–ગૌરી વિગેરેની મૂર્ત્તિઓ છે. આ પહાડી (ટેકરી)ની નીચે દૂર દૂર સુધી મકાનોનાં નિશાનો છે અને દેવીઓ વિગેરેની કેટલીક મૂર્ત્તિઓ જ્યાં ત્યાં પડેલી છે. અહિંથી અરધા માઇલ ઉપર લાખાવ ( લાખાવતી ) નામની પ્રાચીન નગરીનાં નિશાનો છે, ત્યાંથી મોટી મોટી ઇંટો તથા જૂની મૂર્ત્તિઓ મળી આવે છે.

## ( ૫૮ ) દેવાંગણજી.

કોડીધજથી લગભગ એક માઇલ દૂર **આબૂ**ની નીચે સઘન વન અને વાંસની ઝાડીવાળા એક નાળા પાસે કાંઇક ઊંચાઇ ઉપર **દેવાંગણજી**નું એક પ્રાચીન મંદિર આવેલું છે. આ મંદિરમાં જવાનાં પગથીયાં તૂટી જવાથી ત્યાં જવા માટે કાંઇક મુશ્કેલી ભોગવવી પડે છે. મંદિર નાનું છે, તેમાં વિષ્ણુની એક મોટી ઉભી મૂર્ત્તિ છે, કે જે મંદિરના જેટલી પ્રાચીન જણાતી નથી. મંદિરના ચોકમાં ભીંતો પાસે કેટલીક મૂર્ત્તિઓ રાખેલી છે, તેમાં બે નરસિંહ અવતારની, કેટલીક દેવીઓની, તથા કમલાસન પર બેઠેલ વિષ્ણુની બુદ્ધ અવ-

તારની એક સુંદર મૂર્ત્તિ છે, જેના બે હાથ જૈનમૂર્ત્તિઓની જેમ પદ્માસન ઉપર રાખેલા છે, અને ઉપરના બે હાથમાં કમલ અને શંખ છે.

આ મંદિરની સામે નાળાની બીજી તરફ થોડી ઊંચાઈ ઉપર શિવજીની ત્રિમૂર્ત્તિનું એક મંદિર હતું જે બિલકુલ તૂટી ગયું છે. પરંતુ શિવજીની મોટી ત્રિમૂર્ત્તિ અત્યાર સુધી ત્યાં પડી છે.

# ઉપસંહાર.

ઉપર પ્રમાણે આબૂ પર્વતની ઠેઠ નીચામાં નીચી ચારે તરફની ટેકરીથી લઈને ઠેઠ ઊંચામાં ઊંચા શિખરો ઉપર આવેલાં જૈન, વૈષ્ણવ, શૈવ, વિગેરે ધર્મનાં તીર્થો અને મંદિરો તેમજ ક્રિશ્ચિયન, પારસી અને મુસલમાનોનાં ધર્મસ્થાનો તથા કુદરતી અને કૃત્રિમ પ્રાચીન દર્શનીય સ્થાનો જે મારા જોવામાં અને જાણવામાં આવ્યાં તેનું મેં મારી અલ્પ શક્તિ પ્રમાણે આમાં વર્ણન લખ્યું છે. પરંતુ તે સિવાય પણ આબૂ ઉપર બીજાં નાનાં મોટાં ધર્મસ્થાનો, મંદિરો અને દર્શનીય પદાર્થો, જેવા કે-પ્રાચીન મકાનો, ગુફાઓ, કુંડો, નદી-નાળાં, ખડકો વિગેરે ઘણું છે, તે બધું જાણવાની ઈચ્છાવાળાઓએ સ્વયં ભ્રમણ કરીને જાણી લેવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

અન્તમાં વાચકોને મારે ખાસ કરીને એક વાત કહેવાની છે, અને તે એ કે-આજકાલ રેલ્વે અને મોટરોનાં સાધનોને લીધે યાત્રા બહુ જ સોંઘી થઈ પડી છે-યાત્રાની કિંમત જ નથી રહી. તેથી યાત્રા એ શી વસ્તુ છે તે સંબંધી ભાગ્યે જ કોઇ લોકો વિચાર કરતા હશે. અને તેનું જ એ પરિણામ છે કે-આજકાલ યાત્રા એટલે ' દૃષ્ટિના વિષયને પોષવાનો ધંધો ' એમ મનાઇ રહ્યું છે-એવું વર્તન થઈ રહ્યું છે. અર્થાત્ દેશ-

દેશાન્તરોમાં પર્યટન કરવું; નવાં નવાં ગામો, શહેરો અને દેશો જોવા; ત્યાં રહેલાં અજાયબ ઘર ( મ્યુઝીમ ), ચીડીયા ઘર ( જીવતાં પશુઓનું મ્યુઝીમ ), કોર્ટ–કચેરીઓ વિગેરે સુંદર મકાનો, સુંદર તળાવો, નદીના ઘાટો, બાગ–બગીચા, નાટક–સીનેમા વિગેરે જોવાં; દેશ–પરદેશના લોકો અને તેની ભાષા વિગેરે જોઇ-સાંભળીને આનન્દ માનવો; વિચારક દૃષ્ટિથી તેમાંથી પણ કાંઇક તાત્ત્વિક સાર ગ્રહણ કરવાનો વિચાર કર્યા વિના માત્ર ઉપલક દૃષ્ટિથી જોવું અને પ્રસંગોપાત્ત તીર્થો–મંદિરોનાં પણ દર્શન કરી લેવાં. આવો જ અર્થ થઇ ગયો હોવાથી યાત્રાળુઓ પોતાના ઘરથી ટાંગા–મોટરો દ્વારા સ્ટેશન પહોંચે છે, ત્યાંથી રેલ્વે દ્વારા તીર્થના સ્ટેશને ઉતરી ત્યાંથી પાછા ટાંગા–મોટરો દ્વારા તીર્થસ્થાન કે ધર્મશાલા સુધી પહોંચી જાય છે. જો પહાડ ઉપર ચડવાનું હોય તો ત્યાં પણ ડોળીઓનો ઉપયોગ થાય છે. મંદિરોમાં કલાક–અર્ધો કલાક દર્શનાદિ કરી પાછા ઉતારે આવી ભોજનાદિની ધમાધમમાં અરધો દિવસ કાઢે છે, અને બાકીનો અરધો દિવસ શહેર, બજારો અને ત્યાંના નવાં નવાં સ્થાનો જોવામાં અને વ્યાપારાદિ કાર્ય માટે માલ ખરીદવામાં કાઢે છે. જો તીર્થસ્થાન નાનાં ગામડાંમાં હોય તો કેટલાક લોકો બાકીનો બધો સમય ઉંઘવામાં, વિકથામાં + કે પાનાં ખેલવામાં કાઢે છે. યાત્રાળુ એવો વિચાર કોઇ દિવસે

+ દેશ પરદેશના સારા–નરસા રાજાઓની ૧, સ્ત્રીઓની ૨, ખાદ્ય પદાર્થોની ૩, અને દેશ–શહેર કે ગામોની ૪ નિરર્થક કથા–વાર્તા કે ચર્ચા કરવી તે ચાર વિકથા કહેવાય છે.

ભાગ્યેજ કરતો હશે કે-ઘર અને ઘરનો ધંધો છોડી, સેંકડો રૂપીયાનો ખર્ચ કરી જે તીર્થની યાત્રા કરવા માટે હું અહિં આવ્યો છું, તે તીર્થની યાત્રા-સેવા-પૂજા-દર્શનાદિ કરવામાં મેં કેટલો સમય વીતાવ્યો અને દૃષ્ટિના વિષયને પોષવામાં તથા એશઆરામમાં મેં કેટલો સમય ગુમાવ્યો. આ સંબંધી જો થોડો પણ વિચાર કરવામાં આવે તો ખરેખર તેને પશ્ચાત્તાપ થયા વિના રહે નહિં. માટે જેણે એવા પશ્ચાત્તાપના ભાગી ન થવું હોય, અને યાત્રાનું વાસ્તવિક ફળ મેળવવું હોય તેણે ઘર અને વ્યાપારાદિ સંબંધી દરેક પ્રકારની ચિંતાઓને ઘેરજ મુકીને, બની શકે તેટલું પગે ચાલીને તીર્થસ્થાને પહોંચવું જોઈએ. રસ્તામાં કે તીર્થસ્થાનમાં કલેશ-કંકાસ, હાંસી-મશ્કરી, અસત્યવચન, પરનિંદા, સાતવ્યસન ‡ વિગેરે દુર્ગુણોનો ત્યાગ કરવો જોઇએ. તીર્થસ્થાનમાં જઇને તીર્થ નિમિત્તનો ઓછામાં ઓછો એક ઉપવાસ કરી; વિકથાઓને દૂર કરી, ક્રોધ, માન માયા, લોભ, રાગ, દ્વેષ અને મોહ ઇત્યાદિ દૂષણોનો ત્યાગ કરી; અપૂર્વ શાંતિને ધારણ કરીને તીર્થનાં દર્શન-સેવા-પૂજાદિ કાર્યોમાં ઉદ્યમવંત થવું જોઇએ. યથાશકિત વિશેષ પ્રકારે સ્નાત્ર પૂજા, અષ્ટપ્રકારી આદિ મોટી પૂજા, અંગરચના (આંગી), રાત્રિજાગરણ, વિગેરે મહોત્સવો કરવા, ભગવાનના ગુણોને યાદ કરી શુભ ભાવના પૂર્વક વિશેષ પ્રકારના શુભધ્યાનની

‡ ૧ માંસભક્ષણ, ૨ મદ્યપાન, ૩ શિકાર કરવો, ૪ વેશ્યાગમન, ૫ પરસ્ત્રીગમન, ૬ ચોરી કરવી, ૭ જુગાર રમવું. આ સપ્ત વ્યસન કહેવાય છે.

અંદર આરૂઢ થવું–ધર્મધ્યાનમાં તત્પર રહેવું; સવાર–સાંજ પ્રતિક્રમણ ( સંધ્યા–વંદનાદિ ) કરવું; અભક્ષ્ય અને સચિત્ત ( સજીવ ) ભોજનનો યથાશક્તિ ત્યાગ કરવો, જીર્ણોદ્ધારાદિ કાર્યમાં મદદ કરવી; મંદિરમાં આશાતના થતી હોય તો તેને શાંતિ પૂર્વક દૂર કરાવવા પ્રયત્ન કરવો; સધર્મિબંધુઓની ભક્તિ કરવી; સધર્મિવાત્સલ્ય કરવું; યથાશકિત પાંચે પ્રકારનાં દાન ( અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્ત્તિદાન ) આપવાં; તીર્થસ્થાનમાં વિદ્યાલય, પુસ્તકાલય વિગેરે કેળવણીની સંસ્થાઓ હોય તેમાં સહાયતા આપવી; અને પુરસદના સમયમાં ધાર્મિક પુસ્તકો વાંચવા ઇત્યાદિ ધર્મકરણી કરવા સાથ શુભ ભાવના પૂર્વક જે યાત્રા કરે છે; તે જ માણસ, ખરેખર યાત્રાનું વાસ્તવિક ફલ–સમકિતની પ્રાપ્તિ, સ્વર્ગાદિનાં સુખો, કર્મની નિર્જરા અને યાવત્ મોક્ષનું સુખ–મેળવી શકે છે. માટે દરેક યાત્રાળુઓએ એ પ્રમાણે વર્તવા માટે પ્રયત્નશીલ થવું.

એવીજ રીતે કૉલેજ, સ્કૂલ અને સ્કાઉટના દૂર કરનારા વિદ્યાર્થીઓએ તથા બીજા બધા પ્રેક્ષકોએ દર્શનીય સ્થાનો જોવા માટે કરેલો પ્રયત્ન વાસ્તવિક રીતે ત્યારેજ સફળ થયો કહી શકાય કે–તેઓ તેમાંથી શોધખોળપૂર્વક ઐતિહાસિક જ્ઞાન મેળવે, તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરી તેમાંથી અલૌકિક તત્ત્વ પ્રાપ્ત કરે; જીવ અને પુદ્‌ગલની કુદરતી અનંત શક્તિઓ સંબંધી વિચાર કરે; શાંતિપૂર્ણ સ્થાનોમાં જઇ ક્રોધાદિ કષાયો અને

હાસ્યાદિ ક્રીડાઓનો ત્યાગ કરી એ ઘડી શુભધ્યાનની અંદર તલ્લાલીન થઇ, પોતાની અંદર રહેલા દુર્ગુણોનો ત્યાગ કરવા, સદ્‌ગુણોને પ્રાપ્ત કરવા, સમાજ, દેશ અને ધર્મની સેવા કરી પોતાના આત્માને કૃતાર્થ કરવા, અને અન્તમાં પોતાના આત્માને કર્મના બંધનથી મુક્ત કેવી રીતે કરી શકાય તે સંબંધી વિચારો કરે અને પછી તે પ્રમાણે વર્તન કરવા માટે પ્રયત્ન કરે. માટે કુદરતી દૃશ્યો આદિ જોવા માટે કરેલો પ્રયત્ન ખરેખર રીતે સફલ થાય તેમ કરવા દરેક મનુષ્યોએ પ્રયત્ન કરવો. એજ ॐ શાન્તિઃ



# શુદ્ધિ પત્રક.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬ | ૧૫ | બંગધો | બંગલો |
| ૧૧ | ૧૪ | લુંબાજી | લુંભાજી |
| ૧૨ | ૨૧ | પિત્તલહાર | પિત્તલહર |
| ૧૩ | ૧૦ | ઊપર | જરા વધારે ઊપર |
| ૧૬ | ૧૯ | **વસહી** | **વસહિ** |
| ૨૦ | ૧ | ૦ | **વિમલવસહિ** |
| ૨૬ | ૧૨ | જગતી | જગતી તથા |
| ૨૭ | ૧ | —નાયકજી | —નાયકજી છે, તથા |
| ૩૨ | ૨૦ | ભાવાય છે. | ભાવ ૧ છે. |
| ૪૮ | ૧૬ | **સુદરી** | **સુંદરી** |
| ૬૪ | ૬ | વરી | વૈરી |
| ૭૩ | ૧૮ | ભાજણે | ભાણેજ |
| ૧૦૪ | ૧૪ | કરી થએલી | કરી નાંખેલી |
| ૧૦૭ | ૧૨ | વિહરમાન્ | વિહરમાન |
| ૧૨૮ | ૧૮ | છે. ૧૫૬ | છે.૧૫૬ |
| ૧૩૪ | ૧ | ઉપર | ઉપર દેલવાડામાં |
| [illegible]૪૬ | ૧૩ | પરિકાર વિનાની...... | પરિકર વિનાની |
| ૧[illegible] | ૩ | પાસે | પાસેથી |
| ૧૫[illegible] | ૪ | શાવ | શાહ |
| ૧૬૪ | ૧૨ | નથી, | નથી, તો તે |
| ૧૭૩ | ૪ | ૧૪૯૪ | ૧૨૯૪ |
| [illegible] | ૫ | આવેલું | આવેલું છે, |

# श्रीयशोविजय जैन ग्रंथमालामां मळतां पुस्तकोनुं

# सूचीपत्र.

## संस्कृत ग्रन्थो.

| | नाम. | किंमत |
|---|---|---|
| ×१ | प्रमाणनयतत्त्वालोकालङ्कार ( मूल ) ... | ०-८-० |
| ×२ | हेमलिङ्गानुशासन ... ... ... ... | ०-५-० |
| ×३ | सिद्धहेमशब्दानुशासन-लघुवृत्ति ... ... | ५-०-० |
| ४ | गुर्वावली ... ... ... ... ... | ०-४-० |
| ५ | रत्नाकरावतारिका-बे परिच्छेद टिप्पणपञ्जिका सहित. | १-०-० |
| ६ | सिद्धहेमशब्दानुशासन-( मूल ) ... ... | ०-५-० |
| ×७ | स्तोत्रसंग्रह भाग १ ... ... ... | ०-६-० |
| ८ | मुद्रितकुमुदचन्द्रप्रकरण ... ... ... | ०-८-० |
| ९ | स्तोत्रसंग्रह भाग २ ... ... ... | ०-१२-० |
| १० | क्रियारत्नसमुच्चय ... ... ... ... | २-०-० |
| ११ | श्रीसिद्धहेमव्याकरणसूत्रोनो अकारादि क्रम ... | ०-४-० |
| १२ | कविकल्पद्रुम ... ... ... ... | ०-४-० |
| [illegible] | सम्मतितर्काख्यप्रकरण भाग १ ... ... | १-०-० |
| १४ | [illegible]जगद्गुरुकाव्य ... ... ... ... | ०-४-० |
| १५ | [illegible]लभद्रचरित्र ... ... ... ... | २-०-० |
| १६ | पर्व[illegible]ासंग्रह ... ... ... ... | ०-६-० |
| १७ | षड्[illegible]समुच्चय ... ... ... ... | ०-४-० |
| १८ | शीलदू[illegible]ाव्य ... ... ... ... | ०-४-० |
| ×१९ | निर्भय[illegible]व्यायोग ... ... ... | ०-४-० |

२० श्रीशान्तिनाथचरित्र-पद्य ... ... ... ३-०-०
२१-२२ रत्नाकरावतारिका संपूर्ण ... ... ५-०-०
×२३ विजयप्रशस्तिमहाकाव्य ... ... ... ५-०-०
२४ गुरुगुणरत्नाकरकाव्य ... ... ... ०-८-०
२६ उपदेशतरङ्गिणी ... ... ... ... ३-०-०
२९ मल्लिनाथमहाकाव्य ... ... ... ३-० ०
×३० स्याद्वादमंजरी ... ... ... ... १-०-०
३२ श्रीपार्श्वनाथचरित्र-पद्य ... ... ... ३-०-०
×३४ हैमविभ्रम ... ... ... ... ०-४-०
×३६ शब्दरत्नाकर कोश ... ... ... ०-१५-०
३८ नेमिनाथ महाकाव्य (पत्राकारे तथा पुस्तकाकारे)... ०-१२-०
विशेषावश्यक भाष्य (सटीक) (२५-२७-२८-३१-
३३-३५-३७-३९)...५०-०-०
×४० अनेकान्तजयपताका (पूर्वार्द्ध) कर्ता श्रीहरिभद्रसूरि... १-८-०
४१ अभिधानचिंतामणि कोश(भा.१लो स्वोपज्ञ टीका सहित) ४-०-०
४२ अभिधानचिंतामणि कोश ( बीजो भाग ) ... ३-०-०
४३ रत्नचूडकथा ( पत्राकार, श्लोकबद्ध श्रीज्ञानसागरसूरि कृत) ०-८-०
४४ पृथ्वीचंद्रचरित्र (सत्यराजगणिकृत) ... ... २-०-०
×४५ न्यायार्थमञ्जूषा ... ... ... ... ३ ०-०
४६ उत्तराध्ययनसूत्र भा १ लो (कमलसंयमी टीकायुक्त) ३-८-०
४७ „ भा. २ जो „ „ ... ३-८-०
४८ „ भा. ३ जो „ „ ... ३-८-०
४९ विवेकमंजरी भाग १ लो... ... ... २-०-०
५० श्रीधर्ममहोदय ... ... ... ... ०-४-०
५१ श्रृंगारवैराग्यतरङ्गिणी ... ... ... भेट
५२ धर्मदीपिका ( व्याकरण ) ... ... २-०-०

५३ भरटक द्वात्रिंशिका ( जर्मनीमां छपायेल ) ... ३-०-०
५४ पंचाख्यान वार्तिक ( जर्मनीमां छपायेल ) ... ३-१२-०
५५ पर्युषणाऽष्टाह्निका व्याख्यान ... ... भेट
५६ प्राकृतमार्गोपदेशिका ... ... ... १-४-०
५७ जैनतत्त्वज्ञानम् ... ... ... ... भेट
५८ स्यादिशब्दसमुच्चय ... ... ... ०-१२-०
५९ जैनस्तोत्ररत्नाकर ... ... ... ०-४-०
६० जैन तर्कवार्त्तिक (शान्त्याचार्यनी टीकायुक्त) जैन न्यायनो
अपूर्व ग्रंथ छे. प्रवेश करनाराओने माटे खास उपयोगी छे ... २-०-०
६१ जैनतत्त्वप्रदीप ... ... ... ... १-०-०
६२ छन्दोऽनुशासन ( हेमचन्द्राचार्यकृत ) ... ... १-०-०

## हिन्दी ग्रन्थो.

६३ सूरीश्वर और सम्राट् ... ... ... ४-८-०
६४ जैनतत्त्वदिग्दर्शन ... ... ... ०-३-०
६५ जैनशिक्षादिग्दर्शन ... ... ... ०-५-०
६६ पुरुषार्थदिग्दर्शन... ... ... ... ०-४-०
६७ तेरापंथ-मतसमीक्षा ... ... ... ०-४-०
६८ तेरापंथी हितशिक्षा ... ... ... ०-८-०
६९ शिक्षाशतक ( कविता ) ... ... ... ०-१-०
७० विवेकविलास ... ... ... ... २-०-०
७१ [illegible]नमपृच्छा ... ... ... ... ०-१२-०
७२ ध[illegible]शिक्षा ... ... ... ... १-०-०
७३ जैन[illegible]ायण ... ... ... ... ४-०-०
७४ बाळ[illegible]टको ... ... ... ... भेट
७५ मेघमहो[illegible]य ( वर्ष प्रबोध )... ... ... ४-०-०
७६ विजय[illegible]स्तिसार ... ... ... ०-६-०

| | | |
|---|---|---|
| ७७ | जैनधर्मप्रकाश स्तवनावली ... ... | ०-२-० |
| ७८ | आदर्श-साधु ... ... ... ... | १-४-० |
| ७९ | ब्रह्मचर्यदिग्दर्शन... ... ... ... | ०-८-० |
| ८० | गंगाधरजी के असत्य आक्षेपों के उत्तर ... | ०-१-० |
| ८१ | अहिंसादिग्दर्शन... ... ... ... | ०-८-० |
| ८२ | सुजन संमेलन ... ... ... ... | ०-१-० |

## गुजराती ग्रन्थो.

| | | |
|---|---|---|
| ८३ | सूरीश्वर अने सम्राट् ... ... ... | ३-८-० |
| ८४ | जैनशिक्षा दिग्दर्शन ... ... ... | ०-२-० |
| ८५ | प्राचीनश्वेताम्बर-अर्वाचीन दिगम्बर ... | ०-२-० |
| ८६ | विजयधर्मसूरि-जीवन ... ... ... | ०-४-० |
| ८७ | ऐतिहासिक राससंग्रह भाग १ लो ... | भेट |
| ८८ | ,, ,, भाग २ जो ... | ०-१०-० |
| ८९ | ,, ,, भाग ३ जो ... | २-०-० |
| ९० | ,, ,, भाग ४ थो ... | २-८-० |
| ९१ | प्राचीन तीर्थमाला संग्रह भाग १... ... | २-८-० |
| ९२ | आत्मवीरनी कथाओ ... ... ... | ०-५-० |
| ९३ | विहारवर्णन ... ... ... ... | १-०-० |
| ९४ | शाह के बादशाह... ... ... ... | ०-४-० |
| ९५ | त्रिभुवनदीपक प्रबंध ( रास ) ... ... | ०-[illegible]-० |
| ९६ | जयसेन कथा ( सौभाग्य पंचमी व्रत उपर प्राचीन, महेश्वरसूरिकृत, एक हजार वर्ष पहेलांनी, ते उपरथी अनुवादित)... | ०-५-० |
| ९७ | वर्ष प्रबोध अने अष्टांग निमित्त ... ... | ८-०-० |
| ९८ | समयने ओळखो ... ... ... ... | १-८-० |
| ९९ | अष्टांग निमित्त अने दिव्य ज्ञान ... ... | ३-८-० |

१०० धर्मदेशना ... ... ... ... १-८-०
१०१ धर्मप्रदीप... ... ... ... ... ०-६-०
१०२ लाइट ओफ धी सोल ( अंग्रेजी, गुजराती ) ... ०-४-०
१०३ इंद्रियपराजय दिग्दर्शन ... ... ... ०-६-०
१०४ अहिंसा ... ... ... ... ... ०-८-०
१०५ ब्रह्मचर्यदिग्दर्शन ... ... ... ... भेट
१०६ जैनदर्शन... ... ... ... ... ०-८-०
१०७ तत्त्वाख्यान ( पूर्वार्द्ध ) ... ... ... १-०-०
१०८ तत्त्वाख्यान ( उत्तरार्द्ध ) ... ... ... २-०-०
१०९ सम्यक्त्व प्रदीप ... ... ... ... ०-४-०
११० सप्तभंगीप्रदीप ... ... ... ... ०-८-०
१११ आचार्यश्री विजयधर्मसूरिजीनो फोटु-त्रण रंगोमां ०-४-०
११२ बंगभाषोपदेशिका (द्वितीय विभाग) ... १-०-०
११३ धर्मजीवनप्रदीप ( पद्यमां ) ... ... १-०-०
११४ द्रव्य प्रदीप ... ... ... ... ०-४-०

## अंग्रेजी.

११५ विजयधर्मसूरिनुं चरित्र, अने कृतिओ.
( ए. जे. सुनावाला कृत ) ... ... ... ४-८-०
११६ कोम्परेटीव सायन्स ओफ रीलीजीयननी अंदर
जैनीझम अने तेनुं महत्त्वनुं स्थान (डॉ पेटोल्ड) ०-४-०
११७ पार्श्वनाथनुं जीवन ( एम ब्लुमफील्ड कृत ) ... १२-०-०
११८ गुजरातना श्वेतांबरनुं गुजराती साहित्य
( कर्ता:- डॉ. जोहन्स हर्टल ) ... ... ... २-०-०
११९ रेमिनिसन्सेज ओफ विजयधर्मसूरि ... २-८-०

हवे मात्र थो[illegible]ज, नकलो बाकी छे.

गुजरातना प्रायः तमाम साक्षरोए मुक्त कंठे प्रसंशेलो

तेमज

गुजराती, हिन्दी अने अंग्रेजी पत्रोए वखाणेल

आवृत्ति बीजी, सुधारा वधारा साथे

# सूरीश्वर अने सम्राट्.[1]

मुनिराज श्री विद्याविजयजीनी

[illegible]ली कलमथी लखाएला आ महान् ग्रंथमां

[1] परमप्रभावक, महान् योगीश्वर महात्मा

## हीरविजयसूरीश्वर अने सम्राट् अकबर

नो इतिहास उर्दु, हिन्दी, गुजराती, बंगाली, अंग्रेजी अने संस्कृत

ऐतिहासिक पुस्तकोना आधारे आलेखवामां आव्यो छे.

ते उपरान्त

अकबर अने जहांगीरनां अनेक फरमानो, हीरविजयसूरिना विहारनो

नकशो तथा अकबर अने अबुलफजलना सुंदर चित्रोथी

आ ग्रंथ विशेष सुशोभित बन्यो छे.

वळी

**पुस्तकना प्रारंभमां ज जगद्गुरु हीरविजयसूरि महाराजनी**

**मूर्त्तिनुं मनोहर चित्र दरेकनुं ध्यान खेंच्या विना रहेतुं नथी.**

पाकुं बाइन्डींग अने साडोचारसो पानानो महान् ग्रंथ होवा छतां

**किंमत मात्र साडा त्रण रूपीया ज छे.**

---

१ आ पुस्तकनो हिन्दी अनुवाद पण तैयार छे. किं. ४-८-०

# તદ્દન નવા બહાર પડેલા ગ્રંથો.

[illegible] जि. [illegible]नगर.

## સમયને ઓળખો.

મુનિરાજ વિદ્યાવિજયજીની કસાએલી કલમથી લખાએલા સામાજિક લેખોનો સંગ્રહ. સમાજની વર્ત્તમાન સ્થિતિનો બારિકાઇથી અભ્યાસ કર્યા પછી સમાજના પ્રત્યેક અંગમાં રહેલો સડો નગ્ન સત્ય રૂપે આ લેખોમાં જાહેર કર્યો છે અને તેને દૂર કરવાના ઉપાયો તેમજ ભવિષ્યની ઉન્નતિનાં સાધનો સુચવ્યાં છે. સાડાત્રણસો પાનાનો ગ્રંથ-મૂલ્ય માત્ર ૧-૮-૦

## ધર્મજીવનપ્રદીપ.

ન્યાયતીર્થ--ન્યાયવિશારદ ઉપાધ્યાયજી શ્રીમંગળવિજયજી મહારાજની અનુભવ વૃદ્ધ કલમથી પદ્યમાં લખાએલ, સ્વર્ગસ્થ જગત્પૂજ્ય **શ્રીવિજયધર્મસૂરીશ્વરજી** મહારાજનું સંપૂર્ણ જીવનચરિત્ર છે. કિં. ૧-૦-૦

## ધર્મ-પ્રવચન.

[illegible]ત્પૂજ્ય શા૦ જૈ૦ શ્રીવિજ[illegible]

# પ્રાચીન લેખસંગ્રહ.

સ્વર્ગસ્થ ગુરૂદેવ શા. જૈ. શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજે પોતાના વિહાર દરમીયાન સંગ્રહિત કરેલા લગભગ પાંચહજાર શિલાલેખોમાંથી પાંચસો શિલાલેખોનો એક સંગ્રહ આ પ્રથમ ભાગમાં બહાર પાડવામાં આવ્યો છે. મુનિરાજ વિદ્યાવિજયજીએ લખેલી એક સુંદર પ્રસ્તાવના, લેખ સંગ્રહમાં આવેલ ગચ્છો, જાતિયો, અટકો, અને આચાર્યો વિગેરેની અનુક્રમણિકા સાથે આ લેખ સંગ્રહ તૈયાર કરવામાં આવ્યો છે. કિં. ૧-૪-૦

# વિહાર વર્ણન.

શાન્તમૂર્ત્તિ મુનિરાજ શ્રી જયન્તવિજયજીએ અત્યન્ત પરિશ્રમ પૂર્વક તૈયાર કરેલ ગુજરાત, કાઠીયાવાડ, મારવાડ, મેવાડ, ઉત્તર હિંદુસ્થાન, મગધ, બંગાળ, ખાનદેશ, વરાડ, અને સૌથ ઇંડિયામાં મુનિરાજોને વિહાર કરવાના રસ્તાઓ, ગામો, મંદિરો, અને શ્રાવકોની વસ્તી વિગેરે તમામ બાબતોની માહિતીથી ભરપૂર આ પુસ્તક દરેક મુનિરાજે અને ગૃહસ્થોએ પણ સંગ્રહવા લાયક છે. કિં. ૧-૦-૦

'**નવો પ્રકાશ**' નામનું ટ્રેકટ, કે જેમાં આજકાલ સમાજમાં ચાલી રહેલા દીક્ષા, વિધવા વિવાહ, વિગેરે સંબંધી અગત્યના ૧૯ પ્રશ્નોના ઉત્તરો મુનિરાજ શ્રી વિદ્યાવિજયજીએ આપ્યા છે, તે પ્રકટ કરવામાં આવ્યા છે. અર્ધા આનાની ટીકટ મોકલનારને મોકલ... છે

આ ...વિસૂરીની સંસ્કૃતર્ન

**पुस्तकना प्रारंभमां ज जगद्गुरु हीरविजयसूरि महाराजनी मूर्त्तिनु मनोहर चित्र दरेकनु ध्यान खेंच्या विना रहेतुं नथी. पाकुं बाइन्डींग अने साडोचारसो पानानो महान् ग्रंथ होवा छतां**

**किंमत मात्र साडा त्रण रूपीया ज छे.**

---

१ आ पुस्तकनो हिन्दी अनुवाद पण तैयार छे. किं. ४-८-०